પર્યુષણ પર્વ વિશેષાંક : ભારતીય ગુરુ પરંપરા

RNI NO. MAHBIL/2013/50453
ISSN 2454-7697

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 ISSUE : 5 • AUGUST , 2017 • PAGES 136 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૫ (કુલ વર્ષ ૬૫) અંક-૫ • ઓગસ્ટ, ૨૦૧૭ • પાનાં ૧૩૬ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

O Man ! Know what truth is. The wise man who always obeys the command of truth conquers death.

हे पुरुष ! तू सत्य को अच्छी तरह जान ले ! जो सत्य की आज्ञा में उपस्थित है वह मेधावी मनुष्य मृत्यु के पार हो जाता है।

હે પુરુષ ! તું સત્યને સારી રીતે જાણી લે. સત્યની આજ્ઞામાં ઉપસ્થિત રહેલો મેધાવી મનુષ્ય મૃત્યુને તરી જાય છે.

ડૉ. રમણલાલ ચી. શાહ 'जिन वचन' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## આચમન

# દ્રષ્ટાભાવની અજબ ચિકિત્સા પદ્ધતિ

હિંદી :- સંત અમિતાભ  ગુજરાતી : પુષ્પાબેન પરીખ

એક સાધનસંપન્ન સર્વેકળામાં નિપુણ બેન એક વાર માંદગીમાં સપડાયા. સાધસંપન્ન હોવાના નાતે દરેક પ્રકારના ઈલાજો અજમાવી જોયા પરંતુ કોઈ ફાયદો જણાતો નહોતો. પરદેશ જઈ ઈલાજ કરાવી જોવા છતાં કોઈ ફાયદો થયો નહીં. તેમની માંદગી માનસિક હતી પરંતુ કોઈ નિદાન પણ ન થયું અને પોતે નિરાશાજનક પરિસ્થિતિમાં દિન પર દિન વિતાવવા લાગ્યા. તેઓની બીમારી માનસિક હોવાથી એમને તેઓના એક હિતચિંતક ભાઈએ બોધિસત્ત્વને છેલ્લો ઉપાય ગણી મુલાકાત લેવાનું સૂચન કર્યું. જેમ આપણી એક કહેવત છે કે ''માણસ વાર્યો ન વરે પણ હાર્યો વરે'' તે હિસાબે આ બ્હેને પણ બોધિસત્ત્વને મળવાની હા ભણી અને બોધિસત્ત્વ પાસે પહોંચી પોતાની સર્વે ફરિયાદો રજૂ કરી. બોધિસત્ત્વએ શાંતિથી તેઓની કથની સાંભળી અને માનસિક પ્રયત્નો કરવાનું સૂચન કર્યું. આજની સાયકોલોજીકલ સારવાર કરતાં પણ બોધિસત્ત્વ જેવા મનુષ્યની સલાહ પણ ઘણીવાર ન મનાય તેવી અસર કરી જાય છે તેનો આ એક સુંદર દૃષ્ટાંત છે.

બોધિસત્ત્વના કહ્યા પ્રમાણેના માનસિક પ્રયત્નો બાદ બેનના મનમાં વિચિત્ર ભાવો ઉત્પન્ન થયા અને તેઓની બિમારી ભૂલાવા માંડી. બોધિસત્ત્વની સલાહ હતી :-

''શરીર બિમાર થાય છે મરે છે. તું શરીર નથી. શરીરની બિમારીને પોતાની બિમારી ન માનો. શરીરની માંદગી અને શરીરના મૃત્યુને પોતાનું મૃત્યુ માનવું એ ભૂલ છે. શરીરની ચિંતાનો ભાવ પેંઢારવો હોય તો વેંઢારો, નહીં તો એને ઉતારીને ફેંકી દો.''

બેનને બોધિસત્ત્વની વાણી સાંભળી ઘણી શાંતિ મળી અને થોડા દિવસો બાદ ફરી તેઓની પાસે આવી કબૂલ કર્યું કે તેઓને ખરેખર ઘણી શાંતિ મળી. માંદગીની અનુભૂતિ કંઈક અંશે ઓછી જણાવે છે તે છતાં મન દુર્બળ છે, માનતું નથી. શરીરની ચિંતાનો ભાર કેવી રીતે ઉતરે ? આપજ મને કોઈ રસ્તો બતાવો તો મહેરબાની.

બોધિસત્ત્વએ કહ્યું :- ''તું મન નથી. દુર્બળ નથી. મન દુર્બળ છે. એને દબાવવું કે એની સાથે લડવું સંભવ નથી. ફક્ત મનને જ નિહાલ. માંદગીને યાદ ન કર. મન જે વિચારે, અનુભવે તેને તટસ્થ ભાવે નિરખ, નિરંતર નિરખ. એવી રીતે જો કે જાણે શરીર છે જ નહીં, ફક્ત દૃષ્ટિ જ છે. નિરખવાની લીનતા, નિરંતરતા તને મૃત્યુ-ભયથી તથા અન્ય ભયથી ઉગારશે અને અમરત્ત્વની અનુભૂતિ પ્રદાન કરશે. આ છે દૃષ્ટાભાવની બેજોડ ચિકિત્સા પદ્ધતિ.''

બેન પણ ધીરે ધીરે બોધિસત્ત્વના કથાપ્રમાણે મનની ચેષ્ટાઓને નિશ્ચય ભાવથી જોવાના અભ્યાસમાં રત બની ગયા. આખરે અભ્યાસ કામમાં આવ્યો અને માંદગીમાંથી ઉગરી જવાની આશા બંધાઈ અને અંતે બિમારીએ પણ વિદાય લીધી.

## મુખપૃષ્ઠ




આ કેવું અચરજ છે !

વડના વિશાળ વૃક્ષ-તળે એક યુવાન ગુરુ બેઠા છે. તેમની સામે વયોવૃદ્ધ પણ જિજ્ઞાસાથી છલકતા શિષ્યો બેઠા છે. ગુરુનું મૌન વ્યાખ્યાન સાંભળીને શિષ્યોના સઘળા સંશયો દૂર થાય છે.

અહો ! અહો ! અહો !

चित्रं वटतरोर्मूले
शिष्या वृद्धा गुरुर्युवा।
गुरोस्तु मौनं व्याख्यानं
शिष्यास्तु छिन्नसंशयाः।।

પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક : ઓગસ્ટ - ૨૦૧૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | મને મારા સુધી દોરે તે ગુરુ (તંત્રી સ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૫ |
| ૦૨. | સંપાદકનો પરિચય | ડૉ. સેજલ શાહ | ૧૨ |
| ૦૩. | સંપાદકીય - ગુરુ સર્વત્ર પૂજયતે | ડૉ. રમજાન હસણિયા | ૧૩ |
| ૦૪. | ગુરુ તત્વ વિષે તાત્વિક ચિંતન | આચાર્યશ્રી વિજયશીલચંદ્રસુરિ | ૧૭ |
| ૦૫. | સદ્‌ગુરુ કૃપા | આચાર્યશ્રી યશોવિજયસુરિ | ૨૪ |
| ૦૬. | ગુરુ દીવો, ગુરુ દેવતા | ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી 'ચિન્મય' | ૨૫ |
| ૦૭. | જિનશાસનના ગરવા ગુરુજનો | પંન્યાસશ્રી રત્નકીર્તિવિજયગણિ | ૨૯ |
| ૦૮. | ગુરુ-શિષ્ય સંબંધ : થોડોક વિમર્શ | મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી | ૩૯ |
| ૦૯. | અધ્યાત્મપથ અને ગુરુ | ભાણદેવજી | ૪૫ |
| ૧૦. | ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરા | ડૉ. નરેશ વેદ | ૫૦ |
| ૧૧. | સદ્‌ગુરુ અને સાંપ્રત | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૫૪ |
| ૧૨. | ઝેન ગુરુ - પ્રહુરી પળ પળનો | સુભાષ ભટ્ટ | ૫૯ |
| ૧૩. | આપણાં આદિ કાવ્યોમાં ગુરુ-શિષ્ય અનુબંધ | ડૉ. દર્શના ધોળકિયા | ૬૨ |
| ૧૪. | ગુરુ અને ગુરુતા | હરજીવન થાનકી | ૬૫ |
| ૧૫. | વૈદિક સાહિત્યમાં ગુરુ મહિમા | ડૉ. કાંતિ ગોર 'કારણ' | ૬૬ |
| ૧૬. | ગુરુપાદપંકજ કૃપા | ડૉ. જિતેન્દ્ર શાહ | ૬૮ |
| ૧૭. | યોગ ગ્રંથોમાં ગુરુનું મહાત્મ્ય | ડૉ. રશ્મિ ભેદા | ૭૦ |
| ૧૮. | મધ્યકાલીન જૈન સાહિત્યમાં ગુરુમહિમા | ડૉ. અભય દોશી | ૭૪ |
| ૧૯. | ગુરુ મહિમા : લોકજીવનમાં અને સાહિત્યમાં | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૭૭ |
| ૨૦. | ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે : સદ્‌ગુરુ : સંસ્કૃતિનો આધારસ્તંભ | ડૉ. ગુણવંત બરવાળિયા | ૮૨ |
| ૨૧. | પરમપદના પથદર્શક શ્રી સદ્‌ગુરુનો મહિમા | મિતેશભાઈ એ. શાહ | ૮૫ |


આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦

| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૨. | બૌદ્ધ દર્શનમાં ગુરુની વિભાવના | ડૉ. નિરંજના વોરા | ૯૦ |
| ૨૩. | ખ્રિસ્તી ધર્મમાં ગુરુ મહાત્મ્ય | ડૉ. થોમસ પરમાર | ૯૫ |
| ૨૪. | ઇસ્લામમાં ગુરુનું સ્થાન | ડૉ. મહેબૂબ દેસાઈ | ૯૭ |
| ૨૫. | લોક કેળવણીના અધ્વર્યુ : ઋષિ વિનોબા | રમેશ સંઘવી | ૯૯ |
| ૨૬. | જેને શીખતાં આવડ્યું તેને...... | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૦૭ |
| ૨૭. | શું ગુરુદેવ મળે તે નિયતિની કૃપા? | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૧૦૯ |
| ૨૮. | ૨૦૨૫માં શિક્ષક અને શિક્ષણ વ્યવસ્થા | હરેશ ધોળકિયા | ૧૧૦ |
| ૨૯. | ભારતીય ગુરુકુળ પરંપરા અને વર્તમાન શિક્ષણ | સુર્યશંકર ગોર | ૧૧૩ |
| ૩૦. | ગાંધી એટલે રાજકીય સિદ્ધાંતો અને નૈતિક આદર્શોની અભૂતપૂર્વ ગૂંથણી | સોનલ પરીખ | ૧૧૪ |
| ૩૧. | મુનિશ્રી પુણ્યવિજયજી : મહાન પંડિત, મહાન સંશોધન | આચાર્યશ્રી વાત્સલ્યસૂરિશ્વરજી | ૧૧૭ |
| ૩૨. | જ્ઞાન સંવાદ | ડૉ. રશ્મિબેન ભેદા<br>મનહર પારેખ | ૧૧૮ |
| ૩૩. | ભાવ-પ્રતિભાવ | | ૧૨૦ |
| ૩૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૨૧ |
| ૩૫. | પર્યુષણ સમયે દેશના અનેક શહેરોમાં આચાર્ય મહારાજોની નિશ્રામાં વિમોચન પામશે જૈન વિશ્વકોશ (ભાગ.૨) | - | ૧૨૪ |
| ૩૬. | સંસ્થાનો અહેવાલ | પ્રવિણભાઈ દરજી | ૧૨૬ |


## ENGLISH SECTION


| | | | |
|---|---|---|---|
| ૩૫. | "Guru" – A Mystical Elan Vital Who Dispels Darkness! | Prachi Dhanvant Shah | ૧૨૭ |
| ૩૬. | Enlighten Yourself By Self Study of Jainology Lesson - Eighteen | Dr. Kamini Gogri | ૧૩૦ |
| ૩૭. | THE SEEKER'S DIARY Importance of Guru in Life | Reshma Jain | ૧૩૨ |
| ૩૮. | ગુરુ મહિમાનાં પદ | - | ૧૩૪ |
| ૩૮. | ગુરુનો સાધકને પત્ર | અમરેન્દ્રવિજયજી | ૧૩૬ |


**નોંધ : અંકમાં બધાં જ પૂરક અવતરણો 'અમીઝરણાં' પુસ્તકમાંથી લીધાં છે. પુસ્તકના સંપાદક છે શ્રી રમેશભાઈ સંઘવી.**

**નોંધ : આ વખતના અંકથી આપણે પ્રબુધ્ધ જીવનના પ્રિન્ટરને બદલ્યા છે. અનેક વર્ષો સુધી શ્રી જવાહરભાઈ શુક્લે પોતાની સેવા આ સામાયિકને આપી છે. પ્રબુધ્ધ જીવન પરિવાર એમના આ ઋણને કદી નહીં ભુલે.**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૩ • વીર સંવત ૨૫૪૩ • શ્રાવણ વદ તિથિ -નોમ


## ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

**આ અંકના વિદ્વાન સંપાદક : ડૉ. રમઝાન હસણિયા**

**માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ**

# મને મારા સુધી દોરે તે ગુરુ...

'ભારતીય ગુરુ-પરંપરા' આ વિષય પરનો વિશેષાંક આજે પ્રબુદ્ધ વાચકોના હાથમાં મુકતાં અનહદ આનંદ થાય છે.

જીવનના પ્રકાશનો અર્થ જે સમજાવે તે ગુરુ છે, પ્રકાશની તેજોમયતામાં પોતાના આકારને ખીલવતા શીખવે તે ગુરુ છે, ગુરુ હાથ ઝાલે છે અને અર્થ મળે છે, સજાગતા મળે છે, જીવનનો મારગ કઈ રીતે પાર કરાય એની ચાવી ગુરુ આપે છે. મારગના સંઘર્ષોનો પાર કરવાની સમતોલતા ગુરુ આપે છે, નિસ્પૃહી અને રાગ-બન્નેનો ભેદ ગુરુ આપે છે અને ત્યાગ અને વિતરાગના પથની ચાવી ગુરુ આપે છે. ઘનઘોર જંગલમાં અને સળંગ રસ્તા પર સમતોલ સંબંધ ગુરુ જાળવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું મહત્વ પહેલેથી રહ્યું છે.

જીવનની કેડી પર વૃક્ષનું ઊગવું સ્વાભાવિક છે, તેમ અવતરેલ દરેક જીવનો ઉછેર સ્વાભવિક છે. પરંતુ મહત્વનું એ છે, કે જે ઊગી રહેલ છે, તેને જ્યારે કોઈ આકાર મળે ત્યારે તો, એનાં સૌંદર્યમાં માત્ર વધારો જ નથી થતો, પરંતુ એના અંદરના સત્વને યોગ્ય આકાર પણ મળે છે. આ આધાર મનુષ્યના ભવને સાકાર કરે છે, વ્યક્તિના સમગ્ર અસ્તિત્વને આકારિત કરી સફળ કરે છે. જંગલમાં ઉગતા આડાઅવળાં છોડ અને માળીની નજર હેઠળ ઊગતાં છોડને જુઓ, એકનું સૌંદર્ય નીખરી ઊઠે છે, જ્યારે બીજામાં એ સૌન્દર્યનો અંશ હોવાં છતાં બહાર નથી આવતો.

ગુરુ, એ મનુષ્યની અંદર રહેલા સત્વ, શક્તિ, સંસ્કારને પોષે છે અને વ્યક્ત કરવામાં સહાય કરે છે. ગુરુ એ જીવનની તમામ પ્રગતિનો આધાર છે. ગુરુને સાક્ષાત પરબ્રહ્મ સાથે સરખાવામાં આવ્યા છે. મનુષ્ય પાસે જાણકારી છે પરંતુ જ્યાં સુધી એ જાણકારીને વ્યવહારમાં પરાવર્તીત કરવાની રીતિ, અંગે ખબર નથી ત્યાં સુધી એ જાણકારી નકામી. ગુરુ આ જાણકારીને જ્ઞાનમાં રૂપાંતરિત કરતાં શીખવે છે. ગુગલની જાણકારી અને અંતરના જ્ઞાનમાં ભેદ છે, તેમ જ ગુરુ સાથે અને ગુરુ વગરના જીવનના ખાલીપણા વચ્ચે ભેદ છે. ગુરુ પ્રકાશનો અર્થ અને પ્રકાશનો

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

પુણ્ય સ્મૃતિ

પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

વિસ્તાર શીખવે છે. પવન જેવી બિનસાંપ્રદાયિકતા પણ શીખવે છે. પ્રકાશ જીવનને ઉજાળે પણ છે અને બાળે પણ છે, બન્ને અર્થને જોડાજોડ મૂકી, ગુરુ જીવનમાં એના યોગ્ય સમયની પસંદગી કરતાં શીખવે છે. માટીના ઢગલાથી કઈ કેટલીયે વસ્તુ બને. મારે કઈ વસ્તુ બનવવી, મારી જાતને રજુ કરવી છે, તેનો આધાર ગુરુ પર છે. એકતરફ પુસ્તકના અક્ષરો છે અને બીજી તરફ આ સજીવન વાણી છે, બંનેના જીવનસ્પર્શનો મહિમા છે. પણ એક સજીવરૂપે સામે છે એટલે ઠપકારે છે, આકાર આપતાં રહે છે, છેલ્લી આશા સુધી પોતાના સંજીવની સ્પર્શથી આશા વગર કાર્ય કરે છે.

વિશાલ સમુદ્રના મોજામાં રહેલો ઉછળાટ અને ઓટની મંદતાનો ખ્યાલ ગુરુને હોય છે. ગુરુની નજર સામર્થ્યને પકડે છે. એક યોગ્ય વ્યક્તિ જીવનમાં મળે છે ત્યારે જીવનનો આકાર બદલાઈ જતો હોય છે અને એ જ જીવન એક અયોગ્ય વ્યક્તિ મળવાથી રાખ થઇ જતું હોય છે. આમ તો આપણો આધાર આપણે પોતે જ છીએ, પરંતુ વાતાવરણ અને આલંબનનું મહત્વ કંઈ ઓછું નથી. ગ્રીક પરંપરામાં સોક્રેટીસ-પ્લેટો-એરિસ્ટૉટલ, આ ત્રણેય ગુરુ-શિષ્ય પરમ્પરાના શ્રેષ્ઠ ઉદાહરણ છે. જે ઓળખ આપે તે ગુરુ હોય, પોતાના પડછાયા પાછળ ચાલવાનું કહેનાર નહીં, પરંતુ પોતાનો રસ્તો ચાતરીને સાચા માર્ગે આગળ જવાની પ્રેરણા આપે, તે ગુરુ હોય. પ્રખ્યાત બ્રિટીશ ગણિતવિશેષજ્ઞ જી.એચ.હાર્ડી પોતાની ગણિતિક સફળતાથી જેટલા પ્રચલિત થયા, તેનાથી વધુ ભારતીય ગણિતવિશેષજ્ઞ શ્રીનિવાસ રામાનુજનના મેન્ટોર-ગુરુ તરીકે વધુ જાણીતા થયા છે. ૧૯૧૩માં તેમને જી.એચ.હાર્ડીને લખેલા બે પત્રો બહુ મહત્વના નીવડે છે. આ પત્રોને આધારે તેઓ રામાનુજનને કેમ્બ્રીજ બોલાવે છે અને પછી બદલાયેલા ઈતિહાસને આપણે જાણીએ જ છીએ. એક મેન્ટોર-ગુરુ માત્ર કૌશલ્યને પારખતા નથી પણ એને બહાર લાવી તેનો વિકાસ પણ કરે છે. પ્રોફેસર હાર્ડીના જ શબ્દોમાં શિષ્યનું ગૌરવ જુઓ,

*" The limitations of his knowledge were as startling as its profundity. Here was a man who could work out modular equations, and theorems of complex multiplication, to orders unheard of, whose mastery of continued fractions was, on the formal side at any rate, beyond that of any mathematician in the world … It was impossible to ask such a man to submit to systematic instruction, to try to learn mathematics from the beginning once more.*

*On the other hand there were things of which it was impossible that he would remain in ignorance … so I had to try to teach him, and in a measure I succeeded, though I obviously learnt from him much more than he learnt from me."*

શિવાજીના ગુરુ રામદાસ અને વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે, આ ઉદાહરણોને જોઈએ તો ખ્યાલ આવે છે કે ગુરુએ...શિષ્યોના ઝળહળતા ભવિષ્યનો આધાર છે. વૃક્ષના બીજ, વૃક્ષનો આધાર અને વિકાસનું મૂળ છે, ખેડૂત પણ બીજની ગુણવત્તા ચકાસીને જુએ છે. પવિત્ર રહેવું, જાગૃતિ સમજીને, એની સાથે સાંકળીને ઘડતા રહે છે, રહેવાની શક્તિ ગુરુ આપે છે. કેડી કંડારવી અને કેડી પર ચાલતા રહેવાની તાકાત ગુરુ આપે છે. **આકાશની સીમાઓને ઓળંગતા ગુરુ શીખવે છે અને સીમાઓની મર્યાદા પણ ગુરુ શીખવે છે.** ગુરુ, મનને **સંવેદનશીલ** રાખતા અને લડાયક બનતાં શીખવે છે, **ગુરુ પાણીની જેમ વહેતા અને જીવનને જળ સાથે જોડી રાખે છે. જળ જેવી પ્રવાહિતા અને દરેક સંજોગમાં વહેતા રહેવાનો સંકલ્પ ગુરુ આપે છે.** ગુરુ આકાશ સાથે પરંપરાના મૂળ પણ આપે છે, **મારી ઊંચાઈ આભને આંબે પરંતુ હું મારા મૂળને ન છોડું, મારા પગ ધરા સાથેનો સંબંધ ન છોડે, એ જે શીખવે તે ગુરુ. પ્રકૃતિ અને વિકાસને સાથે રહેતા શીખવે.** મારા જીવનમાં આવા ગુરુએ મને પડતી વખતે ઝાલી છે. જો નીતિન મહેતા ન હોત, તો આ જીવનનો આકાર ન હોત, પોતાના શિષ્યને પોતાના પગ પર સ્વાવલંબીરૂપે જીવતા તેઓ શીખવી ગયા. જેને હું દાદા-ગુરુ કહું છું, તે સિતાંશુ યશશ્ચંદ્ર ન હોય તો હું ઝંઝાવાતોની સામે હારીને બેસી જાત. સાહિત્યની સમજ કેળવવી એટલું પૂરતું નથી પરંતુ એ **સમજની તરસ જાળવી રાખતા શીખવ્યું**, જ્યારે દોડ્યા ત્યારે જોતા રહ્યા અને જેવું લાગ્યું કે શિષ્ય ક્યાંક ચૂક્યાં છે કે માર્ગ ચૂક્યાં છે, વાત્સલ્યથી/આક્રોશથી જાળવી લેતા. શિષ્યના સ્વમાનને જાળવે એ ગુરુ, ગુરુની આમન્યા કદી ન ચુકે તે શિષ્ય. દાદાગુરુએ અને ગુરુએ પોતાની ભૂમિ કદી ન છોડવાની તાકાત આપી છે. જીવનમાં



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

રોજ સવારે સુભાષિતોની જેમ ગુરુના શુભ-વચનો નથી આવતા, તેમને મર્મ આપ્યો છે અને એનો પ્રયોગ, દરેક સંજોગો પ્રમાણે જુદી-જુદી રીતે કરવાનો છે. ગુરુ એ લવચિકતા શીખવે છે. તે તૈયાર થયેલો અમૃત-રસ નથી આપતાં, જેમાં શિષ્યને ઘુંટવું-ઘુંટવવા અનુભવ જ ન હોય. એ ગુરુ કઈ રીતે ગુરુ હોઈ શકે જે આનંદના સર્ગનો સાચો અર્થ ન સમજાવે? જીવનના અફાટ સમુદ્રમાં જે તરતાં શીખવીને, છુટા મૂકી દે, જેની ધજા લઈને તમારે ન ફરવાનું હોય પરંતુ જે પોતાની ધજા તૈયાર કરતાં શીખવે એ ગુરુ. આજે કોઈ કાર્ય ખોટી રીતે કરતાં જે ડર મનને લાગે છે, એ કર્યા પછી કોઈની આંખોની વ્યથા મનને ઝંઝોળે છે, તે છે ગુરુની શિષ્ય પ્રત્યેની આસ્થા અને શિષ્યના સચેતન મનની પરાકાષ્ઠા.

સ્વાવલંબી અને સ્વમાની ગુરુ બનાવે, પરાવલંબી અને પરાધીન બનાવે તે પોકળ ગુરુ.

સમર્થ ગુરુ પાસેની શરણાગતિ અને શ્રધ્ધા હોય જ, જ્યારે વ્યાસમુનિ કહે ત્યારે ગણપતિની કલમ માત્ર ચાલે, તેમાં જો અશ્રદ્ધાનો ભાવ જન્મત તો મહાભારતની રચનામાં ગાબડાં પડત. ગુરુ પોતે હલેસાં નથી બનતાં, પરંતુ શિષ્યને હલેસાં મારતાં શીખવે છે, પરંતુ જયારે હોડી હાલક-ડોલક થવા માંડે ત્યારે ગુરુ નાવડીને પાર લગાવે છે, કબીરના શબ્દોમાં જુઓ,

**सतगुरु की महिमा अनंत, अनंत किया उपकार।**
**लोचन अनंत उघाडिया, अनंत दिखावणहार।।**

પાંચ પ્રકારના ગુરુ હોય છે, જેમાં પ્રથમ પ્રકારના ગુરુ છે - 'ઘટ-પ્રદીપ' એટલે પોતાને જ પ્રકાશિત કરે છે. બીજા છે, 'ઘર પ્રદીપ'-પોતાના વર્ગમાં રહેનારને પ્રકાશિત કરનારા હોય છે. પોતાના વર્ગમાં રહે એમને જ તેનો લાભ મળે. એટલે જ્ઞાન જે સહુ માટે હોય, એવો વિચાર માન્ય નથી. ત્રીજા 'ગિરિ-પ્રદીપ' એટલે ઘણાં કિલોમીટર દૂર - સુદૂર સુધી માર્ગ દેખાડનારા હોય છે. ચોથા છે 'ગ્રહ-પ્રદીપ' એટલે કે ચરાચર જગતમાં પ્રકાશ કરનારા હોય છે. જેનો પ્રકાશ દુર સુધી પથરાયેલો હોય. અને છેલ્લે અંતિમ પ્રકારના ગુરુ એટલે 'સૂર્ય-પ્રદીપ' એટલે ગગનમાં પ્રકાશ પાથરનાર હોય છે. સૂર્યનો પ્રકાશ જેમ સમગ્ર સૃષ્ટિને પ્રકાશિત કરે, તેમ આ ગુરુ હોય છે.

ગુરુ, એ શિષ્ય માટે, શિષ્ય જેને અનુસરી શકે એવું ગુરુકુળ છે, જેના પ્રકાશમાં પોતે ખીલે છે અને પોતાની અંદરના પ્રકાશને બહાર લાવે છે. મનુષ્યનું જીવન દિવેટ જેવું હોવું જોઈએ. દિવેટ અડધી તેલમાં ડૂબેલી હોય છે ને અડધી બહાર હોય છે. તો જ દીપક પ્રકાશ આપી શકે છે. જો દિવેટ આખી તેલમાં ડૂબી જાય કે આખી બહાર આવી જાય તો દીપક પ્રકાશ ન આપી શકે. દિવેટની બહારનો ભાગ સંસાર છે અને દિવેટનો અંદરનો ભાગ અંતર-આત્મા-અધ્યાત્મ છે. મનુષ્યનું જીવન આ બેનો સમન્વય છે, અને સમન્વય થાય તો જ જીવન રૂપી પ્રકાશ ઝળહળી ઊઠે. સંસારનો અનુભવ પ્રત્યેક મનુષ્યને મળે છે, પણ જીવનને વાંચતા, જે શીખવે છે તે છે ગુરુ. સંસારનો અનુભવ પ્રત્યેક પળે મળે છે. પરંતુ અધ્યાત્મ અને સંસારના સમન્વયની સંધિ-ક્ષણે પ્રકાશનો ઉત્સવ શક્ય બને છે. બોધિસત્વની અપેક્ષાને સાકાર કરવા અધ્યાત્મની સમજને વિકસાવે ગુરુ છે. સંસાર તાપથી શાતા આપે છે.

ગુરુ શબ્દમાં જ 'ગુરુ'નો મહિમા સમાયેલ છે. 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' એટલે પ્રકાશ. શિષ્યમાં અજ્ઞાન રૂપી અંધકારને દુર કરી જ્ઞાન રૂપી દિપક પ્રગટાવનાર ગુરુ એક જીવન શિલ્પી મહાપુરુષ છે. જેમની અંદર પ્રકાશની શોધ ઉત્પન્ન થઈ છે, જેમને જીવન, મૃત્યુથી ઘેરાયેલું લાગે છે, જે અમૃતની શોધમાં નીકળ્યા છે અને જેમનામાં જિંદગીનું સત્ય જાણવાની અભિલાષા પ્રગટી છે, એવા લોકો જ સાચા ગુરુને શોધી શકે છે. પરમાત્માને શોધવા માટે કોઈ કૈલાસ, કાશી કે કાબામાં જવાની જરૂર નથી. પરમાત્મા ત્યાં છે જ્યાં સદગુરૂનો વાસ છે. ગુરુ મોક્ષનો સાચો રાહ બતાવનાર ભોમિયો છે.

**स्थावरं जंगमं व्याप्तं यत्किंचित्सचराचरम्।**
**तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः।।**

(Salutation to the noble Guru, who has made it possible to realise Him, by whom all that is - sentient and insentient, movable and immovable is pervaded.)

દરેક વ્યક્તિના જીવનમાં જુદાં-જુદાં પ્રકારના અંધારા હોય છે. પરંતુ અજ્ઞાનના અંધકારને જે દુર કરી શકે તે ગુરુ છે. માતા જીવન જીવતા શીખવે છે, તે પણ ગુરુ છે, જયારે શિક્ષણ આપે તે પણ ગુરુ છે, એક ગુરુ મોક્ષનો રસ્તો દેખાડે છે. જે ક્ષેત્રમાં વ્યક્તિ કાર્યરત હોય, ત્યાં પણ ગુરુની જરૂર હોય છે, જો નાની નદી તરવી હોય તો આપણા હાથના બાવડાંના જોર પર તરી જવાય છે, જ્યારે સમુદ્રને પાર કરવા સમર્થ ગુરુ જોઈએ છે. નૌકારૂપી ગુરુ કે હલેસાં રૂપી ગુરુ, પણ એવો મજબુત આધાર, કે જે સમુદ્રને પાર કરાવી શકે, અને એ જ

ગુરુનો હોઈ શકે.

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।।

(Salutation to the noble Guru, who has opened the eyes blinded by darkness of ignorance with the collyrium-stick of knowledge.)

એક જ્ઞાનમય ભક્તિ છે અને બીજી ભાવમય ભક્તિ છે, બંનેમાં ડૂબી જવાય છે, બંને અંતરને ભાવવિભોર કરી દે છે. જયારે ભક્ત ભક્તિગાનમાં ભાન ભૂલી જાય અને ત્યારે ગુરુ એ ભક્ત હૃદયને જગાડી, તેને સાધનાનો પથ દર્શાવે છે. ભાવથી જ્ઞાન તરફ અને જ્ઞાનમાં ભાવ, સમજ તરફ લઇ જાય તે ગુરુ. જીવનમાં-અક્ષરમાં રહેલો સજીવ અર્થ સમજાવે તે ગુરુ. શબ્દ સાથે પનારો પડયાં પછી એ શબ્દના અર્થનો સાક્ષાત્કાર કરાવનાર, શબ્દના અર્થને ઉઘાડવાની તાકાત દેનાર.

ગુરુ અને ગ્રંથ જીવનને ઉજાળે છે અને જીવનને સ્પષ્ટ કરે છે, જીવન અંગેના ભ્રમને દુર કરે છે, વિચારોની સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ મળે છે. પગને જમીન સાથે ટકાવી રાખે છે, આગળ વધતા અને વિકાસનો રસ્તો દર્શાવે છે. સફળતા અને નિષ્ફળતા કરતાં પણ વધુ મહત્વનો ઘણીવાર પ્રવાસ હોય છે. ગુરુ અને શિષ્યના પ્રવાસની જ કથા મહત્વની છે.

ગુરુ સાક્ષાત સતત સાથે નથી હોતા, પરંતુ તેમનો સહવાસ શિષ્યમાં સતત અનુભવતો હોય છે, ગુરુ શિષ્યને અડચણના સમયે સ્થિર રાખે છે, શિષ્યની ચેતનાને જાગૃત રાખી વિચલિત થતાં રોકે છે. મારી સાહિત્યિક સૂઝ જીવતી રાખનાર સિતાંશુ યશશ્ચંદ્ર - મારા દાદા-ગુરુ માત્ર મને રસ્તો નથી ચીંધતા પરંતુ મારો એમના પ્રત્યેનો આદર મને સતત જાગૃત રાખે છે અને મને ગુણવત્તાવિહીન કાર્ય કરતાં રોકે છે, મન તરત જ પૂછે છે કે શું મારા આ કામ વિશે ગુરુને જાણ થશે તો શું ગુરુ મને પૂછશે નહીં, કે તે આમ કેમ કર્યું? બસ, આજ સાચો ગુરુ છે જે શિષ્યની સંચેતનને જાગૃત રાખે છે. શિષ્યને કપરા સંજોગોમાં સ્થિર રાખે છે.

જ્ઞાનગુરુ અને સામાજિક ગુરુ બંને જીવનમાં મહત્વનાં છે. એક સંસ્થાનનો અનુભવ આપે છે, બીજા જગતનો. જીવનમાં માતા-પિતા પણ ગુરુ હોય છે. જયારે ક્યારેક મિત્ર પણ ગુરુની ભૂમિકા ભજવી જાય છે, પણ 'ગુરુ' મોક્ષના માર્ગ સુધી હાથ ઝાલે છે, ધર્મ અને કર્મના માર્ગની દીવાદાંડી બને છે. આજે ભૌતિક સમાજમાં અનેક આકર્ષણો રહ્યા છે, ક્યારેક મન તો ક્યારેક જરૂરીયાત મનને ડગાવે છે, પણ જે બચાવે છે તે છે અંદરનું સત્વ. બહું મહત્વ છે યોગ્ય પસંદગીનું.

ભારતમાં ધર્મગુરુનું આગવું મહત્વ રહ્યું છે. ધર્મનો સંબંધ સંસ્કૃતિ અને મુલ્ય સાથે છે. જે મનુષ્યની અંદર શ્રધ્ધાનું સિંચન કરે છે. જીવનમાં શ્રધ્ધા ટકાવી રાખે છે. જીવનમાં અનેક સંઘર્ષોની વચ્ચે આ શ્રધ્ધા જ મનુષ્યને બળ આપે છે. ભારતમાં ગુરુનું મહાત્મ્ય પહેલેથી જ રહ્યું છે. **ગુરુની મહત્તા ગોવિંદ કરતાં વધારે છે કેમ કે ગુરુએ આપેલ જ્ઞાન મારફતે યોગ્યતા પ્રાપ્ત કરીને જ શિષ્ય પ્રકાશમાન દીપક સમાન પરમાત્મા સુધી પહોંચીને એની ઝાંખી કરી શકે છે.**

**"If all the land were turned to paper and all the seas turned into the ink and all the forests into pens to write with, they would still not suffice to describe the greatness of Guru."**

શિષ્યને ગુરુ તરફથી જે આપવામાં આવે છે તેને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. તે દીક્ષાના જુદાજુદા પ્રકારો છે. ગુરુ પોતાના સંકલ્પથી જે દીક્ષા આપે છે તેને સંકલ્પદીક્ષા કહેવામાં આવે છે. ગુરુ સ્પર્શ દ્વારા આશીર્વાદ આપીને જે દીક્ષા આપે છે તેને સ્પર્શદીક્ષાનું નામ આપવામાં આવે છે ને મંત્ર આપીને જે દીક્ષા આપે છે તે મંત્રદીક્ષા કહેવાય છે. ગુરુ દ્રષ્ટિપાતથી પણ દીક્ષા આપે છે. ગુરુદીક્ષામાં ઘણી શક્તિ સમાયેલી છે.

ગુરુ એટલે ઘોર અંધકારમાં ઝળહળતો પ્રકાશ. અંધારા ઓરડામાં માણસનાં હાથ ભીત પર ફરતાં રહે અને માણસ પોતાના સામેના અંધકારને હાથથી હલાવતો દુર કરવાનો પ્રયત્ન કરે, પરંતુ હાથથી એ અંધકાર દુર નથી થઇ શકતો, હાથથી તે માત્ર સામેના વિઘ્નને દુર કરવાનો પ્રયત્ન કરે છે. ગુરુ, એ હાથને ઝાલી પ્રકાશ સુધી લઇ જાય છે, ગુરુ અંધારામાં શોધતા/ફંગોળતા એ હાથને દરવાજા સુધી લઇ જાય છે.

✦✦✦✦✦✦✦

ભારતીય સંગીત પ્રાચીનકાળથી ભારતમાં ઉદ્દભવેલું અને વિકસીત થયેલું એક સંગીત છે. આ સંગીતના મૂળ સ્રોત વેદોને માનવામાં આવે છે. ભારતીય પરંપરામાં એવું માનવામાં આવે છે કે બ્રહ્માએ નારદ મુનિને સંગીત વરદાનમાં આપ્યું હતું. વૈદિકકાળમાં સામવેદના મંત્રોનો ઉચ્ચાર તે સમયના વૈદિક સપ્તક અથવા સામગાન મુજબ સાતેય સ્વરોના પ્રયોગ

સાથે થતો હતો. ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર શિષ્યોને ગુરુ પાસેથી વેદોનું જ્ઞાન મૌખિક રીતે જ પ્રાપ્ત થતું હતું. પ્રાચીન સમયમાં ભારતમાં શિક્ષા ગુરુકુળમાં પ્રદાન થતી હતી. જંગલમાં રહીને આ શિક્ષા પ્રાપ્ત કરાતી જેને 'અરણ્યવિદ્યા કેન્દ્ર' પણ કહી શકાય. આ મૌખિક જ્ઞાનમાં સંસ્કૃતિ, નિસર્ગ અને જીવજંતુઓના જીવનની વાત પણ આવતી અહીં પ્રકૃતિ, બ્રહ્માંડ, અવકાશ, વિજ્ઞાન વગેરેની વાતો આવરી લેવાતી.

ભારતમાં શિક્ષણનો સંબંધ ધર્મ સાથે જોડાયેલો રહ્યો હતો. ધાર્મિક શિક્ષણને, પરંપરાએ મહત્વ આપ્યું છે. નગરથી દુર, ગુરુના આશ્રમમાં રહીને શિક્ષણ અપાતું. ગુપ્તકાળમાં વારાણસી અને નાલંદા શહેરોની ખ્યાતી વધતી ગઈ. એક તરફ પાઠશાળા પરંપરા આધારિત ધાર્મિક શિક્ષણ, બીજી તરફ વર્ણ આધારિત શિક્ષણ, જૈન-બૌદ્ધ શિક્ષણ કેન્દ્રોનો પણ વિકાસ થયો. તક્ષશિલા અને નાલંદામાં વ્યાકરણ, મેડિસીન, તત્વજ્ઞાન, તાર્કિક, મેટાફીસિક્સ, કળા-ક્રાફ્ટ વગેરે વિષય શીખવવામાં આવતા. ચીન અને સેન્ટ્રલ એશિયાથી લોકો અહીં ભણાવા આવતાં. રાજા અને કુમારોને વિજ્ઞાન અને કળા ઉપરાંત દંડનીતિ, વાર્તા, અનવિક્ષીકી, ઈતિહાસ વગેર વિષયો શીખવવામાં આવતા. આશ્રમ-પાઠશાળા શિક્ષણની પધ્ધતિએ ગુરુના મહત્વને વધાર્યું. ઇસ્લામિક સંસ્થાઓએ મદરેસા અને મકતાબ વગેરે સંસ્થાઓમાં વ્યાકરણ, ફિલોસોફી, ગણિત, કાયદો વગેરે વિષયો શીખવવામાં આવતા. અનેક દેશોથી વિદ્યાર્થી અહીં આવતાં, સમુદ્રી અને જમીની યાત્રા કરીને ફા-હિ-યાન અને હ્યુ-એન-ત્સાંગ જેવાઓએ પોતાની યાત્રાનો સંપૂર્ણ વૃતાંત લખ્યો છે. આજે આ પરંપરા ટકી શકી નથી. ભારતના બૌધ્ધિકો, ડીઝાઈનરોને એમના પહેરવેશ અને સાદાઈને કારણે બહુમાન પ્રાપ્ત ન થયું. ભારતમાં શિક્ષાને એક પવિત્ર ધર્મ માનવામાં આવ્યો. મહાભારતમાં ઘણાં અરણ્યવિદ્યાકેન્દ્રનો ઉલ્લેખ આવે છે, જેમ કે શૌનકમુનિ દ્વારા સંચાલિત નૈમિષારણ્ય, વ્યાસ, વસિષ્ઠ અને વિશ્વામિત્ર દ્વારા સંચાલિત કેન્દ્રોનો પણ ઉલ્લેખ છે, પૈલ, વૈશમ્પાયન, જૈમિની, સુમતું અને શુક-વ્યાસનાં પ્રસિદ્ધ શિષ્યો હતાં. આશ્રમોમાં પ્રત્યેક વિદ્યાશાખાનાં વિશેષજ્ઞ રહેતાં. અમુક શાખાઓ હતી – વેદ અને વેદાંગ, યજ્ઞાધારિત શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર (Logic), ભૌતિકવિજ્ઞાન (Physics), જીવશાસ્ત્ર (Biology) વગેરે. યજ્ઞ માટેનાં વિવિધ પ્રકારનાં અને ધારાધોરમનાં યજ્ઞકુંડ બનાવવા માટે ગણિત અને ભૂમિતિનું (Geometry) જ્ઞાન અનિવાર્ય રહેતું. વિજ્ઞાન અને ધર્મ ની વચ્ચે કોઈ ભેદરેખા ન હતી. બંને એકબીજાનાં પૂરક હતાં. દ્રવ્યગુણશાસ્ત્ર (Properties of Matter) અને પ્રાણીશાસ્ત્ર (Zoology) અન્ય શાખાઓ હતી. આથી અરણ્યકેન્દ્ર એક સંપૂર્ણ શિક્ષા કેન્દ્ર હતાં જે વિશ્વદર્શન માટે જરૂરી સર્વ પ્રકારની વિદ્યાનાં પ્રદાનકર્તા હતાં.

ભારતની દાર્શનિક પ્રણાલીમાં તર્ક અને સંવાદનું આગવું મહત્વ છે. આ જ પ્રણાલીએ ભવિષ્યમાં લોકશાહીને (Democracy) જન્મ આપ્યો, જે હજુ પણ ભારતના નાનામાં નાના ગ્રામ્ય વિસ્તારમાં પણ જીવંત છે. આ જ પ્રણાલી આજે પણ વિવિધ સ્થળોએ, દૂરદર્શન (Television) તથા સરકારી વિધાનસભાઓમાં (Legislative Bodies) જોઈ શકાય છે અલબત્ત અધોગતસ્વરૂપમાં જ. તર્કશાસ્ત્ર અને સંવાદવિદ્યાનો ઉલ્લેખ રામાયણ, મહાભારત, મનુસંહિતા, સ્કન્દપુરાણ, યાજ્ઞવલ્ક્ય સંહિતા, છાંદોગ્ય ઉપનિષદ જેવાં અનેક પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે.

૧૮૩૫માં મેક્યુલે ભારતમાં અંગ્રેજી શિક્ષણનો આરંભ કર્યો. આ નવી પધ્ધતિ સાથે પથશાળા, આશ્રમ શિક્ષણ વગેરે બંધ થતાં ગયા, ગુરુ શબ્દને બદલે શિક્ષક શબ્દ પ્રચલિત થયો. ૧૯૦૧માં ટાગોર દ્વારા શરુ થયેલી નૈસર્ગિક શાળા (Open Air School) - શાંતિનિકેતન, સમય જતાં એક વિખ્યાત વિદ્યાપીઠ બની હતી. ભારતનાં એવાં શિક્ષણવિદોમાં ટાગોરનું અનોખું સ્થાન છે કે જે યોગ્ય ગુરુનાં સાનિધ્યમાં (Vicinity) નિસર્ગનાં ખોળામાં (In the laps of nature) શિક્ષણ મળે એના હિમાયતી (Proponent) હતા. આજે શિક્ષણની પદ્ધતિમાં ઘણો મોટો બદલાવ આવ્યો છે. અંગ્રેજો એ જે શિક્ષણ પદ્ધતિ દાખલ કરી ત્યારબાદ ડિગ્રીઓનું મહત્વ વધ્યું છે. એક તરફ ગુરૂપૂર્ણિમા છે અને બીજી તરફ શિક્ષકદિન-ઉજવનારા લોકોને આનો ભેદ ખબદ છે કે નહી, એ તો ભગવાન જાણે! પરંતુ બે સંસ્કૃતિની વચ્ચે મૂળભૂત વિભાવનાને ઘણી હાનિ પહોંચી છે. અહી તોત્તોચાનની કથાને યાદ કરવી જોઈએ. તોમોએ સ્કૂલ તથા સ્થાપક-સંચાલક આચાર્ય શ્રી સોસાકુ કોબાયાશી વિશે, આ પુસ્તકમાં વાત કરવામાં આવી છે. શ્રી કોબાયાશીની શિક્ષણ પ્રવૃતિઓ કેવી આરૂઢ અને કલ્પનાશીલ હતી, એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

૧૯૩૭ માં સોસાકુ કોબાયાશી એ પોતાની કલ્પના મુજબની આદર્શ શાળા ''તોમોએ સ્કૂલ'' સ્થાપી. તેઓ

ઈચ્છતા કે બાળકનું વ્યક્તિત્વ બને એટલી સહજતાથી વિકાસ પામે. શિક્ષણના ઘડતર અને ચણતર, શિક્ષણના ઉત્તમ પ્રયોગો તેમજ ભણવા-ભણાવવાની પ્રવૃતિને આમ સાવ જ મુક્ત વાતાવરણને હવાલે કરતી આવી અપરંપરાગત પ્રાથમિક શાળા વિશે વાત વણી લેવામાં આવી છે. સાચે જ તોમોએ જેવી સ્કૂલ હોય તો બાળકોને ભાર વિનાનું ભણતર લાગે. જયારે સૌથી પહેલા તોત્તો ચાન આચાર્યને મળે ત્યારે તેઓ માત્ર એટલું કહે કે, તારે જે કહવું હોય તે તું કહી શકે છે, તું થાક નહિ ત્યાં સુધી. સતત કલાકો સાંભળ્યા બાદ પણ તોત્તો ચાન થાકી જાય, પણ આચાર્ય સાહેબ જરાય ન થાકે. અને પહેલી વાર બાળકને એમ થાય કે કોઈ મને થાક્યા કે કંટાળ્યા વગર સાંભળે છે, બાકી તો બધા ચુપ કરાવી દે છે. પર્યાવરણ અને પોષણના મુલ્યો ''થોડું સમુદ્રમાંથી ને થોડું પહાડમાંથી'' એમ ગાતા ગાતા શીખવી જાય. આવું તો કેટલુય શિક્ષકો ને માતા-પિતા માટે શીખવાનું શીખવી જાય.

ટુંકમાં મૂળ વિભાવના તો જીવનને યોગ્ય આકાર આપી સિદ્ધ કરવાની છે.

ગુરૂનો મહિમા ગાતા શ્રી વિનોબા ભાવે લખે છે કે -

શિલવાન સાધુ હોય છે,<br>
પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે,<br>
કરૂણાવાન મા હોય છે,

પરંતુ ગુરૂમાં તો સાધુ. જ્ઞાની અને કરુણા ત્રણેય હોય છે.

✦✦✦✦✦✦✦

ગુરુ જેમ જીવન જીવતા શીખવે છે તેમ જીવનમાં પ્રવર્તતા દંભને પણ ઉજાગર કરવાની હિંમત આપે છે. એક મેન્ટર, જે મારા કરતા ઉંમરમાં બમણી આયુ ધરાવે છે, છતાં તેઓ મારા વૈચારિક આંદોલનને સમજી તેને વ્યક્ત કરવામાં અને સમતોલ કરવામાં સહાય કરે છે, નારી અને નાની ઉમરની વ્યક્તિને આવા સધ્ધર આધારની જરુર હોય છે, જેથી વંટોળમાં છોડ નષ્ટ પામે એ પહેલા એને બચાવી લેવાય છે, એમને સંસારિક ગુરુનું સ્થાન આપી શકાય. આજે જ્યારે થોડીક ન ગમતી વાત કરાય છે કે એનો વિરોધ તાર્કિક બન્યા વગર થઇ જાય છે. જીવનમાં આપણે અન્યની સફળતાથી વધુ ખલેલ પામીએ છીએ, નહીં કે પોતાની અસફળતાથી. એના મર્મને સમજવાને બદલે તર્કનો ઉપયોગ છોડને નષ્ટ કરવા કરાય છે, આવા કપરા સમયમાં તમારા 'સત'ને ગુરુ ટકાવી રાખે છે અને મેન્ટર તમારા અસ્તિત્વને ઢાલ બની જાળવે છે. તમારા સ્વમાનને સમય પૂરતું જાળવી લે છે. સંસારિક ઘટના પરીક્ષા લે છે, આ સમય પોતાની કહેવાતી વ્યક્તિઓનો અસલી ચહેરો દેખાડે છે. એક તરફ સમય તાત્કાલિક આનંદને પોતાનું ધ્યેય માનીને ચાલે છે તો બીજી તરફ એક વર્ગ પોતાના રસાનંદને પ્રાપ્ત કરવા માટે સ્પષ્ટ છે. દંભ અને સત્ય વચ્ચેની સમજ પણ વ્યક્તિએ બદલાય છે. જે જોઈએ, તે પ્રાપ્ત ન થાય, તે વાસ્તવિકતાની વચ્ચે તમારા ધ્યેયને વધુ સ્પષ્ટ થવાનો સમય મળે છે. **જો મારું ધ્યેય નક્કર છે તો એ વંટોળમાં નાશ નહીં પામે પણ જો નાશ પામે, તો એ ધ્યેય કદી મારું હતું જ નહીં.** આ સમય, વિચાર અને સ્પષ્ટ થવા માટે પ્રાપ્ત થયો છે. આ સમય તમને ઘડતો હોય છે ત્યારે તમારી અંદર ગુરુએ મુકેલું તેજ અને ચેતના કસોટીએ ચડી તમને તપાસે છે, અને તમે પાર થઇ જાઓ ત્યારે તમારા કરતાં વધુ આનંદ ગુરુને /મેન્ટરને થતો હોય છે.

તમે જે મુક્તિ ઈચ્છો છો, તે માટેની અતિ જાગૃતિ તમારી અડચણ ઘણીવાર બને છે, તમારી, તમારા વિશેની આટલી જાગૃતિ/ઓળખ તમને કયાં સહજ બનવા દે છે? ગુરુ આવા કઈ કેટલાયે ઉધ્ધારો પછી પોતાના માર્ગમાં આગળ ચાલી નીકળે છે. આંગળી પકડીને ચલાવે તે 'મા' અને આંગળી ચીંધીને ચલાવે તે 'ગુરુ'. જ્યાં ગુરુના શબ્દો જ્યાં સાકાર થાય ત્યાં ગુરુદક્ષિણા સાકાર થાય. અહીં શરણાગતિ અને સ્વતંત્રતાનો અદભુત સમન્વય છે. કદાચ આ એક માત્ર સંબંધ નિસ્વાર્થ, પારદર્શી, નિખાલસ, વાત્સલ્ય, શિક્ષા-વરદાનનો છે. આપણા શરીર પર કે માથા પર વાળ આવેલા છે. વાળને કાપવાથી, શરીરને દુઃખતું નથી, વાળ જડ છે પણ તેની ઉત્પત્તિ તો શરીરરૂપી ચેતનમાંથી જ થઈ છે. આમ, જો શરીરરૂપી ચેતનમાંથી જડ વાળની ઉત્પત્તિ થઈ છે તો પરમચૈતન્ય પરમાત્મામાંથી જ જડ સૃષ્ટિ વૃક્ષ, પથ્થર, ખડક, પર્વત આદિની ઉત્પત્તિ થઈ છે. સંતો તો માને જ છે ''પથ્થર એટલા પરમેશ્વર.'' स्थावराणां हिमालयः। ભગવાન ગીતામાં કહે છે સ્થાવર, સ્થિર હિમાલય પણ મારી જ વિભૂતિ છે. જડ પણ ભગવાનનું જ રૂપ છે. આ રીતે જ્ઞાની લોકો જીવ-જડનો ભેદ કરતા નથી. ગુરુનું લક્ષણ છે કે જે શિષ્યને આવા ભેદથી દૂર કરે છે.

હું ચાલુ છું એ માર્ગ પર મંઝીલ નથી, જેને મંઝિલ મળી ગઈ છે, તે પણ સંતુષ્ટ છે, એવું જરૂરી નથી. જેની પાસે

પોતાનો દીવો પોતે ઉપાડવાની શ્રધ્ધા રહેલી છે, તેમના, રસ્તાને અન્યના ઉછીના પ્રકાશની જરૂર નથી. માથે દીવો મૂકી ચાલીએ, ત્યારે માથા પર દીવાના પડછાયાનું અંધારું પડે. એ ન થાય માટે થોડું અંતર કેળવવું પડે. જેને આની સૂઝ છે, તે સહજ શોધી લે છે, સાચા ગુરુને.

જેની અંદર પોતાનું તેજ નથી, તે બીજાના તરાપામાં બેસીને પ્રવાસ કરે છે, તે જ્ઞાન-ચેતનાના અર્થમાં નહીં, પણ ઘોંઘાટના ધ્વનિમાં રાચે છે, આવા અવાજો અન્યની ધજા લઇ પોતાનો પ્રવાસ કરે છે અને એમના નેતા, એમની સેનાના તારણહારા બને છે. પરંતુ કોઈ કોઈના તરાપાની જવાબદારી ન ઉઠાવી શકે. બે અતિ મહત્વની બાબત, કે તમે સાચું સાંભળી, પારદર્શી બની, અંગત પૂર્વગ્રહોને વચ્ચે લાવ્યા વગર, સત્યનું સ્થાપન કરનાર ગુરુની સાથે છો. અને તમારી જે કર્મના ચક્રવ્યૂહમાંથી છુટવાની અભિલાષા છે તે તમને વધુ ને વધુ વમળમાં તો નથી ખેંચી રહીને? ગંદા પાણીમાં સૂર્યનું સ્વચ્છ પ્રતિબિંબ પડતું નથી તેમ ભેદયુક્ત જીવમાં ચૈતન્ય પ્રકાશતો નથી. ગુરુ **અભેદરૂપી ફટકડી શિષ્યની બુદ્ધિમાં ફેરવીને પાણીની જેમ તેની બુદ્ધિ નિર્મળ કરી દે છે. તેથી આપોઆપ જ સાક્ષાત્કાર થાય છે.**

પ્રબુધ્ધ વાચકો, ફરી એકવાર લાંબો તંત્રી લેખ થઈ ગયો, પરંતુ વાત 'ગુરુ'ની હોય ત્યારે ભાવને કયા રોકવા? સતત એક અવાજ યાદ રાખવાનો છે કે અન્યનું ખરાબ હું સ્વપ્નમાં પણ ન વિચારું અને મારા મોક્ષના માર્ગમાં, મને મારી કે અન્ય કોઈની અડચણ ન રોકી શકે,

તું જ તારો ગુરું થા, મન હવે.  
તારા ગુરુ, એ તારા  
હાથમાં રાશ સોંપી છે,  
તેના માર્ગને; મન, તું હવે ઉજાળ.

ગુરુ, મને તમે સાક્ષાતરૂપે કે પ્રત્યક્ષરૂપે માર્ગ દેખાડો. મને તીર્થંકરનો માર્ગ સમજાવો, મને સમજની આંખ આપો, મને મારાથી અને અન્યથી મુક્ત થઇ સાવ ભારરહિત બનતાં શીખવો. ગુરુ, મને હવે તમારા અને અન્ય સહુના વચનોથી મુક્ત કરી એકાકાર કરો. જેમ મહાવીરે, ગૌતમની બધી મૂંઝવણનો ઉત્તર આપી સ્પષ્ટ કર્યા અને પછી પોતાના મોહથી પણ મુક્ત કર્યા, એ અવસ્થા મને આપો. ગુરુ હાથ છોડતાં નથી પણ પોતાનો અર્થ કેળવવાની ક્ષમતા આપે છે.

અજવાળું, હવે અજવાળું  
ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું.

સતગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો,  
ભેટ્યા ભીમ ને ભાંગ્યું ભ્રમનું તાળું. - ગુરુ આજ

જ્ઞાન ગરીબી, સંતની સેવા,  
પ્રેમભક્તિનો સંગ હવે પાળું. - ગુરુ આજ

ખીમ*ને ભાણ* રવિ* રમતા રામા, તે  
જ તત્વમાં ગુરુ, તમને ભાળું. - ગુરુ આજ

દાસી જીવણ સત ભીમ નાં ચરણાં,  
અવર દુજો ધણી નહીં ધારું. - ગુરુ આજ

**- દાસી જીવણ (જીવણ સાહેબ)**

અને છેલ્લે,

त्वमेव माता च पित त्वमेव, त्वमेव बन्धुश्च सखा त्वमेव।  
त्वमेव विदया द्रविणं त्वमेव, त्वमेव सर्व मम देव देव।।

**(Oh Guru!) You are my mother and father; you are my brother and companion; you alone are knowledge and wealth. O Lord, you are everything to me.**

❑ **સેજલ શાહ**  
**sejalshah702@gmail.com**  
**Mobile : +91 9821533702**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા દીપક ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ૨૦૧૭ના વર્ષનો**

**'શ્રી ભદ્રંકરવિજય જ્ઞાન-દીપક એવોર્ડ'**

**ડૉ. સાગરમલ જૈનને ૨૦.૮.૧૭ ના રોજ**

**શ્રી પરસોત્તમ રૂપાલા અને શ્રી સી.કે. મહેતાના હસ્તે અર્પણ કરાશે.**

# આ અંકના વિદ્વાન સંપાદક
## ડૉ. રમજાન હસણિયા

આ અંકના વિદ્વાન સંપાદક વિશે લખવા માટે કલમનો પન્નો ટૂંકો પડે, એવી અનુભૂતી થઈ રહી છે. ડૉ. રમજાન હસણિયા ગર્વમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ, કોલેજ, રાપર ખાતે ગુજરાતી સાહિત્યના અધ્યાપક અને હાલમાં એ જ કોલેજમાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ તરીકેની ફરજ બજાવી રહ્યાં છે.

ગુજરાતી સાહિત્યના રમજાનભાઈને અધ્યાપક મધ્યકાળ અને તત્વજ્ઞાનના અભ્યાસમાં વિશેષ રસ પડે છે. એમ. એ, એમ.ફિલ., પી.એચ.ડી. સુધીનો તેમણે શૈક્ષણિક અભ્યાસ કર્યો છે. ડો. દર્શનાબેન ધોળકિયાના માર્ગદર્શન હેઠળ 'અર્વાચીન ગુજરાતી કવિતામાં અધ્યાત્મભાવનું નિરૂપણ' આ વિષય પર એમણે શોધનિબંધ લખ્યો છે.

કચ્છના મુંદરા તાલુકાના મોટી ખાખર જેવા નાનકડા ગામમાં જન્મેલ રમજાનભાઈ, નાનપણથી જૈન પાડોશી સાથે ઉછર્યા. નાનપણમાં વ્યાખ્યાનમાં વાર્તા સાંભળીને મોહિત થયેલું મન ધીરેધીરે ઉપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજ સાહેબની  નિશ્રા અને માર્ગદર્શનને કારણે અધ્યાત્મ તરફ વળતું ગયું. પાડોશીના પ્રેમે રમજાનભાઈને જૈન સંસ્કાર તરફ વાળ્યા. એક તરફ કુરાનનો અભ્યાસ અને બીજી તરફ જૈનધર્મના અભ્યાસનો સમન્વય રમજાનભાઈમાં થયેલો જોવા મળે છે. જીવનને સહજતા અને સરળતાથી જીવવાનો આનંદ રમજાનભાઈ માણે છે. અનેક જૈન સાહિત્ય સમારોહમાં વક્તા તરીકેની તેમની હાજરી સહુને પ્રભાવિત કરે છે. જેવી મીઠાશ શબ્દોમાં છે, તેટલી જ સાલસતા હૃદયમાં છે. જીવનના સંઘર્ષથી ઘડાઈ પોતાની નિષ્ઠા અને ચિંતનથી તેઓ આજે કોલેજમાં કાર્ય કરી રહ્યાં છે. કચ્છના આ તારલાની વિદ્યાપિપાસા જેમ ગુરુએ પામી છે, તેમજ કુટુંબીજનોએ પણ કેળવી છે. રમજાનભાઈ સામેવાળી વ્યક્તિને ભાવથી ભરી દે છે. ધનવંતભાઈને કારણે ગીતાબેનનો પરિચય થયો અને ગીતાબેન જૈનને કારણે રમજાનભાઈનો પરિચય થયો. ત્યારબાદ વિદ્વાન વક્તાની મીઠાશે કચ્છ અને મુંબઈ વચ્ચેનું અંતર કયાંય ઘટાડી નાખ્યું. ઉત્સાહી, તરવરતા યુવાન ભાઈનું જ્ઞાનનું ગાંભીર્ય સહેજેય આકર્ષી ગયું અને પરિણામે નક્કી કર્યું કે આ અંકનું સંપાદન રમજાનભાઈ જ કરે.

કોઈ પણ કાર્ય માટે તત્પર અને 'હા બેન'ની મધુરતા ડૉ રમજાનભાઈ સૌથી મોટી વિશેષતા. આજ કારણોસર આ અંક સાકાર થયો છે. ઉપાધ્યાય ભુવનચંદ્રજીના કેટલાક લેખોનો સંચય રૂપે પુસ્તક 'સાહિત્યનું ઝરણું', અને ડૉ. ગીતાબેન જૈનના લેખોનો સંચય 'રવમાં નીરવતા' આ બે પુસ્તકોનું સંપાદન રમજાનભાઈએ કર્યું છે.

રમજાનભાઈના લેખો પ્રબુધ્ધ જીવનમાં અવારનવાર પ્રગટ થતાં હોય છે અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તા તરીકે તેઓનો પરિચય આપ સહુને છે. ઉપરાંત સાહિત્ય પરિસંવાદો, શિબિરોનું આયોજન નિયમિત રીતે કરે છે. જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલના અનેક કાર્યક્રમોમાં વક્તા તરીકે સહુને પ્રભાવિત કરે છે. ઉંમરમાં નાના અને જ્ઞાનનાં મોટા કરી શકાય એવા રમજાનભાઈ અનેક વડીલોના લાડલા 'પંડિત' છે. પ્રબુધ્ધ જીવન તરફથી રમજાનભાઈનો ખૂબજ આભાર કે તેમને ભારતીય પરંપરાના ખૂબજ મહત્ત્વના વિષય પર અંક સંકલિત કરી, સુંદર કાર્ય કર્યું. તેમના પરિવારના સભ્યોને પણ અહીં યાદ કરીએ છીએ. અને ભવિષ્યમાં આવાજ સહકારની અપેક્ષા છે.

વિશેષ અંક માટે ખડેપગે પોતાની સેવા પૂરી પાડનાર પ્રબુધ્ધ જીવનના પ્રિન્ટર 'શરદભાઈ ગાંધી'નો પણ વિશેષ આભાર અને પ્રૂફ રીડિંગ કરી આપનાર પુષ્પાબેનને કેવી રીતે વિસરી શકાય?

❑ સેજલ શાહ

# ગુરુ સર્વત્ર પુજ્યતે

**ડૉ રમજાન હસણિયા**

ભારતીય સંસ્કૃતિના પાયારૂપ કેટલીક અત્યંત મહત્ત્વપૂર્ણ બાબતોમાંની એક છે ગુરુ-શિષ્ય પરંપરા. ગુરુ તત્ત્વ વિશે ગ્રંથો લખાય તો પણ તેનું અસ્તિત્વ હાથમાં ન આવે તેટલો બહોળો તેનો વિસ્તાર છે. ગુરુ કે જેનો અર્થ જ 'મોટો' થાય છે એવા અમાપના વ્યાપને શબ્દોમાં બાંધવાનું સામર્થ્ય મારામાં તો નથી જ એવી સ્પષ્ટ સમજ હોવા છતાં ગુરુ તત્ત્વે કરેલા સંસ્પર્શના અહેસાસને વાચા આપ્યા વિના રહી શકતો પણ નથી.

મારે મન ગુરુ એ કોઈ વ્યક્તિ નહિ પણ અધ્યાત્મ માર્ગે ચાલતા પથિક માટે કુદરતે ઊભી કરેલી એક વ્યવસ્થા છે. જીવને ઉપર ઉઠાવવાની એક ઉત્તમ વ્યવસ્થા. અગમની અગમ્ય કેડી જેમણે કંડારી છે તે ગુરુ તત્ત્વ છે. જેને પણ આ માર્ગે આગળ વધવું છે, એની રાહ જોઈ આ તત્ત્વ ઊભું છે.

લગભગ બધા ધર્મ-સંપ્રદાયોમાં ગુરુ પ્રધાનપદે બિરાજમાન છે. શા માટે ગુરુની પૂજા કરાય છે? એવું શું છે આ તત્ત્વ પાસે? કોઈએ કહ્યું 'ગુરુ બિન કૌન બતાવે બાટ?' તો કોઈએ 'ગુરુ બિન જ્ઞાન ન ઉપજે...' કહી તેનો મહિમા ગાયો છે. પ્રશ્ન થાય કે એવું શું એમણે અર્જિત કર્યું છે? આ બધા કેમ તેમને આટલી મહત્તા આપે છે? આવા પ્રશ્નો ગુરુ તત્ત્વના અડકવા માત્રથી ઓગળી જાય છે. જેને આ તત્ત્વ લાધે છે તે જ તેના સ્વરૂપને પામી શકે છે.

સાદી સીધી સમજ પ્રમાણે કહું તો 'જેના શરણમાં આવતા સમાધાન સાંપડે તે ગુરુ'. પ્રશ્નોનો ઉકેલ મળે એમ નહિ પણ પ્રશ્નો જ શમી જાય એ ખરો ગુરુ પ્રતાપ. દેવોને ભગવાન મહાવીરના સમવસરણમાં જતાં જોઈ ક્રોધે ભરાયેલા ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રભુના શરણમાં આવતા જ તેમના દ્વારા સહજ રીતે જીતાઈ ગયા છે. પોતાનાથી મોટો કોઈ જ્ઞાની પુરુષ હોઈ ન શકે એવા ગૌતમના ઘમંડને પ્રભુ મહાવીરે તેમના વણપૂછાયેલા પ્રશ્નોના જવાબ આપીને હરી લીધો છે. ગૌતમની હાર પણ નથી થઈ ને મહાવીર જીતી ગયા છે. શિષ્ય સાથે વાદ-વિવાદ કરી તેને હરાવીને જીતે તો મહાવીર શાના? મહાવીર તો ભારે નજાકતથી કામ લઈ ઈન્દ્રભૂતિ ગૌતમને ગૌતમસ્વામીમાં રૂપાંતરિત કરી દે છે.

સાચા ગુરુની પ્રાપ્તિ બાદ ગૌતમનું શિષ્યત્વ પણ તેટલું જ ઉત્તમ રીતે ઝળક્યું છે. કોઈ પણ જિજ્ઞાસુના પ્રશ્નનો ઉત્તર પોતે જાણતા હોવા છતાં ગૌતમસ્વામી વિનમ્રભાવે ગુરુને પૂછીને પછી જ જવાબ આપે છે. ગુરુનો વિનય કઈ રીતે થાય તેનું શ્રેષ્ઠતમ ઉદાહરણ ગૌતમસ્વામી પૂરું પાડે છે. ગુરુ પ્રત્યે અનહદ સ્નેહ ધરાવતા ગૌતમને પ્રભુ મહાવીર પ્રત્યે રાગ થઈ જાય છે. એમની પાસે દીક્ષા લેનાર કેવળજ્ઞાનને વરે છે ને સ્વયમ તેનાથી બાકાત રહે છે. પોતાના શિષ્યના કલ્યાણ અર્થે ક્યારેક ગુરુએ આકરા પગલા પણ લેવા પડે છે. પોતાના રાગથી મુક્ત ન થતાં ગૌતમને પ્રભુ મહાવીરે પોતાના અંતિમ સમયે સ્વયંથી દૂર મોકલી દીધા છે. સાચો ગુરુ એ છે કે જે શિષ્યને પોતાના બંધનથી પણ મુક્ત કરે. ભગવાન મહાવીરે આ અંતિમ ગુરુકૃત્ય કરીને વિદાય લીધી છે. અધ્યાત્મના માર્ગમાં અંતે ગુરુનો રાગ પણ છોડવાનો છે. આવા વિશિષ્ટ સ્નેહાનુંબંધનું નામ છે ગુરુ-શિષ્ય સંબંધ.

ગુરુ એ બહુ મોટું આશ્વાસન છે. ગુરુ એવી ધરપત આપે છે કે જો હું પહોંચ્યો તો તું પણ પહોંચીશ. ઈશ્વર દર્શનની તડપથી ભટકતા નાનકડા નરેન્દ્રની તૃષા રામકૃષ્ણ પરમહંસ જે આત્મવિશ્વાસથી સંતોષે છે, તે આત્મવિશ્વાસ આત્મપ્રતીતિ પછી આવેલો વિશ્વાસ છે. ઈશ્વરને જોઈ શકવાની અને તેને દેખાડી શકવાની ક્ષમતાનું સામર્થ્ય રામકૃષ્ણએ અર્જિત કર્યું છે. આવા ગુરુ મળતા તેમનો લાભ લઈ લે એવો શિષ્ય નરેન્દ્ર પણ નથી. પોતાના કહેવાથી ઈશ્વર ક્યારે સાક્ષાત થશે? એવા પ્રશ્નમાં ઝળહળે છે નરેન્દ્રનું ઉત્તમ શિષ્યત્વ, જે તેને નરેન્દ્રમાંથી વિવેકાનંદ બનાવે છે. આવા ગુરુ-શિષ્યના યુગ્મને પામીને ભારતની ધરા ખરે જ ધન્ય થઈ છે.

ગુરુ હોય ત્યાં એક જાતની નિશ્ચિંતતા આવી જાય છે. ગુરુ શિષ્યની અધુરાશોને પોતાના અગાધ અસ્તિત્વથી ભરી દે છે. શિષ્યના મનની ગૂંચોને ગુરુ ભારે કુનેહપૂર્વક ઉકેલી દે છે. વળી, ગુરુ ક્યારે કયા રૂપે મળે તે પણ એક રહસ્ય જ છે! મહાભારતના યુદ્ધને આરંભે મુંજાયેલા અર્જુનના પરમ સખા શ્રી કૃષ્ણ તેના ગુરુના રૂપમાં આવી શ્રીમદ્ ભાગવતગીતા કહી તેના પ્રશ્નોનું સમાધાન કરે છે. 'ગીતા' એ ગુરુ-શિષ્ય સંવાદનું એક ઉત્તમ ઉદાહરણ છે, જેનાથી જગતના કેટલાય આત્માર્થીઓનું કલ્યાણ થયું છે. એજ રીતે તોરલ ધોડી, તોડી તલવાર અને સતી તોરલને લઈને પાછા ફરતા દરિયાના તોફાનમાં ફસાયેલા જેસલને મધદરિયે તોરલ ગુરુના રૂપમાં પ્રાપ્ત થાય છે. તોફાને ચડેલા દરિયે જેસલ પોતાના પાપોને પોકારી પ્રતિક્રમણ કરે છે. જેસલના પાપોનું પ્રાયશ્ચિત કરાવી



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

તોરલ તેને પાપમુક્ત કરાવે છે. 'જેસલ જગનો ચોરટો તેને પલમાં કીધો પીર' એ કોઈ ચમત્કાર નથી, છે તો માત્ર સદ્‌ગુરુના મિલનથી થયેલો આત્મસાક્ષાત્કાર.

ગુરુ-શિષ્ય ઉત્તમ પ્રેમ સંબંધ છે. જગતના અન્ય સઘળા સંબંધોમાં ક્યાંક ને ક્યાંક સ્વાર્થ તત્ત્વ આવી જાય છે, પરંતુ આ સંબંધ તો જગતની ભ્રમણાઓમાંથી મુક્ત કરાવતો દિવ્ય સંબંધ છે. ગુરુ-શિષ્ય સંબંધનો એકમાત્ર ઉદ્દેશ્ય આત્મ તત્ત્વની પ્રાપ્તિ છે. બંને કલ્યાણમાર્ગના સહપથિકો છે. પરમ પદાર્થને પામેલા ગુરુનું કામ નિરપેક્ષભાવે માત્ર પ્રેમ આપવાનું છે. શિષ્યનું કામ છે તેમને ઉત્તમ રીતે ઝીલવાનું. જગતનો આ સૌથી ઉમદા વેપાર છે. અલબત્ત આ ગુરુ ચેતનાને પામવા આવશ્યક છે શિષ્યનું સમર્પણ. સદ્‌ગુરુને મેળવી લીધા બાદ ગુરુ કહે તે બ્રહ્મ વાક્ય માનનાર શિષ્ય જ પામી શકે. ગુરુ આજ્ઞામાં તર્કને સ્થાન ન હોય. ગુરુ કૃપા પામવા તેમની પાસે ખાલી થઈને જવું પડે. આચાર્યશ્રી યશોવિજયજીના ગુરુ વિષયક એક પુસ્તકમાં વાચેલો એક પ્રસંગ યાદ આવે છે. મહાન તત્ત્વચિંતક ગુર્જિયેફ પાસે બહુ મોટા વિદ્વાન-ચિંતક ઓસ્પેન્સ્કી શિષ્ય બનવા આવે છે. ગુર્જિયેફ તેમને પૃછા કરે છે, કેટલી વિદ્યાશાખાઓ જાણો છો? લખીને લાવો. જવાબમાં પૃષ્ઠો ભરાય તેટલા ગ્રંથોનું જ્ઞાન ઓસ્પેન્સ્કીને છે, તે લખે પણ છે. પણ ઓચિંતા ચમકારો થાય છે ને ગુર્જિયેફની વાતનું તાત્પર્ય સમજી ગયેલા ઓસ્પેન્સ્કી બધા કાગળ ફાડી દઈ કોરા કાગળ સાથે ગુરુ પાસે આવે છે અને મહાજ્ઞાનની દીક્ષાને વરે છે. આ છે ગુરુ પાસેથી જ્ઞાન મેળવવાની ગુરુ ચાવી.

ગુરુ શિષ્યને તેની કક્ષા પ્રમાણે અધ્યાત્મ માર્ગે ચાલતા શીખવે છે. ગુરુના મુખે ઉચ્ચાતા શબ્દો ઝીલનાર શિષ્યને કેન્દ્રમાં રાખીને ઉચ્ચારાય છે. મહાવીર સ્વામી, ભગવાન બુદ્ધ, કૃષ્ણ આદિ ભાગ્યવંત ગુરુજનો છે જેમને ઉત્તમ ઝીલનારા મળ્યા છે. જીસસ કે પયગંબર સાહેબની સામે તદ્દન સામાન્ય લોકો છે, તેથી તેમની વાણી તદ્દન સરળ અને સુગમ રીતે વહી છે. 'ખટખટાવશો તો ખુલશે' જેવા જીસસના સીધાસાદા વિધાનોમાં તેમનું દર્શન પ્રગટ થયું છે. શિષ્યની કક્ષા પ્રમાણે ગુરુ પદ્ધતિ અપનાવે છે. કચ્છના કાપડી સંત મેકરણનો એક પ્રસંગ બહુ જાણીતો છે. ખીચડી રાંધી રહેલ મેકરણના શિષ્ય અધીરાઈપૂર્વક વારંવાર છીબું ઊંચું કરી-કરીને જુએ છે. ખીચડી રંધાઈ ગઈ છે કે કેમ એની ક્યારે ખબર પડે એવી વ્યવહારુ સમજણ આપતા મેકરણ અધ્યાત્મનો મોટો પાઠ એમને શીખવી દે છે. મેકરણ કહે છે કે 'ખિચડી ભુડક ભુડક થેજી ભંધ થીએ તડે સમજણું ક ખિચડી રંધાઈ વિ આય'. એટલે કે ખીચડી ભુડુક-ભુડુક થવાની - ઊંચી-નીચી થવાની બંધ થાય ત્યારે સમજવું કે ખીચડી રંધાઈ ગઈ છે. માણસ જ્યારે ભીતરથી ઠરી જાય છે, ચુપ થઈ જાય છે, ત્યારે જ તો તેના જીવતરની ખીચડી ખરા અર્થમાં રંધાય છે! કેટલી મોટી વાત સાવ સહજમાં, હસતા-રમતા શીખવી દીધી. આનું નામ તો ગુરુ.

ઈસ્લામમાં ગુરુ માટે 'મુરશીદ' અને શિષ્ય માટે 'મુરીદ' એવા શબ્દો પ્રયોજાય છે. સુન્ની વિચારધારા પ્રમાણે વ્યક્તિ સીધો ખુદા સાથે અનુબંધ બાંધવા સમર્થ નથી, તેને ગુરુની સહાયતા લેવી પડે છે. મુરશીદ એ છે કે જેના તાર ખુદા સાથે જોડાયેલા છે અને એ જ બંદાના હૃદયના તારને ખુદા સાથે જોડી આપે છે. અહીં ગુરુ સેતુની ભૂમિકા ભજવે છે. સુફી પરંપરામાં એક હાથ ઉપર આકાશ તરફ અને એક હાથ નીચે જમીન તરફ રાખી ગોળ ફરતા સુફી સંતના ચિત્રો કે દ્રશ્યો આપે જોયા હશે. મારી અલ્પમતિ પ્રમાણે હું એનું એવું અર્થઘટન કરું છું કે આ રીતે ફરતા સુફી સંતનો એક હાથ જે ઉપરની તરફ છે તે ખુદાની સાથે અનુબંધિત છે ને બીજો હાથ જે નીચે છે તે તેમણે પોતાના શિષ્યો માટે ખાલી રાખ્યો છે. જેનો એક હાથ ઈશ્વરના હાથમાં હોવા છતાં જે પોતાનો બીજો હાથ તેને સોંપી દઈ તેમાં ભળી જવાનો લોભ ટાળી દઈ જગતના જીવોના કલ્યાણ અર્થે મથે છે તે ગુરુ છે. આ કોઈ સામાન્ય બલિદાન નથી. ગુરુ આ કરી શકે છે ને એ જ એની ગુરુતાનું મોટું પ્રમાણ છે.

જયવીયરાય સૂત્રમાં કરાયેલી તેર ઉત્કૃષ્ટ પ્રાર્થનાઓમાંની એક સર્વોત્કૃષ્ટ પ્રાર્થના છે - 'સુહગુરુ જોગો' સદ્‌ગુરુનો યોગ. સદ્‌ગુરુના યોગથી જ તો અધ્યાત્મયાત્રાનો એકડો ઘૂંટાય છે. કર્મ સત્તાને પ્રાધાન્ય આપતા જૈન ધર્મમાં પણ ગુરુની અનિવાર્યતા સ્વીકારાઈ છે, જેની ચર્ચા પ્રસ્તુત અંકમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતો તેમજ વિદ્વાનોએ વિસ્તારથી કરી છે. અવધૂત આનંદઘનજીના શબ્દો યાદ આવે, 'સગુરા હોય સો ભર ભર પીવે, નગુરા જાવે પિયાસા'. અધ્યાત્મરસના પ્યાલા તો તેને જ પીવા મળશે જે સગુરા છે, જેને ગુરુ છે. બિચારા નગુરા તો તરસ્યા જ રહી જશે. મારે મન નગુરા કરતાં પણ કમનસીબ એ છે કે જેને સદ્‌ગુરુ મળ્યા હોવા છતાં તે તેમને ન ઓળખી શકે, તેમનો લાભ ન લઈ શકે. પ્રભુ મહાવીરના સમયમાં જ થઈ ગયેલા તેમના સગા દીકરી-જમાઈ તેમને ઓળખી શક્યા નથી ને તેથી જ સ્વયમ પરમાત્મ તત્ત્વ પાસે હોવા છતાં તેનું શરણું મેળવી પોતાનું કલ્યાણ કરી શક્યા નથી. આનાથી મોટા કમનસીબ બીજા કોણ હોઈ શકે? એટલે સદ્‌ગુરુને ઓળખી તેમના માર્ગે

ચાલવાની ક્ષમતા રાખનાર શિષ્ય જ ખરું જ્ઞાન મેળવી શકે છે. બીજી વાત એ છે કે, આપણને અપેક્ષા પણ એવા ગુરુની હોય છે જે આપણા કામ કરી આપે. આનંદઘન જેવા અવધૂત પાસે તેમના સમયની કોઈ રાણી પુત્ર પ્રાપ્તિના આશીર્વાદની અપેક્ષાએ જાય છે. આ દયનીય પરિસ્થિતિ આજે પણ છે, બલ્કે વધુ કફોડી થઈ છે.

જૈન દર્શન ગુરુ નહિ પણ સુગુરુનું શરણું સ્વીકારવાની વાત કરે છે. મુહપત્તિના બોલમાં આવે છે કે 'સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું, કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું'. અહીં કુગુરુનું સેવન ન કરવાની વાત સ્પષ્ટ રીતે કરી દેવાઈ છે. પણ વર્તમાનકાળે તો જાણે કુગુરુઓનો રાફડો ફાટ્યો છે. માણસની જાતજાતની એષણાઓને પોષતા ને તેને ધર્મના નામે અધર્મના માર્ગે દોરી જતા ગુરુઓનો અત્યારે પાર નથી. આ સમયે આપણા વિવેકને કામે લગાડવાની તાતી જરૂર છે. સાચા ગુરુ નથી એવું નથી પણ તેમને ખોળવા તો નીકળવું પડશે ને? સદ્ગુરુ અને કુગુરુ વચ્ચેનો ભેદ કરતા શીખવું પડશે. સદ્ગુરુ પ્રાપ્તિ માટેની તડપ હશે તો આ કામ થશે.

જેટલું મૂલ્ય ગુરુનું છે એટલું જ મૂલ્ય તેમને ઉત્તમ રીતે ઝીલનાર શિષ્યનું પણ છે. ઉત્તમ શિષ્ય મળવા એ પણ એટલા જ મોટા સદ્ભાગ્યની વાત છે. ગુરુ-શિષ્ય પરંપરા એક સાંકળ છે જેની પ્રત્યેક કડી મુલ્યવાન છે. આ પરંપરા ન હોત તો આજે આપણી સંસ્કૃતિનું જેટલું જતન થઈ શક્યું છે તે ન થઈ શકત. જૈન ધર્મની શ્રમણ પરંપરા છે તો ભગવાન મહાવીરની વાત ૨૬૦૦ વર્ષના વાણા વહી ગયા બાદ પણ આજે અકબંધ છે. જ્યારે મુદ્રણ માટે કોઈ જ પ્રકારની વ્યવસ્થા નહોતી ત્યારે વેદ આદિ સાહિત્યને કંઠોપકંઠ પરંપરાએ જાળવી રાખવા કેટલાય ઋષિમુનિઓએ પોતાના જીવનની ક્ષણે ક્ષણ ખર્ચી નાખી છે. શ્રીરામ અને શ્રીકૃષ્ણ જેવા અવતાર પુરૂષોએ પણ ગુરુનું સેવન કરી જ્ઞાનપ્રાપ્તિ અર્થે ગુરુની અનિવાર્યતા પર મહોર મારી છે. શત શત વંદન છે આવી ગરિમાવંત ગુરુ-શિષ્ય પરંપરાને.

છેલ્લે એક વાત કરવી જ રહી કે ગુરુ કરતા પણ ચડિયાતી છે - ગુરુ ભક્તિ. મહર્ષિ દ્રોણ પાસે વિદ્યા પ્રાપ્તિની અપેક્ષાએ આવેલા એકલવ્યને દેહધારી દ્રોણ દ્વારા તો નિરાશા સાંપડી છે. પરંતુ તેના મનમાં ગુરુની જે છબી છે એને મૂર્તિમંત કરી, હૃદયપૂર્વક તેની વંદના કરી તે સ્વયમ બાણવિદ્યા પ્રાપ્ત કરે છે. અખાની પંક્તિ યાદ આવે 'ગુરુ થા તારો તું જ'. પણ એમ વિચારવામાં હું'પણાનું મોટું ભયસ્થાન ઊભું હોય છે. એકલવ્ય તેની ગુરુ ભક્તિના પ્રતાપે અર્જુન કરતા પણ ચડિયાતો બાણાવળી સિદ્ધ થાય છે ને તેમ છતાં પોતાની વિદ્યા માટે ગુરુકર્તૃત્વને પ્રાધાન્ય આપતો એકલવ્ય બાણવિદ્યા માટે અનિવાર્ય પોતાના જમણા હાથનો અંગુઠો ગુરુદક્ષિણારૂપે આપતા પણ સહેજે અચકાતો નથી. આ છે ભારતીય સંસ્કૃતિનું ઉત્તમ શિષ્યત્વ.

'પંચસૂત્ર' નામક જૈન ગ્રંથમાં એક બહુ મજાનું સૂત્ર મળે છે - 'आयओ गुरुबहुमानो' - ગુરુ બહુમાન તે જ મોક્ષ. ગુરુ બહુમાનથી આરંભાયેલી આપણી યાત્રા મોક્ષગામી બની રહો એ જ અભ્યર્થના.

✦✦✦✦✦✦✦

મારા ગુરુજન એવા ડૉ. ગીતાબેન જૈન અને ડૉ. ધનવંતભાઈ શાહ વચ્ચે જે એક વિરલ મૈત્રી હતી તેના મીઠા ફળ મને પણ જુદી રીતે ચાખવા મળ્યા છે. આ બંને મહાનુભાવોના સહવાસે મારા જીવનને એક નવી દિશા સાંપડી, જેના પ્રથમ સોપાન રૂપે મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત પર્યુષણ વ્યાખ્યાન માળામાં વર્ષ ૨૦૧૩થી જોડાવાનું થયું. લોગસ્સ સૂત્ર વિશે અપાયેલ વ્યાખ્યાન લેખ રૂપે પણ આપવાનું હોઈ પ્રબુદ્ધ જીવનના પર્યુષણ પછીના તરત બીજા જ અંકમાં છપાયો. પ્રબુદ્ધજીવન સાથે આ મારું પ્રથમ સંધાન. પછી તો નાના-મોટા કામ ડૉક્ટર સાહેબ દ્વારા સોંપતા રહ્યા ને નિકટતા વધતી રહી. ધનવંતભાઈના દેહાવસાન બાદ પ્રબુદ્ધ જીવનની ધુરા આદરણીય ડૉ. સેજલબેન શાહે સંભાળી. ધનવંતભાઈ પછી આવનાર વ્યક્તિ તરફથી કેટલીક દાદ મળશે તે અંગે મનમાં અવઢવ ચાલતી, પરંતુ મુંબઈ યુનિવર્સિટી ખાતે થયેલ પ્રથમ જ મુલાકાતમાં સેજલબેનની શાલીનતા અને નમ્રતા સ્પર્શી ગઈ. તેમની અધ્યાપકીય સૂઝબૂઝનો લાભ પ્રબુદ્ધ જીવનને મળતો થયો તેનો રાજીપો પ્રત્યેક અંકમાંથી પસાર થતાં અનુભવાતો. મારા દ્વારા તેમના સુધી પહોંચતા આ. વિજયશીલચંદ્રસૂરિ જેવા વિદ્વાન આચાર્ય ભગવંતોના સૂચનો તેઓ સહર્ષ સ્વીકારતા. આમ તેમની સાથે પણ સ્નેહ સંબંધ પાંગરતો રહ્યો. વચ્ચે-વચ્ચે સાહિત્ય અંગેના કોઈ કાર્યક્રમોમાં મળવાનું પણ થઈ જતું. શ્રી નીતિનભાઈ સોનાવાલા અને સેજલબેને વર્ષ ૨૦૧૬માં પુનઃ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વાત કરવાની તક આપી. અનાયાસ જ વિસ્તરેલા આ મૈત્રી સંબંધે હું ઊંચકાતો રહ્યો.

ઓચિંતા એક દિવસ ફોન રણક્યો જેમાં સેજલબેનની આજ્ઞા ઉતરી. પર્યુષણ-વિશેષાંકના સંપાદનની કામગીરી સબબ વાત કરી. મારા માટે આ બહુ મોટા સદ્ભાગ્યની વાત

હતી ને બહુ મોટી જવાબદારીની પણ. વિષયના સંદર્ભે ચર્ચા ચાલી ને 'ભારતીય ગુરુ પરંપરા અને ગુરુ માહત્મ્ય' પર પસંદગીનો કળશ ઢળ્યો. ગુરુ તત્ત્વ મારો પ્રિય વિષય હતો પરંતુ સામાયિક સંપાદનનો મારો કોઈ અનુભવ ન હોઈ થોડો સંકોચ થતો હતો. 'હું બેઠી છું ને!' એવા સેજલબેનના શબ્દોએ મારો એ સંકોચ પણ હરી લીધો. સંપાદક તરીકે પૂર્ણ સ્વતંત્રતા આપીને તેમણે મને સ્વાયત નિર્ણયો લેવા દીધા; સાથોસાથ મુંજવતી બાબતોમાં મારી સતત પડખે રહ્યા. તેમના આવા સ્વસ્થ વ્યવહારની દિક્ષા પણ મને આ નિમિત્તે અનાયાસ જ મળી ગઈ.

ગુરુ તત્ત્વ વિશે કેટલાક સામાયિકોના વિશેષાંકો તેમજ પુસ્તકો પણ પ્રગટ થયેલા હોઈ કંઈક નવા અભિગમથી સંપાદન કરવાનું વિચાર્યું. મારા પરમ ઉપકારી ગુરુવર્ય પ.પૂ.ઉપા.શ્રી ભુવનચંદ્રજી સાથે આ સંદર્ભે વિમર્શ કર્યા બાદ લેખકો અને તેમના વિષયની સૂચિ તૈયાર થઈ. પ્રબુદ્ધ જીવનમાં નિયમિત લખતા લેખકોના અભ્યાસ સંપન્ન લેખનનો લાભ તો મળે જ છે, પણ એમાં કેટલાક નવા ઉત્તમ લેખકો ઉમેરાય તો કેવું? એમ વિચારી કેટલાક ઉત્તમ લેખકોને લેખ માટે વિનંતી કરી જે તેમણે સહર્ષ સ્વીકારી. આ રીતે તેમનું પ્રબુદ્ધ જીવન સાથે પ્રથમ અનુસંધાન થયું. આ કારણસર જે જુના લેખકો અત્રે રહી જવા પામ્યા છે તેમની ક્ષમા ચાહું છું.

ગુરુ તત્ત્વ વિશેના લેખો એક પછી એક આવવા લાગ્યા ને આ નિમિત્તે મારો અભ્યાસ પણ પુષ્ટ થતો રહ્યો. વિદ્વાન લેખકોના વિચાર-મંથનરૂપ લેખો મારા ઉત્સાહને વધારતા રહ્યા. ઉત્તમ આચાર્ય ભગવંતો, સાધુભગવંતોના લેખોથી આ અંક સમૃદ્ધ થયો છે, તો વિદ્વાન લેખકોના અભ્યાસપૂર્ણ લેખોએ આ અંકને વિશેષ ગરિમા બક્ષી છે. ગુરુ તત્ત્વની મારી સમજનો આ સૌ સારસ્વતોએ ચેતોવિસ્તાર કર્યો છે. હું એ તમામ શબ્દ ઉપાસકો પ્રત્યે સર્વ પ્રથમ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. પ્રસ્તુત્ અંકના વિચારને ચરિતાર્થ કરી આપનાર એ સર્વ લેખકોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મારા પ્રત્યેક વિદ્યાકીય કાર્યમાં પડખે રહેનાર મારા ગુરુજનો ઉપા. ભુવનચંદ્રજી તથા ડૉ. દર્શનાબેન ધોળકિયાનું શિષ્યત્વ પામ્યાની ધન્યતા આ ક્ષણે અનુભવું છું ને તેમના અનન્ય સહયોગ માટે તેમને નતમસ્તક વંદન કરું છું. અંકનું સુંદર મુખપૃષ્ઠ તૈયાર કરી આપવા માટે કિરીટ ગ્રાફિક્સ - અમદાવાદના શ્રી શ્રેણીકભાઈ શાહનો ખુબ જ આભારી છું. અંકના રિક્ત સ્થાનોની પૂર્તિ અર્થે ઉત્તમ ગુરુઓના જીવન પ્રસંગોને પોતાના સંપાદન 'અમીઝરણાં'માંથી ઉદ્ધૃત કરવાની અનુમતિ આપનાર શ્રી રમેશભાઈ સંઘવીનો પણ આભારી છું. આ સમગ્ર ઉપક્રમ પાછળ જેમનો મુખ્ય દોરીસંચાર રહ્યો છે તેવા ડૉ. સેજલબેન શાહનો તો જેટલો પાડ માનું તેટલો ઓછો છે. મોટા ભાગની જવાબદારીનું વહન સ્વયમ કરી મને યશ અપાવવાની તેમની ભાવના પાછળ રહેલા તેમના ભારોભાર સ્નેહને ભીતર જ સંકોરતા મારી વાત સંકેલું છું.

❑❑❑

**ડૉ. રમજાન હસણિયા**
ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
આઈ.ટી.આઈ. કેમ્પસ, રાપર-કચ્છ.
મો. ૦૭૫૬૭૦૬૪૯૯૩
ramjanhasaniya@gmail.com

## ❀ અમરતવાણી

નાનક એક ગામમાં ગયા અને ત્યાંના લોકોએ તેમનો ખૂબ આદર સત્કાર કર્યો. જતી વખતે નાનકદેવે આશીર્વાદ આપ્યો - 'આ ગામ ઉજ્જડ થઈ જાઓ!' એ પછી બીજા ગામમાં ગયા. ત્યાંના લોકોએ નાનક અને તેમના શિષ્યોનું બિલકુલ સ્વાગત ન કર્યું અને માન પણ ન આપ્યું. જતાં જતાં નાનકદેવે તે ગામને આશીર્વાદ આપ્યા : 'આ ગામ આબાદ રહો.' સાથે જે શિષ્યો ચાલી રહ્યા હતા તેમને આવા આશીર્વાદથી આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : 'પ્રભુ, આપની વાત કંઈ સમજાઈ નહીં. જે ગામે આપનો આદર કર્યો તેને આપે કહ્યું ઉજ્જડ થઈ જાઓ અને જેમણે આપણો તિરસ્કાર કર્યો તેને કહ્યું : આબાદ રહો! આ સમજાયું નહીં.' નાનક કહે 'સજ્જન લોકો ઉજ્જડ થઈ વિખેરાઈ જશે તો જ્યાં જશે ત્યાં સજ્જનતા ફેલાવશે. જ્યારે દુર્જન લોકો ન વિખેરાય તે જ ઠીક કારણ કે નહીંતર જ્યાં જશે ત્યાં અશાંતિ ફેલાવશે એટલે તેઓ ત્યાં જ આબાદ રહે તે બરાબર.'

**(સૌજન્ય : અમીઝરણાં, સંપા. રમેશ સંઘવી)**

# ગુરુતત્ત્વ વિષે તાત્ત્વિક ચિન્તન

આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિ

*લેખક પરિચય : જૈન-જૈનેતર વિદ્દ્વદ જગતમાં ખુબજ આદર અને સ્નેહથી લેવાતું નામ એટલે આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ. શ્રી વિજયનેમિસૂરિ સમુદાયના આચાર્યશ્રી વર્તમાન પ્રબુદ્ધ આચાર્યોમાંના એક છે. જૈન શાસ્ત્રો – આગમોના ઊંડા અભ્યાસી છે. સંસ્કૃત – પ્રાકૃત, જુની ગુજરાતી ભાષા પર અસાધારણ પ્રભુત્વ ધરવતા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ 'અનુસંધાન' નામક સંશોધન – વિવેચનનું સામયિક પ્રગટ થાય છે. બહુઆયામી વ્યક્તિત્વના સ્વામી આચાર્યશ્રી સારા કવિ, ઉત્તમ વક્તા, ઉમદા લેખક-વિવેચક હોવાની સાથોસાથ જૈન શ્રમણ પરંપરાના એક સંનિષ્ઠ સંવાહક છે.*

ઉપનિષદના ઋષિ પાસે કોઈ અજાણ્યો ઋષિપુત્ર આવે છે, અને તે ઋષિના ચરણવન્દન કર્યા પછી આંખોમાં આતુરતા ભરીને તે ઊભો રહે છે. ત્યારે વેદપાઠ, યજ્ઞ, અધ્યાપન જેવા નિત્ય કૃત્યોમાં પરોવાયેલા ઋષિ, જ્યારે પોતાના તે કાર્યમાંથી પરવારીને ઊંચું જુએ ત્યારે તે આગંતુક કિશોર ઋષિપુત્રને તેનો પરિચય અને આગમનનું કારણ પૂછે છે. ત્યારે પેલો આગંતુક જે પ્રત્યુત્તર આપે છે તે જીવનની પાટી પર આલેખી રાખવા જેવો છે. તે બોલે છે : 'शिष्यस्तेऽहं, शाधि मां त्वां प्रपन्नं'.

-પ્રભુ, હું આપનો શિષ્ય છું; આપના આશ્રયે આવેલા મને આપ અનુશાસન કરો!

કેવા અદ્‌ભુત શબ્દો! કેવી ઓજસ્વી પ્રસ્તુતિ! કેવી વિવેકમય શરણાગતિ!

આ ઉપનિષદ્-વચનના એક એક શબ્દને સમજવો પડે તેમ છે. તે શબ્દોને તેના સ્થૂલ અને શબ્દકોષીય અર્થમાં જ લઈશું, તો તેના તત્ત્વને પામવાનું ચૂકી જવાશે.

આગંતુક પોતાને 'શિષ્ય' તરીકે વર્ણવે છે, એનો મતલબ એ જેમની સમક્ષ ઉપસ્થિત થયો છે તે 'ગુરુ' છે, અને પોતે તેમને 'ગુરુ' સમજીને, પોતાના ગુરુ લેખે સ્વીકારવાના નિર્ધાર સાથે અહીં આવ્યો છે, એ સ્પષ્ટ થાય છે. 'શિષ્ય' સાપેક્ષ શબ્દ છે, પદાર્થ છે; તેને 'ગુરુ'પદની અનિવાર્ય અપેક્ષા રહે છે.

'શિષ્ય' એટલે શું? જેના પર (ગુરુ) શાસન કરી શકે તે શિષ્ય. ગુરુનું શાસન એટલે ગુરુની આજ્ઞા, ગુરુની ઈચ્છાનુસાર વર્તવાની સૂચના. એ સ્વીકારવાની સજ્જતા તથા તત્પરતા હોય તે 'શિષ્ય' બની શકે. પોતાની ઈચ્છા કે અનિચ્છા અને પોતાની રુચિ કે અરુચિ પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા અબાધિત રાખીને જે 'શિષ્ય' થવા આવે, તે કદીયે 'શિષ્યત્વ' પામી ન શકે, અને તેને 'ગુરુ'પદ પણ મળે કે ફળે નહિ જ. પોતાની વાજબી કે ગેરવાજબી ઈચ્છાઓને ધ્યાનમાં રાખવાની તેમજ ગુરુની ગમતી-અણગમતી સઘળી ઈચ્છાઓને, મનમાં કચવાટ વિના જ અનુસરવાની તૈયારી ધરાવે-કેળવે, તે જ 'શિષ્ય'પદને લાયક નિવડી શકે.

આગંતુક કહે છે કે અત્યાર સુધી હું હું (અહં) હતો, પરંતુ આ ક્ષણથી હું હું મટીને આપનો શિષ્ય છું. કેવો મજાનો પદાર્થ છે! અહંનુ વિસર્જન તે જ શિષ્યત્વ! શિષ્ય થનારે પોતાના આગવા અહંકારનું-વ્યક્તિત્વનું વિસર્જન કરવું ઘટે. આ ભૂમિકા જ તેને અહૈતુકી કૃપાને પાત્ર બનાવે.

જ્યારે આ પ્રકારનું શિષ્યત્વ આગંતુકને માન્ય કે સ્વીકાર્ય બને છે ત્યારે તે ગુરુચરણોમાં નિવેદન કરવાનો અધિકાર મેળવે છે, અને તે કહે છે : 'शाधि मां'- મને અનુશાસિત કરો! આપનું અનુશાસન જ હવે મારા જીવનનું કર્તવ્ય છે; આપ ઈચ્છો તેવી આજ્ઞા કરી શકો છો, અને હું તેને અનુસરવા બંધાઉં છું.

શિષ્યે સ્વેચ્છાએ સ્વીકારેલું આ બંધન, તેના આ શબ્દો દ્વારા છતું થાય છે: 'त्वां प्रपन्नं' - મેં આપને સ્વીકાર્યા છે; આપના શરણને મેં સ્વીકાર્યું છે; અને શરણાગતને તો આશ્રયદાતાની ઈચ્છા - આજ્ઞાનું જ બંધન હોય; એ પોતાની ઈચ્છા અનુસાર વર્તવા મુક્ત ન હોય.

કેમકે તેને પ્રતીતિ થઈ છે કે આ બંધનમાં, આ પરતંત્રતામાં જ મારી સાચી-યથાર્થ સ્વતંત્રતા છૂપાયેલી છે. અન્યથા મારી સ્વૈચ્છિક સ્વતંત્રતા તે સ્વચ્છંદતા જ બની રહે, જે મારા અહિતનું જ નિદાન બની રહે.

તો, સાચા શિષ્યની પ્રાર્થના શું હોય, મનઃસ્થિતિ અને તત્પરતા કેવી હોય, તેની આ વાક્યે આપણને પ્રતીતિ કરાવી.

❑

જિનમાર્ગમાં પણ ગુરુ-આજ્ઞા-પારતંત્ર્યનો બહુ મોટો મહિમા છે. શિષ્ય બનનારે ગુરુ-પરતંત્ર થવું અનિવાર્ય.

શિષ્યને ગુરુ બનવાની પૂર્વભૂમિકા પણ એ ગુરુ-પારતંત્ર્ય જ પૂરી પાડી શકે. જે વ્યક્તિ ગુરુ-પારતંત્ર્યનો સ્વીકાર ન કરે, નિષેધ કરે, તે યોગ્ય શિષ્ય બની ન શકે; ગુરુ તો ક્યાંથી બને?

ગુરુ-પારતંત્ર્યનો આટલો મહિમા તે વાસ્તવમાં તો ગુરુનો જ મહિમા છે. 'ગુરુ' શબ્દ જ એટલો રહસ્યમય અને ગંભીર છે કે તે શબ્દ ગમે તેવી વ્યક્તિ જોડે જોડી જ ન શકાય. ગમે ત્યાં જોડવાથી તો તે શબ્દ પોતાનું ઐશ્વર્ય ગુમાવે, અર્થ ગુમાવે, મરતબો ગુમાવી બેસે છે.

ઘણી વાર એવું બને છે કે એકાદ ચેલો થાય એટલે વ્યક્તિ 'ગુરુ' બની જાય! 'ગુરુ' પદની કોઈ જ યોગ્યતા ન હોય, કોઈ લક્ષણ પણ ન હોય, છતાં એને ચેલો થયો તો તે ગણાય 'ગુરુ'! જેમ છોકરો પેદા થાય એટલે કોઈ જુવાન 'બાપ' બની જાય છે, તેના જેવું જ આ થયું.

આ ગુરુઓમાં ન હોય ગુરુપદનું ગૌરવ, ન હોય ગુરુની પીઢતા અને સમજણ, ન હોય ગુરુપદના ભારનો નિર્વાહ કરવાની દક્ષતા અને ક્ષમતા; અને તેમના ચેલાઓ પણ પછી ચેલા-ચેરા-નોકર જ બની રહે; શિષ્યત્વની ગરિમા કે ઓજસ્વિતા તેમનામાં ન હોય.

આવા ગુરુઓને ફાળે શિષ્યોનાં અપમાન - અનાદર - ઉપેક્ષા શેષ રહે, અને આવા શિષ્યોના ભાગે ગુરુની વેઠ અને સ્વચ્છંદતા જ આવે!

ગોવિંદરામ નામના એક કવિએ આ સંદર્ભમાં મજાની પંક્તિઓ લખી છે: 'ગુરુ કરીએ તો જ્ઞાની કરીએ, સત-અસતને જોઈ.' કવિએ કહ્યું કે એક ભેંશ ખરીદવી હોય તો તેને દોહી જોઈએ પછી જ લઈએ, બળદ લેવો હોય તો તેની પણ પરખ કરીને જ લઈએ, તો ગુરુ જેવી ગંભીર ચીજ પરખ કર્યા વિના કેમ લેવાય?

સાર એ કે ગમે તેવાને 'ગુરુ' નથી ગણાવાતા, નથી મનાતા; તો એની આજ્ઞાનું પારતંત્ર્ય ક્યાં આવે?

આજ્ઞા-પારતંત્ર્ય એ તો શિષ્યને મળતું દિવ્ય ઐશ્વર્ય છે. આત્મદૃષ્ટિનો ઉઘાડ થયો હોય, આત્મહિતની અભીપ્સા જાગી હોય, ત્યારે જ આ ઐશ્વર્ય ગમે પણ અને મળે પણ. પાયાની વાત તો એ છે કે ગુરુ મળવા સહેલા નથી. ક્વચિત્ મળી જાય તો પણ એમના તરફથી આજ્ઞા મળવી બહુ દુર્લભ છે. ગુરુ આજ્ઞા આપે તેનો અર્થ તેમણે શિષ્ય લેખે આપણો સ્વીકાર્ય કર્યો એવો થાય. આવી સ્વીકૃતિ કાંઈ સહેલી નથી હોતી અને તે પછીયે તે આજ્ઞાને આધીન થવું, અનુકૂળ રહેવું; તેથી ઊલટું કરવાનો વિકલ્પ પણ ન ઊગવા દેવો, તે તો પરમ દુર્લભ. કબીર સાહેબની જાણીતી સાખી છે:

*'યહ તન બિસકી બેલરી, ગુરુ અમૃત કી ખાન*
*સીસ દિયે જો ગુરુ મિલે, તો ભી સસ્તો જાન.'*

સુપાત્ર ગુરુ પામવા કેટલા મુશ્કેલ છે તેનો જ આમાં નિર્દેશ છે. અને આવા ગુરુ મળી જાય તો તેમનું આજ્ઞા-પારતંત્ર્ય અનુભવવું એ શિષ્ય માટે ઓચ્છવ બની રહે; ઐશ્વર્ય જ ગણાય.

❑

આજ્ઞા-પારતંત્ર્યનું માહાત્મ્ય ગાતો એક સરસ શ્લોક પ્રશમરતિ પ્રકરણમાં મળે છે:

गुर्वायत्ता यस्मात् शास्त्रारम्भा भवन्ति सर्वेऽपि ।
तस्माद् गुर्वाराधन - परेण हितकांक्षिणा भाव्यम् ।।

અદ્‌ભુત વાત કરે છે આચાર્ય. આપણે ત્યાં 'શાસ્ત્ર'નો મહિમા બહુ મોટો છે. શાસ્ત્ર ના પાડે છે? - તો ન કરાય. શાસ્ત્ર સમર્થન આપે છે? - તો કરીશું. અર્થાત્ શાસ્ત્રના સમર્થન વગર પાંદડુંય હલતું નથી. પરંતુ આ 'શાસ્ત્ર' આખરે શું છે? શાસ્ત્ર શાસ્ત્ર કેમ બને છે? તો સમજાશે કે શાસ્ત્ર એટલે જ્ઞાની એવા ગુરુનું વચન : ગુરુનો અભિપ્રાય. પ્રત્યેક શાસ્ત્ર પાછળ એક જ્ઞાની ગુરુનું બળ રહેલું હોય છે. હા, ગમે તેવા - મારા તમારા જેવા - માણસનું લખાણ કાંઈ શાસ્ત્ર નથી બનતું. શાસ્ત્ર તો કોઈ શાસ્ત્રકાર જ નિરમી શકે. એ નિર્માણ પાછળ ઘૂઘવતો હોય જ્ઞાનનો, દર્શનનો અને ચારિત્રનો અગાધ દરિયો. એમાં ધર્મનિષ્ઠા પણ હોય, અને આત્મનિષ્ઠા પણ હોય. સત્યનિષ્ઠા પણ હોય અને સૌના કલ્યાણની નિરપેક્ષ તથા નિર્ભેળ ભાવના પણ હોય. એમાં તત્ત્વના યથાવત્ પ્રતિપાદનની પૂરી જાગૃતિ જરૂર હોય. પરંતુ કોઈને ઊતારી પાડીને નીચા દર્શાવવાની વૃત્તિ ન હોય.

તો આવા ગુરુનો શબ્દ તે શાસ્ત્ર. તેથી સ્વાભાવિક રીતે જ શાસ્ત્રો ગુરુના વશમાં હોય: ગુરુ જ તેનો યથાર્થ અને ઉચિત અર્થ આપી શકે. ગુરુના સમર્થન કે સાથ વિના આપણા દ્વારા જે થાય છે તે તો શબ્દાર્થ માત્ર હોય છે. એનાં રહસ્યો, તાત્પર્ય અને બે શબ્દો કે બે વાક્યોની વચ્ચે પડતા અવકાશમાંથી ઉઘડતા અર્થો તો ગુરુઓના જ અધિકારમાં હોવાના. અને એ બધું માત્ર 'ગુરુગમ'થી જ મળે.

માત્ર શબ્દો વાંચીને, પોતાના ભાષાજ્ઞાનની મદદથી તેના અર્થો નક્કી કરીને શાસ્ત્રી કે શાસ્ત્રજ્ઞાતા થનારાઓએ હંમેશા કજિયા જ વધાર્યા છે. ગુરુગમ - વિહોણા આવા શાસ્ત્રજ્ઞો શબ્દજડ હોય છે, અને તેઓ પોતાની તે શબ્દજડતાનો વિનિયોગ સમાજમાં દ્વિધા અને સંઘર્ષ સર્જવા - વધારવા માટે

જ મહદંશે કરતા હોય છે.

ગુરુગમ દ્વારા મળતા શાસ્ત્રજ્ઞાનનું પરિણામ આવું નથી હોતું. શાસ્ત્રજ્ઞાનનું તો કાર્ય જ આપણામાં ભરેલી સઘળીય જડતાનું નિવારણ કરવાનું હોય છે. એ આપણને શબ્દજડ શી રીતે બનવા દે? અલબત્ત, એ ગુરુગમપૂર્વકનું હોવું ઘટે.

તો જેમના આધારે શાસ્ત્રો અને તેના તાત્પર્યો હોય તેવા ગુરુનું આરાધન એટલે તેવા ગુરુની આજ્ઞાની આરાધના; અર્થાત્ આજ્ઞાનું પારતંત્ર્ય. જેના મનમાં પોતાના આત્મહિતની ખેવના હોય તેવા શિષ્યે, આવા ગુરુની આરાધના અવશ્ય કરવી ઘટે.

આ આરાધનાનો મતલબ એક જ છે : મનમાં આત્મહિતની ઝંખના તીવ્ર હોવી જોઈએ; તે ઝંખનાની પૂર્તિના ઉપયુક્ત માર્ગ તરીકે તેણે શાસ્ત્રસેવન કરવું જોઈએ; તે માટે શાસ્ત્રોના આધારભૂત ગુરુની ઉપાસના તેણે કરવી જોઈએ; ગુરુની ઉપાસના કરવાની પૂર્વભુમિકારૂપે તેણે પોતાના જ્ઞાન-ગુમાનની ગાંઠડીઓને ફગાવી દેવી પડે, પોતાના હિતાહિતની પોતે સ્વીકારેલી જવાબદારી છોડી દેવી પડે, પોતાની ઈચ્છાઓને તિલાંજલી આપી દેવી પડે. આટલું કરે ત્યારે જે ઐશ્વર્ય હાંસલ થાય તેનું નામ આજ્ઞા-પારતંત્ર્ય.

❑

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'ગુરુ' નામક તત્ત્વને વિષય બનાવીને એક મોટો ગ્રંથ બનાવ્યો છે. ગુરુતત્ત્વવિનિશ્ચય. ૯૦૦થી અધિક પ્રાકૃત ગાથાઓમાં વિસ્તરેલા એ ગ્રંથનું વિવરણ પણ તેમણે સ્વયં જ લખ્યું છે, જે એક મહત્વપૂર્ણ બાબત છે. આમાં 'ગુરુ'ના લક્ષણથી લઈને તે તત્ત્વથી સંબંધિત તમામ વિષયોની છણાવટ તેમણે અદ્ભુત રીતે કરી છે. ઉપાધ્યાયજીના પ્રતિપાદનની આંખે ઉડીને વળગનારી વિશેષતા એ હોય છે કે તેઓ જે પ્રતિપાદન કરે તે શાસ્ત્રવચનના આધારે અને તેના હવાલા આપીને જ કરે; અને તે શાસ્ત્રવચન તથા તેના તાત્પર્યાર્થોને પાછા પોતાની તીક્ષ્ણ અને આકરી તર્કદૃષ્ટિની સરાણે ચડાવીને જ તેઓ પ્રયોજે. એટલે તેમનું પ્રતિપાદન શાસ્ત્રભૂત પણ હોય અને તર્કપૂત પણ હોવાનું. એ રીતે આ ગ્રંથમાં ગુરુતત્ત્વ વિષે તેમણે કરેલો વિમર્શ ખૂબ અદ્ભુત છે.

જૈન ધર્મ ત્રણ તત્ત્વને સ્વીકારે છે. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વ. તત્ત્વની જ્યાં જિજ્ઞાસા રજૂ થશે. ત્યાં જવાબ મળશે દેવ-ગુરુ–ધર્માસ્તત્ત્વમ્: દેવ, ગુરુ અને ધર્મ. એ ત્રણ જ તત્ત્વ છે - સંસારમાં.

આમાં દેવ-ગુરુ–ધર્મ ગુરુ કે ધર્મ-દેવ-ગુરુ કે ગુરુ–ધર્મ–દેવ એવો ક્રમ નથી હોતો. દેવ-ગુરુ–ધર્મ એવો જ ક્રમ હમેશાં અને બધે હોય છે. એટલે કે 'ગુરુ'તત્ત્વ હમેશાં મધ્યવર્તી જ રહે છે. આનો સામાન્ય અર્થ એ તારવી શકાય કે ગુરુતત્ત્વ પર બેવડી જવાબદારી છે. તેણે દેવતત્ત્વ પર આધારિત રહેવાનું છે; અને દેવતત્ત્વ દ્વારા પ્રકાશિત ધર્મતત્ત્વનો ભાર વહેવાનો છે. ગુરુતત્ત્વ તત્ત્વ તો જ બને, જો તેની પૃષ્ઠભૂમિમાં દેવતત્ત્વ હોય. દેવતત્ત્વથી ઉફરા ચાલતા ગુરુને ગુરુતત્ત્વમાં સ્થાન ન મળે. એજ રીતે, ગુરુનો પોતાનો - સ્વમતિકલ્પિત કોઈ ધર્મ હોઈ શકે નહિ. એણે જે ધર્મમાર્ગ પર ચાલવાનું છે અને જે ધર્મમાર્ગ વહેવાનો છે તે દેવતત્ત્વ તરફથી જ તેને પ્રાપ્ત થયેલો હોય. પોતાની કલ્પનાના ધર્મતત્ત્વ પ્રમાણે ચાલે તેને 'ગુરુતત્ત્વ' તરીકે સ્વીકારી ન શકાય.

આવી ગંભીર જવાબદારીથી સોહતા ગુરુતત્ત્વનો મહિમા વર્ણવતા, ગુરુની આજ્ઞાની તથા તે આજ્ઞાની અધીનતાની વાત ઉપાધ્યાયજીએ આ શબ્દોમાં કરી છે :

૧. 'सकलोऽपि शुभारम्भो गुर्वायत्तः'

- સઘળાએ શુભ-આરંભો ગુરુને આધીન હોય છે.

અહીં 'શુભ'નો અર્થ, સંસારના સાવદ્ય સારાં કાર્યો એવો નથી લેવાનો; પરંતુ આત્મદૃષ્ટિએ ઉન્નતિ કરી આપે તેવાં, નિરવદ્ય, સર્વ શુભ કાર્યો એવો અર્થ લેવાનો છે. આ કાર્યો ગુરુ વિના - ગુરુની નિશ્રા, આજ્ઞા અને માર્ગદર્શન વિના થઈ શકે નહિ, માટે અમે અહીં 'ગુરુ' વિષે વિમર્શ કરીશું.

૨. 'गुरुआणाए मुक्खो' - ગુરુની આજ્ઞાથી જ મોક્ષ સંભવે છે.

દેવ દ્વારા પ્રરૂપિત ધર્મનો આરાધક મોક્ષાર્થી હોય છે. તેની સઘળી આરાધનાનું ધ્યેય કે લક્ષ્ય મોક્ષ હોવાનું. પરંતુ તે આરાધના મનકલ્પિત રીતે કરે, દેવનાં વચનો-શાસ્ત્રવચનોના યથેચ્છ અર્થઘટન કરીને આરાધના કરે, તો તે આરાધના કરવા છતાં તેને મોક્ષ મળે એ શક્ય નથી. મોક્ષ તો જ મળે, જો તેને 'ગુરુ'ની આજ્ઞાનું પીઠબળ હોય. તેની આરાધના મોક્ષલક્ષી તો જ બને, જો તેમાં 'ગુરુ'ના માર્ગદર્શનનું બળ હોય.

૩. दुहगब्भि मोहगब्भे वेरग्गे संठिया जणा बहवे ।
गुरुपरतंताण हवे हंदि तयं नाणगब्भं तु ।।

- ઘણા લોકો વૈરાગ્યવાસિત તો હોય, પણ તેમનો વૈરાગ્ય મોટા ભાગે દુઃખગર્ભિત હોય, કાં મોહગર્ભિત હોય. પરંતુ જેઓ ગુરુ-પરતંત્ર હોય છે તેમનો વૈરાગ્ય તો હમેશાં જ્ઞાનગર્ભિત જ હોય છે.

અહીં ઉપાધ્યાયજી પાયાની વાત કરે છે. મોક્ષની વાત તો બહુ દૂરની છે. પહેલાં વૈરાગ્યનો પાયો તો સુદૃઢ અને સમુચિત

હોવો જોઈએ! વૈરાગ્યની તીવ્રતા અનેક ઠેકાણે જોવા મળે છે; અને તે તીવ્ર વૈરાગ્ય-પ્રેરિત કઠોર આચરણ પણ જોવા મળે જ છે. પણ જો શાસ્ત્રદૃષ્ટિએ તથા આત્મદૃષ્ટિએ તેની પરીક્ષા કરવામાં આવે તો તેમાં જ્ઞાનગર્ભિતતા હોય એવું જવલ્લે જ જડશે. ત્યાં તે તીવ્રતાની પાછળ કે કઠોરતાની પાછળ આ કે તે પ્રકારની આશંસા ધરબાયેલી અનુભવાય છે. પોતાની ઉત્કૃષ્ટતા સાબિત તથા પ્રગટ કરવાની આશંસા, બીજાઓને હીણા કે નીચા કે ઉતરતા દેખાડવાની આશંસા, પોતાના માન, પ્રતિષ્ઠા, પરિવાર ઈત્યાદિ વધારવાની આશંસા - આવી આવી વિવિધ આશંસાઓ વ્યક્ત-અવ્યક્તપણે છુપાયેલી અનુભવાય છે. તેથી તે તીવ્ર વૈરાગ્ય પણ જ્ઞાનગર્ભ ન બનતાં મોહગર્ભ બનીને અટકી જતો જણાય છે. આમ થવાનું કારણ શું? કારણ એક જ - ગુરુ-પારતંત્ર્યનો અભાવ. આશંસાઓથી લદાયેલા ગુરુઓનું પારતંત્ર્ય તે ગુરુ-પારતંત્ર્ય નથી. ઉપાધ્યાયજીને અભિપ્રેત ગુરુતત્ત્વ તો સ્વયં જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી છલકાતું હોય અને તેમની આજ્ઞાનું પારતંત્ર્ય જે સ્વીકારે તેમાં પણ તેવા વૈરાગ્યનો ધોધ ઉછળતો હોય.

૪. ઉપાધ્યાયજી હવેની ગાથામાં પોતાની જાતને કેન્દ્રમાં મૂકીને વાત કરી રહ્યાં છે :

अम्हारिसा वि मुक्खा पंतीए पंडिआण पविसंति ।
अण्णं गुरुभत्तीए किं विलसिअमब्भुअं इत्तो ? ।।

- અમારા જેવા મૂર્ખ જીવ પણ આજે પંડિતોની હરોળમાં બેસવાને લાયક બને છે, એથી વધુ ગુરુભક્તિનો અદ્‌ભુત પ્રભાવ બીજો કયો હોય?

અહીં ઉપાધ્યાયજી પોતાને મૂર્ખ ગણાવીને, મૂર્ખ હોવા છતાં, માત્ર ગુરુની ભક્તિ - ગુરુપરતંત્રતાને પ્રભાવે પોતે પંડિતોની સભામાં સ્થાન-માન પામ્યાનો સ્પષ્ટ એકરાર અથવા પ્રતિપાદન કરે છે. તેઓના અગાધ પાંડિત્યને લક્ષ્યમાં લઈએ તો જ સમજાય કે તેઓની ગુરુનિષ્ઠા કેવી પ્રચંડ, કેવી અગાધ હશે કે પોતાના માટે, પંડિત શિરોમણી થયા પછીયે, 'મૂર્ખ' જેવો શબ્દ પ્રયોજી શક્યા!

તો આવું છે 'ગુરુ'નું માહાત્મ્ય!

❑

'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથનો ઉપર ઉલ્લેખ થયો છે. એ ગ્રંથની રચના, ઉપાધ્યાય યશોવિજયજીએ, આગમગ્રંથો અને શાસ્ત્રગ્રંથોના ઊંડા પર્યાલોચનપૂર્વક, તે ગ્રંથોનાં પ્રરૂપણોને આધારે જ કરી છે. શાસ્ત્રોની પ્રરૂપણાને બાધ આવે તેવી વાત પણ તેમણે આમાં નથી કરી. એટલે આ ગ્રંથમાં ગુરુ વિષે થયેલાં પ્રતિપાદન તે જૈન શાસ્ત્રોનાં પ્રતિપાદન હોવાનું વિના વિરોધે અને નિઃસંદેહપણે સ્વીકારી શકાય.

આ ગ્રંથ ગુરુતત્ત્વના સ્વરૂપનો નિશ્ચય કરવા માટેનો છે, તેથી ગ્રંથના પ્રારંભે જ તેમણે 'ગુરુ'નાં ગુણગાન ગાયાં છે, તે જોઈએઃ

'ગુરુ - આજ્ઞા વડે જ મોક્ષ મળે; ગુરુના પ્રસાદથી અષ્ટ સિદ્ધિ સાંપડે; અને ગુરુ-ભક્તિ થકી અવશ્ય વિદ્યાઓ સફળ - સિદ્ધ થાય.' (૨)

'અતિબીહડ ભવાટવીમાં અટવાતા ભવ્ય જીવોને 'ગુરુ' સિવાય કોઈ શરણું - માર્ગદર્શક હોઈ શકે નહિ.' (૩)

'દયાળુ વૈદ્ય જેમ જ્વરાર્ત બિમારજનોને સમાધિ-સ્વાસ્થ્ય આપે છે તેમ, ભવ-રોગ-પીડિતજનોને ધર્મ-સમાધિ આપવા દ્વારા ગુરુ જ સ્વસ્થ કરે છે.' (૪)

'દીવો જેમ, પ્રકાશ વડે, પોતાને પણ અને અન્ય ચીજોને તથા મનુષ્યોને પણ પ્રકાશમાન કરે છે, તેમ રત્નત્રયીના પ્રકાશ-યોગે ગુરુ પણ મોહનાં અંધારાં દૂર કરે છે.' (૫)

'પ્રદેશી જેવા પાપી, દુષ્ટ, ધીઠ, નિર્લજ્જ જનો પણ 'ગુરુ'ના હાથનું આલંબન મળી ગયું તો ભવપાર પામી ગયા હતા.' (૬)

'ઈન્દ્ર પણ ગુરુનું ગુણકીર્તન કરવાને શક્તિમાન નથી હોતા, તો અપાર ભક્તિ ધરાવતા પણ સામાન્ય લોકોનું તો શું ગજું?' (૧૦)

આથી આગળ વધીને ઉપાધ્યાયજીએ શ્રીમહાનિશીથસૂત્ર નામે આગમસૂત્રનું એક ઉધ્ધરણ ટાંકીને નોંધ્યું છે તે પણ જોઈએઃ

'હે ભગવંત! તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું કે આચાર્ય (ગુરુ)ની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું?'

મતલબ કે જિનાજ્ઞા કે આચાર્યાજ્ઞા બે વચ્ચે અથડામણ થાય તેવી પરિસ્થિતિમાં સાધકે કોનું અનુસરણ કરવાનું?

આનો વિસ્તૃત જવાબ આપતાં સૂત્રકાર જણાવે છે કે 'ચાર પ્રકારના આચાર્ય (ગુરુ) હોય છે, તેમાં જે 'ભાવાચાર્ય' હોય તે તીર્થંકરતુલ્ય ગણાય; તેથી તેમની આજ્ઞા ઓળંગવી નહિ.' (૧૩)

'तित्थयरसमो सूरी' એ વાક્ય પણ ગુરુનું માહાત્મ્ય જ સૂચવે છે. પરંતુ ત્યાં તે પદ ધરાવતી આખી ગાથાના ભાવને યાદ રાખવાનો છેઃ

'જે સમ્યક્ જિનમાર્ગનું પ્રકાશન કરે છે, અને જે સ્વયં જિનાજ્ઞાનું યથાર્થ કે અણીશુદ્ધ પાલન કરે છે તે આચાર્ય તીર્થંકરતુલ્ય ગણાય.'

નિશ્ચય-વ્યવહાર વચ્ચે કે ઉત્સર્ગ-અપવાદ વચ્ચે સંતુલન



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

સાધી ન શકે, બલ્કે અપવાદમાર્ગ તરફ ઝૂકી જાય; પોતે યથાર્થ આચારપાલન ન કરે, તો તેવા જનને ભાવાચાર્ય કે ગીતાર્થ ગુરુ માની લેવામાં ક્યારેક થાપ ખાઈ જવાય ખરી.

તો આ થયું ગુરુના મહિમાનું વર્ણન. પરંતુ આનો અર્થ એવો નથી કે ગુરુ જ સર્વસ્વ છે, સર્વોપરી છે, અને તે મળી જાય તો અન્ય તત્ત્વો વગર પણ ચાલી જાય. આવો નિરપેક્ષવાદ જૈન માર્ગમાં નથી. દેવતત્ત્વ - નિરપેક્ષ અને ગુરુપરંપરા - નિરપેક્ષ 'ગુરુ'ને જિનમાર્ગમાં કોઈ જ સ્થાન નથી, એ વાત પણ અહીં જ સ્પષ્ટ થઈ જવી ઘટે. પ્રત્યક્ષ સદ્ગુરુ તરીકે પોતાને ઓળખાવે અને તેથી તેના ઉપકારો જિનદેવના ઉપકારો કરતાં અધિક કે ચડિયાતા ગણાય એવી કોઈ સ્થિતિનો જિનમાર્ગમાં સ્વીકાર નથી. આવી સ્થિતિ અજૈન માર્ગોમાં બહુધા જોવા મળે છે. પેલી જાણીતી ઉક્તિ છે જઃ

*'ગુરુ ગોવિંદ દોનૂં ખડે, કા કો લાગું પાય*
*બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો દિખાય.'*

અહીં ગોવિંદ એટલે કે દેવ તત્ત્વ કરતાં પણ ગુરુતત્ત્વ વધુ સબળ અને ચડિયાતું જણાય છે. ફલતઃ અનેક સ્થળોએ ગુરુને જ ઈશ્વર, બ્રહ્મ, હરિ કે દેવ ગણીને સંપ્રદાયો ચાલે છે.

જિનમાર્ગમાં આવી સ્થિતિ માન્ય નથી. ગુરુનો અર્થવાદ ગમે તેટલો કરીએ, સ્તુતિ અને ગુણગાન ભલે ખૂબ થાય; પણ ગુરુ તો દેવના આધીન હોય, દેવતત્ત્વના બતાવેલા ધર્મમાર્ગને અનુસરતા હોય, તો જ ગુરુ ગણાય. દેવ પછી જ ગુરુનું સ્થાન-માન સંભવે. આ મુદ્દાનો સંકેત ઉપાધ્યાયજીના આ વચનમાં જડે છેઃ 'जिनविनयाऽपूर्वकस्य गुरुविनयस्य च लौकिकतुल्यत्वेनाऽकिञ्चित्करत्वात्' - જિનદેવનો વિનય ન કરીને કરવામાં આવતો ગુરુનો વિનય તે તો લૌકિક વ્યવહાર-સરીખો છે, (લોકોત્તર નહિ), તેથી તેનો કોઈ અર્થ નથી. (૩/૯). અહીં તેઓ એક શાસ્ત્રગાથા પણ ટાંકે છેઃ

आणाओ जिणिंदाणं ण हु बलियतरा उ आयरियआणा ।
जिणआणाइपरिभवो एवं गव्वो अविणओ अ ।।

– જિન-આજ્ઞા કરતાં આચાર્યની આજ્ઞા વધુ પ્રબળ એવું ન માનવું. એમ માનવામાં જિન-આજ્ઞા ગૌણ બને, અને આચાર્યનો ગર્વ વધે, તેમજ અવિનય પણ આચર્યો ગણાય. (૩/૧૦)

કેટલું સ્પષ્ટ અને સંતુલિત માર્ગદર્શન! સવાલ અવશ્ય થાય કે ઉપર જિનાજ્ઞા કરતાં ભાવાચાર્યની આજ્ઞાને મહત્ત્વ અપાયું, અને અહીં તેનાથી સાવ વિપરીત પ્રતિપાદન? આવું કેમ?

આનું સમાધાન એ કે શાસ્ત્રકારોની વાત ભિન્ન ભિન્ન સમય, સંયોગ, પ્રસંગ અને વ્યક્તિની અપેક્ષાએ થતી હોય છે. 'ભાવાચાર્ય' થવું એ કોઈ સામાન્ય ઘટના નથી; પોતાને કે પોતાને ગમતી વ્યક્તિને 'ભાવાચાર્ય' લખી દેવાથી કે બોલ્યા કરવાથી કોઈ ભાવાચાર્ય થઈ જાય નહિ. અને છતાં કોઈ પોતાની જાતને આ રીતે ભાવાચાર્ય ગણાવે અને પોતાના શાસનને પ્રવર્તાવે, તો તેની સામે ધરેલી લાલબત્તી છે ઉપરની ગાથા! ઉપાધ્યાયજી એ તેમજ શાસ્ત્રકારોએ ક્યાંય સંતુલન ગુમાવીને કોઈ વાત કે કોઈ ગુણગાન કર્યા નથી. વિરોધાભાસી લાગતી વાતોને પણ આમ સાપેક્ષભાવે જોઈએ તો સંતુલન જ સધાતું લાગે.

❑

ગુરુ પણ ચાર પ્રકારના હોય છેઃ ૧. જે આ ભવમાં હિત કરે, પણ પરલોકહિતની ચિંતા ન કરે. ૨. પરલોકની ચિંતા સેવે, પણ આ ભવમાં હિતની ઉપેક્ષા કરે. ૩. આ ભવના અને પરભવના - બન્નેના હિતની ચિંતા કરે. ૪. આ ભવમાંય હિત ન કરે, અને પરભવના હિતની પણ વાત ન કરે. આમ ૪ પ્રકારના ગુરુઓ હોઈ શકે છે.

એમાં આપણે કેવા ગુરુને ગુરુ ગણવાના? તેનો ઉત્તર આપતાં ઉપાધ્યાયજી કહે છે કે ત્રીજા પ્રકારના ગુરુને જ આપણે ગુરુ તરીકે સ્વીકારવા જોઈએ. એવા ગુરુ આપણને અનુશાસન એટલે કે હિતશિક્ષા આપે, ઉપાલંભ - કડક કે કડવી ટકોર કે ઠપકો પણ, જરૂર પડ્યે આપે, અને ઉપષ્ટંભ એટલે ટેકો કે સાથ પણ આપે. અલબત્ત, આ ભવમાં રૂડા ચારિત્ર માર્ગ-પાલનમાં, અને પરભવમાં સદ્ગતિપૂર્વક સદ્ધર્મ મેળવવામાં.

આ ભવમાં શિષ્યને બધી રીતે સાચવે, આહાર-વસ્ત્ર-પાત્ર આદિ બધું આપતો રહે, પણ તેની ભૂલ થાય તો સુધારવાનો ઉપદેશ, ઠપકો, દંડ ન આપે; રખે તેને માઠું લાગી જાય! - આવા ગુરુ શિષ્યનો પરલોક બગાડે છે.

બીજા પ્રકારવાળા ગુરુ હજી આદેય બની શકે. શિષ્યને આહારાદિ માટે કદાચ કાળજી ન કરે, પરંતુ તેના આચારપાલનમાં તો કઠોર જ રહે, અને તેનું અહિત ન થવા દે. આ પ્રકાર સ્વીકાર્ય જ ગણાય. પણ ચોથા પ્રકારના ગુરુ તો એકાંતથી અનુપાદેય - અસ્વીકાર્ય જ. (૨/૧).

આ ૪ પૈકી જો ત્રીજા પ્રકારના ગુરુ મળી જાય તો શિષ્ય ધન્ય ધન્ય બની જાય. કોઈક નસીબદારને જ આવા હિતકારી ગુરુ મળે, અને એવા ખુશનસીબ જીવ પર જ આવા ગુરુની અહૈતુકી કૃપા વરસે. ફરી પ્રશમરતિ પ્રકરણને યાદ કરીએઃ

धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिवापी ।
गुरुवदनमलयनिसृतो वचनरसचन्दनस्पर्शः ।।

- કોઈક ધન્ય આત્મા જ હોય તે, જેના માથે, પોતાના (શિષ્યના) અશુભ-અહિતકર આચરણના ઘામને શમાવનાર, ગુરુના મુખરૂપ મલયપર્વત થકી વેરાઈ રહેલા, વચન-શિક્ષાવચનરૂપી ચંદનરસનાં છાંટણાં પડે.

અર્થાત્, ગુરુના ધ્યાનમાં શિષ્યનું અસદાચરણ આવે અને તેઓ તરત જ કઠોર શિક્ષાવચન દ્વારા તેને તેમ કરતાં અટકાવી દે - તેવા ગુરુ કોઈ ધન્ય આત્માને જ મળે. બાકી તો મોટા ભાગે, ચેલાને ખોટું લાગશે તો વંકાશે એવી બીકમાં રહીને તેનાં અસદાચરણ પ્રત્યે આંખ આડા કાન જ થતાં રહેતાં હોય છે.

❑

ગુરુ કેવા કઠોર હોય તેનો ઈશારો આપતી કેટલીક ઉક્તિઓ પણ જોવી જોઈએ :

*'ગુરુ પરજાપત સારિખા ઘટ ઘટ કાઢે ખોટ*
*ભીતરસે રક્ષા કરે ઉપર લગાવે ચોટ.'*

- ગુરુ તે પ્રજાપતિ - કુંભાર જેવા. કુંભાર જેટલાં માટલાં બનાવે તે બધાં ઉપર જોરથી ટપલાં મારે, ને ખોડ રહી હોય તે શોધી કાઢે. પણ તેમ કરતી વેળા તેનો એક હાથ તે માટલાંના અંદરના તે ભાગમાં રાખે કે જ્યાં ઉપરથી ટપલું મારવાનું હોય. એટલે ઉપરથી ટપલું પડે તો પણ અંદરના હાથના બળને કારણે તે માટલું તૂટે નહિ, ફાટે નહિ. ગુરુ પણ આ જ કામ કરે. શિષ્યની સતત ભૂલ જ કાઢ્યા કરે અને ટોક્યા જ કરે. પણ તે પળે પણ તેઓ તે શિષ્યની - તેના હિતની તો હૃદયથી રક્ષા જ કરતા હોય. શિષ્યની ખોટ કાઢવાનો આ ધંધો કેટલો અઘરો-આકરો છે તે તો કોઈક નીવડેલ ગુરુને જ પૂછવું પડે.

૨. उपरि करवालधाराकाराः क्रूरा भुजङ्गमपुङ्गवात् ।
अन्तः साक्षाद्द्राक्षा दीक्षागुरवो जयन्ति केऽपि जनाः ।।

- બહારથી તલવારની તીખી ધાર જેવા લાગે, ક્યારેક કાળોતરા નાગથીયે વધુ ડરાવણા દીસે, પરંતુ ભીતરથી તો દ્રાક્ષના ફળ જેવાં કોમળ અને મધુર જ હોય, આવા કોઈક વીરલા ગુરુજનો જગતમાં જડી આવે ખરા.

શાસ્ત્રીય સંગીતજ્ઞોનાં જીવન તપાસીએ તો ખ્યાલ આવે કે તેમના ગુરુ કે મુરશદ કેવા આકરા, કઠોર અને નિર્દય હોય! શીખવવાની બાબતમાં એમના જેવી નિર્દયતા ક્યાંય ન જડે. પરંતુ સાચવવાની વાત આવે ત્યારે પાણીપોચાં! જરાક તકલીફ પડતી જુએ તે રહું રહું થઈ, બધું છોડીને શાગિર્દની - શિષ્યની ચાકરી કરવા મંડી પડે!

આપણા ગુરુભગવંતો પણ શિષ્યના કલ્યાણની અને જ્ઞાનાર્જનની વાત આવે ત્યારે ભારે આકરા થતાં જોવા મળે, પણ જ્યાં તેની સુખાકારીની વાત આવે ત્યાં તો ચિંતાથી અડધા થઈ જાય!

૩. गीर्भिर्गुरूणां परुषाक्षराभिः
तिरस्कृता यान्ति नरा महत्त्वम् ।
अलब्धशाणोत्कषणा नृपाणां
न जातु मौलौ मणयो विशन्ति ।।

- ગુરુનાં કઠોર વચનોથી તિરસ્કાર પામેલા શિષ્યો જ મોટાઈ પામી શકે છે. ધરતીમાંથી નીકળતા રત્ન-પાષાણો જ્યાં સુધી સરાણે ન ચડે ત્યાં સુધી મણિ બનીને રાજમુગટમાં સ્થાન પામતાં નથી.

રફમાંથી પાસાદાર અને વજનદાર હીરા થવું હોય તો સરાણે ચડવું જ પડે. શિષ્યે મોટાઈ પામવી હોય તો ગુરુનાં તેને ઊતારી પાડે તેવાં કટુ વેણ વેઠવાં જ પડે.

સવાલ એટલો જ થાય કે શિષ્યને રફમાંથી રત્ન બનાવવા માટે, શિષ્યની અરૂચિ - અપ્રીતિ વહોરીને પણ, તેને ટોકી-ટપારીને લડી-વઢીને શિક્ષા કરી કરીને કેળવનારા અને પોતાનાથી સવાયો કે પોતાના જેવો બનાવનાર ગુરુ કેટલા? એવા ગુરુ ક્યાં મળે?

અને એવો જ બીજો સવાલ એ કે ગુરુના આવા વાક્પ્રહારો હોંશેહોંશે ખમી ખાઈને પણ પોતાના હિતની સતત ખેવના રાખનાર, અને ગુરુની કઠોરતા પાછળ છુપાયેલી હિતબુદ્ધિને પરખી લે તેવા શિષ્ય ક્યાં? કેટલા?

❑

અહીં એક વિચિત્ર સમસ્યા ઉદ્ભવે છે.

આપણે ગુરુ-પારતંત્ર્યની, ગુરુ-આજ્ઞાની, ગુરુ-ભક્તિની શાસ્ત્રાધારિત વાતો કરી. એ બધી વાતો, જેઓ ગીતાર્થ હોય, સ્વ-પર-હિતસાધનામાં કુશલ હોય, આશ્રિતોનું એકાંતે હિત કરવા સક્ષમ અને રુચિવાળા હોય, વળી સ્વયં આરાધક અને ગુણસંપન્ન હોય, તેવા ગુરુભગવંતો પરત્વે લાગુ પડતી હોય કે પાડવાની હોય ત્યાં સુધી તો બરોબર. પરંતુ જેઓ પાસે આ પ્રકારની સંપદા ન હોય, પણ પોતાની વ્યવહારૂ આવડત, વાચાશક્તિ, લોકરંજનની નિપુણતા વગેરેને કારણે લોકપ્રિય બન્યા હોય, અને તેના લીધે ભક્તસંપદાની સાથે શિષ્યસંપદા પણ વધી હોય તેવા ગુરુઓ જ્યારે શિષ્યો પાસે વિનય, આજ્ઞાપાલન, વૈયાવચ્ચ આદિની વધુ પડતી અપેક્ષા રાખે છે, અને તે બધું કરવાની ફરજ પાડે


પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖

છે ત્યારે શિષ્યોએ શું કરવું જોઈએ?

ગુરુ તરીકે સ્વીકાર્યા હોય એટલે તેમની સેવા - સારવાર તો કરવાની જ હોય, તેમનું કહેલું પણ માનવાનું જ હોય; પણ તે બધું, શિષ્યના ભણતર, ક્રિયા, શરીરસ્વાસ્થ્ય આદિના ભોગે, માત્ર ગુરુના ભૌતિક લાભાર્થે તથા તેમનો વટ પડે તે માટે જ, કરવાનું હોય, તો તેને વાજબી કેવી રીતે ઠરાવી શકાય?

પંચમ કાળના જીવો મૂળભૂત રીતે સ્વભાવગતઃ વક્ર અને જડ હોય છે, એ શાસ્ત્રસિદ્ધ જ નહિ, અનુભવસિદ્ધ પણ છે. એવા જીવો જ્યારે નજરે અનુભવે કે 'આમનાથી આપણને દીક્ષા મળી તે તેમનો મહાઉપકાર જરૂર, પરંતુ તે પછી એમના થકી આપણા આત્માનું હિત થાય તેવા કોઈ જ યોગ જણાતા નથી; આપણે માત્ર સેવા-ચાકરી જ કરવાની છે - નોકરની જેમ!' ત્યારે તેમના ચિત્તની, અને જીવનની પણ, જે દુર્દશા થાય તેને માટે જવાબદાર કોણ?

અર્થાત્, આ પ્રકારના ગુરુ હોય તો પણ એમનું આજ્ઞા-પારતંત્ર્ય પકડી જ રાખવાનું હોય?

સમસ્યામાં દમ છે. એવા ઘણાં ગુરુઓ હોય છે જેમનામાં ગુરુ હોવાની કે થવાની કોઈ જ શાસ્ત્રદર્શિત યોગ્યતા અથવા ક્ષમતા નથી હોતી; માત્ર ચેલા થયા માટે જ ગુરુપદે પહોંચ્યા હોય. આવા લાકોને ચેલા કરવાની કદાચ થોડી ફાવટ હોય, પણ પછી તેના યોગ-ક્ષેમ વહેવાની, તેમના આત્માનું શ્રેય થાય તે રીતે તેમને સંયમયોગમાં જોડવાની કે તેવા જ્ઞાન-ધ્યાન આપવાની ક્ષમતા ન હોય; અને માત્ર પોતાના સેવક તરીકે સેવા લીધા કરવાની જ વૃત્તિ હોય, આવા ગુરુનું પારતંત્ર્ય સ્વીકારવું, તે સુપાત્ર કે પરિણત જીવો માટે મોટી મુશ્કેલીરૂપ બની રહે.

આનો ઉકેલ શો હોઈ શકે?

શાસ્ત્રોમાં આવી બાબતનું સમુચિત માર્ગદર્શન મળે જ છે. અહીં આ સમસ્યા વ્યવહારૂ અભિગમથી રજૂ થઈ છે, શાસ્ત્રદૃષ્ટિથી નહિ. એટલે તેનો ઉકેલ પણ વ્યવહારૂ દૃષ્ટિકોણથી જ વિચારવો જોઈએ.

આવા પ્રકારના ગુરુઓ, પ્રાસંગિક પરિસ્થિતિવશ લોકૈષણા કે માનૈષણાનો શિકાર બન્યા હોય અને તેથી આમ વર્તતા હોય તેવું બને. તેમને પાછા સ્વ-સ્થ અને સમતોલ બનાવવાના ઉપાયો નિપુણ અને હિતદર્શી શિષ્યો યોજી શકે. અને તે રીતે ગુરુને ઠેકાણે લાવીને તેમનું તથા તેમના માધ્યમથી પોતાનું શ્રેય શિષ્યો સાધી શકે. જો કે આ માટેની પ્રક્રિયા ઘણો સમય અને ઘણો ભોગ માગી લે એમાં શંકા નહિ. પરંતુ ઘણી વાર એ ભોગ એળે નથી જતો, અને અપેક્ષિત ફળ સિધ્ધ કરી આપે છે.

અને છેલ્લો વિકલ્પ આવા ગુરુનો ત્યાગ કરવાનો છે. જો તે કોઈ વાતે પોતાની પદ્ધતિમાં - પ્રવૃત્તિમાં - પરિણતિમાં ફેરફાર કરવા જ તૈયાર ન થાય, અને પોતાનું તથા શિષ્યોનું અહિત કરતાં જ રહે, તો છેવટે, બીજા તમામ વિકલ્પો કે ઉપાયો અજમાવી જોયા પછી, તેમને છોડી દેવા, એજ સુજ્ઞ શિષ્ય માટે શ્રેયકર માર્ગ ગણાય. અલબત્ત, તેમ કરવામાં પણ તેમના પ્રત્યે દંશ, દ્વેષ, દુર્ભાવ, ઘૃણા વગેરેના ભાવ તો ન જ હોવા જોઈએ. હોય બે જ વાના. ૧. ઉપકારબુદ્ધિ, ૨. અનુકંપા. આ રીતે વર્તવામાં સમસ્યાનો સંપૂર્ણ તો નહિ, પણ શિષ્યના પક્ષ પૂરતો ઉકેલ આવે તેવો સંભવ ખરો.

❑❑❑

**C/o. શ્રી અતુલભાઈ એચ. કાપડિયા**
એ/૯, જાગૃકિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. ૦૯૯૭૯૮૫૨૧૩૫

## ❋ અમરતવાણી

ઝેન ગુરુ કે ચુ ઓરડામાં બેઠા હતા. બહારથી મહેમાને મુલાકાત માગતી ચિઠ્ઠી મોકલી. લખ્યું હતું : 'કિયોટોના ગવર્નર કિતાગાકી.' કે-ચુ એ શિષ્યને કહ્યું 'હું મળીશ નહીં, ચાલ્યા જવાનું કહો.' શિષ્યે બહાર આવી ગવર્નરને ચિઠ્ઠી પાછી આપી, વિનયપૂર્વક ના પાડી. ગવર્નરને તેની ભૂલ સમજાઈ. ફરીવાર ચિઠ્ઠી મોકલી લખ્યું. 'કિયોટોના કિતાગાકી મળવા માગે છે.' શિષ્યે અંદર જઈ ચિઠ્ઠી આપી. કે-ચુ બહાર આવ્યા 'અહો! કિતાગાકી આવ્યા છે? આવો, આવો...'

## ❋ અમરતવાણી

એક બૌદ્ધ સાધુ કોઈ ભિખારીને બોધ આપતો હતો, પરંતુ પોતાની એક પણ વાત પર ભિખારીને ધ્યાન આપતો ન જોઈને તે ગુસ્સે થઈ બુદ્ધ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને હસીને ભિખારીને તેડાવ્યો અને તેને માટે ખાવાનો બંદોબસ્ત કરાવ્યો. કોઈ સાધુએ ટકોર કરી : 'પણ ઉપદેશ શ્રવણ વિના જ આપે એને ખાવા બેસાડી દીધો!' બુદ્ધ ભગવાન શાંત ભાવથી બોલ્યા : 'ઉપદેશ સાંભળવાની શક્તિ એનામાં કાલે આવશે!'

# સદ્‌ગુરુ કૃપા

આચાર્યશ્રી યશોવિજયસૂરિ

*લેખક પરિચય : જેમની પ્રથમ ઓળખ એક સહૃદય ભાવકની આપી શકાય તેવા પ્રભુભક્તિમાં ભીના ભીના અને અન્ય ધર્માનુરાગીઓને પણ પોતાની વાણી અને લેખીનીથી પ્રભુ ભક્તિમાં રસ તરબોળ કરી દેતા આચાર્યશ્રી યશોવિજયસૂરિ ઓમકારસૂરિ સમુદાયના અગ્રગણ્ય આચાર્ય ભગવંત છે. યોગ અને અધ્યાત્મ ક્ષેત્રે તેમનો અભ્યાસ તેમના પુસ્તકોમાં પ્રતિબિંબિત થતો અનુભવાય છે. નરસિંહ, મીરાં, કબીર આદિ સંત કવિઓ તેમજ ઝેન, સુફી આદિ ભક્તિ પરંપરાઓનું ઊંડું અધ્યયન તેમના સમન્વયવાદી વ્યક્તિત્વનો પરિચય કરાવે છે.*

પ્રાર્થનાસૂત્ર 'જય વીયરાય'માં ભક્ત પ્રભુની પાસે સદ્‌ગુરુ યોગ (સુહગુરુ જોગો) માગે છે.

બહુ જ મઝાના મનોવૈજ્ઞાનિક આયામમાં આ પ્રાર્થના થઇ છે. ભક્ત પ્રભુની પાસે સદ્‌ગુરુ માટે પ્રાર્થતો નથી. સદ્‌ગુરુ યોગ માટે એ પ્રાર્થના કરે છે.

કારણ?

ભક્તને ખ્યાલ છે કે અતીતની યાત્રામાં ઘણા બધા સદ્‌ગુરુ મળ્યા; હરિભદ્રાચાર્યજી જેવા કે હેમચંદ્રાચાર્ય જેવા; પણ એમની સાથે યોગ સંબંધ સ્થાપિત ન થઇ શક્યો અને એ કારણે જ અતીતના એ સદ્‌ગુરુઓ તેના પર કામ ન કરી શક્યા.

સદ્‌ગુરુના ચરણોમાં આપણે સમર્પિત બન્યા, તો આપણે કંઈ જ કરવાનું નથી રહેતું પછી બધું'જ સદ્‌ગુરુ કરે છે.

સાધના આપે સદ્‌ગુરુ. સાધના માટે યોગ્ય વાતાવરણ આપે સદ્‌ગુરુ. અને સાધનામાં અવરોધો આવે તો એને હટાવે પણ સદ્‌ગુરુ.

આ આપણી પરંપરા છે. તમને સાધના સદ્‌ગુરુ જ આપે. તમારી સાધના-વિનય, ભક્તિ કે સ્વાધ્યાય આદિ તમે નક્કી નથી કરી શકતા. સદ્‌ગુરુ જ એ નક્કી કરે છે.

કઈ રીતે સદ્‌ગુરુ એ નક્કી કરે છે?

પોતાની અનુભૂતિ અને શ્રુતના બળે તેઓ ભક્તની ક્ષમતાને પારખે છે. એની જન્માન્તરીય ધારા જે પ્રતીત થાય, એ ધારામાં તેને વહેવડાવે...

મારી પાસે કોઈ સાધક સાધના દીક્ષા લેવા આવ્યો હોય. બની શકે કે ત્રણ-ચાર જન્મથી ગુરુચેતનાએ લગાતાર એને વયાવચ્ચની ધારામાં મુકેલ હોય; હું એની જન્માન્તરીય ધારાનું આકલન ન કરી શકું અને સ્વાધ્યાયની ધારામાં એને મોકલું તો ગુરુ તરીકે નિષ્ફળ થયેલો માણસ હું છું:

તો, સાધના સદ્‌ગુરુ આપે.

સાધનાને યોગ્ય વાતાવરણ

એપ્રોપ્રિએટ એટમોસફીઅર સદ્‌ગુરુ આપે.

સદ્‌ગુરુ પોતાના ઉપનિષદમાં સાધકને રાખે. પોતાની ઉર્જા દ્વારા સાધકની સાધનાને ઊંચકે.

એક ઉદાહરણ દ્વારા આ વાતને સમજીએ. રેલવેનાં દોડતા ડબ્બાની અંદરનું અવકાશ પણ દોડતું હોય છે. એક માખી એક પાટિયા પર બેઠી હોય. તેને દૂરની પાટલી પર જવું છે. એ ઉડે છે, પેલી બર્થ પર જવા માટે. એ તો ઉડે છે; પણ એ સમયે ડબ્બાની અંદરનું અવકાશ પણ દોડતું હોય છે. તો, માખીને ડબ્બાના અવકાશની માત ગતિ મળી ગઈ અને એનો પ્રવાસ ત્રણ મીટરને બદલે ત્રીસ મીટરનો થઇ ગયો...

સદ્‌ગુરુની ઉર્જા આ જ કામ કરે છે એ સાધકની સાધનાને ઊચકે છે..

✦✦✦

સાધનામાં આવતા અવરોધોને સદ્‌ગુરુ હટાવે છે. અને આપણી સાધનાને વેગવાળી બનાવે છે.

✦✦✦

સદ્‌ગુરુ શું કરે છે એની વાત કરતા પૂજ્યપાદ આનંદઘનજી ભગવંતે કહ્યું :

*'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે,*
*પેખે પરમ નીધાન;*
*હૃદય નયન નિહાળે જગધણી,*
*મહિમા મેરુ સમાન.....'*

સદ્‌ગુરુ ભક્તના હૃદયમાં પ્રવચન અંજન આંજે છે અને એજ ક્ષણે ભક્ત હૃદયની આંખોથી પ્રભુને નિહાળે છે. મઝાની વાત એ છે કે અહીં પૂજ્ય આનંદઘનજી મહારાજ કન્ડીસનલી ખુલી રહ્યા છે. 'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે' સદ્‌ગુરુ ભક્તના હૃદયમાં પ્રવચન અંજન આંજે તો..... તે પ્રભુનું દર્શન કરે...

સવાલ થાય કે સદ્‌ગુરુ કન્ડીસનલી ખુલી શકે ખરા? એમને તો બિનશરતી વરસી જવું જોઈએ ને! 'આવી જા, તારા હૃદયમાં પ્રવચન અંજન આંજી દઉં.'

જવાબ એ મળે છે કે 'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે...' પંક્તિમાં જે 'જો' શબ્દ છે તે લાગે છે સદ્‌ગુરુ તરફ રહેલો પણ એ હકીકતમાં ભક્ત તરફ આવે છે.

ભક્ત જો સદ્‌ગુરુયોગ કરે તો સદ્‌ગુરુ પ્રવચન અંજન આંજશે... સદ્‌ગુરુનું કાર્ય આપણા પર ચાલુ થશે. આપણે સદ્‌ગુરુ યોગ ન કરી શકીએ ત્યાં સુધી સદ્‌ગુરુના હાથ બંધાયેલા છે; તેઓ કામ શરુ નથી કરી શકતા. આ જ સંદર્ભમાં આપણી સાધનાનું કમ્પોઝિસનઆવું છે. નવ્વાણું પ્રતિશત કૃપા અને એક પ્રતિશત પ્રયત્ન. એક પ્રતિશત પ્રયત્ન આપણો શું છે? સદ્‌ગુરુના ચરણોમાં ઝુકી જવું એ છે એક પ્રતિશત પ્રયત્ન.

✦✦✦

સદ્‌ગુરુયોગ આપણી પરંપરાની મહત્વની ઘટના છે. એ સદ્‌ગુરુયોગનેપામી જીવનને ધન્ય બનાવીએ.

❑❑❑

**C/o. શ્રી સેવંતીલાલ મહેતા**
૪/બી, સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, ધવલગિરિ એપાર્ટમેન્ટ પાસે, આઠવા લાઈન્સ, લાલ બંગલો, સુરત.
મો. ૦૯૮૨૪૧૫૨૭૨૭

---

# ગુરુ દીવો, ગુરુ દેવતા

**ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્ર 'ચિન્મય'**

***લેખક પરિચય : પાર્શ્વચંદ્રગચ્છવરિષ્ઠ ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મ.સા. વર્તમાન શ્રમણ સંઘના એક પ્રતિભાવંત સાધુ ભગવંત છે. 'સમણસુતમ'ના ગુજરાતી અનુવાદક ઉપાધ્યાયજી પાસેથી 'સિદ્ધસેન શતક', 'જિનસ્તવન ચતુર્વિન્શતિકા, નિયતિદ્વાન્ત્રિશિકા' જેવા અભ્યાસ સંપન્ન ગ્રંથો પ્રાપ્ત થયા છે. મુનિશ્રી અમરેન્દ્રવિજયજીના પુસ્તકોના સંપાદન પ્રકાશનની જવાબદારી તેઓ ઉત્તમ રીતે નિભાવી રહ્યા છે. વિપશ્યના ધ્યાન પદ્ધતિ અને જૈન કાયોત્સર્ગ વચ્ચેની સમાનતાને પ્રમાણતા મુનિવર સાધનામાર્ગના ઊંડા અભ્યાસી છે. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, અંગ્રેજી આદિ ભાષાઓમાં તેમણે કરેલા પદ્યાનુવાદ વિદ્‌વદજનો દ્વારા પોંખાયા છે.***

પૌર્વાત્ય સંસ્કૃતિઓમાં-વિશેષે કરીને ભારતીય સંસ્કૃતિમાં 'ગુરુ' નામની એક વિભાવના છે જે અન્ય સંસ્કૃતિઓમાં નથી. પૂજારી - પંડિત - શિક્ષક - રક્ષક જેવી સંસ્થાઓ બધી સંસ્કૃતિમાં મળી શકે. જેને સમર્પિત થઈ જવાય એવા વ્યક્તિત્વની કલ્પના આધ્યાત્મિક સંસ્કૃતિઓમાં જ થઈ શકે. અધ્યાત્મનું ખેડાણ ભારતમાં થયું એવું અન્યત્ર નથી. 'ગુરુ'નું મહત્વ ભારતમાં છે એવું અન્યત્ર નથી. ભારતમાં તો ....ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ...!

*અધ્યાત્મની દુનિયાની સર્વોચ્ચ સત્તા એટલે ગુરુ!*
*જે જગાડે અને જાગતા રાખે તે ગુરુ!*
*જેણે જેને જ્ઞાનાંજન કર્યું તે તેનો ગુરુ!*

❑

સંસ્કૃત ભાષાનો ગુરુ શબ્દ અનેકાર્થી છે. ભૌતિક શાસ્ત્રમાં તેનો અર્થ છે : ભારે, વજનદાર અથવા મોટું, મહાન. જ્યોતિષ શાસ્ત્રે એક મહાકાય ગ્રહને 'ગુરુ' નામ આપ્યું. વ્યાકરણ અને છંદશાસ્ત્ર દીર્ઘ સ્વરને 'ગુરુ' કહે છે. નીતિશાસ્ત્ર સમાજમાં જે વ્યક્તિઓ વય, વિદ્યા, પદ કે પ્રતિભાની દૃષ્ટિએ આગળ કે ઉપર હોય એવી વ્યક્તિઓને ગુરુજન કહે છે.

અધ્યાત્મશાસ્ત્રમાં ગુરુ તેને કહે છે કે જે આત્મવિદ્યામાં નિપુણ હોય. શ્રેયાર્થીને શ્રેયસ અને નિઃશ્રેયસની ઉપલબ્ધિમાં માર્ગદર્શક બને એ ગુરુ. ઈહલોક અને પરલોકનું હિત તે શ્રેયસ. લોકની પેલે પારની પરમ શાંતિ તે નિઃશ્રેયસ. ગુરુ લોક, પરલોક અને લોકોત્તર ક્ષેત્રના ભોમિયા છે.

❑

ભૌતિક ક્ષેત્રની વિદ્યા કે કળા શીખવનાર પણ ગુરુ છે - કારણ કે ઈહલોક સુધરે એવું જ્ઞાન આપે છે. પરલોક અને લોકોત્તર ક્ષેત્ર સુધરે એવું જ્ઞાન આપનાર ગુરુનું સ્થાન તેનાથી ઉપર છે. વિદ્યાદાતાને દાન અને માન અપાય. આત્મવિદ્યાના દાતાને તો 'જાન' આપી દેવી પડે - પોતાની જાત ધરી દેવી પડે!

શિષ્યસ્તેऽहं शाधि मां त्वां प्रपन्नम्

"હું તમારો શિષ્ય છું. તમારા શરણે આવ્યો છું. મને કહો - મારે શું કરવું.... "

❑

શ્રી જિન તરફથી શાસન મળે. શાસન એટલે બોધ, શીખ, માર્ગદર્શન.

શ્રી ગુરુ તરફથી અનુશાસન મળે.

જિનનો ઉપદેશ તે જિનશાસન.

ગુરુનો આદેશ તે અનુશાસન.

જિનેશ્વરના ઉપદેશને સુપાચ્ય અને ગ્રાહ્ય બનાવી આપે તે ગુરુ. જિનના ઉપદેશને શક્ય અને સાધ્ય બનાવી આપે તે ગુરુ.

જિન શાસન અને ગુરુના અનુશાસન વચ્ચે ઔષધ અને પથ્ય જેવો સંબંધ છે.

પ્રભુના શાસનને આત્મસાત્ કરવા ગુરુ શ્રેયાર્થીને માત્ર સૂત્રપાઠ નથી આપતા, પદાર્થપાઠ પણ આપે છે. વખતોવખત, ડગલે પગલે, વાતે વાતે મુમુક્ષુને - શિષ્યને પ્રેરે, દોરે, વાળે, ટોકે ને રોકે - એ ગુરુ સિવાય બીજું કોણ હોઈ શકે?

ગુરુ વાણીથી શીખવે તેના કરતાં વધારે વ્યવહારથી શીખવે. ક્યારેક તો ગુરુનું મૌન કામ કરી જાય.

શિક્ષણ ગુરુના શબ્દોથી મળે.

પ્રશિક્ષણ ગુરુના સહવાસથી મળે.

જૈન પરંપરામાં ગુરુકુલવાસનો મહિમા છે.

ગુરુકુલ ભારતીય સંસ્કૃતિનું પારણું હતું.

❑

પાંચ પરમેષ્ઠિઓમાં બે ભગવત્ તત્ત્વના અંશ છે, ત્રણ ગુરુ તત્ત્વના અંશ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

આચાર્યનું કાર્ય : ધર્મ સંઘના નેતૃત્વનું, સંઘના સંરક્ષણ, સંચાલન અને સંગઠનનું.

ઉપાધ્યાયનું કાર્ય : સંઘના સભ્યોના પ્રશિક્ષણનું, પ્રબોધનનું, પાલન-પોષણનું.

સાધુ માટે, તો પછી, કયું કાર્ય શેષ રહ્યું?

સાધુ (અને સાધ્વી) ને પણ આચાર્ય કે ઉપાધ્યાયની ફરજ બજાવવાનો વારો આવે છે જે કાર્ય આચાર્ય/ઉપાધ્યાય બૃહત્ ફલક પર કરે છે. તે કાર્ય સાધુ/સાધ્વી લઘુ ફલક પર કરે છે.

સાધુ એક અક્ષર પણ ન બોલે તોય એ એક પદાર્થપાઠ શીખવે છે : ગુરુની આજ્ઞાનું પાલન કેવી રીતે કરવું તે!

❑

કોઈ ધન્ય પળે કોઈ વ્યક્તિના હૃદયમાં ઉચ્ચ જીવનની અભિપ્સા પ્રગટે છે, મુમુક્ષા જન્મે છે અને તેની વિકાસ યાત્રા શરૂ થાય છે. આ યાત્રાના પથદર્શક/ ભોમિયા એટલે ગુરુ.

ગુરુ શબ્દનો એક અર્થ 'ભારે' થાય છે ને? મુમુક્ષુના વિકાસની ભારે જવાબદારી નિભાવે છે માટે ગુરુ 'ગુરુ' છે!

મુમુક્ષુના અંર્તચક્ષુ પોતાના ગુરુને ઓળખી લે છે. ગુરુની અનુભવી આંખ મુમુક્ષુને પારખી લે છે. અદ્‌ભુત હોય છે. ગુરુ-શિષ્યના સંબંધો!

❑

ગુરુ બે પ્રકારની કામગીરી કરે છે. જેનામાં મુક્તિની ઝંખના જાગી હોય તેને ક્રમશઃ ઉચ્ચતર પડાવો ભણી દોરી જાય છે. જેનામાં નથી જાગી તેનામાં મુક્તિની અભિલાષા જગાડે છે.

ગુરુએ કેટલી બધી વાતોનું ધ્યાન રાખવું પડે! વ્યક્તિની મુમુક્ષા કેવી ને કેટલી છે તે તો ખરું જ, પરંતુ તેની વય અને બુદ્ધિ, ઉછેર અને ઉત્સાહ, સ્વભાવ અને શક્તિ, દેશ અને કાળ..કોઈ પણ નિર્દેશ આપતાં પહેલાં ગુરુની આંખે આ બધું જોઈ લીધું હોય!

ગુરુનું કાર્ય નાજુક છે. શિલ્પ, સ્થાપત્ય કે ચિત્રના નિર્માણમાં જેટલું કૌશલ જોઈએ તેના કરતાં કેટલા ગણું વધારે કૌશલ શિષ્યના ઘડતર માટે જોઈએ. ગુરુ માળી જેવા છે. વૃક્ષ કે છોડ ઉગે છે સ્વયં, તેને જોઈતી સામગ્રી પૂરી પાડવી એ કામ માળીનું. ગુરુનું કામ પણ આવું જ છે.

ગુરુની સંવેદનશીલતા એક મા કરતાં ય વધારે હોય છે. મા ક્યારેક મમતામાં તણાય, ગુરુ નહિ.

❑

શિષ્ય પોતાના વિકાસ માટે ગુરુ પાસે આત્મસમર્પણ કરે છે - પોતાનું ઘડતર કરવાનો અધિકાર એ ગુરુને સોંપે છે.

શિષ્યે ગુરુને રાજી કરવા પડે, પણ ગુરુ શિષ્યને રાજી રાખવા બંધાયેલા નથી. શિષ્યને રાજી રાખવા ગુરુ જો શિષ્યના દોષ તરફ આંખ મિંચામણાં કરે તો ગુરુ, ગુરુ નથી. શિષ્યની નબળાઈઓને નિભાવી લેવી - એ ગુરુની નબળાઈ ગણાશે.

પણ બીજી બાજુ, ગુરુ વત્સલ હોય છે - માતા કરતાં પણ વધારે. બાળકની ગંદકીથી મા સૂગાતી નથી, શિષ્યના દોષોથી ગુરુ દુભાતા નથી. ગુરુ દુભાય છે માત્ર શિષ્યની આનાકાનીથી.

આળસ, અજ્ઞાન, આદતો અને છૂપાઈને બેઠેલો અહંકાર - શિષ્યને કદાચ ખબર ન હોય કે આવા દોષો તેનામાં હાજર છે, પણ ગુરુએ તો ક્યારના જોઈ લીધા હોય. ગુરુ ધીરજથી એનો ઉપાય કરે છે. गढ़ गढ़ काढ़ै खोट...

❑

શિષ્યના ઘડતર માટેની ગુરુની કાર્યશૈલી શ્રી સિદ્ધસેન દિવાકરના શબ્દોમાં..

૧. आदेश

૨. स्मारणा

૩. ऽऽक्षेप

૪. प्रायश्चित्तान्युपक्रमाः।

૧. ગુરુ શિષ્યને ઉચિત આદેશ આપે. શિષ્ય તેનો અમલ કરે. બંને પ્રસન્ન. આ આદર્શ સ્થિતિ ગણાય.

૨. શિષ્ય કર્તવ્ય ભૂલી ગયો હોય તો ગુરુ પ્રેમથી સંભારી આપે. શિષ્ય એ કર્તવ્ય પૂરું કરે. શિષ્ય શરમિંદો હોય, ગુરુ રાજી રહે.

૩. કહેવા છતાં અને સંભારી આપવા છતાં શિષ્ય કોઈ કર્તવ્ય ચૂકી જાય. પ્રમાદ કે અનિચ્છા જેવી વૃત્તિઓ કામ કરી જાય. આ દોષ ગણાય. ગુરુ એ ચલાવી ને લે. ઠપકો આપે. આ તબક્કે શિષ્ય જાગૃત થઈ જાય. અપરાધ સમજે, ભૂલ સુધારી લે. આમ થાય તો શિષ્યની યોગ્યતા અકબંધ રહે. ગુરુનું ગૌરવ અખંડ રહે.

૪. શિષ્ય નિર્દિષ્ટ કામ ન કરે, નિષિધ્ધ કામ કરે, કહેવા છતાં પાછો ન વળે. વારંવાર ભૂલ થતી રહે... તો ગુરુ શિક્ષા કરે. શિષ્ય સમજે અને પ્રાયશ્ચિત કરે. શિષ્યનું શિષ્યત્વ બચી જાય. ગુરુનું ગૌરવ બચી જાય

ગુરુ-શિષ્યનો સંબંધ અહીં સુધી જ છે. અહીંથી આગળ- શિષ્ય ભૂલ કબૂલ કરે જ નહિ એવી સ્થિતિએ - આ સંબંધનો અંત આવ્યો ગણાય.

❑

ગુરુ સૌમ્ય હોય : ગુરુ તેજસ્વી હોય.

ગુરુ શાંત હોય : ગુરુ સાવધાન હોય.

ગુરુ અહંમુક્ત હોય : ગુરુ પ્રખર હોય.

ગુરુ પ્રેમપૂર્ણ હોય : ગુરુ અનાસક્ત હોય.

ગુરુ સ્થિર હોય : ગુરુ ગતિશીલ હોય.

ગુરુ ક્ષમાવાન હોય : ગુરુ દૃઢ હોય.

ગુરુ શાસ્ત્રસાક્ષેપ હોય : ગુરુ દેશ-કાળ વિશેષજ્ઞ હોય.

ગુરુ બહુઆયામી હોય, ગુરુ બહુશ્રુત હોય. ગુરુ કોમળ તો હોય જ. ગુરુ કઠોર પણ બને. ગુરુનું કાર્ય ગુરુ- ભારે છે. ગુરુએ સ્વહિત અને પરહિત - બંને સાચવવાના છે. એકનું ભલું કરવા જતાં બીજાનું અહિત ન થાય, અન્યનુ ભલું કરવા જતાં સ્વને હાનિ ન થાય - એ ગુરુએ જોવાનું.

એટલે જ કહેવાયું : પોતામાં ગુરુત્વનો ઉદય ન થાય ત્યાં સુધી ગુરુકુલવાસ ન છોડવો.

અને ગુરુત્વ પ્રગટ્યું છે તે કોણ કહેશે? ગુરુ જ. ગુરુ વગર ગુરુ નથી થઈ શકાતું.

કોઈને માથે ગુરુ નથી? એ નગુરો છે.

અધ્યાત્મક્ષેત્રે 'નગુરા હોવું' એનાથી મોટી કોઈ ગેરલાયકાત નથી.

❑

गुरौ मनुष्यबुद्धिं च कुर्वाणो नरकं व्रजेत्।

'ગુરુને મનુષ્ય સમજનારો નરકમાં જશે.... ' - વૈદિક પરંપરાનું આ કથન માર્મિક છે.

ગુરુ મનુષ્ય જ છે. મનુષ્યની જેમ ખાય છે, પીએ છે, ચાલે છે. ગુરુને ભૂખ લાગે છે. થાક લાગે છે. ગુરુને કશુંક ભાવે છે, કશુંક નથી ભાવતું. ગુરુને ઉંઘ આવે છે, ટાઢ વાય છે, ગરમી લાગે છે. અરે, ગુરુને ગુસ્સો પણ આવે છે. અરે, ગુરુની ક્યારેક ભૂલ પણ થાય છે. ગુરુ ક્યારેક શિષ્યને ખોટી રીતે શિક્ષા પણ કરી દે છે.

છતાં શિષ્યે ગુરુને દેવરૂપે જોવાના છે. ભગવાન સમજવાના છે. કારણ, ગુરુ અધ્યાત્મના રાજ્યની સર્વોપરી સત્તા છે. સરમુખત્યાર છે! અધ્યાત્મમાં લોકશાહી નથી! અહીં તો, गुरुकृपा हि केवलम्....

ગુરુનો દેહ તો માટીનું કોડિયું છે, એમાં જ્ઞાનની એક જ્યોત જાગી છે. શિષ્યે એ જ્યોતને જોવાની છે, સેવવાની છે, ઝીલવાની છે. કોડિયાને ભૂલવાનું છે.

ગુરુની અપૂર્ણતાના આલોચક બનવું અને શિષ્ય બનવું - બંને વસ્તુ સાથે નથી રહી શકતી.

❑

ગુરુ પૂર્ણપુરુષ હોય એ જરૂરી નથી. ગુરુ પૂર્ણતાના પથના પ્રવાસી - અગ્રેસર - અગ્રગામી હોય એટલું પૂરતું છે.

અધ્યાત્મનું ક્ષેત્ર અપરિચિત છે એ તો ખરું જ, પણ પોતાની બુદ્ધિથી સમજી લેવાય એવું પણ નથી. આ ક્ષેત્રે તો અનુભવીની આંગળી પકડીને જ પ્રવેશી શકાય....

માણસની આંખ ગમે તેટલી મોટી હોય - છેક કાન સુધી પહોંચે એવી.

માણસની આંખ ગમે તેટલી સારી હોય - હીરા જેવી

પણ અંધારામાં કંઈ જોવું હોય તો દીવાની મદદ લેવી પડે!

અધ્યાત્મના અજ્ઞાત પ્રદેશમાં ગુરુની મદદ અનિવાર્ય.

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર!

❑

ગુરુ પાસે જ્ઞાન છે, અનુભવ છે, ગુણ છે. શિષ્યને એ જોઈએ છે. પણ એ ગ્રહણ કરવા માટે 'પાત્ર' બનવું પડે. શિષ્યની પાત્રતા એટલે 'ખાલીપણું'!

ગ્રહણ કરવાની - સ્વીકારવાની - અનુસારવાની તૈયારી શિષ્યના પક્ષે હોય તો ગુરુ પાસેથી કંઈક મળે. સ્વ-મતિ, સ્વ-છંદને તજી શકે તે ગુરુને ભજી શકે

સ્વચ્છંદ : શિષ્યની પાત્રતા પર પાણી ફેરવી દે એવી ચીજ. અધ્યાત્મક્ષેત્રે બધી રીતે લાયક શિષ્ય-મુમુક્ષુ જે ભયાનક ભૂલ કરી શકે તે છે - સ્વ-છંદ.

સ્વ-છંદ એટલે કોઈના કહેવામાં ન રહેવું તે. સ્વચ્છંદી વ્યક્તિ વ્યવહારજગતમાં સ્વીકાર્ય નથી બનતી, અધ્યાત્મક્ષેત્રે તો બિલકુલ નહિ. શિષ્ય જ્ઞાની હોય, વ્રત-નિયમ આકરા પાળતો હોય પણ પોતાના વિચારોને - પોતાના માનેલા સિદ્ધાંતોને વળગી રહેતો હોય - એ છે સ્વચ્છંદ.

સ્વ-છંદ છે તો ગુરુનું શું કામ છે?

❑

विशेषेण नीयते अनेन इति विनयः।

વિનય શું છે? વળવાની - વળી જવાની તૈયારી. એનો ગુણ જે થકી વ્યક્તિને ગુરુ ઈચ્છે તેમ વાળી શકે, ઢાળવા માગે તેમ ઢાળી શકે.

શિષ્ય અંદરથી ઢીલ મૂકે એ વિનય. લાકડા જેવી અક્કડતા નહિ, રબર જેવી લવચીકતા.

વિનીત : ગુરુ જેમ દોરે તેમ દોરાય.

ગુરુની ઈચ્છા-આશય-અપેક્ષાને વગર કહ્યે સમજી જાય - ગુરુના હૃદયના તાર અને શિષ્યના હૃદયના તાર એક સૂરે વાગે - એવા શિષ્ય પર વરસે ગુરુની કૃપા.

ગુર- ઊંચા અવાજે બોલે ? હા, બોલે. અને ત્યારે વિનીત શિષ્ય રાજી થાય : ગુરુજી મને વઢ્યા, મને પોતાનો ગણ્યો, મને બચાવ્યો...

શ્રી ઉમાસ્વાતિ મહારાજ કહે છે : ગુરુના ઠપકાના વેણ તો મલયાચલના ચંદનની સુવાસ લઈને આવતા શીતળ પવન જેવા છે - શિષ્ય અહિતના તાપને શમાવશે.

શિષ્યના અહંનો નાશ કરવા ગુરુ ગમે તે કરી શકે.

❑

ગુણવંતા-ગરવા-ગંભીર ગુરુવર્યોને વંદના!
સુવિનીત-સુપાત્ર શિષ્યોને અનુવંદના!

❑❑❑

પાર્શ્વચંદ્રગચ્છનો ઉપાશ્રય,
બોળપીપળા,
ખંભાત - ૩૮૮૬૨૦

## ❁ અમરતવાણી

એક સૂફી ગામના ચોરે બેઠો હતો. આખા દિવસ દરમ્યાન અનેક મુસાફરો તેની પાસે આવ્યા અને માણસ જાત વિશે, જીવન વિશે, સૂફી સંપ્રદાય વિશે, સૂફીઓ વિશે એમ જાતજાતના સવાલો પૂછયા પણ સૂફીએ કશો જવાબ ન આપ્યો, ફક્ત સહુને નમસ્કાર કર્યા. સાંજ પડતાં એક ગરીબ માણસ એક મોટો ભારો ઊંચકીને ત્યાં આવ્યો, અને એ પાસેના ગામમાં જવાનો રસ્તો પૂછવા લાગ્યો. ત્યારે સૂફી તુરત ઊઠયો અને એનો ભારો પોતાના માથે ઊંચકી લીધો અને સાચા રસ્તા પર થોડે દૂર સુધી મૂકી પાછો ચોરે આવી બેઠો. એક જુવાન સુફીને દિનભરથી જોઈ રહ્યો હતો. તેણે પૂછયું : 'કેટલા લોકો તમને પૂછવા આવ્યા અને તમે જવાબ જ ન આપ્યો અને આ માણસને મૂકવા ગયા!' સુફી કહે : આને જ મારી જરૂર હતી. બીજા તો બૌદ્ધિક વિલાસ માટે પૂછતા હતા!

## ❁ અમરતવાણી

એક અનુભવ વૃદ્ધ સાધુ એક નાનકડા ગામમાં આવી પહોંચ્યા. સાધુની વિદાય સમયે એક જિજ્ઞાસુએ પૂછયું : 'જીવનમાં કાયમ આનંદમાં રહી શકાય તે માટે શું કરવું?' સાધુ કહે : 'પહેલી વાત તો એ કે જ્યાં પણ રહો, તમારી જાતને અનિવાર્ય બનાવી દો. આ માટે ખૂબ કામ કરો અને કોઈના પર બોજો ન બનો. બીજી વાત તમારી જાતને પૂર્ણ નીરોગી - સ્વસ્થ રાખો. તમારું પોતાનું કામ કરવા અને બીજાને મદદરૂપ થવા માટે પણ તંદુરસ્ત હોવું આવશ્યક છે. તમારી આત્મનિર્ભરતા પ્રસન્નતાનો પાયો બની રહેશે. ત્રીજી વાત આળસને તમારી આસપાસ પણ ફરકવા ન દેશો. પ્રમાદીએ પરોપજીવી બનવું પડે છે. અને ચોથી વાત એક એક પૈસાનો સદુપયોગ કરજો. મોજશોખ, દેખાડા, પાખંડથી દૂર રહેજો. તમને મળેલા પૈસા પ્રભુની ભેટ છે. તેનો સદુપયોગ કરજો.'

# જિનશાસનના ગરવા ગુરુજનો

## પંન્યાશ્રી રત્નકીર્તિ વિજયગણિ

*લેખક પરિચય : આચાર્યશ્રી વિજય શીલચંદ્રસૂરિ જેવા સમર્થ ગુરુની તાલીમ અને શિષ્યત્વને જેમણે ખરા અર્થમાં ચરિતાર્થ કર્યું છે એવા પંન્યાસશ્રી રત્નકીર્તિવિજયગણિ અભ્યાસુ સાધુ ભગવંત છે. તેમણે પંડિત દેવવિમલગણિ રચિત હીરસુંદર મહાકાવ્યનું સંપાદન કર્યું છે. 'કીર્તિત્રયી'ના નામે કાર્ય કરતા ત્રણ મુનિભગવંતોમાંના તેઓ એક છે. તેઓની ત્રિપુટી દ્વારા વર્તમાનકાળે અત્યંત કઠિન એવા સંસ્કૃત સામયિક 'નંદનવનકલ્પતરુ'ના સંપાદનનું દુષ્કર કાર્ય થઈ રહ્યું છે. 'પ્રતિબિંબ' નામે તેમણે ઉપા. ભુવનચંદ્રજીના પદ્યાનુવાદોનું સંકલન કરેલ છે.*

ગુરુ - એક શક્તિશાળી તત્ત્વ! સર્વમાન્ય તત્ત્વ! સન્માન્ય તત્ત્વ! જીવન માટે અનિવાર્ય તત્ત્વ! એક જગ્યાએ સરસ વિધાન કર્યું હતું, સ્પર્શી ગયું - 'વ્યક્તમાં આંગળી ચીંધે ને અવ્યક્તમાં હાથ પકડી ચલાવે તે ગુરુ!' ગુરુનું વચન કાં'તો આંગળી ચીંધણું હોય કાં'તો હાથ ઝાલણું! ગુરુ હાથ ઝાલે પછી જાળવે પણ છે. એ હાથ ઝાલે તે તો માત્ર પ્રતીક જ, હાથના બહાને એ સમગ્ર અસ્તિત્વને - આત્માને ઝાલે છે તે એને જાળવવાની જવાબદારી લે છે.

ઘણો મહિમા થયો છે ગુરુતત્ત્વનો. દરેક ધર્મ-મત-પંથ-સંપ્રદાયે ગુરુતત્ત્વનું મહિમાગાન કર્યું છે. ત્યાં સુધી કે એને પરમાત્માથી પણ આગળ મૂક્યું છે. બહુ પ્રસિદ્ધ દુહો છે, બધા જાણે છે.

ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય;<br>
બલિહારી ગુરુદેવ કી, ગોવિંદ દિઓ બતાય!

ઉપલક દૃષ્ટિએ આમાં ગુરુનું મહિમાગાન સંભળાય પણ જરાક ઉંડા ઉતરીએ તો જણાશે કે ગુરુતત્ત્વના મહિમા સાથે એની ઓળખાણ પણ આપી દીધી છે. કોણ હોય ગુરુ? કેવા હોય ગુરુ? જેની પાસે શિષ્યો હોય તે? જેની પાસે ભક્તો હોય તે? જેની પાસે પુણ્ય હોય તે? જેની પાસે જ્ઞાન હોય તે? સમાજમાં જેની વાહ-વાહ થતી હોય, માન-સન્માન ને પ્રતિષ્ઠા હોય તે? કોણ? બસ, આ 'કોણ?' નો જવાબ આ દુહામાં છે - 'ગોવિંદ દિઓ બતાય!' - જે પરમાત્મ તત્ત્વની - આત્મતત્ત્વની ઓળખ કરાવે તે ગુરુ! વર્ણન નહીં, ઓળખ! માત્ર ભણેલો હોય તે વર્ણન કરે ને જેણે સાધના કરી હોય તે ઓળખ કરાવે. ગુરુકૃત્ય આટલું જ છે એ આપણને આપણી ઓળખાણ કરાવી દે - જાત ભણી વાળી દે. જગત આખું આપણા માટે વ્યક્ત છે પણ આપણી જાત અવ્યક્ત રહી ગઈ છે ને એ ભણી લઈ જવા જે હાથ ઝાલે તે ગુરુ!

ભગવાન મહાવીર યાદ આવે! એ પરમગુરુ છે. નંદીસૂત્ર નામના આગમ ગ્રંથના મંગલાચરણમાં ભગવાન મહાવીરની સ્તવના છે એમાં બે વિશેષણ આવે છે - જગગુરુ અને ગુરુ લોગાણં! જગદ્‌ગુરુ અને લોકના ગુરુ! એટલે મહાવીર પણ ગુરુ જ છે! એમના સાધનાકાળની વાત છે. સાધુપણું અંગીકાર કર્યા પછી એ ક્યાંય એક સ્થળે બંધાઈને રહ્યા નથી. સાધુ તો ચલતા ભલા-ના ન્યાયે સતત વિચરણ કર્યું છે. બધા જ સ્થળેથી પસાર થવાનું આવે. ગામ, નગર, પર્વત, જંગલો - બધેથી. એક વખત આ રીતે જ વિચરતા-વિચરતા ભગવાન એક ગામમાં થઈને જંગલ ભણી ચાલ્યા. ગામ લોકોએ એમને જંગલમાં જતા જોયા ને મૂંઝાયા. એ જંગલમાં એક ભયાનક દૃષ્ટિવિષ સર્પ રહે છે. એ ચંડકૌશિક નામે ઓળખાય છે. આજ સુધીમાં કોઈપણ આ જંગલમાં જનારો જીવતો પાછો નથી આવ્યો. કોઈ મનુષ્ય કે કોઈ પ્રાણીને એણે જીવતા નથી છોડ્યા. ને આ મહાત્મા ત્યાં જાય તો તેમનું શું થાય? ગામ લોકો દોડીને મહાવીર સ્વામી સામે ગયા. વિનંતી કરી કે આપનો માર્ગ બદલો, આ રસ્તે ભય છે - જીવનું જોખમ છે. પણ આ તો મહાવીર! એ રસ્તો બદલે નહીં, બદલાવે. ભટકી ગયેલાને રસ્તે લાવે! અને એ માટે તો એ આવ્યા હતા! એમણે માત્ર સ્મિત કર્યું ને આગળ ચાલ્યા. મધ્ય જંગલમાં પહોંચ્યા. મનુષ્યનો પગરવ થયો ને એની ગંધ આવી ને સર્પ સળવળ્યો. ઘણાં વખતથી કોઈ આવ્યું ન હતું. કોઈએ હિંમત નો'તી કરી. આજે માણસ ક્યાંથી? - ને એ બહાર નીકળ્યો. જોયું - એક સૌમ્ય, શાંત, તેજસ્વી, પ્રસન્ન, તપોમય મૂર્તિ! પણ જ્યાં સુધી અંદર અહંકાર કે અજ્ઞાન છે ત્યાં સુધી પોતાનેય ન ઓળખી શકાય તો સામાને/બીજાને તો શી રીતે ઓળખે? એનો અહંકાર છંછેડાયો. થયું કે હમણાં જ આને દેખાડી દઉં! ને પોતાની ઉગ્ર દૃષ્ટિ તેમના તરફ કરી. પણ... એ જ પ્રસન્ન મુદ્રા. એ વધુ છંછેડાયો. અહંકાર નિષ્ફળતામાં પરાજય જુએ છે ને સત્ત્વ નિષ્ફળતાને પરીક્ષા ગણે. નિષ્ફળતામાં અહંકાર

છંછેડાય છે ને સત્ત્વ નિખરે છે. પેલો છંછેડાયો. એણે સૂરજ સામે દૃષ્ટિ કરી. એની દૃષ્ટિ વિષમય બની ગઈ. એને એના વિષ પર ભરોસો હતો. ને એ વિષમય દૃષ્ટિ ભગવાન પર ફેંકી. પણ આ શસ્ત્ર પણ નિષ્ફળ ગયું. ક્રોધના વિષ કરતા કરૂણાનું અમૃત વધુ બળવાન પુરવાર થયું. એને જાત પરનો કાબૂ ગુમાવ્યો. હવે તો અંતિમ શસ્ત્ર જ ઉપયોગમાં લેવું પડશે - ડંખ. કદાચ આજ સુધી એની જરૂર નહોતી પડી. એ પાછો હઠ્યો. જોશભેર આવ્યો ને ભગવાનના પગે જોરથી દંશ આપ્યો. ને તરત જ પાછો ખસ્યો - રખે ને મારા પર પડે તો? મારનાર મૃત્યુથી હંમેશા ડરતો હોય છે અભયનો ઉપાસક જ મૃત્યુના ભયથી પર હોય છે. મહાવીર નિર્ભય હતા, ચંડકૌશિક ભયભીત! એ પાછો હઠ્યો, પણ મહાવીર સ્થિર - શાંત ઊભા હતા. ચંડકૌશિકનું આશ્ચર્ય બેવડાયું. એની દૃષ્ટિ પગ પર પડી. ત્યાં સફેદ દૂધની ધાર જોઈ. એ દૂધ ન હતું, લોહી જ હતું. પણ કરૂણાની પરાકાષ્ઠાએ શરીરમાં થયેલો આ ફેરફાર હતો. એમના લોહી-માંસ બધું દૂધ જેવું ઉજ્જવળ થઈ જાય. માઁનું વ્હાલ દૂધ બનીને નથી વહેતું? તેની જેમજ! દૂધ જેવી સફેદ ધાર જોઈને ચંડકૌશિક વિચારે ચડ્યો. કોણ હશે આ? કેવા છે? હું કોઈ તરફ નજર કરું એ તો દૂરની વાત પણ મને જોઈને જ ઘણાં છળીને મરી જાય છે ને આ? મારા દંશનીયે કશી અસર નથી! મારી દૃષ્ટિનું ઝેર પણ કશું ન કરી શક્યું? મંથન જાગ્યું... મન શાંત થયું ને મહાવીરની શાંત-પ્રસન્ન મુદ્રાએ વશ કર્યો!

મહાવીરે અવસર જોયો ને શબ્દો વહાવ્યા - બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા!

જાણે અમૃતની ધાર થઈ! ને - शान्ते मनसि ज्योतिः प्रकाशते शान्तमात्मनः सहजम्। भस्मीभवत्यविद्या मोहध्वान्तं विलयमेति!

થોડાક જુદા સંદર્ભે લખાયેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીમહારાજના શબ્દો અહીં સાચા પડતા અનુભવાયા.

– મન શાંત થયું હતું. ભગવાનના શબ્દોનું અમૃત ઝર્યું ને જ્યોતિ પ્રકાશી! અવિદ્યા-અજ્ઞાન-મોહના પડળ ભેદાયા. ભીડાયેલા હાર ઉઘડવા લાગ્યા. 'ચંડકૌશિક' શબ્દે એની સ્મૃતિને ઢંઢોળી. ને પોતાની પામરતાઓ નજર સામે તરવરવા લાગી! 'અહોહો... ક્યાં એક વખતનો હું તપસ્વી સાધુ ને ક્યાં આજનો હું? હું મારા પોતાનાથી - સ્વથી કેટલો દૂર નીકળી આવ્યો?' હચમચી ગયું અંતર પોતાની સ્થિતિથી! જાતથી વિખૂટો પડી ગયેલો પાછો પોતાની જાત ભણી વળ્યો. આ જ ગુરુકૃત્ય ને? સ્વને - આત્માને ઓળખાવી આપે - 'ગોવિંદ દિયો બતાય!' જિનશાસન કહે છે - अप्पा सो परमप्पा - દરેક આત્મા પરમાત્મસ્વરૂપ છે. ગુરુ ભૂલ ન દેખાડે સત્યનો બોધ કરાવે. પછી એને પાછા વળવાનું કહેવું ન પડે. ભૂલો પડેલાને ઘરના રસ્તાની ખબર પડે પછી એ ખોટા રસ્તે એક ડગલુંય આગળ ન જ માંડે. ચંડકૌશિકે મનોમન પ્રતિજ્ઞા કરી - 'મોઢું દરમાં જ રાખવું, શરીર બહાર, અન્ન-જળનો ત્યાગ અને શાંત રહેવું!'

કાર્ય સંપન્ન થઈ ગયું હતું. મહાવીર જે માટે આવ્યા હતા તે સફળ થયું હતું. પણ એ ચાલ્યા ન ગયા. વિચાર્યું - 'હમણાં જ સમજણનાં દ્વાર ઉઘડ્યાં છે, હમણાં જ પ્રકાશનું કિરણ અંતરને સ્પર્શ્યું છે, વળી ભીષ્મ પ્રતિજ્ઞા કરી છે. આત્મા નિમિત્તને આધીન છે. ક્યાંક નિમિત્ત મળે ને પાછું અંધકારના ગર્તમાં ધકેલાઇ જાય, ઉઘડેલા દરવાજા ભીડાઈ જાય, પ્રકાશ વિલાઈ જાય તો? માટે મારે અહીંયા જ રહેવું.' - ને મહાવીર, ચંડકૌશિક જે વૃક્ષની બખોલમાં મોઢું છૂપાવીને રહ્યો ત્યાં જ ધ્યાન મુદ્રામાં ઊભા રહ્યા. હમણાં ઉપર જ એક વિધાન ટાંક્યું હતું - 'અવ્યક્તમાં હાથ પકડી ચલાવે તે ગુરુ!' - મહાવીરે એનો સાથ ન છોડ્યો. એની જાતભણીની યાત્રામાં સાથે રહ્યા! પરમગુરુ હતા ને!

મહાવીર પાછા ન વળ્યા ને ગામ લોકોને શંકા થઈ કે શું થયું હશે? સાવધાનીપૂર્વક જોવા ગયા, જોયું તો મહાવીર ધ્યાન અવસ્થામાં ઊભા છે ને સાપ શાંત પડ્યો છે.

લોકોને આશ્ચર્ય અને અહોભાવ બન્ને થયા. વાત ફેલાઈ ગઈ. લોકો ટોળે વળીને આવ્યા. સર્પનો ભય નીકળી ગયો. સર્પપૂજા એ કદાચ આપણે ત્યાં સદીઓનો ઈતિહાસ છે. લોકો શાંત થયેલા ચંડકૌશિકની પૂજા કરવા લાગ્યા. ઘી-દૂધ-કંકુ-ચોખા વગેરે લગાડ્યા. જંગલ હોવાથી ઘી વગેરેની ગંધથી કીડિઓ આવી ને ચંડકૌશિકના શરીર પર ચડી. તેના શરીર પર ડંખ દે છે. સાપ શાંત પડ્યો છે પોતાના અધમ કૃત્યોનું સ્મરણ કરતો - કરતો. વેદના છતાં હલતો નથી. ૧૫ દિવસે એનું જીવન સમાપ્ત થયું ને એ મરીને દેવગતિ પામ્યો. પછી જ મહાવીર ત્યાંથી નીકળ્યા.

ગુરુ એ વ્યક્તિનું નામ નથી એ ચેતનાનું નામ છે. વ્યક્તિ પ્રભાવિત કરી શકે પણ પ્રકાશિત તો ચેતના જ કરી શકે. જિનશાસનમાં એક અદ્‌ભુત ગૌરવશાળી ગુરુપરંપરા થઈ. એને વ્યક્તિની પરંપરા કહેવાને બદલે અથવા વ્યક્તિની પરંપરા તરીકે ઓળખાવાને બદલે ચેતનાની પરંપરા તરીકે ઓળખવી ઉચિત ગણાશે. એમ લાગે કે ભગવાન મહાવીરમાં ઉઘડેલી એ ચેતનાનું જ સંક્રમણ પેઢી દર પેઢી થતું રહ્યું ને

એનાથી ગૌરવવંતા ગુરુઓ આપણને સાંપડ્યા.

એક મજાની વાત! ભગવાન મહાવીરના ગણધરો અગિયાર પણ ગૌતમ સ્વામી અને સુધર્મા સ્વામી સિવાય બધા જ ભગવાનની હયાતીમાં જ નિર્વાણ પામ્યા. ગૌતમ સ્વામી પણ ભગવાન પછી થોડાંક વર્ષે નિર્વાણ પામ્યા. એટલે ભગવાનની પાટે સુધર્માસ્વામી આવ્યા. તેમની પાટે (ગાદીએ) જંબૂસ્વામી આવ્યા. જંબૂસ્વામીની પાટે પ્રભવસ્વામી આવ્યા. સમગ્ર શાસનના યોગ-ક્ષેમની જવાબદારી પાટે આવેલા ગુરુજનની ગણાય! દરેક ગુરુ યોગ્ય ઉત્તરાધિકારીને પાટ સોંપે. સમય થયો ને પ્રભસ્વામીને પણ યોગ્ય ઉત્તરાધિકારીનો વિચાર આવ્યો. કોને સોંપાય આ પાટ? આ માત્ર કોઈ સંસ્થાની વ્યવસ્થાનું આદાન-પ્રદાન ન હતું. અહીં તો ધર્મસંઘ હતો ને એના યોગ-ક્ષેમ ને આત્મહિતના રક્ષણની જવાબદારી લેવાની હતી. આ વ્યક્તિના સંચાલન માત્રની જવાબદારી ન હતી પણ એના સ્વના ઘડતર ને ઉઘાડની જવાબદારી હતી. ને એ માટે ગુરુતત્ત્વરૂપે ચેતનાનું સંક્રમણ કરવાનું હતું. માત્ર પાટ નહોતી સોંપવાની પણ ચેતના સોંપવાની હતી. એકલું જ્ઞાન, એકલું તપ, એકલું વૈરાગ્ય, એકલી ક્રિયા જ નથી જોવાતી. એવા તો ઘણાં હતા પણ એ ચેતનાને ઝીલી શકે, ધારી શકે ને વળી પચાવી શકે તેવી સુપાત્ર વ્યક્તિ જોઈએ! એવી વ્યક્તિ કોણ? - આ પ્રભવસ્વામીના મનનો પ્રશ્ન હતો. એમણે પોતાના શ્રમણસંઘ - સાધુસમુદાયમાં નજર કરી, મન ક્યાંય ન ઠર્યું. શ્રાવકસમુદાયમાં દૃષ્ટિ કરી પણ ત્યાંય એવી સુપાત્ર વ્યક્તિ ન જડી! હવે? જૈન સંઘમાં કોઈ એવી વ્યક્તિ ન મળી એટલે ગુરુભગવંતે જૈનેતર દર્શન તરફ દૃષ્ટિ કરી. આ દૃષ્ટિકોણ જ જિનશાસનને સર્વોપરિ સાબિત કરે છે. આ માત્ર પુણ્યની શોધ ન હતી, સત્ત્વની શોધ હતી. આ જ સાચી ઓળખાણ છે જિનશાસનની!

ગુરુ ભગવંતની દૃષ્ટિ ફરતા-ફરતા સ્થિર થઈ રાજગૃહી નગરીના શય્યંભવ ભટ્ટ નામના બ્રાહ્મણ ઉપર. શાસનની ધુરા સંભાળવાની પાત્રતા એમનામાં દેખાઈ. બે સાધુઓને તૈયાર કરીને ત્યાં મોકલ્યા ત્યાં શય્યંભવ ભટ્ટ યજ્ઞ કરાવી રહ્યા હતા. યજ્ઞમંડપ પાસે જઈને ગુરુભગવંતના શીખવાડ્યા મુજબ બન્ને મુનિ ભગવંતો બોલ્યા - अहो कष्टं अहो कष्टं, तत्त्वं न ज्ञायते परम्। - અરેરે... અજ્ઞાન કષ્ટમાં જ બધા રાચે છે. સાચું તત્ત્વ શું છે તેની કોઈને કશી ખબર નથી. બસ આટલું જ! ને મુનિવરો ચાલ્યા ગયા. શય્યંભવના કાને મુનિઓના વાક્યો પડ્યા ને હલચલ મચી ગઈ! - 'તત્ત્વ કોઈ જાણતું નથી? શું છે તત્ત્વ? પોતાના ઉપાધ્યાયને પૂછ્યું કે તત્ત્વ શું છે? આ સાધુઓ જે કહે છે તે સાચું કે આપણે જે હિંસામય અનુષ્ઠાનો કરીએ છીએ તે સાચું?' ગુરુએ જવાબમાં ટાળમટોળા કર્યા. પણ શય્યંભવ ભટ્ટને સંતોષ ન થયો. 'જૈન મુનિઓ કદી અસત્ય ન કહે ને તમે આમ કહો છો?' તેમણે ઉપાધ્યાયને ધમકાવ્યા ને કહ્યું - 'જે સત્ય હોય તે જણાવો' ગુરુ ભયભીત થયા. કહ્યું - ભાઈ! આકરો ના થા. કહું છું, 'જો, ધર્મતત્ત્વ તો અહિંસા સંયમ અને તપ જ છે. તે મુનિઓની વાત સાચી છે ચાલ તને સત્ય દેખાડું!' આમ કહી ઉપાધ્યાયે યજ્ઞસ્તંભની નીચે રહેલી શાંતિનાથ પરમાત્માની પ્રતિમા બહાર કાઢીને દેખાડી - 'આ વીતરાગ છે અને વીતરાગે દેખાડેલું તત્ત્વ જ સત્ય છે. પૂર્વે આદિનાથ નામના તીર્થંકર થયા. તીર્થંકરની વાણી જ વેદ ગણાતી. તે સમયે પણ - અહિંસા પરમો ધર્મ - એ જ માન્યતા હતી. પછી ઘણાં પરિવર્તનો આવ્યા. એક કાળ એવો આવ્યો કે સત્યધર્મના ઉપદેશકો ન રહ્યા ને છેલ્લે ૧૬મા તીર્થંકર શાંતિનાથ - કે જેમની આ મૂર્તિ છે, તેમના પછી વેદોમાં હિંસા એ ધર્મ મનાવા લાગી. પછી તો ૨૦મા તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના સમયે પશુહિંસાવાળા યજ્ઞો વધ્યા. ભગવાન મહાવીર થયા ત્યાં સુધીમાં તો એ હિંસા પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. પણ ભગવાન મહાવીરે આ હિંસા સામે દૃઢતાથી અવાજ ઉઠાવ્યો ને હિંસાથી કંટાળેલા લોકો અને રાજમત તેમના પક્ષે ભળ્યા. ભગવાન બુધ્ધે પણ એ વાતમાં સૂર પૂરાવ્યો. એટલે બ્રાહ્મણોનું જોર ઘટ્યું. ભગવાન મહાવીરે પહેલા જ ધડાકે ૧૪૪૪ બ્રાહ્મણોને દીક્ષા આપીને મોટી ક્રાંતિ કરી. એનાથી યજ્ઞધર્મ ને જબરજસ્ત ફટકો પડ્યો. હવે તો સાપ ગયા ને લીસોટા રહ્યા જેવો ઘાટ છે. એટલે મુનિઓની વાત સાચી છે. હવે તને જેમ ઠીક લાગે તેમ કર!'

શય્યંભવ ભટ્ટને થયું કે સત્યના જ પંથે મારે પણ ચાલવું જ જોઈએ. ને ત્યાંથી સીધા નગર બહાર ઉદ્યાનમાં ગયા જ્યાં સાધુઓ ઉતર્યા હતા. ત્યાંના પ્રસન્ન ને પ્રફુલ્લિત વાતાવરણને જોઈને શય્યંભવના હૃદયમાં અજબ શાંતિની અનુભૂતિ થઈ. બધા જ શ્રમણો સ્વમાં લીન હતા. કોઈ સ્વાધ્યાય - કોઈ ધ્યાન - કોઈ ક્રિયા - કોઈ ભક્તિ કરી રહ્યા હતા. પોતે પ્રભવ-સ્વામીની પાસે પહોંચ્યા. ગુરુભગવંતે આવકાર આપ્યો - 'આવ્યા ભાઈ!? જે શાંતિની શોધ તમે કરી રહ્યા છો તે તમને અહીં મળશે.' - ગુરુ ભગવંત પાસે સત્યતત્ત્વ - ધર્મતત્ત્વ સમજ્યા અને જાત એમના ચરણે સમર્પિત કરી દીધી! વિદ્વાન તો હતા જ. ટૂંક સમયમાં જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરીને શ્રુતકેવલી થયા. અને ગુરુભગવંતે તેમને આચાર્યપદ આપીને પોતાની પાટે સ્થાપિત કર્યા.

જિનશાસનની ગુરુપરંપરા આજ સુધી અખંડ ને અવિચ્છિન્ન પ્રવર્તે છે તેનું રહસ્ય ઉપરોક્ત ઘટનામાં છે. અહીં વ્યક્તિની માત્ર બાહ્ય ક્ષમતા નહીં પણ આંતરિક સત્ત્વની કસોટી કરવામાં આવે છે. સત્ત્વ પરખવામાં આવે છે. શ્રી શય્યંભવ સૂરિ મહારાજની પાટે આવેલા શ્રીયશોભદ્રસૂરિ મ. પાસે ભદ્રબાહુ અન વરાહમિહિર - બન્ને ભાઈઓએ દીક્ષા લીધી હતી. બન્ને મેધાવી ને વિદ્વાન. પણ ભદ્રબાહુ વધુ ગંભીર, ધીર વગેરે ગુણોવાળા હતા. એટલે તેમને યોગ્ય જાણી ગુરુભગવંતે આચાર્યપદ આપ્યું. વરાહમિહિરને ન આપ્યું. ગુરુમહારાજના સ્વર્ગગમન પછી વરાહમિહિરને થયું કે ભદ્રબાહુ તો મારા ભાઈ છે તે મને જરૂર આચાર્યપદ આપશે. તેમણે તેમની પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે ભદ્રબાહ સ્વામીએ કહ્યું કે - 'ભાઈ! તમે વિદ્વાન પણ છો ને ક્રિયાપાત્ર પણ છો. પણ તમે અહંકારી છો ને અહંકારીને આચાર્યપદ જેવું મહાન પદ ને એની જવાબદારી સોંપા નથી કહેવાતી આશય એટલો જ કે આટલા ઉંચા ધારાધોરણ જે પરંપરામાં જળવાયા હોય તે અખંડ પ્રવર્તે જ! અને એમાં કેવા-કેવા ગૌરવવંતા મહાપુરૂષો થયા છે તે સાંભળીએ તો અહોભાવથી હૈયું છલકાઈ ઊઠે. વૃદ્ધવાદી સૂરિ મહારાજ, સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજ, હરિભદ્રસૂરિ મહારાજ, સિદ્ધર્ષિ ગણિ મહારાજ, વાદીદેવસૂરિ મહારાજ, હેમચંદ્રાચાર્ય મહારાજ, જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ મહારાજ, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, વગેરે... એક નામ લઈએ ને બીજું ભૂલાય તેવા અનેક મહાપુરૂષો.

વૃદ્ધવાદી સૂરિ મહારાજ! જાતે બ્રાહ્મણ નામ મુકુન્દ ભટ્ટ હતું. મોટી ઉંમરે દીક્ષા લીધેલી. ભણેલા નહીં ને ઉંમરને કારણે યાદશક્તિ પણ નબળી. પણ ભણવાની હોંશ ઘણી. નાના સાધુઓને ભણતા જુએ ને થાય કે હુંય ભણું. પણ યાદ રહે નહીં. એટલે જોર-જોરથી ગોખે. આજુ-બાજુનો ખ્યાલ ન રહે. બીજાની ઊંઘમાં ખલેલ પહોંચે. એક વાર એક સાધુ ભગવંતે શાંતિથી સમજાવ્યા કે - 'રાત્રે જોર-જોરથી બોલવાથી બીજાની ઊંઘમાં તો ખલેલ પહોંચે જ પણ સાથે-સાથે હિંસક જીવ-જંતુઓ જાગે ને પછી જે હિંસા કરે તેનો દોષ પણ આપણને લાગે.' પણ વૃદ્ધ અવસ્થા એટલે સમજણ ઝાઝી ટકે નહીં. એકવાર એમજ જોરથી ગોખતા હશે ને પેલા મુનિરાજ અકળાયા... 'આટલું મોટેથી ગોખો છો ને કોઈનું સાંભળતા નથી તો ભણીને શું સાંબેલાને ફૂલ ઉગાડવાના છો?' વૃદ્ધ મુનિને લાગી આવ્યું. ગુરુભગવંત પાસે સરસ્વતી મંત્ર ગ્રહણ કર્યો ને ભરુચના નાળિયેરી પાડાના જિનાલયમાં એની સાધના કરી. ૨૧ દિવસની સાધના પછી સરસ્વતી દેવી પ્રસન્ન થયા ને પ્રગટ થઈને વરદાન આપ્યું. પછી ઉપાશ્રય પધાર્યા. ત્યાં એક જૂનું સાંબેલું પડ્યું હતું તે મંગાવ્યું. બધા જ મુનિવરો એકઠા થયા. મહારાજ સાહેબે વાસચૂર્ણ હાથમાં લઈને શ્લોક બોલ્યા -

अस्मादशा अपि जडा, भारति! त्वत्प्रसाहतः।
भवेयुर्वादिनः प्राज्ञा, मुशलं पुष्प्यतां ततः।।

'હે શારદા! તમારી કૃપાથી અમારા જેવા જડ બુદ્ધિવાળા પણ જો બુદ્ધિમાનવાદી થઈ શકતા હોય તો આ સાંબેલાને પણ ફૂલ ઊગો!' - એ શ્લોક બોલીને વાસક્ષેપ કર્યો ને એ સાથે જ સાંબેલા પર ફૂલો ઉગી નીકળ્યા. બધા જ આશ્ચર્ય ચકિત થઈ ગયા. ત્યારથી એ વૃદ્ધવાદી કહેલાયા. ગુરુભગવંતે એમને આચાર્યપદ આપ્યું.

અજોડવાદી તરીકે ચારેબાજુ એમની નામના થઈ. તે સમયે સિદ્ધસેન - નામનો એક બ્રાહ્મણ પંડિત હતા ને તેમણે પણ ઘણાં વાદીઓને જીત્યા હતા. તેમની પ્રતિજ્ઞા હતી કે 'જેના સવાલનો હું જવાબ ન આપી શકું તેનો શિષ્ય થઈ જાઉં!' એમણે પણ વૃદ્ધવાદી સૂરિ મ.ની ખ્યાતિ સાંભળી હતી એટલે તેમની સાથે વાદ કરવાની ઈચ્છા હતી. એક વાર વૃદ્ધવાદી સૂરિ મ. વિહાર કરતા જઈ રહ્યા હતા ને સિદ્ધસેન પંડિત રસ્તામાં મળ્યા. તેમણે વાદ કરવાની ઈચ્છા જણાવી. આચાર્ય મહારાજે કહ્યું કે 'વાદ રાજસભામાં હોય ત્યાં ચાલો, ત્યાં કરીશું!' પણ પેલા ન માન્યા. ભરવાડોને સાક્ષી રાખીને ત્યાં જ વાદ કર્યો. સર્વજ્ઞ નથી એ વાત તેઓ અસ્ખલિત સંસ્કૃતમાં બોલ્યા. ભરવાડો શું સમજે? વૃદ્ધવાદી સૂરિ મહારાજ અનુભવી હતા. તેમણે સરળ ભાષામાં - ભરવાડો પણ સમજી શકે તેમ - સર્વજ્ઞની સિદ્ધિ કરી. તેમનો જય થયો. સિદ્ધસેને પ્રતિજ્ઞા મુજબ શિષ્ય બનાવવા વિનંતી કરી. આચાર્ય ભગવંતે કહ્યું - 'વાત બરાબર છે પણ આપણે રાજસભામાં વાદ કરીએ પછી વાત!' પછી તો રાજસભામાં પણ સિદ્ધસેન પરાજિત થયા. તેમણે દીક્ષા લીધી. ગુરુભગવંત પાસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ને યોગ્ય સમયે ગુરુ મહારાજે તેમને આચાર્યપદ આપ્યું.

સમય જતા સિદ્ધસેનસૂરિ મહારાજ પોતાની જ્ઞાનશક્તિથી ઘણાં રાજાઓના પ્રતિબોધક બન્યાં. કર્મારનગરના રાજા દેવપાલે તો ભક્તિથી એમને પોતાને ત્યાં જ રાખી લીધા. એ તેમને પરાણે રાજસિંહાસન પર પણ બેસાડતા. એમને આવવા જવા માટે પાલખી વગેરેની વ્યવસ્થા પણ તેમણે કરી આપી. સિદ્ધસેન સૂરિ મ.ના રહેવાથી જૈનધર્મનો ત્યાં ખૂબ પ્રચાર થયો ને મહિમા વધ્યો. એમને દિવાકરનું બિરૂદ પણ તેમણે આપ્યું.


પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

આ બધી હકીકત વૃદ્ધવાદીસૂરિ મ.ને ખબર પડી. ધર્મપ્રભાવનાની વાતથી તેઓ ખુશ થયા પણ સિદ્ધસેનસૂરિ મ. રાજસન્માનના ગર્વમાં પોતાના સાધુ જીવનના આચારોમાં શિથિલ થયા તે વાતનું ઘણું દુઃખ થયું. તેમને પુનઃ માર્ગે લાવવાનો સંકલ્પ કરી પોતાનું રૂપ છુપાવીને વૃદ્ધ થઈ ગુરુ મહારાજ કર્મારપુરમાં આવ્યા.

ફરી, શક્તિનું સન્માન હોય પણ પૂજા તો સત્ત્વની જ હોય! ધર્મ પ્રભાવના કરવી ઉત્તમ બાબત છે પણ એ કરતા જો આત્મહિત જોખમાઈ જતું હોય કે હિતની ઉપેક્ષા થતી હોય તો એવી ધર્મપ્રભાવનાનું મૂલ્ય રહેતું નથી. આવતીકાલે જેને પાટ સોંપવાની છે - જેણે ધુરા સંભાળવાની છે તેની નાનકડી પણ સ્ખલના સમગ્ર શાસનને પ્રભાવિત કરે - બધાયનું અહિત કરે - આ વિચારે વૃદ્ધવાદી સૂરિ મ. કર્મારનગર આવ્યા ને તે પણ એકલાક પોતાનું રૂપ છુપાવીને.

સિદ્ધસેન દિવાકર સૂરિ મ. પાલખીમાં બેસીને રાજદરબારે જઈ રહ્યા છે. રસ્તામાં એ વૃદ્ધે પાલખી ઉભી રખાવી - 'સાહેબ! આપ મોટા વિદ્વાન છો. જરાક મને એક શ્લોકનો અર્થ બેસાડી આપો!' શ્લોક ન સમજાવાથી ખોટો ઉત્તર આપ્યો. વૃદ્ધને સંતોષ ન થયો. અકળાઈને કહ્યું તો તમે જ અર્થ કહો. એટલે વૃદ્ધે તે ગાથાનો અર્થ સમજાવ્યો. સાંભળીને આચાર્ય ચમક્યા. આવી પ્રજ્ઞા તો મારા ગુરુ સિવાય સંભવે નહીં. ધ્યાનથી જોયું ગુરુ મ. ને ઓળખ્યા. પાલખીમાંથી ઉતરીને પગે પડ્યા. માફી માગી, ગુરુ ભગવંતે કહ્યું - 'વત્સ! આમાં તારો દોષ નથી. કાળ જ એવો છે તારા જેવો પણ જો જ્ઞાન ન પચાવી શકે તો બીજા અલ્પ સત્ત્વવાળા જીવોની શી વાત કરવી!' સિદ્ધસેન દિવાકરસૂરિ મ.ને પશ્ચાતાપ થયો. પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થયા. તેમણે ન્યાયાવતાર - સમ્મતિતર્ક - દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા જેવા અદ્‌ભુત ગ્રંથો આપ્યા છે જેનાથી તેઓ આજે પણ અમર છે.

આંતરિક ભૂમિકા કેટલી ઉન્નત ને વિશુદ્ધ બનાવવી પડે છે ત્યારે ગુરુપદની લાયકાત આવે છે - આ વાત અહીં સમજાય છે શક્તિ હોય, પુણ્ય હોય પણ સત્ત્વ જરાક પણ નબળું પડે કે નબળું હોય તો એ શક્તિ કે એ પુણ્ય ધર્મ પ્રભાવનાના રૂડા નામે પતન તરફ ધકેલી દે છે. અહીં પતન એટલે આત્માનું અહિત સમજવાનું છે. બહારથી કદાચ ન દેખાય પણ આંતરિક રીતે પણ જો આત્માનું અહિત થાય તો તે પતન જ ગણાય!

'નમુત્થુણં' સૂત્રમાં પરમાત્માના બે વિશેષણ આપ્યા છે. 'बुद्धाणं बोहयाणं' (પરમાત્માને પરમગુરુ જ ગણવાના છે) - 'જેનો બોધ સતત જાગૃત હોય ને જે બીજાને પણ બોધ આપતા હોય' - આ તેનો અર્થ છે. પોતાનો દીવો તો એ પ્રજળતો રાખે પણ બીજાની વાટ પણ સંકોરતા રહે. અહીં વૃદ્ધવાદી સૂરિ મ. અને સિદ્ધસેન દિવાકરસૂરિ મ.ના સંબંધમાં આ વિશેષણ સરસ ઉજાગર થાય છે. આવી યશોજ્જવલ પરંપરા પાછળ ગુરુજનોની આ જાગૃતિનો બહુ મોટો ફાળો છે. એ વિના ધર્મશાસનનું પ્રવર્તન કઈ રીતે શક્ય બને.

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે જ્ઞાનસારમાં સરસ વાત કરી છે. ગુરુની આવશ્યકતા ક્યાં સુધી?

गुरूत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता।

आत्मतत्त्वप्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः।।

જ્ઞાન પ્રાપ્ત થાય, શિષ્યો ને ભક્તો મળી જાય, પ્રવચન કરતા આવડી જાય, સમાજમાં માન-મોભો મળી જાય, વાહ-વાહ થવા લાગે - ટૂંકમાં, આવી ભૌતિક ઉપલબ્ધિ હાંસલ થાય પછી ગુરુની આવશ્યકતા ખરી? અથવા તો આટલું કે આવું ઉપલબ્ધ થઈ જાય પછી ગુરુની આવશ્યકતા પૂરી થઈ જાય? ઉપરોક્ત શ્લોકમાં આવી કાંઈ ઉપલબ્ધિનો ઉલ્લેખ તો દૂર, ઈશારો પણ નથી કર્યો. બહુ ગહન-ગંભીર રહસ્ય ખોલી આપ્યું છે. આવી ઉપલબ્ધિથી કોઈને પ્રચારક કે વધીને પ્રભાવક (આજના સંદર્ભમાં પ્રભાવક - એટલે લોકો જેનાથી અંજાઈ જાય તે) કહી શકાય. પણ ગુરુ? એ તો અસામાન્ય તત્ત્વ છે. એને બાહ્ય ઉપલબ્ધિઓ મળ્યે ઝાઝી નિસ્બત નથી. એ આંતરિક ભૂમિકામાં પ્રગટ થતું તત્ત્વ છે. એ પ્રગટ થાય તો જ આ બાહ્ય ઉપલબ્ધિઓ ઉપકારક બને, નહીં તો આત્મ અહિતનું ભયસ્થાન ઊભું રહે. એટલે જ આ શ્લોકમાં કહ્યું કે - 'શિક્ષા આત્મસાત્ ન બને અર્થાત્ શિક્ષણ/જ્ઞાન એ જીવન/આચાર ન બને અને તેના થકી આત્મતત્ત્વની ઉપલબ્ધિ ન થાય - આત્મતત્ત્વની અનુભૂતિ ન થાય અને એ સ્વરૂપ ગુરુતત્ત્વ પોતાના અંતરમાં ઉજાગર ન થાય ત્યાં સુધી ઉત્તમ ગુરુ સેવવા જોઈએ!' શિક્ષા આત્મસાત્ થાય - જીવન બને તે એ દ્વારા આત્મ ઉપલબ્ધિ થાય - આત્મબોધ જાગૃત થાય અને એ રીતે અંદર ગુરુતા પ્રકારો ત્યારે ગુરુકૃત્ય સમાપ્ત થાય! જેનો આત્મબોધ જાગૃત હોય તેને પતનનો ભય નથી. શક્તિનો/સામર્થ્યનો બોધ અહંકાર પેદા કરીને પતન નોતરી આપી શકે. એટલે ઝળહળતો આત્મબોધ ન થાય ત્યાં સુધી કોઈ ઉપલબ્ધિથી સંતુષ્ટ થઈ ન જવાય, ગુરુની આંગળી છોડી ન દેવાય - છોડી ન શકાય!

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ! સ્વનામ ધન્ય મહાપુરૂષ! મુળે બ્રાહ્મણ! ચિત્તોડના રહેવાસી, જ્ઞાન અજોડ! પ્રતિભા અદ્‌ભુત! પણ એ ક જ - ज्ञान हो और अहंकार न हो, यह संभव नहीं - આ ઉક્તિ એમને ય લાગુ પડે. જૈન દ્વેષ

ભારોભાર, એટલે સુધી કે - हस्तिना ताड्यमानोऽपि, न गच्छेज्जैनमन्दिरम् - હાથીના પગ નીચે કચડાઈ મરવું કબૂલ પણ જૈન મંદિરમાં આશ્રય ન લેવું. બીજી એક પ્રતિજ્ઞા કે - 'મને ન સમજાય એવી વાત કોઈ કરે ને એ મને સમજાવે તો એના શિષ્ય થઈ જવું.' એમના જીવન પરિવર્તનમાં આ પ્રતિજ્ઞાનો મહત્ત્વનો ફાળો. એક દિવસ રાતના સમયે રાજદરબારથી પાછા ફરી રહ્યા છે ને રસ્તામાં આવતા તેમના કાને મધુર ધ્વનિ આવ્યો. કોઈક શાસ્ત્રનો સ્વાધ્યાય ચાલી રહ્યો હતો. ને તેનો આ ઘોષ હતો. બાજુમાં જ સાધ્વીજીનો ઉપાશ્રય હતો. તેમાંથી આ ઘોષ આવતો હતો. કાને પડેલા શબ્દોને સમજવાની મથામણ ચાલુ થઈ. સાધ્વીજી ભગવંત ગાથા બોલતા હતા :

चक्किदुगं हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की।
केसव चक्की केसव, दुचक्की केसव चक्की य।।

ઘણી મથામણ કરી પણ કશું પલ્લે ન પડ્યું. ઘણી વાર રસ્તા પર જ ઊભા રહ્યા પણ, વ્યર્થ! પ્રતિજ્ઞા યાદ આવી. જિજ્ઞાસા એવી કે દાબી દબાય નહીં! સમજવું તો છે જ. ચડી ગયા ઉપાશ્રયે. જોયું તો એક વૃદ્ધ સાધ્વીજી સ્વાધ્યાય કરી રહ્યા હતા. તેમને તેમણે પૂછ્યું - 'હે માતા! આ ચક ચક જેવું વારંવાર શું બોલી રહ્યા છો? હું સમજી શકતો નથી, માટે તમે મને કૃપા કરી સમજાવો.' સાધ્વીજી ભગવંતે કહ્યું કે - 'હે વત્સ! અધ્યયનનો અમારો અધિકાર છે પણ વિવેચનનો નથી. તે માટે તમારે અમારા આચાર્ય ભગવંત પાસે જવું પડશે.' બીજે દિવસે સવારે આચાર્ય જિનભટ્ટ સૂરિ મ. પાસે હરિભદ્ર પુરોહિત ગયા. પોતાની પ્રતિજ્ઞાની વાત કરી ને પેલી ગાથાનો અર્થ સમજાવવાની વિનંતી કરી. આચાર્ય ભગવંતે સમજાવ્યું કે 'જૈનાગમોના રહસ્ય સુધી પહોંચવા માટે જૈની દીક્ષા અંગીકાર કરીને તપ આદિ સાધના દ્વારા આગમ-અધ્યયનનો અધિકાર મેળવવો પડે. ત્યાર પછી જ એના રહસ્યને જાણી-પામી શકાય.' જ્ઞાનની ભૂખ સંતોષવા ને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે એમણે પોતાનું જીવન ગુરુચરણે સમર્પિત કરી દીધું. હરિભદ્ર પુરોહિતમાંથી મુનિ થઈ ગયા. ધીમે-ધીમે સર્વ શાસ્ત્રોના રહસ્યોના પારગામી થયા અને ગુરુભગવંતે યોગ્ય જાણીને તેમને આચાર્યપદ આપ્યું - પોતાના પદે સ્થાપ્યા.

તેમને બે શિષ્યો - હંસ અને પરમહંસ! સંસારપક્ષે એમના ભાણેજ. બન્ને ભણીને વિદ્વાન થયા, તેમને બૌદ્ધ આગમોના અભ્યાસનો મનોરથ જાગ્યો. ને તે માટે અભ્યાસ કરવા તેમના નગરનાં બૌદ્ધમઠમાં જવાની અનુમતિ ગુરુમહારાજ પાસે માગી! ગુરુમહારાજે નિમિત્ત શાસ્ત્રના બળે ભાવિ અમંગળને જાણીને જવાનો નિષેધ કર્યો.

ગુરુને બાહ્ય લાભાલાભ કરતા આત્મિક હિતાહિતની ચિંતા વિશેષ હોય છે. आज्ञा गुरूणामविचारणीया - ગુરુની આજ્ઞા યથાતથ સ્વીકારવી - એ એટલા માટે જ કહેવાયું છે કે માત્ર બાહ્ય લાભાલાભ જોઈને પ્રવૃત્તિ કરતો હોઉં છું ને ગુરુ આંતરિક ભૂમિકા જોઈને આજ્ઞા કરતા હોય છે. હું બુદ્ધિથી વિચારું છું ને ગુરુ જ્ઞાનથી જુએ છે. મારી પાસે આંખો છે, ગુરુ પાસે દૃષ્ટિ છે. મારી પાસે વિચાર છે, ગુરુ પાસે વિવેક છે. હું આજ જોઉં છું, ગુરુ આવતીકાલ જુએ છે. મારે મન પ્રવૃત્તિનું મહત્ત્વ છે ને ગુરુને મન પરિણામનું મહત્ત્વ છે. અને એટલે જ આજ્ઞા થાય પછી વિચાર કે વિકલ્પ કરવાનો નિષેધ કર્યો છે. આજ્ઞાપાલન એ પ્રવૃત્તિનો પ્રકાર નથી પણ ઉપાસના-સાધનાનો પ્રકાર છે. વિચાર કે વિકલ્પ ઉઠે ત્યાં સુધી આપણે આશ્રિત ગણાઈએ ને વિચાર કે વિકલ્પ શમી જાય પછી શિષ્યત્વ નિખરે છે. શિષ્યત્વને સંબંધ સમર્પણ સાથે છે, આશ્રય સાથે નહીં. આશ્રયે રહેવું એટલે ગુરુની સાથે રહેવું ને સમર્પિત હોવું એટલે ગુરુમાં ઓગળી જવું. બુદ્ધિ ઓગળવામાં બાધક છે એટલે બુદ્ધિનું વિસર્જન એ સમર્પણની પહેલી શરત છે. બુદ્ધિ અહિત તરફ દોરી જાય!

હંસ-પરમહંસ મુનિવરોને હરિભદ્રસૂરિ મહારાજે નિષેધ કર્યો. પણ એ સમજ્યા કે એમનું વાત્સલ્ય ના પડાવે છે. એટલે દલીલ કરી, જિદ્દ કરી. છેવટે ગુરુ ભગવંતે કહ્યું કે તમને ઠીક લાગે તેમ કરો. બન્ને જૈન વેશ ગુપ્ત રાખીને ગયા ને ભણવા લાગ્યા. ભણતા-ભણતા બૌદ્ધ તેમજ જૈન દર્શનની તુલના પણ કરે ને તેની નોંધ કરે. એક વખત જોરથી પવન ફૂંકાયો ને નોંધનાં કાગળિયા ઉડ્યા. ઊડીને બૌદ્ધ આચાર્યના હાથમાં આવ્યા. નોંધ જોઈને તેઓ ચોંક્યા કે નક્કી કોઈ જૈન પ્રચ્છન્ન વેશે ભણે છે. કઈ રીતે જાણવું? અડધી રાત્રે કોઈ વસ્તુ જોરથી પછાડી. અવાજથી બધા ડરીને જાગ્યા. આ બેના મોઢામાંથી શબ્દો નીકળ્યા - 'નમો અરિહંતાણં'! પાકું થઈ ગયું કે આ જૈન છે. પછી જવા-આવવાના રસ્તે જિનમૂર્તિ દોરી કે જેથી તેના પર પગ મૂકીને જવું પડે. બધા પગ મૂકીને ગયા. આ બે જણે તેમાં જનોઈ બનાવીને તેને બુદ્ધમૂર્તિ બનાવી દીધી ને પછી તેના પરથી ગયા. છુપાઈને જોતા આચાર્યને ખાતરી થઈ કે આ જ છે, પકડવા જોઈએ. પેલા બે પણ સમજી ગયા કે હવે ભાગવામાં જ ભલાઈ હતી. દોડ્યા. બૌદ્ધો પાછળ પડ્યા. બન્ને સહસ્ત્રમલ્લ હતા. હંસે પરમહંસને કહ્યું 'તું જલ્દી ગુરુભગવંત પાસે જા. તેમને સમાચાર આપજે. ને ક્ષમા માગજે


પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

કે અમે આપનું કહ્યું ન કરીને અપરાધ કર્યો છે.' હંસ યુદ્ધ કરવા રોકાયા. પરમહંસ કમને ભાગ્યા. પાસેના નગરમાં સૂરપાળ રાજાને ત્યાં ગયા. તે શરણાગતનું રક્ષણ કરતા હતા. તેમણે તેમને આશ્રય આપ્યો. યુદ્ધમાં હંસ મૃત્યુ પામ્યા. બૌદ્ધોએ પરમહંસને મેળવવા ઘણી મથામણ કરી પણ રાજાએ મચક ન આપી. ત્યાં બૌદ્ધો સાથે વાદ પણ થયો. બૌદ્ધો ફાવ્યા નહીં. અવસર પામીને પરમહંસ ત્યાંથી ભાગ્યા. ને ઘણા કષ્ટે ગુરુ પાસે પહોંચ્યા. સમગ્ર વૃત્તાંત કહ્યો. ને તે સાથે જ તેઓ પણ મૃત્યુ પામ્યા. હરિભદ્રસૂરિ મહારાજને ઊંડો આઘાત લાગ્યો. પોતાના શિષ્યોનો ઘાત સહી ન શક્યા. ક્રોધ ભભૂકી ઉઠ્યો. બદલાની આગ ભડકી ઉઠી. મોહ જ્ઞાનને આવૃત કરી દે છે. આવા સમર્થ જ્ઞાની મહાપુરૂષ પણ પોતાની સાધુતાને વિસારી બેઠા ને સંકલ્પ કરી બેઠા કે મારે બૌદ્ધોનો નાશ કરવો. સૂરપાળ રાજાને ત્યાં પહોંચ્યા ને બૌદ્ધોને વાદ માટે આહ્વાન કર્યું. શરત નક્કી થઈ કે જે પરાજય પામે તેણે ઉકળતા તેલના કડાયામાં પડવું. વાદ શરૂ થયો. બૌદ્ધોનો એક પછી એક પરાજય થતા થયા ને શરત પ્રમાણે તેલના કડાયામાં પડીને મરણ પામવા લાગ્યા. આ વૃત્તાંતની ખબર હરિભદ્રસૂરિના ગુરુ આચાર્ય જિનભદ્રસૂરિ મ.ને પડી. આત્મ-અહિતના માર્ગેથી પાછા વાળવા તેમણે બે સાધુઓને એક પત્રમાં ત્રણ ગાથા લખીને મોકલી. સમહાદિત્યના વૃત્તાંતની બીજરૂપ તે ગાથાઓ હતી. શિષ્યો પહોંચ્યા. આચાર્યશ્રીના હાથમાં તે પત્ર સોંપ્યો. પત્રરૂપે જાણે સાક્ષાત્ ગુરુ પધાર્યા હતા. એના ભક્તિભર્યા હૈયે તેમણે ગાથા વાંચી. કષાયના દારૂણ દ્વિપાક/ફળને સૂચવનારી તે ગાથા વાંચતા આચાર્યશ્રીના આંખો ને હૈયું ભીંજાઈ ગયા. પશ્ચાતાપનું ઝરણું વહેવા લાગ્યું. બધું જ મૂકીને ગુરુચરણે પહોંચી ગયા ને પ્રાયશ્ચિત લઈને પાછા વિશુદ્ધ થયા ને પ્રાયશ્ચિતથી વિશુદ્ધ થયેલી ચેતનામાંથી ૧૪૪૪ ગ્રંથો પ્રગટ થયા.

ગ્રંથ રચનાનું જ પ્રાયશ્ચિત ગુરુ ભગવંતે આપ્યું. અને એ એમની સાધના બની ગઈ. એક પછી એક ગ્રંથો રચાતા જાય છે. એક દિવસ પોતે ઉદાસ બેઠા છે. શ્રાવક વંદન કરવા આવ્યો. નિત્ય આવે. ગુરુ ભગવંતની જ્ઞાન સાધના જોઈને પ્રસન્ન થાય. ને જ્ઞાનસાગરમાં ડૂબેલા ગુરુભગવંત પણ પ્રસન્ન દેખાય. આજે ઉદાસ જોયા ને શ્રાવકને પ્રશ્ન થયો - આમ કેમ? પૂછ્યું - 'સાહેબ! આપને હર ઘડી જ્ઞાનામૃતનું પાન કરતા ને પ્રસન્ન જ જોયા છે. તો આજે આ ઉદાસી શાથી?' શ્રાવક વિવેકી ને સમજુ છે. ગુરુભગવંતે કહ્યું - 'ભાઈ! દિવસ આખો તો મારો શાસ્ત્ર સર્જનમાં વીતે છે ને તેનો આનંદ જ છે પણ આ રાત આખી જાણે પ્રમાદમાં વીતી જતી હોય એવું લાગે છે ને એ ડંખે છે! એની આ ઉદાસી છે!' કેવી નિષ્ઠા ને કેવું સમર્પણ હશે શાસન પ્રત્યે! પોતે જે મેળવ્યું છે તે ભવિષ્યના જીવો પણ પામી શકે, શાસન ને શાસ્ત્રના રહસ્યો સુધી પહોંચી શકે ને પોતાના આત્માનું હિત સાધી શકે તે માટે આ મહાપુરૂષ પોતાના હકના આરામને પણ પ્રમાદ ગણીને વ્યથિત થાય છે! શ્રાવક સમ્પન્ન હતો. તેણે એક પ્રકાશમાન રત્ન લાવીને ગુરુભગવંતને અર્પણ કર્યું. ને એના પ્રકાશમાં રાત્રે પણ ગ્રંથ સર્જનની સાધના પ્રવર્તી! અને આ જગતને અમૂલ્ય જ્ઞાનનો ખજાનો સાંપડ્યો.

પુણ્ય ને શક્તિ એમની પાસેય હતા. આજે પ્રચુર માત્રામાં થાય છે તેવાં કાર્યો - મંદિર નિર્માણ, છ'રી પાલિત સંઘો, મહોત્સવો, આડંબરો વ.વ. - કરી શક્યા જ હોત. પણ જ્ઞાનમાર્ગે જ શાસનને ચિરંજીવ રાખી શકાશે એ તેમને ખાતરી હતી. વળી, જ્ઞાનમાર્ગ નહીં હોય તો આ બધાં જ કાર્યો હરિફાઈ બનીને અહંકારના સાધન બનીને આત્માના અહિતને નોતરી આપશે. એટલે એમણે જીવનની એક એક ક્ષણ જ્ઞાનમાર્ગને સમર્પિત કરી દીધી.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજના આવા અજોડ સમર્પણનું મધુર ફળ એટલે સિદ્ધર્ષિ ગણિ.

પોતે ભિન્નમાલ નગરના. પિતા શુભશંકર, માતા લક્ષ્મી અને પત્નીનું નામ ધન્યા, પોતાનું નામ સિદ્ધ. સોબતની અસર થઈ ને જુગારનું વ્યસન પડી ગયું. રોજ રાત્રે મોડા ઘરે આવે. એ ન આવે ત્યાં સુધી એમની પત્ની ઉજાગરો વેઠીને જાગતી રહે. એટલે દિવસે ઉંઘ આવે, કાર્યમાં ગરબડ થાય. લક્ષ્મી શેઠાણીએ એકવાર કારણ પૂછ્યું. ધન્યાએ બધી વાત જણાવી. લક્ષ્મીએ કહ્યું - 'બેટા! આજે તમે સુઈ જાઓ. હું જાગું છું.' માતા રાહ જોઈને બેઠા. રોજની જેમ સિદ્ધ મોડો આવ્યો ને દરવાજો ખખડાવ્યો - 'માતાએ ઠપકો આપ્યો - જેના દરવાજા ઉઘાડા હોય ત્યાં જા!' સિદ્ધ ફરે છે પણ કોઈ દરવાજો ઉઘાડો મળતો નથી. તેમાં એક મકાનનો દરવાજો ઉઘાડો દેખાયો. તે મકાનમાં તેણે પ્રવેશ કર્યો. તે જૈન સાધુઓનો ઉપાશ્રય હતો. તે એક બાજુ જઈને બેસી ગયો. રાત ત્યાં વીતાવી. સવારે આચાર્ય ભગવંતની સાથે મુલાકાત થઈ. જીવ ઉત્તમ હતો નિમિત્તથી સ્ખલના પામ્યો હતો. ગુરુભગવંતની વાતો સ્પર્શી ગઈ. નક્કી કર્યું કે સંસાર છોડવો. ગુરુભગવંતે કહ્યું કે માતા-પિતાની રજા લઈ આવ. સવારે સિદ્ધના પિતા તેને શોધતા-શોધતા ઉપાશ્રયે આવ્યા. ઘરે ચાલવા કહ્યું - પણ સિદ્ધે પોતાની ભાવના જણાવી. ઘણા આગ્રહને અંતે રજા મળી ને દીક્ષા થઈ.

સિદ્ધ સિદ્ધર્ષિ બન્યા. આચાર્ય ગગર્ષિના હાથે દીક્ષા થઈ ને દુર્ગસ્વામીના પોતે શિષ્ય થયા. સર્વપ્રથમ જૈનદર્શનનો ઊંડો અભ્યાસ કર્યો. પછી બૌદ્ધ દર્શનના અભ્યાસની તાલાવેલી જાગી. તે માટે ગુરુભગવંતની આજ્ઞા માગી. પણ ગુરુભગવંતે નિષેધ કર્યો.

ગુરુ આગળ ઈચ્છા પણ વ્યક્ત કરાય ને ભાવના પણ વ્યક્ત કરાય. ઈચ્છા વ્યક્ત કરનારો જવાબની અપેક્ષા રાખે ને ભાવ વ્યક્ત કરનારો આજ્ઞાની! અનુકૂળ હોય તે જવાબ ને હિતકર હોય તે આજ્ઞા! આશ્રિત ઈચ્છા જણાવે ને શિષ્ય ભાવના! આશ્રિતને જવાબ મળે ને શિષ્યને આજ્ઞા! જવાબ કોઈને પણ મળી શકે પણ આજ્ઞા તો લાયકને જ મળે.

અહીં સિદ્ધર્ષિએ માગી આજ્ઞા પણ અંદરથી અપેક્ષા જવાબની હતી. એટલે જ આજ્ઞારૂપે નિષેધ આવ્યો તો એમનું મન તે સ્વીકારી ન શક્યું. હઠ કરીને રજા મેળવી. ગુરુના હૈયામાં કરૂણા ને હિતબુદ્ધિ પ્રતિષ્ઠિત હોય છે. તો જ એ ગુરુ ગણાય ને! સિદ્ધર્ષિની જિદ્દ છતાં અકળાયા નથી કે 'જા, જે ઠીક લાગે તે કર. તું જાણે ને તારું કામ જાણે!' - ના, આ તો સત્તાનો પ્રતિભાવ છે જવાબદારીનો નહીં. ગુરુમહારાજના હૈયામાં સિદ્ધર્ષિની જિદ્દ છતાં હિત વસ્યું હતું. તેમણે કહ્યું - 'ભલે! પણ ભણતા-ભણતા કદી શ્રદ્ધા બદલાઈ જાય તો કોઈ પણ પગલું ભરતા પહેલાં મને મળવા આવજો!' સિદ્ધર્ષિએ ગુરુ ભગવંતની વાત સ્વીકારી ને મહાબાંધ નગર તરફ પ્રસ્થાન કર્યું. પહોંચીને ભણવાનું શરૂ કર્યું. ધીમે-ધીમે વિકલ્પો ઉઠવા લાગ્યા. બૌદ્ધ દર્શન સાચું લાગવા માંડ્યું. થયું કે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા જેવો છે. ગુરુભગવંતનું વચન યાદ આવ્યું. એટલે આવ્યા. ગુરુભગવંતે તેમને સમજાવીને સ્થિર કર્યા. ફરી આગળના અભ્યાસ માટે ગયા. ફરી શ્રદ્ધા ડગમગી. પાછા ગુરુ પાસે આવ્યા. પુનઃ ગુરુભગવંતે સ્થિર કર્યા. એવો ઉલ્લેખ મળ છે કે આવું ૨૧ વાર બન્યું. તેઓ ગુરુ પાસે આવ્યા. ગુરુભગવંતને ક્યાંક બહાર જવાનું છે. સિદ્ધર્ષિ બેઠા છે. ગુરુભગવંત બહાર ગયા. તેમની પાટે ગ્રંથ પડ્યો છે. સિદ્ધર્ષિએ એ ગ્રંથ હાથમાં લીધો. વાંચવાનો પ્રારંભ કર્યો. વાંચતા જાય છે ને આંતર ચક્ષુ ઉઘડતા જાય છે, અંદરનો મેલ ધોવાતો જાય છે, હચમચી ગયેલી શ્રદ્ધા દઢ થતી જાય છે, તીર્થંકર ને એમના ધર્મશાસન પ્રત્યેનો અહોભાવ પરાકાષ્ઠાએ પહોંચે છે. પોતાને પણ ન ખબર પડે તેમ આંખો ઝરે છે, ગુરુભગવંત પધાર્યા ને એમના ચરણોમાં મસ્તક મૂકીને પશ્ચાતાપના આંસૂઓથી અભિષેક કર્યો. ને પાછા માર્ગમાં સ્થિર થઈ ગયા.

એ ગ્રંથ હતો શ્રીહરિભદ્રસૂરિ મહારાજે રચેલો ચૈત્યવંદન-સૂત્રો ઉપરની વૃત્તિ-લલિત-વિસ્તરા ગ્રંથ! પછી સિદ્ધર્ષિ મહારાજે એક અમર ગ્રંથ - ઉપમિતિ ભવ પ્રપંચા કથાની રચના કરી. તેના મંગલાચરણના શ્લોકોમાં તેમણે હરિભદ્રસૂરિ મહારાજને અદ્ભુત અંજલિ આપી છે -

नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये।

मदर्थं निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा।।

'શ્રેષ્ઠ એવા તે આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિ મહારાજને મારા નમન કે જેમણે લલિતવિસ્તરા નામની વૃત્તિ મારા માટે જ (જાણે મારા ઉદ્ધાર માટે જ) બનાવી હતી!' આ વાંચીએ એટલે એમ જ લાગે ને કે સિદ્ધર્ષિ મહારાજ એ હરિભદ્રસૂરિ મહારાજની દેન છે.

આજે આ શાસન સમૃદ્ધ છે, સુરક્ષિત છે એનો સઘળોય શ્રેય આ બધા મહાપુરૂષોના પુરૂષાર્થને જાય છે. આજનો કાળ તો બહુ જ સુખમય છે ને નિર્વિઘ્ન છે. સંઘર્ષો-કષ્ટો એમણે વેઠ્યા છે. શાસનરક્ષા એમણે કરી છે! આંતર-બાહ્ય બધા પ્રકારની કસોટીઓમાંથી એ પસાર થયા છે. એમણે જે કર્યું છે શાસન માટે તેનો તો એક અંશ પણ આપણે કરી શકીએ તેમ નથી. તે છતાં જ્યારે નામ માટેની મારામારી જોઈએ, સર્વોપરિતા માટેનાં કાવાદાવા જોઈએ, માન-સન્માન માટેના વલખાં જોઈએ, બધું મારા/અમારા થકી જ છે. એના અહંકારના ફૂંફાડા જોઈએ ત્યારે કેટલા વામણા લાગીએ છીએ! દયાપાત્ર લાગીએ! સાચું તો એ છે કે આપણા થકી કશું જ નથી પણ આપણે આ શાસન થકી છીએ!

શ્રી વાદી દેવસૂરિ મહારાજને યાદ કરવા પડે. શ્વેતામ્બરોનું આજે અસ્તિત્વ હોય તો તે માત્ર ને માત્ર તેમના કારણે. એમના માટે કહેવાયું છે કે -

यदि नाम कुमुदचन्द्रं नाऽजेष्यद् वादिदेवसूरिरहिमरुचिः।

कटिपरिधानमधास्यत्, कतमः श्वेताम्बरो जगति ?।।

દિગમ્બર વાદી કુમુદચંદ્રને વાદિ દેવસૂરિ મહારાજરૂપી સૂર્યે જીત્યો ન હોત તો કયા શ્વેતામ્બર સાધુની કેડે ચોલપટ્ટો હોત? અર્થાત્ કોઈ શ્વેતામ્બર સાધુ વસ્ત્ર ધારણ ન કરી શકતો હોત!

આબુ પર્વતની નજદીકમાં મડાર નામનું ગામ. વીરનાગ અને જિનદેવી નામે દંપતી, તેમનો દીકરો પૂર્ણચંદ્ર, તેમના વંશના ગુરુ શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ. ભયંકર દુકાળ પડતા મડાર છોડી કુટુંબ ભરૂચ જઈ વસ્યું. શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ પણ વિચરતા ત્યાં પધાર્યા. તેમના ઉપદેશથી શ્રાવકોએ વીરનાગને બધી સહાય કરી. આઠ વર્ષનો પૂર્ણચંદ્ર પણ મસાલાની ફેરી કરવા લાગ્યો. વસ્તુના બદલામાં તેને દ્રાક્ષ મળતી. એક વાર ફેરી કરતો પૂર્ણચંદ્ર એક શેઠને ત્યાં ગયો.

પાપના ઉદયે શેઠની સંપત્તિ કાંકરા - કોલસામાં ફેરવાઈ ગઈ. ને તે શેઠે ઉકરડે નાખી. પૂર્ણચંદ્રે ઉકરડે પડેલું ધન જોયું ને શેઠને કહ્યું - 'શેઠજી! તમે આ ધન ઉકરડે કેમ નાખ્યું?' શેઠે તેને ભાગ્યશાળી સમજીને કહ્યું કે - 'તું વાંસની છાલમાં ભરી ભરીને મને આપ!' બાળકે તે પ્રમાણે કર્યું ને બધું પાછું ધન બની ગયું. શેઠે ખુશ થઈને તેને એક સોનામહોર આપી. બાળકે ઘરે આવીને બધો વૃત્તાંત કહ્યો. વીરનાગે આ વાત પોતાના ગુરુ મુનિચંદ્રસૂરિ મ.ને કરી. ગુરુભગવંતે કહ્યું કે - 'આ જીવ ભાગ્યશાળી છે. લક્ષ્મી તેને વરવા ઈચ્છે છે. જો સાધુ થાય તો શાસનની ભારે ઉન્નતિ કરે.' આમ કહી પૂર્ણચંદ્રની માગણી કરી. વીરનાગે વિનયપૂર્વક કહ્યું કે - 'સાહેબ! અમે બન્ને વૃદ્ધ છીએ. અમારે એક જ પુત્ર છે ને અમારું ભવિષ્ય તેના પર જ અવલંબે છે. છતાંય આપની આજ્ઞા હોય તો મારે કશો જ વિચાર કરવાનો નથી. હું આ પુત્ર શાસનના ઉદ્યોત માટે આપને સોંપું છું.' ગુરુભગવંતે કહ્યું કે - 'ભાઈ! મારા આ ૫૦૦ સાધુઓ છે તે બધા જ તારા પુત્રો છે અને આ શ્રાવકો તને યાવજ્જીવ ગૂજરાન આપશે. માટે શાંતિપૂર્વક ધર્મનું આરાધન કરવું! માતા-પિતાની રજા મેળવીને પૂર્ણચંદ્રને દીક્ષા આપી. નામ રાખ્યું રામચંદ્ર મુનિ! શ્રી સંઘે પણ વીરનાગ અને જિનદેવી આનંદથી જીવન વ્યતીત કરે ને નિશ્ચિંતપણે ધર્મધ્યાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવી દીધી.'

રામચંદ્ર મુનિ નાની ઉંમરમાં જ જાણે જ્ઞાનસાગરને અવગાહી ગયા. એમની પ્રચંડ યાદશક્તિ ખીલી ઉઠી. એ શક્તિ દ્વારા ઘણાં વાદીઓનો તેમણે પરાજય કરી વાદી તરીકેની નામના મેળવી. યોગ્ય જાણીને ગુરુભગવંતે તેમને આચાર્યપદ પ્રદાન કર્યું અને ત્યારથી તેઓ વાદી દેવસૂરિ મહારાજના નામે પ્રસિદ્ધ થયા.

એકવાર આચાર્ય શ્રી કર્ણાવતીમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તે વર્ષે કર્ણાટકના રાજાના ગુરુ દિગંબરાચાર્ય વાદી કુમુદચંદ્ર પણ કર્ણાવતીમાં જ ચાતુર્માસ રહ્યા હતા. દેવસૂરિ મ.ના ધર્મવ્યાખ્યાનની તેમને ઈર્ષા થવા લાગી. એટલે વિવિધ ઉપાયો થકી તેમણે વ્યાખ્યાન દરમિયાન ઉપદ્રવ કરવાનું શરૂ કર્યું. અનેક રીતે આચાર્યશ્રીને ક્રોધ ઉપજાવવા મહેનત કરી પણ દેવસૂરિ મ.એ ખૂબ સમભાવર્પૂક જતું કર્યું. મિત્રભાવે તેમને શાંત થવા જણાવ્યું. એ વાતને - દેવસૂરિ મ.ની સમતાને તેમણે નબળાઈ સમજી લીધી. રસ્તે જતા-આવતા સાધુ-સાધ્વીને પણ તેઓ પજવવા લાગ્યા. છતાં દેવસૂરિ મ.એ સમતા રાખી. એકવાર તે દુષ્ટતાની તમામ હદ ઓળંગી ગયા. ગોચરી માટે જતા એક વૃદ્ધ સાધ્વીજીને ઊભા રાખ્યા. તેમને તેમના શ્રાવકોએ ઘેરી લીધા ને રસ્તા વચ્ચે નચાવ્યા. ભારી વિડંબના કરી. આ આ ઘટનાથી પીડાયેલા સાધ્વીજી સીધા ઉપાશ્રયે આવ્યા. વાદી દેવસૂરિ મ.ને સઘળો વૃત્તાંત કહ્યો ને આક્રોશપૂર્વક કહ્યું - 'મારા ગુરુએ મને વૃદ્ધિ પમાડ્યા, ભણાવ્યા અને આચાર્યપદે સ્થાપ્યા તે શું અમારા જેવાની વિંડબના માટે? બિભત્સદર્શનવાળા પેલા દિગમ્બરે દુષ્ટજનોના હાથે, રાજમાર્ગે જતાં મને અનાથની જેમ ભારે ઉપદ્રવ કર્યો, તો તમારી આ નિષ્ફળ વિદ્વતાને પ્રભુતાનું ફળ શું? જો હાથમાં રહેલા શસ્ત્રથી શત્રુ ન હણાય તો તે શસ્ત્ર શા કામનું? અક્ષમ્ય પલટાવ વધતો જાય એવી સમતા શા કામની? ધાન્ય સૂકાઈ જાય ત્યારે મેઘનું વરસવું શા કામનું?'

આ રીતે સાંભળીને દેવસૂરિ મ. બોલ્યા - 'હે આર્યે! તમે વિષાદ ન કરો, એ દુર્વિનીત પોતે પતિત થશે!'

સાધ્વીજીને ઓર ગુસ્સો ચડ્યો - 'ને દુર્વિનીત તો પતિત થશે કે નહીં પરંતુ તમારા પર આધાર રાખીને બેઠેલો સંઘ તો જરૂર નંતરની જેમ પતિત થશે જ!'

આચાર્યશ્રીએ શાંતિથી સાંભળીને સાધ્વીજી ભગવંતને સમજાવી શાંત કર્યા ને ઉપાશ્રયે મોકલ્યા અને પાટણના સંઘ પર વિજ્ઞપ્તિ પત્ર લખાવ્યો કે 'અમારે દિગમ્બર વાદી સાથે વાદ કરવાનો હોવાથી પાટણ આવવાનું છે. સંઘની અનુમતિ અપેક્ષિત છે. વ.વ.' ખેપિયો પાટણ ગયો ને તરત જ પાટણના સંઘનો જવાબ આવ્યો કે - 'વર્તમાનકાળે શ્રી સંઘનો ઉદય આપના પર જ રહેલો છે. સંઘનો આદેશ છે કે આપ સત્વરે પધારો, વાદ કરો. અમે આપનો વિજય જોવા આતુર છીએ. અને ભગવંત! આપનો વિજય થાય તે નિમિત્તે અહીં ૩૦૦ શ્રાવકો તથા ૭૦૦ શ્રાવિકાઓએ આયંબિલ તપની આરાધનાના મંડાણ કરી દીધા છે કે જેથી શાસનદેવી તમને બળ આપે ને વિરોધી દેવોના પ્રભાવને પ્રશસ્ત કરે!'

શ્રી દેવસૂરિ મહારાજે વાદી કુમુદચંદ્રને કહેવડાવ્યું કે - 'હું પાટણ જાઉં છું. તમે પણ પાટણ આવો. ત્યાં રાજસભામાં શાસ્ત્રાર્થ થશે.'

શ્રી દેવસૂરિ મહારાજે પાટણ તરફ વિહાર કર્યો. માર્ગમાં ઘણાં સારા શુકન થયા. કુમુદચંદ્રે પણ પ્રસ્થાન કર્યું. પણ તેમને અપશુકનો થયા. છતાં બધાંને શુકન માનીને તેઓ ગયા.

રાજ્યના ઘણાં માણસોને તેમણે પૈસા અપાવીને ફોડી નાખ્યા, શ્રાવકોએ દેવસૂરિ મ.ને વિનંતી કરી કે 'ગુરુદેવ! અમારું ધન પણ ધર્મરક્ષા માટે જ છે. માટે આપ પણ યથેચ્છ ઉપયોગ કરાવો.' પણ દેવસૂરિ મ.એ ધનથી મેળવેલો વિજય પરાજય સમાન જ છે એમ કહીને નિષેધ કર્યો.

રાજાએ પ્રતિજ્ઞાપત્ર બન્ને પાસેથી લખાવ્યું. હાર-જીતની શર્ત નક્કી થઈ - તેમાં લખાવ્યું કે - 'આ શાસ્ત્રાર્થમાં જો દિગમ્બર હારે તો પાટણ છોડીને ચાલ્યા જાય. અને શ્વેતામ્બર હારે તો તેના શાસનનો - શ્વેતામ્બર મતનો - ઉચ્છેદ કરીને દિગમ્બર મતની સ્થાપના કરવી. એટલે કે બધા જ શ્વેતામ્બરોને દિગમ્બર બની જવું.' પક્ષપાત ભરી શર્ત હોવા છતાં દેવસૂરિ મહારાજે માન્ય રાખી. સમગ્ર શ્વેતામ્બર સંઘના અસ્તિત્વનો આધાર હવે દેવસૂરિ મ. ઉપર હતો. રાજા સિદ્ધરાજ પણ ચિંતિત હતા. રાજમાતા મયણલ્લદેવી પિયરના કારણે દિગમ્બરના પક્ષપાતી હતા. કારણ કે આ આચાર્ય તેમના પિતાના ગુરુ હતા. એટલે હેમચંદ્રાચાર્ય તેમને રાજમહેલમાં મળ્યા. તેમણે જણાવ્યું કે - 'માતાજી! રાજસભામાં શાસ્ત્રાર્થ થશે તેમાં દિગમ્બરો એવું સિદ્ધ કરવાના છે કે સ્ત્રીઓએ કરેલો ધર્મ નકામો જાય છે - તેઓ મોક્ષે ન જઈ શકે. જ્યારે શ્વેતામ્બરો એવું સિદ્ધ કરવાના છે કે સ્ત્રીએ કરેલો ધર્મ પણ સફળ છે, તે મોક્ષે જઈ શકે છે.' રાજમાતાને પણ તપાસ કરતા સત્ય જણાયું ને તેમણે દિગમ્બરનો પક્ષપાત છોડી દીધો.

વાદનો દિવસ નક્કી થયો વૈશાખી પૂનમ. વર્ષ હતું વિ.સં. ૧૧૮૧. બન્નેના પક્ષ લખવામાં આવ્યા. દિગમ્બરે લખાવ્યું - 'કેવલજ્ઞાનવાળા આહાર ન કરે, વસ્ત્રધારી મનુષ્ય મોક્ષે ન જાય અને સ્ત્રી મોક્ષને સાધી ન શકે.' શ્વેતામ્બરોએ લખાવ્યું કે 'આચાર્ય દેવસૂરિજીનો મત છે કે - કેવળજ્ઞાનવાળા પણ આહાર કરે, વસ્ત્રધારી પણ મોક્ષે જાય અને સ્ત્રી પણ મોક્ષ સાધી શકે.'

બન્ને આચાર્યોએ મંગલાચરણ કર્યું. સભામાં ઘણા પ્રાજ્ઞજનો બેઠા હતા. મંગલાચરણના શબ્દો પરથી પણ તેઓએ અનુમાન કર્યું કે આજે શ્વેતામ્બરોનો જય થવાનો. બન્ને પક્ષે થઈને ૫૦૦ પ્રશ્નો ને ૫૦૦ ઉત્તરો થયા. ત્યારબાદ શ્રી દેવસૂરિ મહારાજે વાદિવેતાલ શાંતસૂરિ મહારાજે રચેલી ઉત્તરાધ્યયન સૂત્રની પ્રાકૃતપ્રવૃત્તિના આધારે સ્ત્રીમુક્તિ અંગે અનેક વિકલ્પોનો ઉપન્યાસ કર્યો. વાદી કુમુદચંદ્ર આ વસ્તુને બરાબર ધારી શક્યા નહીં. એટલે ફરી વાર બોલવા માટે કહ્યું. છતાંય ધારી ન શક્યા એટલે આચાર્ય શ્રી ત્રીજી વાર પણ એ પાઠ બોલ્યા. કુમુદચંદ્રને ધારવામાં સફળતા ન મળી એટલે એણે કહ્યું કે 'આ વાદને વસ્ત્ર પટ પર લખી લો.'

શાસ્ત્રાર્થ સભાના પંડિત મહર્ષિએ જાહેર કર્યું કે - 'વાદી વાદ લખવાનું કહે છે, એટલે મૌખિકવાદ સમાપ્ત થાય છે. મૌખિકવાદમાં દિગમ્બર હારી ગયા ને શ્વેતામ્બર જીત્યા છે. હવે લેખિતવાદ શરૂ થાય છે.'

રાજાની આજ્ઞાથી પંડિત કેશવે આચાર્ય શ્રી દેવસૂરિ મ.ના વાદને લખી લીધો. વાદી કુમુદચંદ્રે તે વાંચ્યો. બીજી કોઈ ભૂલ કાઢી ન શક્યા કે કાંઈ તકે આપી ન શક્યા. પણ તે વાદમાં વપરાયેલ કોટાકોટિ શબ્દ ઉપર વાંધો ઉઠાવ્યો. પણ રાજાની સૂચનાથી પંડિત કાકલ કાયસ્થે જૂદા-જૂદા વ્યાકરણના આધારે સિદ્ધ કર્યું કે કોટાકોટિ શબ્દ વ્યાકરણથી સિદ્ધ જ છે.

વાદી કુમુદચંદ્ર કોઈ જવાબ ન આપી શક્યા ને પોતાનો પરાજય અનુભવ્યો. છેવટે તેમણે કહેવું પડ્યું કે 'દેવાચાર્ય મહાન છે. તેઓ મહાન વાદી છે.' સભામાં તરત જ ઘોષણા થઈ કે 'આચાર્ય વાદી દેવસૂરિ મહારાજનો વિજય થયો છે!' રાજાએ તેમને 'વાદીન્દ્ર'નું બિરૂદ અને વિજયપત્ર આપ્યા.

અને આચાર્ય શ્રી વાદી દેવસૂરિ મહારાજે રાજાને કહ્યું - 'રાજન્! આ શાસ્ત્રીય વાદ છે ને તેથી હું આશા રાખું છું કે હારનારનો કોઈએ તિરસ્કાર કરવો જોઈએ નહીં.' રાજાએ પણ એ વાત માન્ય રાખી.

આ જિનશાસનની ઉજ્જવળ પ્રણાલિકા છે. પોતાના વિજયનો સંતોષ હોય પણ કોઈના પરાજયનો અહંકાર ન હોય! આ ઉદારતાએ આ ગુરુજનોને મૂઠી ઉંચેરા સાબિત કર્યા છે. આ ઘટના બની ત્યારે વાદી દેવસૂરિ મ.ની ઉંમર ફક્ત ૩૮ વર્ષની હતી.

જૈનોએ વાજતે-ગાજતે વિજયોત્સવ મનાવ્યો. શ્રાવકોએ દાન કર્યું. વિજય નિમિત્તે જિનાલયો બંધાવ્યા.

વિ.સં. ૧૧૮૧ની વૈશાખી પૂર્ણિમાનો એ દિવસ ભગવાન મહાવીર સાથે જોડાયેલી મૂળ શ્વેતામ્બર પરંપરા માટે કેટલો મહત્ત્વનો દિવસ ગણાય? ને તેમ છતાંય તેનું સ્મરણ આપણને કેટલું? અને વાદી દેવસૂરિ મહારાજ! - આપણે બધાં જ એમના ઓશિંગણ છીએ - એ મહાપુરૂષના ઋણી છીએ. આ મહાપુરૂષને એમનું એ અદ્વિતીય પરાક્રમ યાદ આવે ને છતાંય મારો અહંકાર ટકે / ઉભો રહે તો સમજવું જોઈએ કે આ ગૌરવશાળી પરંપરાને હું લાયક નથી!

હવે અહીં અટકવું જોઈએ. અહીં પૂરું થતું નથી - થઈ શકે પણ નહીં. આ તો માત્ર થોડા તેજ-સ્ફુલિંગો જોયા ને એ પણ આંશિકરૂપે. આવી તો એક દીર્ઘ ને ભવ્ય ગુરુપરંપરા છે જિનશાસનમાં કે જેની વાત કરવા બેસીએ તો ગ્રંથો ભરાઈ જાય ને તોય એ માત્ર ઉપરનો પરિચય ગણાય. કેટલાય મહાપુરૂષોનાં નામો હૈયે-હોઠે રમે છે. છતાંય હવે અટકવું જ પડશે.

❑❑❑

C/o. અતુલ એચ. કાપડિયા
A/9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટૉવર પાછળ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

# ગુરુ શિષ્ય સંબંધ : થોડોક વિમર્શ

**આચાર્ય - શ્રી વિજયશીલચંદ્રસૂરિ - શિષ્ય મુનિ - ત્રૈલોક્યમંડનવિજય**

*નોંધઃ પ.પૂ. નેમિસૂરિ સમુદાયના આ.વિ.શીલચંદ્રસૂરિ અને તેમના એક-એક પે અદકા મોતી જેવા શિષ્યો સાથે કુદરતકૃપાએ સ્નેહસંબંધ બંધાયો ને તેના પ્રતાપે વર્ષોથી તેઓનું સાનિધ્ય મને સાંપડતું રહ્યું છે. ગુરુ-શિષ્ય સંબંધની શાસ્ત્રપ્રણિત પારંપરિક અદબ અને આધુનિક સમયમાં અપેક્ષિત મોકળાશ - આ બંને બાબતોનો સુભગ સમન્વય મેં અહીં અનુભવ્યો છે. 'ગુરુ મહાત્મ્ય' વિશેના વિશેષાંકના સંપાદનની તક સાંપડતાં મનમાં સ્ફૂરેલા કેટલાંક વિષયોમાંથી 'શિષ્યની ગુરુ પાસેની અપેક્ષાઓ' વિશે લખાવવાનું પણ વિચારેલું. પ્રશ્ન એ હતો કે વર્તમાન સમયની કેટલીક વાસ્તવિકતાઓને વણી લઈ ગુરુ કેવા હોવા જોઈએ એ વિશે લખવાની હિંમત કરે કોણ? આ સંદર્ભે પ.પૂ. આ. વિજયશીલચંદ્રસૂરિજીને વિનંતી કરી અને તેમણે પોતાના શિષ્ય એવા મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીની આ લેખ લખવા વરણી કરી. અભ્યાસુ એવા મુનિશ્રીએ પૂર્ણ તાટસ્થ્યથી પ્રવર્તમાન કેટલાક પ્રશ્નોને વાચા આપતો માર્મિક લેખ લખી આપ્યો. આચાર્યશ્રીની ઉદારતા અને મુનિશ્રીના સ્વસ્થ લેખન માટે આભારી છું.*

*લેખક પરિચય : નાની ઉંમરે સાધુ જીવન સ્વીકારીને ગુરુ સમર્પણ અને જ્ઞાનપિપાસા દ્વારા મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીએ જૈન સાધુ સમાજમાં એક આગવું સ્થાન મેળવ્યું છે. તર્ક અને ન્યાય શાસ્ત્રોમાં તેમજ જૈન પ્રાચીન ગ્રંથોનું અવગાહન તેઓશ્રીએ ઊંડાણથી કરેલ છે. શાસ્ત્રોના પદાર્થોને તર્કસંગત રીતે ઉઘાડીને સમજવા-સમજાવવાની એમની શક્તિ વિશિષ્ટ છે. જૈન સંઘમાં ઉદીયમાન વિદ્યા વ્યસંગી વિદ્વાન તરીકે તેઓ પ્રસ્થાપિત થઈ ચુક્યા છે.*

ચરોતરની કે મહીકાંઠાના પ્રદેશની લીલીછમ ધરતી ખૂંદવાનું સૌભાગ્ય જો સાંપડ્યું હોય અને સાથે સાથે પ્રકૃતિનું રસપાન કરવાની - એના સૌંદર્યને ખોબલે ખોબલે પીતાં રહીને આંખોને ઠારવાની સુટેવ જો રાખી હોય તો અંતરવેલ અવશ્ય જોવા મળે. ઝાડ પર સોનાના તાર જેવા અસંખ્ય ચળકતા તાંતણાવાળી એ વેલ પથરાઈને પડી હોય. સંસ્કૃતમાં એને માટે શબ્દ છે - 'નિર્મૂલી'. મૂળિયાં એને હોય નહીં. પૃથ્વીમાં ઊગવાની એને જરૂર નહીં. પવન, પાણી, પ્રકાશ - આ બધાં સાથે એને કોઈ નિસબત નહીં. એનો એક નાનકડો ટુકડો ઝાડ પર વીંટળાવાનું શરુ કરે અને ધરતીનાં રસકસ ચૂસ્યા વગર જ બારોબાર ઝાડમાંથી જ પોષણ લઈને એ આટલી બધી વિસ્તરતી જાય. ઝાડ સૂકાય તો જ એ સૂકાય. નહીં તો એ સદાબહાર ખીલતી જ જાય. એનું અસ્તિત્વ જ સમગ્રપણે ઝાડ સાથે ઓતપ્રોત બની રહે.

'શિષ્યત્વ' પણ આ નિર્મૂલી વેલ જેવી જ ઘટના હોય છે, એક રીતે જોઈએ તો. એનું સમગ્ર અસ્તિત્વ ગુરુના અસ્તિત્વ પર જ અવલંબિત હોય છે. એ ગુરુનાં ચરણે જ સમર્પિત થાય છે, એમની પ્રતિભામાંથી જ એ પોષણ મેળવે છે, અને એમની કૃપાના બળે જ એ વિકસતું રહે છે. ગુરુથી એને જુદું પાડી દો તો એ જીવી શકે જ નહીં. સમગ્ર ભારતીય પરંપરામાં ગુરુતત્ત્વનો જે અચિંત્ય મહિમા ગવાયો છે, તે આ જ કારણથી.

આ સંદર્ભે થોડીક બાબતો પર વિચાર કરવો જરૂરી જણાય છે કે 'શિષ્યત્વ'ની કાળજીસભર માવજત માટે ગુરુએ કેવાં પગલાં ભરવાં જોઈએ? એક અસ્તિત્વ, કે જે સંપૂર્ણપણે ગુરુને જ સમર્પિત છે, તેના સર્વાંગીણ વિકાસ માટે ગુરુએ કેવી કેવી જવાબદારીઓ અદા કરવી જોઈએ? શિષ્યના સમગ્ર જીવન પર ગુરુનો જે એકાધિકાર છે અને શિષ્યના ઘડતર માટે જે નિર્બાધ સત્તા શાસ્ત્રોએ ગુરુને સોંપી છે, તે અધિકાર અને સત્તાનો ઉપયોગ કેવી વિવેકપૂર્ણ રીતે થવો જોઈએ? 'ગુરુત્વ' એ જવાબદારીભર્યું પદ છે એમ જો આપણે સમજતાં હોઈએ તો એ જવાબદારીનું નિર્વહણ કેવી રીતે થઈ શકે? અત્રે આવા આવા પ્રશ્નો પર, જૈનશાસન-ગત ગુરુ-શિષ્ય પરંપરાને કેન્દ્રમાં રાખીને, ખાસ તો વર્તમાન દેશ-કાલને અનુલક્ષીને યત્કિંચિત્ વિચાર કર્યો છે.

વાસ્તવમાં શિષ્ય માટે ગુરુની જરૂર શી છે? પરમતત્ત્વ સાથેનું અનુસંધાન જોડી આપવા માટે, આંતરચેતનાનો સાક્ષાત્કાર કરવા માટે - ના, આવી ઊંચી ઊંચી વાતો અત્રે કરવી નથી. અત્રે તો સ્થૂલ વ્યવહારિક દ્રષ્ટિથી જ આ પ્રશ્નને જોવો છે.

મને લાગે છે કે માર્ગદર્શન મેળવવા માટે હંમેશા આપણને

બહારની એક વ્યક્તિની જરૂર હોય છે. જો કે આપણને દરેકને ‘શું સાચું અને શું ખોટું?’ તેનું માર્ગદર્શન અંદરથી - આત્મા પાસેથી મળતું જ હોય છે. પણ આત્માના એ અવાજને સાંભળવાનું - એને અનુસરવાનું આપણું ગજું નથી હોતું. અને એટલે જ આપણને જીવનપથના ભોમિયા તરીકે ‘ગુરુ’ની જરૂર રહે છે. તેઓ અરીસા જેવા હોય છે, જે આપણને આપણું જ યથાર્થ દર્શન કરાવે છે. તે આપણને આપણી જ નબળાઈઓ નિર્મમ થઈને દેખાડે છે, અને એટલા જ ઉદાર થઈને આપણું જ સામર્થ્ય આપણી આગળ ખોલી આપે છે, જેની મદદથી આપણે આપણી નબળાઈઓ સામે લડી શકીએ છીએ. આપણા જ્ઞાનને વિશાળ બનાવવા માટે, આપણા કૌશલને ઉજ્જાગર કરવા માટે, આપણા સ્વત્વ અને સત્ત્વના પરાકાષ્ઠાએ પ્રગટીકરણ માટે ગુરુનું માર્ગદર્શન અનિવાર્ય બની રહે છે. જે વ્યક્તિ આવું માર્ગદર્શન આપી શકે તેમ હોય તે વ્યક્તિ જ ગુરુ થવા માટે યોગ્ય અધિકારી ગણાય.

શિષ્ય જ્યાં સુધી સામાન્ય કક્ષાએ હોય ત્યાં સુધી એની ‘લાડ’ પામવાની લાલસા જ વધારે હોય છે. જ્યારે ગુરુની ફરજ ‘પ્રેમ’ આપવાની છે, લાડ કરવાની નહીં. મોટા ભાગના લોકો માટે પ્રેમ પામવાનો એક જ મતલબ હોય છે કે ગુરુ હંમેશા તેમના પ્રત્યે નરમ રહે, તેમને કોઈ વાતની ના ન કહે, કદી પણ તેમની ટીકા કે ફરિયાદ ન કરે. એટલે કે તેમને જેવા પણ છે, તેવા જ રહેવા દેવામાં આવે. તેમને બદલવાની ઈચ્છા ક્યારે પણ દેખાડવામાં ન આવે. લાડ એટલે હું જે રીતે ઈચ્છું તે જ રીતે મને પ્રેમ કરો, મને બદલવાની વાત ન કરો. લાડ શિષ્યને નબળો બનાવે છે, તેને સ્થગિત કરી નાંખે છે. પ્રેમ શિષ્યમાં બદલાવ લાવે છે, તેને આગળ ધપાવે છે. લાડ એ નશા જેવો છે, તે મજા પડે તેવી ઊંઘ આપે છે. પ્રેમ આળસભરી ઊંઘમાંથી શિષ્યને જગાડે છે. લાડ શિષ્યની જિંદગીના ભોગે પણ સંબંધ ટકાવી રાખવાનું પાપ કરે છે. પ્રેમ શિષ્યમાં પરિવર્તન લાવવા માટે સંબંધને ડહોળવાનું જોખમ ખેડે છે. લાડ સારું લગાડવાનો પ્રયાસ કરતો રહે છે. પ્રેમ ગેરસમજનો ભોગ બનવાનું જોખમ ખેડીને પણ ઉત્તમ આલોચક બને છે. લાડ જે યોગ્ય નથી તેને પણ યોગ્ય જ કહે છે, શિષ્યને ખોટું ન લાગી જાય તેની બીકે. પ્રેમ તો અરીસાની જેમ હકીકતે જે છે તે જ બતાવે છે. લાડ શિષ્યના અહમને પોષે છે. પ્રેમ શિષ્યના અસ્તિત્વને પોષે છે.

લાડ પામવાની ધરખમ ઈચ્છા રાખનારા શિષ્યોનો અને મબલખ લાડ કરતાં રહીને શિષ્યોના ભાવપ્રાણોનું નિકંદન કાઢી નાંખનારા ગુરુઓનો તો તોટો નથી. આવા બિચારા જીવોની તો દયા જ ખાવી રહી. પણ સામે પક્ષે પ્રેમ કરનારા ગુરુઓને પણ એક-બે વાત ધ્યાનમાં લેવા જેવી લાગે છે -

શિષ્યને એક ઉંમરે, ચોક્કસ પરિસ્થિતિએ પહોંચ્યા પછી એવું લાગવા માંડે છે કે તે તેના નિર્ણયો લેવા હવે પુખ્ત છે. તેના કોઈ નિર્ણયો કદાચ ખોટા હોય તો પણ, તેને ભૂલ કરવાનો અધિકાર છે તેમ તે સમજે છે. કોઈનો હસ્તક્ષેપ પોતાની જિંદગીમાં થાય તે તેને પસંદ નથી પડતું. તે તેને બિનજરૂરી આડખીલી સમજે છે, તે ગૂંગણામણ અનુભવે છે. તે માને છે કે તેના ગુરુએ તેને વધારે અવકાશ આપવો જોઈએ. આ સંજોગોમાં, ગુરુનો ઈરાદો ગમે તેટલો ઉત્તમ હોય તો પણ, તેમના દ્વારા થતો શિષ્યને દોરવાનો પ્રયત્ન, ખાસ કરીને વણમાગ્યો હોય તો, શિષ્યને અપમાનિત થયાની લાગણી જન્માવે છે. કેમ કે તેના મનમાં ત્યારે માર્ગદર્શન મેળવવાની જરૂરિયાત કરતાં સન્માનિત થવાની લાગણી વધારે પ્રગાઢ હોય છે. આવા વખતે ગુરુની ફરજ બહુ કપરી બની રહે છે. એક તરફ, શિષ્યને અયોગ્ય નિર્ણયો લેતાં અટકાવવાનો પણ હોય છે, સાચા માર્ગે વાળવાનો પણ હોય છે. તો બીજી તરફ, શિષ્યને સન્માન મળી રહ્યું છે તેવી અનુભૂતિ પણ કરાવવાની હોય છે. શિષ્યને જે જોઈએ છે તે જ તેને મળી રહ્યું છે તેવી પ્રતીતિ કરાવતાં રહીને પણ કાબૂમાં રાખી શકે - હિતશિક્ષા આપી શકે તે જ સાચા ‘ગુરુ’!

ઘણીવાર ગુરુની હિતશિક્ષા એ પોતે સમસ્યા નથી હોતી, પણ એ જ્યારે કટુતા અને રૂક્ષતા સાથે વ્યક્ત થાય ત્યારે એ સમસ્યા બની જાય છે. માનવ મૂળે તો લાગણીશીલ પ્રાણી છે. હિતશિક્ષામાં રહેલી કટુતા આ લાગણીને જોખમાવે છે. ઘાયલ હૃદય મનની શક્તિને સમજી નથી શકતું. શબ્દોથી ઘવાયેલું કોમળ હૃદય એની પછી તેના સદાશયને સમજવામાં સરેઆમ નિષ્ફળ નીવડે છે. સોનાની લગડી પણ જો ધગધગતી કરીને કોઈના હાથમાં મૂકીએ તો એ એને ફેંકી જ દેશે તે હકીકત છે. ‘શું કહેવાય છે?’ એના જેટલું જ મહત્ત્વનું ‘કઈ રીતે કહેવાય છે?’ એ પણ છે. હિતશિક્ષા કહેતી વખતે ગુરુના હૃદયમાં પડેલી ઊંડી ચાહનાની પ્રતીતિ પણ જો શિષ્યને કરાવી શકાય તો તે ગુરુત્વની મોટી સિદ્ધિ ગણાય.

વર્ષો પહેલાં ક્યાંક એક ઉદ્ધરણ વાંચ્યું હતું, મોટે ભાગે તો શ્રીમહેંદ્ર મેઘાણીએ ઉદ્ધૃત કર્યું હતું - ‘મને તારો અગ્રેસર ન બનાવ, કદાચ હું તને દોરી ન પણ શકું. મને તારો અનુચર પણ ન બનાવ, કદાચ હું તારા પગલે પગલે ચાલી ન પણ શકું. પણ મને તારો સહચર અવશ્ય બનાવજે, સફરમાં હું તારી સાથે ચાલી અવશ્ય શકીશ.’ મને લાગે છે કે ગુરુ-શિષ્ય

સંબંધમાંથી અગ્રેસર-અનુચરનું તત્ત્વ કાઢી નાંખવામાં આવે અને સાહચર્યનો ભાવ કેળવવામાં આવે તો ઉભયપક્ષે પ્રસન્નતા અને ધન્યતાની મધુરપ જામે.

ગુરુને ચોક્કસ તબક્કે શિષ્યને માર્ગદર્શન આપવાની ફરજમાંથી નિવૃત્તિ લેતાં પણ આવડવી જોઈએ. સ્વામી વિવેકાનંદ શિષ્યને દીક્ષાનાં ૧૪ વર્ષ વ્યતીત થાય એટલે આવી નિવૃત્તિ જાહેર કરતાં તે જાણીતી વાત છે. 'જો ૧૪-૧૪ વર્ષે પણ શિષ્યને મારા માર્ગદર્શનની જરૂર રહેતી હોય, તો હું વીતેલાં ૧૪ વર્ષોમાં કશું શીખવાડી શક્યો નથી એ જ પુરવાર થાય.' આ મતલબનું વિધાન પણ આ સંદર્ભે તેઓએ કરેલું. મહાન સંગીતકલાકાર શ્રીકિશોરી આમોનકરના શબ્દો આ સંદર્ભે બહુ મનનીય લાગે છે - 'કેટલાક લોકો કહે છે કે હું માઈ જેવું ગાતી હતી. પરંતુ સફરમાં માઈએ મને અડધે રસ્તે લાવીને છોડી દીધી. કહે, હવે આગળ કેમ વધવું એ તું જ નક્કી કર. તારો રસ્તો તું શોધ. અને મેં એ જ કર્યું, કરું છું અને કરતી રહીશ. તમારે એકલા ચાલવાનું છે, દોડવાનું છે. ગુરુ તમને એ માટેની શક્તિ પ્રદાન કરે છે એ સાચું, પણ શિષ્યને નવા પ્રયોગો કરવાનો, નવી કેડીઓ કંડારવા પરિશ્રમ કરવાનો તો અધિકાર છે ને?'. શિષ્યના આ અધિકારની ગુરુ દ્વારા સાદર સ્વીકૃતિ થાય એ વર્તમાનયુગની માંગ છે.

'એક શિષ્યને ગુરુ સાથેના કેવા સંબંધની જરૂર હોય છે?' એક સાધકનો પ્રશ્ન હતો. જવાબ કંઈક આવો રહ્યો - 'શિષ્યને એવા સંબંધની જરૂર હોય છે કે જેમાં એને કોઈ ખુલાસા કરવા પડતાં નથી. સતત પોતાના વિશે ખુલાસા કરવા જેવી થકવી દેનારી બાબત બીજી કશી જ નથી. માનસિક થાક શારીરિક થાક કરતાં વધુ ચૂસી લે છે. શિષ્યને એવા સંબંધની જરૂર હોય છે કે જેમાં તે વિશ્વાસની અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માણી શકે, જેમાં એને બધી જ બાબતના ખુલાસા કરવા ન પડે, જેમાં એને સતત ગુનેગાર ગણવામાં ન આવે, જેમાં એને એની મર્યાદાઓને લીધે લઘુતાગ્રંથિના ભોગ ન બનવું પડે, જેમાં એની કમજોરીઓને લીધે એને અપમાનિત ન થવું પડે, જેમાં એની આજને ગઈકાલે જે ભૂલો થઈ હતી તેના સંદર્ભમાં જોવામાં ન આવે અને જેમાં એની હકારાત્મક બાજુને સતત પ્રોત્સાહન મળતું રહે. શિષ્યને ગુરુ પાસેથી એવી હૂંફ, વાત્સલ્ય, ચાહનાની અપેક્ષા હોય છે કે એ માતાના ગર્ભમાં જ મળે તેવી સલામતીનો પુનઃ પુનઃ અહેસાસ કરી શકે.

કમનસીબે આજના જમાનામાં મહદંશે એવું બનતું હોય છે કે ગુરુ તરફથી જેમ જેમ આ બધું સાંપડતું જાય તેમ તેમ મૂકાતા ભરોસાને ધરમૂળથી હચમચાવી નાંખે તેવી પ્રવૃત્તિઓ કરવામાં શિષ્ય વધુ ને વધુ પાવરધો બનતો જાય છે. તેના પર મૂકાતા વિશ્વાસના પ્રતિસાદરૂપે દાખવવી જોઈતી વફાદારીના સંદર્ભમાં એ તદ્દન ઊણો ઊતરે છે. કૃતજ્ઞતા તેને લેશમાત્ર પરવડતી નથી અને કૃતઘ્નતા સહજ રીતે એને આત્મસાત્ થતી હોય છે. ગુરુની ઈચ્છા અને આજ્ઞાને ધરાર અવગણવી તેમ જ પોતાની સ્વચ્છંદિતાને જ સર્વોપરિતા બક્ષવી એ જ તેનો ઉસૂલ બનતો જાય છે. પછી આવા શિષ્યના ગુરુ તેના પ્રત્યે અને તેના લીધે અન્ય સહવર્તિઓ પ્રત્યે પણ અવિશ્વાસુ, શંકાશીલ કે અસહિષ્ણુ બને તેમાં તેમનો વાંક કેટલો? શિષ્યના અનુચિત વર્તનથી જન્મતો પરિતાપ વાત્સલ્યની અખૂટ સરવાણીને પણ સૂકવી નાંખતો હોય છે. પછી તો ગુરુનો અવિશ્વાસ, એને લીધે શિષ્યોને થતી ખિન્નતા અને રોષ, એ રોષને લીધે થતો વિદ્રોહનો ભાવ, એ ભાવને લીધે થતી વધુ ને વધુ વિઘાતક પ્રવૃત્તિઓ, એ પ્રવૃત્તિઓને લીધે થતો ગુરુને સંતાપ, એ સંતાપને લીધે શિષ્યો પ્રત્યે જન્મતો ઉપેક્ષાભાવ - એક ભયંકર દુશ્ચક્ર ફરતું થાય છે, જેને અટકાવવાનો કોઈ ઉપાય સ્વયં પરમાત્માના હાથમાં પણ કદાચ નથી હોતો.

આ દુશ્ચક્રના નિવારણ અર્થે શિષ્યના પક્ષે શું થવું જોઈએ તે અંગે તો અઢળક માર્ગદર્શન આપણને શાસ્ત્રો આપે છે. પણ ગુરુના પક્ષે શું કરવું જોઈએ તે વિષે થોડીક મીમાંસા આવશ્યક લાગે છે. એટલે શિષ્યોની અપેક્ષા આવા પ્રસંગે શી હોય તે જ દર્શાવવા તરફ અત્રે વલણ રાખ્યું છે.

મૂળભૂત રીતે માણસ એકલો રહી નથી શકતો, એને કોઈની હૂંફ સતત જોઈતી હોય છે, અને એટલે જ એ સંબંધ બાંધવા પ્રેરાય છે. જો આ મુદ્દો બરાબર ધ્યાનમાં લેવામાં આવે, શિષ્ય સાથે ઉષ્માસભર વ્યવહાર કરવામાં આવે, શિષ્યને કશું છૂપાવવું જ ન પડે તેવું નિખાલસતા અને સૌહાર્દથી છલકાતું વાતાવરણ સર્જવામાં આવે, શિષ્યના મનમાં પ્રારંભથી જ શ્રદ્ધા અને વિશ્વાસ જન્માવવામાં આવે, અન્ય કાર્યોને થોડા ગૌણ કરીને શિષ્યો માટે સમયનો પૂરતો ભોગ આપવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ શરુઆતના તબક્કે જ નિવારી શકાય છે. જો કે અમુક અયોગ્ય જ કહી શકાય તેવા કુશિષ્યો માટે તો ગુરુ ગમે તે કરી છૂટે તો પણ ફેર નથી પડતો હોતો. પરંતુ સામાન્ય સંજોગોમાં તો શિષ્યો માટે પ્રેમ અને હૂંફ વશમાં રાખવાનાં અમોઘ સાધન બની રહે છે.

શિષ્ય આખરે તો એક મનુષ્ય છે. એના હાથે તો ભૂલો થાય તેવો સંભવ રહેવાનો જ. ગુરુએ જાણે-અજાણે પણ આ ભૂલોની મનમાં યાદી ન બનાવવી જોઈએ. અલબત્ત, શિષ્યને



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

પુનઃ એ ભૂલ કરતો અટકાવવાનો તો હોય જ, પણ એ થયેલી ભૂલોને મનમાં સંઘરતાં રહીને શિષ્યની છાપ ખરડી નાંખવી ન જોઈએ. ગુનાહિત ગઈકાલ ગઈકાલે જ પૂરી થઈ જવી જોઈએ, એના ઓછાયા હેઠળ આજને ખતમ કરી નાંખવાની જરૂર નથી. શિષ્યમાં સુધરવાની પણ અનંત સંભાવનાઓ પડેલી હોય જ છે. આ સંભાવનાઓને જે વાસ્તવિકતામાં પલટી મરાવી શકે, અંધારી ગઈકાલને બદલે ઊજળી આવતીકાલને જે જોઈ શકે તે જ સાચા 'ગુરુ'!

સંબંધો બીજ જેવા હોય છે. તેમને પોષવા અને વિકસાવવા પડે છે. અપેક્ષાઓ નકામા ઘાસ જેવી હોય છે. તે પોતાની મેળે જ ઊગી નીકળે છે. જો આપણે અપેક્ષાઓને નિયંત્રિત ન કરી શકીએ, અને સંબંધ પ્રત્યે બેદરકારીભર્યું વલણ દાખવીએ તો વધતી જતી અપેક્ષાઓ સંબંધનાં મૂળિયાંને જ હચમચાવી નાંખે છે. એટલે અપેક્ષાઓનું નિંદામણ પણ ચાલુ રાખવું પડે છે અને સંબંધને સતત સિંચિત કરતાં રહેવું પડે છે. સંબંધથી જોડાનાર બે વ્યક્તિ પરસ્પર અંગત મૂલ્યો, અભિપ્રાયો, નિર્ણયોની ચર્ચા કરે, એકબીજાની લાગણીઓ માટે સંવેદનશીલ બને, પરસ્પર ભાવનાત્મક સુસંગતતા વિકસાવે, એકબીજાનો એમની બધી જ ખામીઓ અને ખાસિયતો સાથે સ્વીકાર કરે, ખાસ તો એકબીજા માટે સમય, શક્તિ, સ્વપ્નનો ભોગ આપે તે બહુ જ જરૂરી છે. સાચો સંબંધ કેળવવો એ એક અદ્‌ભુત કળા છે. ગુરુ આ અર્થમાં દુનિયાના મહાન કલાકાર હોય છે, હોવા જોઈએ.

Mahatria Ra પોતાના Unposted Letter નામના પુસ્તકમાં બહુ સરસ વાત કરે છે -

''આપણાં બાળકો માટે આપણે જ કુરાન છીએ, જેને તે પોતાના જીવન દરમિયાન વાંચશે. આપણે જ વેદ છીએ, જેને તેઓ જોશે. આપણે જ બાઈબલ છીએ, જેની અનુભૂતિ તેઓ કરશે. આપણે જ તેઓનો ધર્મ છીએ, જેને તેઓ અનુસરશે. તમારું જીવન અને મારું જીવન તેમને માટે કાં તો ચેતવણી બનશે અથવા તો ઉદાહરણરૂપ બનશે. હું જાણું છું કે આ એક મોટી જવાબદારી છે. પણ તેના સિવાય આ ધરતી પર તમે તેમની પહેલાં શા માટે આવ્યા હતા તે કેમ સમજાવી શકશો?''

ભગવદ્‌ગીતા આ જ વાતને यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः આ શબ્દોમાં રજૂ કરે છે. મતલબ કે ગુરુની સામાજિક જવાબદારી બહુ મોટી હોય છે. એમને એવી રીતે રહેવાનું હોય છે કે બીજા તેને માપદંડ માનીને અનુસરી શકે. જે રીતે તેઓ બીજા માટે ઈચ્છે તે જ રીતે તેઓ પણ જીવે તે અનિવાર્ય છે. આસપાસનું જગત જો ગુરુની જ કાર્બનકોપી બનવાનું હોય તો ગુરુએ એવી માસ્ટરકોપી બનવાનું છે કે જેની ડુપ્લિકેટ બરાબર જ આવે.

વાસ્તવમાં ગુરુ જે કરે તે નહીં, પણ જે કહે તે કરવું તે શિષ્યના હિતમાં હોય છે એ એક સો ટચનું સત્ય છે. પણ આ સત્યને પચાવી શકે એવી પરિપક્વતા કેટલા શિષ્યોમાં હોવાની? કાચા શિષ્યો તો ગુરુના વર્તનને જ અનુસરવાના. તેઓ તો જે સાંભળે છે, તેના કરતાં જે જુએ છે તેમાંથી જ વધુ શીખવાના. શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે એટલે જ ષોડશક પ્રકરણમાં ''બાલ જીવો આગળ જેની પ્રરૂપણા કરાય તે તમામ આચારો ગુરુએ, જરૂર ન હોવા છતાં પણ, પાળવા જ જોઈએ. અન્યથા તે જીવોને વ્યામોહ થાય.'' એમ સ્પષ્ટ જણાવ્યું છે.

તેથી દરેક ગુરુએ પોતાની જાતને આ હિંમતભર્યો સવાલ પૂછવો જોઈએ - ''હું જેને બરાબર માનું છું તેને મારા શિષ્યો સ્વીકારશે તેથી મને આનંદ થશે? હું ક્યારેય એમ કહી શકીશ કે મારી આ ટેવો માટે મને ગૌરવ છે?''

એક રમ્ય કલ્પના કરી જુઓ : ''ગુરુનાં જ્ઞાન ને તપઃશ્રીને પરિણામે સમુદાયનું વાતાવરણ જ એવું પાવિત્ર્યથી છલકાતું હોય કે શિષ્યને સમજણ એ વાતાવરણમાંથી જ સાંપડ્યા કરે. अप्पदीवो भव નો નાદ ત્યાંની હવામાં ગૂંજતો હોય. વિવેક અને જાગૃતિ સમુદાયનાં પ્રાણતત્ત્વો હોય. ગુરુનાં તપઃપૂત જીવન અને જ્ઞાનપૂત વાણી શિષ્યો માટે સદૈવ માર્ગદર્શન બનતાં રહેતાં હોય.'' આવો સમુદાય જૈન શાસનનો એક આદર્શ સમુદાય બની રહે એમ કહેવાની જરૂર ખરી?

શ્રીવજુ કોટકે 'પ્રભાતનાં પુષ્પો' નામની કોલમમાં એક વખત ગુરુ પર પોતે લખ્યો હોય એવી ઢબનો એક પત્ર છાપ્યો હતો. તે પત્રની પૂર્ણાહૂતિ આ રીતે કરવામાં આવી હતી - ''હે ગુરુ! તમે જે રીતે સમગ્ર જીવન જીવ્યા છો, તે રીતે હું ન જીવું, તો ખરેખર માનજો કે તમારી પાસેથી હું ઘણું બધું શીખ્યો છું!'' (શબ્દો યાદદાસ્તના આધારે) શિષ્યો માટે મારું જીવન ચેતવણીરૂપ છે કે ઉદાહરણરૂપ? આ પ્રશ્ન સામે આંખમીંચામણાં કરવાં ગુરુને ન જ પાલવી શકે.

એ એક પારમાર્થિક સત્ય હોવા છતાં, વર્તમાનયુગની વાસ્તવિકતા એનાથી બહુ જુદી છે અને સનાતનપ્રેમીઓ માટે સ્વીકારવી એટલી જ કપરી છે.

आज्ञा गुरुणामविचारणीया પહેલાં સંબંધોનો આધાર લાગણી હતી, આજે માહિતી છે. ઉપરીની આજ્ઞાને ચૂપચાપ અનુસરો - એવું લશ્કરી અનુશાસન આજે ગુરુ-શિષ્ય સંબંધમાં મહદંશે શક્ય નથી રહ્યું. થોડાં વર્ષો પહેલાં જો બોસ ટીમના સભ્યને કામ કરવાનું કહેતા તો તરત 'થઈ જશે' એવો સહજ જવાબ

મળતો. આજે ટીમનો સભ્ય કામ શરુ કરતાં પહેલાં 'તે શા માટે કરવાનું છે?' વગેરે પૂછે છે. Yes ની જગ્યા Why? અને Why not? આ પ્રશ્નોએ લઈ લીધી છે. આનો અર્થ એ નથી કે આજની ટીમના સભ્યો સન્માનમાં નથી માનતા, પણ તેઓને પૂરતી માહિતી જોઈએ છે. એ અર્થમાં, હવે સંબંધોમાં આંધળું સમર્પણ નથી રહ્યું. અલબત્ત, તેને કારણે સંબંધોની ગુણવત્તામાં કોઈ ફેરફાર નથી થયો. પણ જેઓએ સ્વયં નનુ નચ કર્યા વગરનું આજ્ઞાપાલન કરેલું છે, તેઓને આ બાબત કઠે તે સ્વાભાવિક છે. જો કે બદલાતા જગતમાં આવાં પરિવર્તનોની તો અપેક્ષા રાખવી જ રહી. અત્યાર સુધી વિશ્વાસ જ સંબંધોનો આધાર હતો. અત્યારે માહિતીની આપ-લે અને સમાધાનકારક વલણ એ વિશ્વાસનો આધાર બન્યાં છે. સમજૂતી જરૂરી બની છે અને ખુલાસા ફરજિયાત. આ પરિવર્તન નથી સારું કે નથી ખરાબ. તે માત્ર નવી ઘટના છે. તેને એ સ્વરૂપે જ જોઈશું તો તે સહ્ય જણાશે.

નવી પેઢી પાસે નવી દિશા છે, નવી દ્રષ્ટિ છે, નવી વિચારસરણી છે, નવી કાર્યપદ્ધતિ છે. ગુરુ ધારે તો નવી પેઢીની આ બધી જ મિલકતનો લાભ પોતે મેળવી શકે છે, જરૂર છે ફક્ત એને સાંભળવાની, એને અપનાવવાની. જૂની પેઢી પાસે પરંપરાપ્રાપ્ત જ્ઞાનનો અને અનુભવોનો સમૃદ્ધ ખજાનો છે. આ બહુમૂલ્ય વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનું કામ એ બહુ સંનિષ્ઠાપૂર્વક કરતી હોય છે. પણ સામે છેડે નવી પેઢી પાસેથી પોતે પણ કંઈક મેળવી શકે છે એ વાત પચાવવી તેને બહુ અઘરી લાગે છે. અને એથી લગભગ નવી વાતોનો સ્વીકાર કરવાનું ટાળવામાં આવતું હોય છે. એટલે ઉભયપક્ષે સામંજસ્ય નથી સાધી શકાતું. અલબત્ત, નવી પેઢી પાસે જે કંઈ હોય છે તે બધું યોગ્ય જ હોય છે એવું પ્રતિપાદિત કરવાનો આશય નથી. પણ જે કંઈ છે તેમાંથી નીરક્ષીરવિવેક કરીને અપનાવવામાં ગુરુને જ વધારે લાભ થતો હોય છે. વિનોબાજીએ તો આ આખી વાતને પોતાની માર્મિક શૈલીમાં એવી રીતે ઢાળી આપી છે કે આપણે હળવાફૂલ થઈને એમાં સંમત થઈ શકીએ. તેઓએ કહ્યું કે - ખેતરની વાટે ચાલતા ખેડૂતના ખભે બેઠેલો એનો નાનકડો છોકરો બાપા કરતાં વધારે દૂરનું જોઈ શકે તો તે સ્વાભાવિક જ છે. કેમ કે તે ઊંચે બેઠેલો છે. એ જ રીતે જૂની પેઢીના વારસાને આધારે ઉછરેલી નવી પેઢી વધુ દૂરનું વિચારી શકે તેમાં કઈ નવાઈ નથી.

કેટલીક પ્રકીર્ણક વાતો -

- गुरौ प्रशस्यो विनयी, गुरुर्यदि गुरुर्भवेत्।
  गुरौ गुरुगुणैर्हीने, विनयोऽपि त्रपास्पदम्।।

(ત્રિષષ્ટિમહાકાવ્ય - ૧.૫.૧૩૪)

ગુરુ જો ખરેખર ગુરુ હોય તો તેમનો વિનય કરવો એ વખાણવાલાયક ગણાય.

- પાંચમાં આરાનાં મુખ્ય ૧૦ લક્ષણો શ્રીસ્થાનાંગસૂત્રમાં જણાવાયાં છે. તેમાં એક લક્ષણ આવું છે - गुरुसु जणो मिच्छं पडिवण्णो। આનો અર્થ એમ થાય કે પાંચમાં આરામાં ગુરુભગવંત પ્રત્યે શિષ્યો દુર્ભાવ કેળવશે, તેમનો અવર્ણવાદ કરશે, તેમના પ્રત્યે અસદાચરણ કરશે. આ આ કાળની કડવી વાસ્તવિકતા છે, જેનો સ્વીકાર કર્યે જ છૂટકો છે. આ સમગ્ર લખાણમાં આ વાસ્તવિકતાને નજરઅંદાજ કરીને ફક્ત 'શિષ્યોને ગુરુ પાસે શી અપેક્ષા હોય છે?' આ પ્રશ્ન પર જ ધ્યાન આપ્યું છે. અન્યથા શિષ્યો માટે તો અઢળક લખી શકાય તેમ છે.

વાસ્તવમાં ગુરુ-શિષ્ય સંબંધ એક અતિશય સંકુલ પદાર્થ છે. વ્યક્તિદીઠ અને પરિસ્થિતિદીઠ એ જુદાં જ પરિમાણો અને સ્વરૂપો સાથે નજર આવે છે. તેથી કોઈ એક ચોક્કસ નિયમ એમાં લાગુ પાડવો શક્ય જ નથી. બહુ સઘન, ગંભીર અને વ્યાપક વિચાર આ પરત્વે કરીએ તો જ આ તત્ત્વની આછીપાતળી ઝાંખી થાય તેમ છે.

- जह दीवा दीवसयं, पइप्पए सो अ दीप्पए दीवो।
  दीवसमा आयरिया, अप्पं च परं च दीवंति।।

(ઉત્તરાધ્યયનનિર્યુક્તિ)

"જેમ એક દીવામાંથી સેંકડો દીવા પ્રગટે છે અને તે દીવો પોતે પણ ઝળહળતો રહે છે. તેમ દીપકસમાન આચાર્યો પોતેને અને અન્યને પ્રકાશમાન કરતાં રહે છે."

કેટલીક અદ્‌ભુત ઉપમા છે આ! સાધક ગાઢ પ્રેમ, આદર, શ્રદ્ધા અને સમર્પણના ભાવ સાથે ગુરુચરણે પોતાની જાત ન્યોચ્છાવર કરે છે. અને એના પ્રતિસાદમાં મળતું ગુરુનું દિવ્ય સાંનિધ્ય એને ન્યાલ કરી નાંખે છે, એને અંદરથી આખેઆખો બદલી નાંખે છે, એને ઊંચકીને પોતાની ઉચ્ચકક્ષાએ ખેંચી આણે છે. ખરેખર તો ગુરુ એને કશું જ આપી નથી દેતા, એ તો ફક્ત તેનામાં જે અમાપ અને નિઃસીમ શક્યતાઓ સુષુપ્ત થઈને પડી છે, તેને ઉજાગર કરી આપે છે. સાધકની ભીતર જ જે સત્ત્વ ધરબાયેલું હોય છે, તેનું જ અનંત વિસ્તરણ ગુરુકૃપાથી શક્ય બને છે. અને કોઈક દિવ્ય પળે, કોઈક બડભાગી ગુરુનો કોઈક વિરલ ચેલો ગુરુની પણ આગળ વધી જાય છે. આવા ગુરુની ધન્યતાનાં તો ઓવારણાં જ લેવાં રહ્યાં! દ્રોણાચાર્યની મહત્તા જ અર્જુનને એ કક્ષાએ પહોંચાડવાની હતી કે એ સ્વયં દ્રોણાચાર્યને પણ જીતી શકે. પ્રકૃષ્ટ પુણ્યના ઉદયે જ સાધકને આવા, આખેઆખા ઠલવાઈ

જનારા, ગુરુ સાંપડતા હોય છે.

- છેલ્લે એક ઈતિહાસપ્રસિદ્ધ પ્રસંગ નોંધીને વાતનું સમાપન કરું. પ્લેટો વિદ્યાર્થીઓને ભણાવતાં હોય ત્યારે કેટલીકવાર તેમનાં વિધાનો તેમના ગુરુનાં વિધાનોથી જુદાં પડતાં હોય એમ લાગતું. એક વિદ્યાર્થી આવી દરેક વેળાએ તેમનું ધ્યાન દોરતો કે તમારા ગુરુ તો આવું નહોતા માનતા, તમારા ગુરુ તો આમ કહેતાં હતા. પ્લેટો હસીને વાત પૂરી કરતા. પણ એક દિવસ તેમને ખુલાસો કરવાની અનિવાર્ય ફરજ પડી ત્યારે તેમણે એટલું જ કહ્યું કે મારા ગુરુએ મને શીખવાડ્યું છે કે ''સત્ય અને ગુરુ - બેમાંથી એક જ પસંદગી કરવાની હોય તો સત્યની જ કરજે. કેમ કે 'સત્ય' એ ગુરુનું જ બીજું નામ છે.''

✦✦✦✦✦✦✦

રમજાનભાઈનું નિમંત્રણ આવ્યું. વિષય પરત્વે તેમની સાથે અને મારા પૂજ્ય ગુરુમહારાજ જોડે ચર્ચા થઈ. તેમાં હું આ વિષય પર લખું એવું નક્કી થયું. પૂ. સાહેબજીની આજ્ઞા થઈ કે તટસ્થતાનો ભાવ જાળવીને મોકળાશથી લખજે. મેં લખ્યો આ લેખ. મને ઉંડે ઉંડે ડર હતો કે મને ઠપકો મળશે. પણ સાહેબે તો તે લેખને યથાતથ સ્વીકાર્યો, અને મોકલવાની સૂચના પણ આપી! મારું આશ્ચર્ય તો શમતું નથી, પરંતુ એક વાતની મને પ્રતીતિ પણ થઈ કે વૈચારિક ઉદારતા અને પોતાની જ વિરુદ્ધમાં જઈ શકે તેવી વાતોને પણ પ્રેમાદર સાથે સ્વીકૃતિ આપીને શિષ્યનો ઘાટ ઘડવાનું ભીતરી સામર્થ્ય એ કેવી દુર્લભ અને પ્રસન્નકર જણસ હોય! આવા ગુરુ અને તેમનો વિચારવારસો મેળવીને મારું શિષ્યત્વ પણ સાર્થકતા અનુભવે છે. મને લાગે છે કે આપણી બુદ્ધિમતાને આપણે પણ વિચાર-વિવેકનો અને હૃદયની વિશાલતાનો આવો પુટ આપવો પડશે. અસ્તુ.

આ લેખને ગુરુ-શિષ્ય વચ્ચેના કમેળના સંકેત તરીકે કોઈ લેશે તો તે તેમની કમનસીબી હશે. ગુરુતત્ત્વ વિશેના વિવિધ દ્રષ્ટિબિંદુઓ પૈકી એક અઘરા મુદ્દા ઉપર, તે પણ ગુરુની પોતાની આજ્ઞા-સૂચનાથી જ આ લેખ લખાયો છે તેટલું યાદ રાખીને જ આ લેખનું મૂલ્યાંકન કરવા સૌને નિવેદન...

❑❑❑

C/o. અતુલ એચ. કાપડિયા
એ-૯, જાગૃતિ ફ્લેટ, મહાવીર ટાવર પાછળ,
પાલડી, અમદાવાદ,
મો. ૯૮૭૯૫૫૨૧૩૫

## ❋ અમરતવાણી

ચિની તત્ત્વચિંતક કોન્ફ્યુશ્યસને એમના એક શિષ્યે પ્રશ્ન કર્યો : 'અમારે જીવન કેવી રીતે જીવવું?' કોન્ફ્યુશ્યસ કહે : 'બત્રીસ દાંત વચ્ચે રહેતી એક જીભની જેમ જીવન જીવવું.' એટલે? આપના કથનનો મર્મ ન સમજાયો, ગુરુદેવ.' ગુરુ કહે : 'જુઓ, દાંત કઠોર છે. છતાંયે એમની વચ્ચે કોમળ જીભ જે રીતે ટકી રહી છે, એ રીતે આપણે પણ કઠોર વિશ્વ વચ્ચે નમ્ર બનીને જીવવાનું છે અને બીજી વાત, જેમ આખરે જીભ જ વધુ ટકે છે અને ધારે તો દાંતને એલફેલ બોલીને પડાવી પણ શકે છે, તે જન્મથી મૃત્યુ પર્યંત રહે છે. જ્યારે દાંત તો જન્મ પછી આવે છે અને મૃત્યુ પૂર્વે વિદાય લઈ લે છે. આનાથી એમ સિદ્ધ થાય છે કે મૃદુતા, કરૂણા ધરાવનારા જનોમાં કઠોરજનોને મહાત કરવાની તાકાત હોય, છતાંય તેઓ પીડાને સહન કરી લે છે અને વધુ ટકી શકે છે. ઉપરાંત દાંતમાં અન્નનો કણ, કોતરાં વગેરે ભરાઈ જાય તો જીભ જ કાઢે છે. એ જ રીતે મૃદુ વ્યક્તિ દાંત જેવા કઠોરજનોની તકલીફો દૂર કરે છે. આમ, જીભની જેમ જીવનાર મૃદુ અને કરુણાવાન વ્યક્તિને સાચા અર્થમાં સંત કહી શકાયાં.'

## ❋ અમરતવાણી

કાવિઠા ગામના છોકરાંઓને બોધ આપતાં શ્રીમદ રાજચંદ્રે પૂછ્યું : 'છોકરાઓ તમારા એક હાથમાં છાશનો ભરેલો લોટો હોય અને બીજા હાથમાં ઘીનો ભરેલો લોટો હોય અને માર્ગે જતાં તમને ધક્કો લાગે તો તે વખતે કયો લોટો સાચવશો?' ગીરધર કહે : 'ઘી નો લોટો સાચવીશું.' શ્રીમદે પૂછ્યુ : 'કેમ? ઘી અને છાશ તો બંને એકમાંથી જ ઉત્પન્ન થાય છે, છતાં ઘી શા માટે?' છોકરો કહે : 'છાશ ઢોળાઈ જાય તો ઘણાય ફેરા કોઈ ભરી આપે, પણ ઘી કોઈ ભરી ન આપે.' આ સાંભળી શ્રીમદ્ કહે : 'છાશના જેવો આ દેહ છે, તેને આ જીવ સાચવે છે અને ઘીની માફક આત્મા છે, તેને જતો કરે છે. એવી અવળી સમજણવાળો આ જીવ છે. પણ એ આત્માને ઘીની તુલ્ય મૂલ્યવાન જાણે તો આત્માને પણ સાચવે અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરે. કારણ દેહ તો એની મેળે જ મળવાનો છે. કર્મ ઉપાર્જન થયાં એટલે એ ભોગવવારૂપે દેહ તો મળવાનો જ છે.'

# અધ્યાત્મપથ અને ગુરુ

ભાણદેવજી

*લેખક પરિચય : અધ્યાત્મમાર્ગના યાત્રિક એવા ભાણદેવજીની લેખિનીનો પ્રાણ વિષય અધ્યાત્મ જ રહ્યો છે. તેમના ૧૩૫ જેટલા અભ્યાસ સંપન્ન પુસ્તકોમાં વિવિધ પંથ, સંપ્રદાયના સંતો-કવિઓના જીવન – કવનમાં ગર્ભિત અધ્યાત્મ દર્શનને ઉજાગર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ તેમણે કર્યો છે. લોકભારતી સણોસરામાં મનુભાઈ પંચોળી દર્શકનું સાન્નિધ્ય મેળવનાર ભાણદેવજી ગાંધી ચિંધ્યા માર્ગે ચાલનાર ખુબ સારા વક્તા, લેખક છે. હાલે મોરબી પાસે સરસ્વતી નિકેતન આશ્રમમાં રહેતા ભાણદેવજી સાધુ જેવું જ જીવન જીવી રહ્યા છે.*

**૧. ગુરુ શા માટે ?**

કોઈ પણ મૂલ્યવાનવિદ્યા, કોઈ પણ ગહનવિદ્યા અન્યની સહાય વિના, માત્ર પોતાની મેળે શીખી શકાતી નથી. અધ્યાત્મવિદ્યા સર્વાધિક મૂલ્યવાન અને સર્વાધિક ગહનવિદ્યા છે. તેથી અધ્યાત્મવિદ્યાનાં તત્ત્વો સમજવા માટે કોઈ અધ્યાત્મવિદની સહાયની જરૂર પડે છે. કોઈ પણ રહસ્યપૂર્ણ પથ પર રાહબર વિના, માત્ર પોતાની મેળે ચાલી શકાતું નથી. અધ્યાત્મપથ સર્વાધિક રહસ્યપૂર્ણ પથ છે, તેથી અધ્યાત્મપથ પર ચાલવા માટે કોઈ માર્ગદર્શકની જરૂર પડે છે. જેમ સંગીત શીખવા માટે સંગીતાચાર્યની સહાય લેવી પડે છે. ભૈરવી રાગ માત્ર પોતાની મેળે કે માત્ર પુસ્તકની સહાયથી શીખી શકતો નથી, તેમ પરમપદની પ્રાપ્તિના પથ પર પણ કોઈની સહાય લેવી પડે છે, કોઈનું માર્ગદર્શન મેળવવું પડે છે.

અન્ય વિદ્યાના શિક્ષકો માટે શિક્ષક કે આચાર્ય કે અધ્યાપક આદિ શબ્દો પ્રયોજાય છે, પરંતુ અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અધ્યાત્મપથ પરમપદની પ્રાપ્તિનો પથ છે, તેથી અધ્યાત્મપથના રાહબર માટે, અધ્યાત્મવિદ્યાના આચાર્ય માટે એક વિશિષ્ટ શબ્દનો પ્રયોગ થાય છે – ગુરુ!

**૨. ગુરુ કોણ?**

જે શિષ્યને અધ્યાત્મપથ પર દોરણી આપે તે ગુરુ છે. ગુરુ કોણ બની શકે ? ગુરુની યોગ્યતા વિષયક પ્રાચીન ધારણા પ્રમાણે જે બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય હોય, તે ગુરુ બની શકે. બ્રહ્મનિષ્ઠ એટલે બ્રાહ્મીસ્થિતિને પામેલ પુરુષ અને શ્રોત્રિય એટલે વેદજ્ઞ અર્થાત અધ્યાત્મના શાસ્ત્રના જાણકાર. જે બ્રહ્મનિષ્ઠ હોય અર્થાત અધ્યાત્મની સર્વોચ્ચ અવસ્થાને પામેલા હોય અને જે વેદવેદાંતના જ્ઞાતા પણ હોય તે જ ગુરુ બની શકે, તેમને જ ગુરુ બનવાનો અધિકાર છે.

આ તો સર્વોચ્ચ આદર્શની વાત થઈ. બ્રહ્મનિષ્ઠ હોવું તે વિરલ ઘટના છે અને બ્રહ્મનિષ્ઠ તથા શ્રોત્રિય, બન્ને હોવું તે તો અતિ વિરલ ઘટના છે. એવા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે.

અરણ્યમાં વિહરણ કરતો માનવસમુદાય તૃષાતુર થાય ત્યારે, સૌ પોતપોતાની રીતે જળની શોધ આદરે છે. કોઈ સદ્ભાગીને નિર્મળ નીરનું સરોવર સાંપડે છે. તે જળપાન કરીને તૃપ્ત થાય છે, પરંતુ કરૂણાવશ તેને પોતાની તૃપ્તિ પર્યાપ્ત લાગતી નથી. તે સરોવર કિનારાના વૃક્ષ પર ચઢીને અન્ય તૃષાતુરોને બોલાવે છે. બૂમો પાડીને કહે છે, 'અરે! તમે અહીં આવો. અહીં નિર્મળ નીરનું સરોવર છે. અહીં તમને યથેચ્છ જળ મળશે. અહીં તમારી તૃષા શાંત થશે.'

જીવનનું એવું વિધાન છે કે પરિતૃપ્ત વ્યક્તિ તૃષાતુરોને જળ માટે આહ્વાન કરે છે. આ આહ્વાન કરનાર પરિતૃપ્ત વ્યક્તિ તે જ ગુરુદેવ!

પરમાત્માની અનંત શક્તિઓ છે. તેની અનંત શક્તિઓમાંની એક શક્તિ છે – માર્ગદર્શિકા શક્તિ.

જીવ આ સૃષ્ટિમાં ભગવત્-પ્રાપ્તિ માટે આવે છે. જીવનું જીવન મૂલતઃ તેની અધ્યાત્મયાત્રા છે, તેની અધ્યાત્મશોધ છે. આ યાત્રામાં, આ શોધમાં તે એકલોઅટૂલો નથી, નિઃસહાય નથી. પરમાત્માની માર્ગદર્શિકા શક્તિ તેને સહાય કરવા, તેને રસ્તો ચીંધવા સદા ઉદ્યત છે. આ માર્ગદર્શિકા શક્તિ સાધકની આંગળી પકડે છે. પરમાત્માની આ માર્ગદર્શિકાશક્તિ તે જ ગુરુતત્ત્વ છે.

ગુરુતત્ત્વ મૂલતઃ નિર્વૈયક્તિક છે, નિરાકાર છે, પરંતુ તે તત્ત્વ જ્યારે કોઈ મહામહિમ વ્યક્તિમાં અભિવ્યક્ત થાય ત્યારે તે વ્યક્તિભાવ, વ્યક્તિરૂપ ધારણ કરે છે. આ વ્યક્તિભાવાપન્ન ગુરુતત્ત્વ તે જ ગુરુદેવ છે. ગુરુદેવ ગુરુતત્ત્વના પ્રતિનિધિ છે. જેમ નિરાકાર જળ પાત્રમાં ભરાય ત્યારે પાત્રનો આકાર ધારણ કરે છે, તેમ નિરાકાર ગુરુતત્ત્વ, નિર્વૈયક્તિ ગુરુતત્ત્વ, ગુરુદેવમાં અભિવ્યક્ત થઈને વ્યક્તિભાવ ધારણ કરે છે.

બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય ગુરુ, ગુરુતત્ત્વના આ પૃથ્વી પરના પ્રતિનિધિ છે અને ગુરુદેવનો સાચો આદર્શ પણ તેવા

ગુરુ જ છે.

જો ગુરુ માટેના આ જ ધોરણને દૃઢતાપૂર્વક પકડી રાખીએ તો મોટા ભાગના શિષ્યોને, અધ્યાત્મજિજ્ઞાસુઓનો ગુરુ વિના જ રહેવું પડે! તેથી બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુના સર્વોચ્ચ ધોરણને દૃઢતાપૂર્વક પકડી રાખવાને બદલે સુલભ ધોરણ સ્વીકારવું જોઈએ. તે પ્રમાણે ગુરુમાં આટલી યોગ્યતા તો હોવી જ જોઈએ.

(૧) ગુરુ થનાર વ્યક્તિ પોતે સાધનપરાયણ હોય અને અધ્યાત્મપથ પર તે વિકાસમાન - ગતિમાન હોય.

(૨) અધ્યાત્મપથની - અધ્યાત્મવિદ્યાની તેનામાં યથાર્થ સમજ હોય.

(૩) તે વ્યક્તિ સત્યનિષ્ઠ અને પવિત્ર હોય.

(૪) ગુરુ થનાર વ્યક્તિમાં પોતાના શિષ્યના આધ્યાત્મિક કલ્યાણની ખેવના હોય.

આ પ્રકારની યોગ્યતા હોય તેવી વ્યક્તિનો ગુરુ થવાનો અધિકાર છે. આવા અધિકારી ગુરુ પાસેથી શિષ્ય યથાર્થ માર્ગદર્શન અને સહાયની અપેક્ષા રાખી શકે.

**૩. શિષ્ય કોણ?**

શિષ્ય એટલે શિક્ષણને પાત્ર. આધ્યાત્મિક ક્ષેત્રમાં શિષ્ય શબ્દનો પારિભાષિક અર્થ છે. કોઈ વિદ્યાર્થી પોતાના શિક્ષક પાસે ગણિતનું શિક્ષણ ગ્રહણ કરતો હોય તો તે શિક્ષકનો વિદ્યાર્થી છે, શિષ્ય નહિ અને શીખવનાર શિક્ષક તેના શિક્ષક કે અધ્યાપક ગણાય છે, પરંતુ ગુરુ નહિ. જે અધ્યાત્મનું શિક્ષણ લે તેને માટે જ 'શિષ્ય' શબ્દનો પ્રયોગ થાય છે અને જે અધ્યાત્મનું શિક્ષણ આપે તેના માટે 'ગુરુ' શબ્દનો પ્રયોગ થાય છે.

આમ શિષ્ય એટલે અધ્યાત્મપથનો જિજ્ઞાસુ પથિક.

જેમ ગુરુ હોવા માટે યોગ્યતા જોઈએ, તેમ શિષ્ય બનવા માટે પણ યોગ્યતા હોવી જોઈએ. શિષ્યની યોગ્યતા આ રીતે રજૂ કરી શકાય.

૧. શિષ્ય થવાની સૌથી પ્રથમ યોગ્યતા એ છે કે તેનામાં પરમ સત્યના સાક્ષાત્કારની અભીપ્સા હોવી જોઈએ. જેણે પોતાના જીવનના પ્રધાનધર્મ તરીકે પરમાત્માની પ્રાપ્તિના ધ્યેયને સ્થાન આપ્યું હોય તે શિષ્ય થવાને પાત્ર છે.

૨. જેનું જીવન સાત્ત્વિક હોય અને જેનું ચિત્ત શુદ્ધ હોય તે શિષ્ય થવાને પાત્ર છે.

પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે, તેથી દરેક માનવમાં થોડા ઘણાં પ્રમાણમાં ત્રણે ગુણો હોય છે. તે સંપૂર્ણ શુદ્ધ સાત્ત્વિક જીવન અને સંપૂર્ણ શુદ્ધ ચિત્ત તો એક આદર્શ છે. તેથી સંપૂર્ણ શુદ્ધ સાત્ત્વિક જીવન અને સંપૂર્ણ શુદ્ધ ચિત્ત હોય તો જ શિષ્ય બની શકાય તેવી અપેક્ષા રાખીએ તો કોઈ શિષ્ય બની શકે નહિ. સામાન્ય દૃષ્ટિથી જેનું જીવન સાત્ત્વિક હોય અને ચિત્ત શુદ્ધ હોય તે શિષ્ય થવાને પાત્ર છે, તેમ ગણવું જોઈએ.

૩. શિષ્ય તે બની શકે જેને પોતાના ગુરુમાં અને ગુરુના માર્ગદર્શનમાં શ્રદ્ધા હોય. શ્રદ્ધા ગુરુશિષ્ય સંબંધનો પાયો જ છે. જો ગુરુમાં શ્રદ્ધા ન હોય તો શિષ્ય તેમની આજ્ઞા પ્રમાણે અધ્યાત્મપથ પર ચાલી શકે જ નહિ. તેની સાધનામાં તેજ પ્રગટી શકે નહિ.

ગુરુ અધ્યાત્મપથમાં રહસ્યો જાણે છે, ગુરુ અધ્યાત્મપથની વિટંબણાઓ અને આંટીઘૂંટી જાણે છે. શિષ્ય બધું સમજતો નથી અને છતાં તે અધ્યાત્મપથ પર ચાલવા તો ઈચ્છે જ છે. તે કોના આધારે ચાલે? ગુરુના શબ્દોના આધારે ચાલે. પોતે પૂરું સમજતો નથી, છતાં ગુરુપદિષ્ટ માર્ગે ચાલવાનું છે. આમ તો જ બને જો ગુરુઆજ્ઞામાં શ્રદ્ધા હોય.

૪. શિષ્ય તે છે જેને ગુરુ પ્રત્યે આદરભાવ હોય, પૂજ્યભાવ હોય. ગુરુ શિષ્યના સંબંધો માત્ર બૌદ્ધિક ગણતરી પ્રમાણે નભતા નથી. આ સંબંધોનો પાયો ભાવ છે. શિષ્યના મનમાં ગુરુ પ્રત્યે આવો અહોભાવ, આદરભાવ, પૂજ્યભાવ હોય તો જ ગુરુશિષ્યનો સંબંધ હૃદયગત બની શકે છે. આવા હૃદયગત સંબંધને આધારે અધ્યાત્મયાત્રા ચાલી શકે છે.

૫. શિષ્ય તે છે, જે સાધનાપરાયણ છે. શિષ્યમાં બધું જ હોય, પરંતુ તે સાધના ન કરે તો? ગુરુ માર્ગ બતાવે છે, પરંતુ તે માર્ગ પર ચાલવું તો પડે જ છે અને સૌએ પોતે પોતાના પગથી ચાલવું પડે છે. તેથી સાધનાપરાયણતા શિષ્યત્વનું અનિવાર્ય લક્ષણ છે.

૬. શિષ્ય ગુરુની સેવા કરે, તે પણ તેના શિષ્યત્વનો અને તેની સાધનાઓનો ભાગ છે.

સેવા દ્વારા ચાર ઘટનાઓ ઘટે છે :

અ. સેવાથી ગુરુ પ્રસન્ન થાય છે. પ્રસન્ન થયેલા ગુરુની કૃપા શિષ્ય પર વરસે છે.

બ. સેવા દ્વારા ગુરુ સાથે શિષ્યનો ઘનિષ્ઠ સંબંધ બંધાય છે. આ સંબંધ અધ્યાત્મનું માધ્યમ બને છે.

ક. સેવા દ્વારા શિષ્યના ચિત્તનું શોધન થાય છે.

ડ. સેવા દ્વારા શિષ્ય ગુરુગણને કંઈક અંશે ચૂકવે છે.

**૪. ગુરુધર્મ**

ગુરુનો પ્રધાનધર્મ છે - શિષ્યને અધ્યાત્મપથ પર દોરવો, તેના અધ્યાત્મપથને પ્રશસ્ત બનાવવો. કોઈ પણ વ્યક્તિને કાંઈક મદદ કરવી તે સત્કાર્ય છે, પરંતુ આધ્યાત્મિક મદદ

કરવી, અધ્યાત્મપથ પર દોરવણી આપવી તે તો પરમ સત્કાર્ય છે. આધ્યાત્મિક મદદ સર્વોચ્ચ મદદ છે. જેમ આધ્યાત્મિક મદદ સર્વોચ્ચ મૂલ્યવાન સત્કાર્ય છે, તેમ તે સર્વોચ્ચ કઠિન કાર્ય પણ છે. તેથી ગુરુધર્મ જેમ મહાન ધર્મ છે, તેમ તે કઠિન ધર્મ પણ છે. કોઈના આધ્યાત્મિક કલ્યાણની જવાબદારી, તે નાની-સૂની જવાબદારી નથી. ગુરુધર્મ પરમગહન ધર્મ છે.

ગુરુધર્મને નીચેની રીતે રજૂ કરી શકાય.

૧. ગુરુ શિષ્યને સમગ્ર જીવન વિશે અને વિશેષતઃ તેની અધ્યાત્મયાત્રા વિશે માર્ગદર્શન આપે છે.

૨. ગુરુ શિષ્યને અધ્યાત્મપથ પર સહાય આપે છે. માર્ગદર્શન આપ્યા પછી પણ શિષ્ય ચાલી ન શકે તો? ગુરુ તેની આંગળી પકડીને તેને ટેકો આપે છે, તેને સહાય કરે છે.

૩. ગુરુ શિષ્યની રક્ષા કરે છે. અધ્યાત્મપથમાં અનેક વિઘ્નો આવે છે. શિષ્ય અધ્યાત્મપથથી ચ્યુત ન થાય, તેનું પતન ન થાય, તે ગલત રસ્તે ચડી ન જાય તેવી કાળજી લેવાનું કાર્ય ગુરુધર્મનો ભાગ છે. જેમ મા બાળકની સર્વ રીતે રક્ષા કરે છે, તેમ ગુરુ શિષ્યની સર્વ રીતે રક્ષા કરે છે. ગુરુ શિષ્યની આધ્યાત્મિક માતા જ છે.

૪. ગુરુ શિષ્યના સંશયોનું છેદન કરે છે.

સંશય અને દ્વિધા, અધ્યાત્મપથ પર આવતી બે મોટી વિટંબણાઓ છે. શિષ્યને તેમનાથી મુક્ત કરવાનું કાર્ય ગુરુનું છે.

**૫. શિષ્યધર્મ**

૧. શિષ્યનો પ્રધાનધર્મ છે - સાધના. શિષ્ય તે છે જે અધ્યાત્મપથનો પથિક છે અને અધ્યાત્મપથનો પથિક તે છે જે સાધનપરાયણ છે. જે સાધક નથી તે શિષ્ય બની શકે નહિ. તેથી સાધનપરાયણ જીવન, તે શિષ્યનો પ્રધાનધર્મ છે.

૨. ગુરુની આજ્ઞામાં રહેવું તે શિષ્યનો દ્વિતીય ધર્મ છે. જો શિષ્ય ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માંડે તો, પોતાની રીતે સ્વચ્છંદભાવે જીવવા માંડે અને સાધના કરવા માંડે તો તે જોખમ વહોરી લે છે. શિષ્ય કરતાં ગુરુ વધુ જોઈ શકે છે. શિષ્ય જે રસ્તા પર ચાલી રહ્યો છે, તે રસ્તા પર ગુરુ ચાલી ચૂક્યા હોય છે. શિષ્યને જે દેખાતું નથી તે ગુરુને દેખાય છે, તેથી ગુરુઆજ્ઞાની મર્યાદા પાળવી તે શિષ્યનો ધર્મ છે.

૩. ગુરુની સેવા કરવી તે શિષ્યનો તૃતીય ધર્મ છે. સેવાધર્મ અતિગહન છે, અતિ કઠિન છે.

સેવાધર્મ પરમગહનં યોગીનાપ્યગમ્યમ્।

યોગાભ્યાસ કઠિન ગણાય છે, પરંતુ સેવાધર્મ તો તેનાથી પણ કઠિન છે. સેવાધર્મ અહંકારના લોપની ક્રિયા છે અને અહંકારનો લોપ બહુ કઠિન છે તેથી સેવાધર્મ કઠિન ગણાય છે. સેવાધર્મ કઠિન તો છે, પરંતુ આચરવા જેવો ધર્મ છે. કારણ સેવા દ્વારા અધ્યાત્મભવનના દ્વાર ખુલ્લાં થાય છે. સેવા દ્વારા અધ્યાત્મપથ સુંદર બને છે.

૪. ગુરુ સાથે કપટભાવ ન રાખવો, અંતરો ન રાખવો પરંતુ હાર્દિક સંબંધ રાખવો તે શિષ્યનો ચતુર્થ ધર્મ છે.

ગુરુ સાથે કપટભાવ ઊભો થાય, અંતરો ઊભો થાય તે જ ક્ષણે શિષ્ય શિષ્યધર્મથી ચ્યુત થાય છે. અર્થાત્ શિષ્ય શિષ્ટ મટી જાય છે. બાહ્યદૃષ્ટિથી તે શિષ્ય હોઈ શકે છે, પરંતુ તત્ત્વતઃ તે શિષ્ય રહેતો નથી. ગુરુ સાથે હૃદયનો સ્નેહપૂર્ણ સંબંધ સતત વહેતો રહે તો જ શિષ્ય ગુરુ પાસેથી યથાર્થ અધ્યાત્મ પામી શકે છે.

**૬. ગુરુ-શિષ્ય સંબંધ**

ગુરુ-શિષ્યનો સંબંધ પ્રગાઢ પ્રીતિનો સંબંધ છે. જેમ બે પ્રેમીજનોનું હૃદય અનોન્ય સ્નેહભાવથી જોડાયેલું હોય છે, તેમ ગુરુ અને શિષ્યનો સંબંધ પણ અન્યોન્ય સ્નેહભાવથી રસાયેલો હોય છે. આ હાર્દિક સંબંધમાંથી ગુરુના હૃદયમાં શિષ્ય પ્રત્યે પ્રીતિ અને તેના આત્યાંતિક કલ્યાણની ખેવના રહે છે તથા તે હાર્દિક સંબંધમાંથી જ શિષ્યના ચિત્તમાં ગુરુ પ્રત્યે શ્રદ્ધા, સમર્પણભાવ અને સેવાભાવના પ્રગટે છે.

ગુરુ-શિષ્યનો સંબંધ આજીવન સંબંધ છે. આ સંબંધ કોઈ ધંધાકીય સંબંધ નથી. આ સંબંધ લોભ, લાલચ કે શોષણના પાયા પર પ્રતિષ્ઠિત નથી.

ગુરુ અને શિષ્ય બંને આ સંબંધની પવિત્રતા અને ઊંચાઈને પ્રથમથી જ સમજે અને તેની મહત્તાને જાળવી રાખે તે ઈચ્છનીય છે.

જો શિષ્ય ગુરુ પાસે કોઈ સાંસારિક કામના કે ચમત્કારની લાલચથી જાય અને ગુરુ શિષ્યનો ધન, માન, સેવા આદિ મેળવવા માટે સ્વીકાર કરે તો નિશ્ચિતપણે બન્ને ખોટા રસ્તા પર છે. શુદ્ધ અધ્યાત્મ તે જ ગુરુશિષ્ય સંબંધનો પાયો છે અને તે જ પાયો અંત સુધી જળવાઈ રહેવો જોઈએ.

ગુરુએ કોઈ વ્યક્તિનો શિષ્ય તરીકે સ્વીકાર કરતાં પહેલાં સાત વાર વિચાર કરવો જોઈએ. જેનામાં પ્રાથમિક યોગ્યતા પણ ન હોય તેવા, ગમે તેવા લેભાગુને શિષ્ય બનાવવાથી ગુરુને માથે ઉપાધિ જ આવે છે.

તે જ રીતે શિષ્યે પણ કોઈને ગુરુ તરીકે સ્વીકારતાં પહેલાં સાત વાર વિચાર કરવો જોઈએ. ગમે તેવી યોગ્યતાહીન વ્યક્તિને ગુરુ તરીકે માની લીધા પછી શિષ્યને ફાળે વેદના

અને વિટંબણા જ આવે છે.

ઠાકુર શ્રી રામકૃષ્ણદેવના જીવનની એક ઘટના આ વિષય પર સારો પ્રકાશ પાડે છે.

એક વાર ઠાકુરના એક પ્રિય શિષ્ય યોગેન (સ્વામી યોગાનંદજી) રાત્રે ઠાકુરના ઓરડામાં સૂતા હતા. મોડી રાત્રે તેમણે ઠાકુરને પથારીમાં જોયા નહિ, તેથી તેઓ તેમની તપાસ કરવા માટે ઓરડાની બહાર આવ્યા. તેમના મનમાં શંકા ઉત્પન્ન થઈ કે શું ઠાકુર માતા ઠાકુરાણી (શ્રી શારદામણિદેવી) પાસે ગયા હશે? કામ અને કાંચનનો ત્યાગ કરનાર ઠાકુર શું યથાર્થ બ્રહ્મચારી નહિ હોય? આવી શંકાથી ઠાકુર ક્યાંથી આવે છે તે જોવા માટે તેઓ તેમની વાટ જોવા લાગ્યા. થોડી વાર પછી પંચવટી તરફથી આવતા જણાયા. ઠાકુર રાત્રે પંચવટીમાં ધ્યાન માટે જતા હતા. ઠાકુરને પંચવટી તરફથી આવતા જોઈને યોગેન ખસિયાણા પડી ગયા અને ઠાકુર વિશે આવી નબળી શંકા મનમાં લાવવા માટે પસ્તાવા લાગ્યા. ઠાકુર તેમના ભાવ તુરત જાણી ગયા અને બોલ્યા, ''બરાબર છે! ગુરુને દિવસે ચકાસો; ગુરુને રાત્રે ચકાસો; ગુરુને બરાબર ચકાસો પછી જ તેમનો સ્વીકાર કરો.''

શિષ્યની પસંદગી વિશે પણ તેઓ કહેતા, ''અરે! ગમે તેને શિષ્યો બનાવવા નહિ. કોઈનો શિષ્ય તરીકે સ્વીકાર કરવો તે બહુ મોટી જવાબદારી છે. પૂરી ચકાસણી કરીને જ કોઈનો શિષ્ય તરીકે સ્વીકાર કરવો.''

આમ ગુરુ-શિષ્ય એકબીજાનો પૂરી ચકાસણી કરીને જ સ્વીકાર કરે તે ઈચ્છનીય છે, પરંતુ આ બધું પહેલાં થવું જોઈએ. જીવનભર આવી ચકાસણી જ ચાલ્યા કરે તો ગુરુ-શિષ્યના યથાર્થ સંબંધો વિકસી શકે જ નહિ. ગુરુ શિષ્યનો અને શિષ્ય ગુરુનો સ્વીકાર પૂરી ચકાસણીપૂર્વક કરે તે ઈચ્છનીય છે, પરંતુ એક વાર સ્વીકાર કર્યા પછી તે સ્વીકાર પૂર્ણ સ્વીકાર હોય તે પણ આવશ્યક છે.

આધુનિક યુગમાં એકબીજાનું મનોવિશ્લેષણ કરવાનો રોગ લાગુ પડ્યો છે. જો આ જ રીતે શિષ્ય ગુરુનું પણ મનોવિશ્લેષણ કરવા માંડે તો તેની શ્રદ્ધા ટકી શકે નહિ, કારણ કે ગુરુ પણ પૂર્ણ ગુરુ નથી. તેથી ગુરુનું મનોવિશ્લેષણ કરવાના રવાડે ચડવું નહિ.

**૭. ગુરુને છોડી શકાય? ગુરુ બદલી શકાય?**

સામાન્ય નિયમ એવો છે કે, સામાન્ય પરંપરા એવી છે કે ગુરુને છોડી શકાય નહિ. ગુરુ બદલી શકાય નહિ. પરંતુ અસાધારણ સંજોગોમાં અપવાદ હોય છે અને પરંપરાનો ત્યાગ પણ કરી શકાય છે.

૧. ગુરુ વ્યભિચારી હોય તો? ગુરુ પોતાની સ્ત્રીશિષ્યા પાસે શરીરની માગણી કરે તો?

૨. ગુરુને પોતાના શિષ્યના ધનનું હરણ કરવામાં જ રસ હોય તો? ગુરુને પોતાના શિષ્ય પાસેથી સેવા ગ્રહણ કરવામાં જ રસ હોય તો? ગુરુને શિષ્યના આધ્યાત્મિક કલ્યાણમાં કશો જ રસ ન હોય તો?

૩. ગુરુમાં આધ્યાત્મિક યોગ્યતા જ ન હોય તો?

આમ હોય તો ગુરુને છોડી શકાય અને ગુરુ બદલી પણ શકાય.

ઘણાં એવા શિષ્યો જોવામાં આવે છે, જેઓ પોતે નિષ્ઠાવાન જિજ્ઞાસુ હોવા છતાં ખોટા ગુરુના શિષ્યો હોવાને કારણે અધ્યાત્મપથ પર પ્રગતિ તો નથી કરી શકતા, પરંતુ વધારામાં માનસિક ત્રાસ સહન કરી રહ્યા હોય છે. ગુરુ ખોટા જ હોય તો તેમને છોડવામાં કોઈ દોષ નથી, બલકે તેમ કરવું તે ધર્મ છે.

પરંતુ શિષ્ય પોતાના અહંકારને કારણે, પોતાની જ આડવીતરાઈને કારણે ગુરુ સાથે સંઘર્ષમાં ઊતરે અને ગુરુનો ત્યાગ કરે તો તે ઉચિત નથી.

**૮. ગુરુઆજ્ઞાનું પાલન**

ગુરુઆજ્ઞાનું પાલન શિષ્યના શિષ્યત્વનું લક્ષણ છે, તેના શિષ્યધર્મનો ભાગ છે. આ નિયમ છે, આ ઉમદા પરંપરા છે. પરંતુ પ્રશ્ન એ છે કે તેમાં અપવાદ હોઈ શકે કે નહિ?

એક વાર એક તીર્થધામમાં એક સંન્યાસીને મળવાનું થયું. તેઓ મૂળ નેપાળના વતની છે અને બનારસમાં બાર વર્ષ ભણીને વ્યાકરણાચાર્ય થયા છે. તેઓ શાંકરમત (વેદાંતમત)ના અનુયાયી છે. તેઓ એક મંદિરમાં પૂજારી તથા સંચાલક તરીકે કામગીરી સંભાળી રહ્યા છે. તીર્થધામ હોવાથી મંદિરમાં આખો દિવસ યાત્રીઓ આવ્યા જ કરે છે. તે સંન્યાસી મહારાજ આખો દિવસ યાત્રાળુઓને ચંદનતિલક કરે, ચરણામૃત આપે, ચા-પાણી પાય અને દશ પૈસા, પચીસ પૈસા કે રૂપિયા-બે રૂપિયાની ઉઘરાણી કર્યા કરે. સવારથી રાત સુધી તેઓ આ કાર્યમાં જ રમમાણ રહે છે અને તે પણ એકાદ-બે મહિનાથી નહિ, છેલ્લાં પચીસ વર્ષથી આમ જ ચાલે છે.

એક શાંકરમતાનુયાયી સંન્યાસી તરીકે તેમનું પ્રધાન કર્તવ્ય પ્રસ્થાનત્રયી અને પ્રસ્થાનત્રયી પરના શાંકરભાષ્યો આદિ વેદાંત ગ્રંથોનું અધ્યયન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન છે. તેઓ સંસ્કૃતજ્ઞ છે અને છતાં છેલ્લાં પચીસ વર્ષમાં આમાંનું કશું જ થયું નથી. જીવન આ રીતે વ્યર્થ પ્રવૃત્તિમાં વીતી રહ્યું છે. તેનો તેમને અફસોસ પણ છે.

રાત્રે તેમણે મને આગ્રહપૂર્વક કહ્યું, ''કાંઈક સત્સંગની વાતો સંભળાવો. આપ જેવા કોઈ આવે તો રાત્રે થોડો સત્સંગ થઈ શકે છે. દિવસ આખો તો આમ નકામો જ જાય છે.''

મેં તેમને પૂછ્યું, ''તો પછી આપ આ વ્યર્થ પ્રવૃત્તિમાં જીવન શા માટે પસાર કરી રહ્યા છો? આ છોડી શા માટે દેતા નથી.''

તેમણે જવાબ આપ્યો, ''ગુરુઆજ્ઞા છે!'' તેમના ગુરુને હું ઓળખું છું. તેઓ લગભગ અભણ (વધારેમાં વધારે ચાર ધોરણ ભણેલા) છે. તેમને આવા અનેક ધાર્મિક સ્થાનો પર કબજો જમાવી દેવાનો અને દરેક સ્થાને પોતાના શિષ્યોને ગોઠવી દેવાનો શોખ છે. તેમની આ અનેક આશ્રમોના અધિપતિ બનવાની મહત્ત્વાકાંક્ષાનો ભોગ તેમના આ શિષ્ય આપણા સંન્યાસી મહારાજ પણ બની ગયા છે અને વર્ષોથી આ જ અર્થહીન પ્રવૃત્તિમાં રમમાણ છે. કારણ શું? ગુરુઆજ્ઞા!

તો પછી કરવું શું? તે સંન્યાસી મહારાજ કે તેમની અવસ્થામાં રહેલા શિષ્યો કરે શું? તે સંન્યાસી મહારાજે પોતાના ગુરુદેવને હાથ જોડીને કહેવું જોઈએ, ''ગુરુદેવ! હું સત્યની શોધ માટે સંન્યાસી થયો છું. મને તે માર્ગે આગળ જવાની અનુજ્ઞા આપો.''

**ઉપસંહાર**

સમર્થ ગુરુની પ્રાપ્તિ, તે શિષ્યનું સદ્ભાગ્ય છે અને તેવા ગુરુની આજ્ઞા પ્રમાણે અધ્યાત્મપથ પર યાત્રા કરવી તે પરમ સદ્ભાગ્ય છે. શિષ્ય જો અર્જુન જેવો હોય તો કહે છે -

શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્। - ગીતા; ૨-૭.

''હે પ્રભુ! હું આપનો શિષ્ય છું. આપના શરણે આવેલા મને માર્ગ બતાવો.''

અર્જુન જેવા શિષ્યને શ્રીકૃષ્ણ જેવા ગુરુ પ્રાપ્ત થાય છે અને અર્જુન જેવા શિષ્યને શ્રીકૃષ્ણ જેવા ગુરુ કહે છે -

અહં ત્વા સર્વ પાપાભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ। - ગીતા; ૧૮-૬૬.

''હે અર્જુન! હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ. તું શોક ન કર.''

અને તો આખરે અર્જુન જેવો શિષ્ય કહે છે -

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત। - ગીતા; ૧૮-૭૩.

''હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે અને મને યથાર્થ જ્ઞાન લાધ્યું છે.''

❑❑❑

સરસ્વતી નિકેતન આશ્રમ,
પટેલ વિદ્યાલય પાસે,
જોધપુર નદી, વાયા-મોરબી.
પીન. ૩૬૩૬૪૨
૦૨૮૨૨-૨૯૨૬૮૮

## ❋ અમરતવાણી

❖ ઈરાનના શાહ હારૂન અલ રશીદને પોતાના વિરાટ સામ્રાજય અને અઢળક સંપત્તિનો ગર્વ હતો. આ ગર્વએ તેને તોછડો બનાવી દીધો હતો. આવા ઘમંડી બાદશાહને મળવા અબુ શકીક નામના સંત આવ્યા. તેમણે બાદશાહને પૂછયું : 'તમારી ધનદોલતનું મૂલ્ય કેટલું છે?' બાદશાહ કહે : 'મારી પાસે બેશુમાર દોલત છે. તેનો અંદાજ મને પણ નથી.' પેલા સૂફી સંત કહે : 'બાદશાહ! ધારો કે તમે સહરાના રણમાં ભૂલા પડયા છો તમને ખૂબ તરસ લાગી છે. ધારો કે એ સમયે તમારી સમક્ષ કોઈ પાણીનો પ્યાલો ધરે તો તમે શું આપશો?' બાદશાહ કહે : 'અરે! હું અર્ધું રાજય આપી દઉં!' સંતે બીજો પ્રશ્ન કર્યો 'ધારો કે તમે બીમાર છો. બચવાની કોઈ આશા નથી. દુનિયાના બધા કાબેલ હકીમો નિષ્ફળ ગયા છે. અને એ જ સમયે તમને કોઈ દવાની પડીકી આપે અને સાજા થઈ જાવ. તો તમે એને શું આપશો?' બાદશાહ કહે : 'આવા જાન બચાવનારને તો અર્ધું રાજય આપી દઉં.' સૂફી સંત બાદશાહને કહે છે : 'બાદશાહ, તારા સામ્રાજ્યની તમામ દોલતની કિંમત પાણીનો એક પ્યાલો અને દવાની એક પડીકી જેટલી જ છે. તો પછી તેનું આટલું બધું અભિમાન શાને?'

❖ તપસ્વી હાતમ હાસમ બગદાદ આવ્યા અને બાદશાહ તેમને મળવા આવ્યા. હાતમ કહે : 'વિરાગી પુરૂષ! આપને સલામ!' બાદશાહ કહે : 'હું તો શાનો વિરાગી. હું તો રાજા છું. વિરાગી તો આપ છો.' એટલે હાતમ કહે : 'ઈશ્વર ભજન, ઈશ્વરપ્રેમ અને ઈશ્વરનો સાક્ષાત્કાર જેવી મોટી સંપતિ, દૈવી સંપત્તિ છોડીને આ સંસાર સંપત્તિને આપ પોતાની માની લીધી છે તે કેવો મોટો ત્યાગ કહેવાય? માટે ખરા ત્યાગી આપ જ છો' આ સાંભળતા જ બાદશાહની આંખોમાં પાણી આવ્યાં એટલે પછી મહાત્મા કહે : 'જો આપ ઈશ્વરના પ્રીતીપાત્ર થવા ઈચ્છતા હો તો ઈશ્વર જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં સંતોષથી રહેવું.'

# ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરા

ડૉ. નરેશ વેદ

*લેખક પરિચય : વલ્લભ વિદ્યાનગરને પોતાની કર્મભૂમિ બનાવી જેમણે શિક્ષણ તેમ જ સાહિત્યક્ષેત્રે પરિણામલક્ષી કામ કર્યું છે તેવા ડૉ. નરેશ વેદનાં નામ કામથી શિક્ષણ, સાહિત્ય-જગતની કોઈ વ્યક્તિ ભાગ્યે જ અજાણ હશે. વિશ્વ તેમજ ભારતીય સાહિત્યના બહોળા વાચન-લેખનથી અને નોખી અભિવ્યક્તિથી તેમણે સાહિત્યજગતમાં આગવી ઓળખ ઉભી કરી છે. ત્રણ-ત્રણ યુવિવર્સિટીઓના કુલપતિ પદને શોભાવનાર શ્રી વેદ સાહેબને મન અધ્યાપક હોવું વધારે મુલ્યવાન બાબત છે. વર્ષોથી તેમના સ્વાધ્યાયનો લાભ પ્રબુદ્ધજીવનના વાચકોને મળી રહ્યો છે તેને આપણા સદ્ભાગ્ય જ ગણી શકાય.*

પરંપરાગતતા એ ભારતીયતાનું એક દ્યોતક લક્ષણ છે. ભારતીય પ્રજા, ચાહે ગમે તે જ્ઞાતિ, જાતિ, વર્ણ, કોમ કે ધર્મની હોય, એના આચાર, વિચાર, વિહાર અને વ્યવહારમાં વર્ષોથી ચાલી આવતી પરંપરાઓનું પાલન કરનારી છે. ભારતીય લોકો કથા, કીર્તન, તર્પણ, ભંડારો, દાન, દક્ષિણા, હોમ, હવન, પૂજા, વિવાહ, વાસ્તુ, વરસી, યાત્રા વગેરે જેવી અનેક પરંપરાઓનું સદીઓથી પાલન કરે છે. અહીં કન્યાદાન, ગૌદાન અને ધનદાનની જેમ વિદ્યાદાનની પણ પરંપરા છે.

ભારતીય સંસ્કૃતિમાં વિદ્યાની બે મુખ્ય શાખાઓ છેઃ (૧) અપરા વિદ્યા અને (૨) પરાવિદ્યા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ જેવા વેદો; આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને અર્થશાસ્ત્ર જેવા ઉપવેદો; શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષશાસ્ત્ર જેવા વેદાંગો; ધર્મશાસ્ત્ર, પુરાણશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, અને તર્કશાસ્ત્ર જેવા ઉપાંગો; સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સંગીત જેવી અને તરણ, તસ્કર, વ્યાપાર, વણજ વગેરે જેવી વિદ્યાઓ અપરા વિદ્યાઓ છે. જ્યારે આત્મજ્ઞાન આપતી અધ્યાત્મવિદ્યા પરાવિદ્યા છે. વિદ્યાની આ બંને શાખાઓમાં ગુરુ-શિષ્ય પરંપરા છે.

આ પરંપરાનો ઉલ્લેખ અને એનું અનુમોદન સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એમ છયે દર્શનોમાં છે. આ દેશમાં પ્રગટ થયેલા હિંદુ, જૈન, બૌદ્ધ અને શીખ - એમ ચારેય મુખ્ય ધર્મોમાં છે; શૈવ, શાક્ત, વૈષ્ણવ, ગાણપત્ય અને આદિત્ય જેવા ધર્મસંપ્રદાયોમાં છે; મંત્ર, યંત્ર, તંત્ર, આગમ, નિગમ, કબીર, દાદુ-દયાળ, પલટુ વગેરે જેવા ધર્મસાધના પંથોમાં છે; સૂફી, બાઉલ, સિદ્ધ, નાથપંથી મહાત્માઓમાં, નિર્ગુણ અને સગુણ માર્ગી સંતોમાં અને મહાધિપતિ મહંતોમાં પણ છે.માનવના તો ગુરુ હોય, પરંતુ દેવ અને દાનવની, એટલે કે સૂર-અસૂરની યોનિમાં પણ ગુરુ-શિષ્ય પરંપરાનો ઉલ્લેખ મળે છે. જેમકે, દેવોના ગુરુ બૃહસ્પતિ હતા અને દાનવોના ગુરુ શુક્રાચાર્ય હતા. માનવયોનિમાં દરેક જ્ઞાતિમાં વંશ, કુળ અને ગોત્રના ખ્યાલો છે. એ મુજબ માતા દ્વારા કુળ મળે છે, પિતા દ્વારા વંશ મળે છે અને ગુરુ દ્વારા ગોત્ર મળે છે.

સંગીત, ચિત્ર અને નૃત્ય જેવી લલિત કથાઓમાં પણ ગુરુ-શિષ્ય પરંપરા ચાલી આવે છે. કોઈ ગુરુએ ગાયન કે વાદનમાં પ્રયોગો કરીને વિશિષ્ટ શૈલી વિકસાવી હોય અને એમની શિષ્ય પરંપરા દ્વારા એ વધુ વિકાસ પામી હોય તો, એવી પ્રસ્તુતિ કરનારાના 'ઘરાના' બન્યા છે. જેમકે ગ્વાલિયર, જયપુર, આગ્રા, પતિયાલા, દિલ્હી, કિરાના, રામપૂર, મેવાલી વગેરે ઘરાનાઓ છે. એ જ રીતે, કથક્કલી, મણિપુરી, કુચીપુડી, ભરતનાટ્યમ વગેરે ઘરાનાઓ નૃત્યકલામાં પણ છે. સંગીતકલામાં બિસ્મીલાખાન, પન્નાલાલ, ભીમસેન જોષી, પંડિત જશરાજ, વિષ્ણુ ભાતખંડેની જેમ દીર્ઘ શિષ્ય પરંપરાઓ છે, તેમ ચિત્રકલામાં રવીન્દ્રનાથ, રવિવર્મા વગેરેની શિષ્ય પરંપરાઓ છે અને નૃત્યકલામાં અરૂંધતી, પંડિત ઉદયશંકર વગેરેની શિષ્ય પરંપરાઓ છે. ગુરુનાં વચનો અને આચરણોમાંથી નિષ્પન્ન થતું જ્ઞાન, એમના શિષ્યો શ્રવણ, મનન, ચિંતન, નિદિધ્યાસન, અને પુનરાવર્તન દ્વારા આત્મસાત કરીને પોતાના શિષ્યોમાં પ્રસારિત કરતા હતા અને એ કારણે જ આપણા દેશમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મની પરંપરાનું સાતત્ય સચવાયું છે.

શાસ્ત્રોના અભિપ્રાય મુજબ દરેક વિદ્યાના આદ્યગુરુ શિવ મનાય છે. ભગવાન સદાશિવનો પ્રથમ ગુરુના રૂપમાં જ અવતાર થયો હતો. તે ગુરુ જ દક્ષિણામૂર્તિ તરીકે ઓળખાય છે. એમના દ્વારા ગુરુ-શિષ્ય પરંપરાનો પ્રારંભ થયો કહેવાય છે. ભગવાન શિવે રામકથા પહેલા પાર્વતીજીને અને કાગભુષંડીને સમજાવી, કાગભુષંડીએ યાજ્ઞવલ્ક્ય ઋષિને કહી, યાજ્ઞવલ્ક્ય દ્વારા ભારદ્વાજ ઋષિને અને એમના શિષ્યો

અને એ શિષ્યોના શિષ્યો દ્વારા રામકથા આપણે ત્યાં વહેતી રહી છે. એ જ રીતે ભગવાન સદાશિવે પ્રથમ સનત્કુમારોને બ્રહ્મવિદ્યા પ્રદાન કરી, એમના દ્વારા મુનિ નારદજીને અને અન્ય ઋષિઓને આ વિદ્યા આપવામાં આવી. એમ બ્રહ્મવિદ્યા ઉત્તરોત્તર પછીની પેઢીઓમાં સંક્રાન્ત થતી રહી છે. એમ કરતાં એ વિદ્યા ગૌડપાદાચાર્યજી પાસે આવી, એમણે ગોવિંદાચાર્યને આપી, ગોવિંદાચાર્યે એમના શિષ્ય આદિ શંકરાચાર્યજીને આપી. શંકરાચાર્યજીએ એમના શિષ્યોને આપી અને એ છેક આપણા સુધી પહોંચી છે. એ જ રીતે જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મમાં તેમજ નિર્ગુણ અને સગુણ સંતો-મહંતો અને ભક્તોમાં ગુરુ-શિષ્યની આવી પરંપરા દ્વારા જ અધ્યાત્મવિદ્યા આગળ ધપતી રહી છે.

છેક પુરાતનકાળથી ભારતીય ચિંતનમાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ - એમ ચાર યુગની અવધારણાનો સ્વીકાર થયેલો છે. આ ચારેય યુગમાં ગુરુ-શિષ્ય પરંપરા રહી છે. પ્રત્યેક યુગના એક મુખ્ય ગુરુ મનાયા છે. જેમકે સત્યયુગમાં મુખ્ય ગુરુ હતા ભગવાન સદાશિવ ઉર્ફે દક્ષિણામૂર્તિ, ત્રેતાયુગમાં મુખ્ય ગુરુ હતા ભગવાન દત્તાત્રેય, દ્વાપરયુગમાં મુખ્ય ગુરુ હતા કૃષ્ણદ્વૈપાયન અને કળિયુગમાં મુખ્ય ગુરુ ગણાય આદિ શંકરાચાર્યજી. ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ગુરુનાં ચાર સ્વરૂપોને મુખ્યતા અપાયેલી છે. જેમકે, જ્ઞાનના ઉદ્‌ગાતા તરીકે દક્ષિણામૂર્તિ સદાશિવને, યોગ અને સિદ્ધિદાતા ગુરુ તરીકે ભગવાન દત્તાત્રેયને, શાસ્ત્રોના માર્ગદર્શક ગુરુરૂપે મહર્ષિ વેદવ્યાસજી ઉર્ફે કૃષ્ણદ્વૈપાયનજીને અને જ્ઞાનોપાસનાના પથદર્શકરૂપે આદિ શંકરાચાર્યજીને મુખ્યતા અપાયેલી છે. આ બધા ગુરુઓની શિષ્ય પરંપરાઓ છે.

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું મહત્ત્વ ઘણું છે. ગુરુ સ્વજન સિવાયની કોઈ અન્ય વ્યક્તિ જ હોઈ શકે અથવા મનુષ્ય સિવાય કોઈ જ ન હોઈ શકે, એવું નથી. માતા પુત્ર માટે, પિતા પુત્ર માટે, પુત્ર માતા માટે, પુત્ર પિતા માટે, પતિ પત્ની માટે, પત્ની પતિ માટે, સાસુ વહુ માટે ગુરુ બન્યાં હોય તેવાં ઉદાહરણો છે. જેમકે, અનસૂયા અને અદિતિ, એમના બાળકો માટે, ભૃગુ પુત્ર વરુણ માટે, શ્વેતકેતુ પુત્ર ઉદાલક માટે, પુત્ર કપિલમુનિ માતા દેવહૂતિ માટે, પુત્ર અષ્ટાવક્ર પિતા કોણું માટે, પતિ યાજ્ઞવલ્ક્ય પત્ની મૈત્રેયી માટે, પત્ની દ્રૌપદી પતિ યુધિષ્ઠિર માટે, સાસુ ગંગાસતી વહુ પાનબાઈ માટે ગુરુ બન્યાનાં ઉદાહરણો છે. એટલું જ નહીં, કુદરત, પશુ અને પંખીઓએ પણ ગુરુનું સ્થાન લીધાંના ઉદાહરણો જુદા જુદા ઉપનિષદોમાંથી મળે છે.

આપણા શાસ્ત્રોમાં પુસ્તકો કે ગ્રંથોથી જ્ઞાનપ્રાપ્તિ કરવાની વાતનું અનુમોદન નથી, કારણ કે જ્ઞાન ગુરુગમ ગણવામાં આવ્યું છે. ગુરુ વિના ધ્યેયપ્રાપ્તિ શક્ય નથી, એમ મનાયું છે. જીવનનું મુખ્ય ધ્યેય જીવનને સફળ, સાર્થક અને કૃતાર્થ કરવાનું છે. એ ધ્યેયસિદ્ધિ માટે માણસે આરાધના, ઉપાસના અને સાધના કરવી પડે. આવા આરાધક, ઉપાસક કે સાધકને એની પ્રક્રિયામાં જે અડચણો અને પ્રલોભનો આવે, તેમનું નિવારણ કે નિરાકરણ ગુરુ દ્વારા જ શક્ય બને. સાંખ્ય કે સમાધિ ભાષામાં રચાયેલાં શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો કેવળ ગુરુ જ ઉકેલી આપી શકે. ગુરુ વિના તો પ્રક્રિયામાં સ્થગિત કે ભ્રમિત થઈ જવાય. એટલે ગુરુ હોવા જરૂરી છે. સંત પરંપરામાં તો જે શિષ્યભાવે ગુરુ પાસે જઈને સમર્પિત અને શરણાગત નથી થયો એને માટે 'નૂગરા' જેવી ગાળ છે!

પરંતુ ગુરુ કોને કહેવાય એવો પ્રશ્ન કોઈના પણ મનમાં ઊઠે. તો શાસ્ત્રો ગુરુ એટલે કોણ એની સમજ આ રીતે આપે છે: (૧) શિષ્યને જરૂરી શાસ્ત્રોનો ઉપદેશ આપી, ઉમદા જીવન જીવવા માટેની પ્રેરણા આપે તે ગુરુ. (૨) જે શિષ્યના અજ્ઞાનને વિહારી નાખે છે અને એનાં બંધનોને કાપી નાખે છે તે ગુરુ. (૩) જે જીવ, શિવ અને જગતનાં ગૂઢ તત્ત્વોની અને શાસ્ત્રોની ગૂઢ વાણીનાં રહસ્યોની સમજણ આપે છે તે ગુરુ. (૪) જેના દ્વારા શિષ્યના કાનમાં મંત્રાત્મક અમૃતનું સિંચન થાય છે તે ગુરુ. (૫) જે બ્રહ્મ તત્ત્વનો ઉપદેશ કરે છે તે ગુરુ. આ અર્થમાં ભગવાન મનુ કહે છે તેમ ગુરુ ચાર છે. (૧) આચાર્ય (જે શિષ્યોને વેદ, વેદાંગ અને વેદાંત શીખવે), (૨) ઉપાધ્યાય (જે શિષ્યોને જીવનનિર્વાહ માટે વેદોનો એક ભાગ શીખવે અથવા ઉપવેદનું કે તેના કોઈ અંગનું શિક્ષણ આપે), (૩) પિતા (જે પોતાના બાળકોને સંસ્કાર આપવા માટે જરૂરી વિધિવિધાનો કરે અને તેના આવાસ-પોષણની વ્યવસ્થા કરે), (૪) ઋત્વિક (જે શિષ્યને નિત્ય કે નૈમિત્તિક ક્રિયાકાંડો શીખવે).

બીજી રીતે કહીએ તો ગુરુ બે પ્રકારના હોય છે. (૧) અપરાવિદ્યાના અને (૨) પરાવિદ્યાના. બીજા શબ્દોમાં એમને શિક્ષાગુરુ અને દીક્ષાગુરુ કહીને ઓળખાવી શકીએ. જે ગુરુ શિષ્યોને દુન્યવી શાસ્ત્રોનું જ્ઞાન આપી, દુન્યવી જીવનમાં એને સફળતાપૂર્વક જીવવાનું શીખવે અને સમાજનો સન્માન્ય નાગરિક બનાવે તે શિક્ષાગુરુ કહેવાય. જે ગુરુ શિષ્યોને બ્રહ્મજ્ઞાની અને સ્વરૂપાનુસંધાનની સમજ આપી એમને જીવનને સાર્થક કરવાનો માર્ગ બતાવે તે દીક્ષાગુરુ કહેવાય. આવો ગુરુ પંથ કે મતનિરપેક્ષ હોય છે. શિષ્ય કે સાધક જે પોતાનું

અસલી સ્વરૂપ વિસરી ચૂક્યો હોય છે તેને પોતાના સ્વસ્વરૂપની પુનઃ અનુભૂતિ કરાવવાની જે ખેવના રાખે છે, તે ગુરુ છે. મતલબ કે તે અવિદ્યાગ્રસ્ત હૃદયગ્રંથિમાંથી સાધકને મુક્તિ અપાવે છે. આવો ગુરુ સાધક શિષ્ય માટે પથપ્રદર્શક (guide), તત્ત્વવેત્તા (philosopher) અને કલ્યાણમિત્ર (friend) રૂપ હોય છે. તે મુમુક્ષુ શિષ્યને માની મમતાથી, પિતાના વાત્સલ્યથી અને માળીની કુનેહથી ઉછેરે છે.

આવા ગુરુ શ્રોત્રિય (જ્ઞાની) અને બ્રહ્મનિષ્ઠ (તત્ત્વદર્શી), નિષ્પાપ, નિષ્કામ, બ્રહ્મવેત્તા, ઈંધણ વગરના અગ્નિ જેવા શાંત, દયાના સાગર, શરણાગત અને સદાચારીઓના બંધુ સમાન હોય છે. આનુવંશિક શુદ્ધિ, ક્રિયાગત શુદ્ધિ, માનસ શુદ્ધિ, અને વિશુદ્ધ ચૈતન્યમાં સ્થિતિરૂપ પરમ શુદ્ધિ - એવી ચાર શુદ્ધિઓવાળા તેઓ હોય છે. તેઓ સિદ્ધ હોવા છતાં સાધક હોય છે. ઈશ્વરની માફક તેઓ શિષ્યના માતા, પિતા, બંધુ, સખા, સાથી, સહાયક - બધું જ હોય છે. ઈશ્વરની માફક જ તેઓ કૃપાસિંધુ અને કરુણાનિધાન હોય છે. જેમનામાં પવિત્રતા, સદાચારિતા, શાસ્ત્રજ્ઞતા અને બુદ્ધિકૌશલ્ય હોય એવા ગુરુ શિષ્યને જે કાંઈ શીખવવાનું હોય છે એ બાબતમાં વિષયની સ્પષ્ટતા, શબ્દોની યથાયોગ્યતા, અને સદબોધમાં પદ્ધતિસરતા ધરાવતા હોય છે.

કુળ અને વંશની જે ગુરુપરંપરા ચાલતી આવતી હોય છે, તેમાં આવતા ગુરુ અને ગુરુવંશજો શિષ્યને દીક્ષા આપવાનો અધિકાર ધરાવે છે. શિષ્ય કે સાધકના ત્રિવિધ તાપનો નાશ કરી, એને સ્વસ્વરૂપનું જ્ઞાનદાન કરી, મુક્તિ અને આનંદનો અનુભવ આપવો તેને દીક્ષા કહે છે. આવી દીક્ષાના આમ તો અનેક પ્રકારો છે, પણ એમાં ત્રણ પ્રકારો મુખ્ય છેઃ સ્પર્શદીક્ષા, દૃષ્ટિદીક્ષા અને વધદીક્ષા.

શાસ્ત્રોમાં આમ તો અનેક પ્રકારના ગુરુઓનો નિર્દેશ છે, પરંતુ એમાં ભેદ કરવો જરૂરી જણાતા શાસ્ત્રોએ એનો નિર્દેશ આ રીતે કર્યો છેઃ (૧) અધ્યાપક કે આચાર્ય (૨) ગુરુ અને (૩) સદ્‌ગુરુ. પાઠ્યપુસ્તક ભણાવે તે અધ્યાપક કે આચાર્ય. શબ્દથી એટલે કે વચનથી જ્ઞાન આપે તે ગુરુ અને જીવન-આચરણથી જ્ઞાન આપે તે સદ્‌ગુરુ. જાગ્રતિ, સુષુપ્તિ અને સ્વપ્નાવસ્થા - એમ ચેતનાની એ ત્રણ અવસ્થામાંથી શૂન્ય ભોગવાળી અને બ્રહ્માનંદમાં રમણ કરતાં મુક્તોની નિર્વિકલ્પ સમાધિવાળી તુરીય અવસ્થાવાળા જીવને ગુરુ કહે છે. પરંતુ એ ચોથી ભૂમિકાથીયે જે 'હું શુદ્ધ પૂર્ણ બ્રહ્મ છું' એવી પૂર્ણ પ્રજ્ઞાવાળી પાંચમી તુરીયાતીત અવસ્થાનો વૈભવ માણતો જીવ સદ્‌ગુરુ છે. આવા સદ્‌ગુરુ મૂર્તિમાં (૧) વશિત્વ (૨) આનંદત્વ (૩) સુખપ્રદત્વ (૪) કેવલત્વ (૫) દ્વંદ્વરહિતત્વ (૬) ચિંદમ્બરત્વ એ છ ધર્મોનો યોગ હોય છે. આગમ અનુસાર ગુરુ ત્રણ પ્રકારના હોય છેઃ (૧) માનવગુરુ (૨) સિદ્ધગુરુ અને (૩) દિવ્યગુરુ. શબ્દ કે વચનથી જ્ઞાન આપે તે માનવગુરુ. દર્શન અને ચરણસ્પર્શ માત્રથી ઉદ્ધાર કરી દે તે સિદ્ધગુરુ અને કૃપા કરી પંચકૃત્યપરાયણ કરે તે દિવ્યગુરુ.

ગુરુપદની બે પરંપરાઓ છેઃ (૧) બુંદપરંપરા અને (૨) નાદપરંપરા. જે ગુરુ પોતાના સંતાનને ગુરુગાદી આપે છે તેને બુંદપરંપરા કહે છે અને જ્યાં ગુરુ પોતાના સંતાનને નહીં પણ અધિકારી શિષ્યને ગુરુપદ આપે છે તેને નાદપરંપરા કહે છે. ભારતીય સંસ્કૃતિમાં આ બંને પરંપરાઓ ચાલતી રહી છે.

ગુરુને ભગવાન કહીને ઓળખાવવાની પ્રથા છે. એનું કારણ એ છે કે શ્રી, વૈરાગ્ય, ઐશ્વર્ય, યશ, ધર્મ અને જ્ઞાન એવા જે છ ભગ (ગુણ) ઈશ્વરમાં છે, તેમાંના ત્રણ વૈરાગ્ય, ધર્મ અને જ્ઞાન - ગુરુમાં પણ છે. આ સમાનતાને કારણે એને ભગવાન કહેવાની પ્રથા છે. ગુરુ જ ગોવિંદનું ભાન કરાવે છે તેથી ગુરુને ભગવાનથીય અદકેરા ગણવાની ભાવના પણ આપણે ત્યાં છે. પરંતુ એનાં કારણો છે. એનું પહેલું કારણ તો એ છે કે સદ્‌ગુરુતત્ત્વ આ વિશ્વના દેહ-પ્રાણ ઉપર શાસન કરનાર ભગવાનના કરતાં મન-બુદ્ધિના અધ્યક્ષરૂપ હોવાથી ચડિયાતું છે. બીજું કારણ એ છે કે, ઈશ્વરપદ જીવના કર્માશયના વિપાક વડે જાતિ, આયુષ્ય અને ભોગ પ્રગટાવે છે, જ્યારે સદ્‌ગુરુપદ સાંસારિક અને દુન્યવી ક્લેશની વાસનાનો લય કરી અક્લિષ્ટ સ્વરૂપના ગુણધર્મોનો જીવમાં ઉદય કરી તેનામાં મોક્ષ પ્રગટાવે છે. ત્રીજું કારણ એ છે કે, ઈશ્વર વ્યવહાર અને પરમાર્થના સત્ય નિયમોને આધીન રહી જીવોને સત્ અને ઋતના નિયમ અનુસાર જ જીવાડે છે, તેથી તેમનું શાસન વ્યાકૃત આકાશમાં છે, જ્યાં ગુણકર્મના રજકણો છે. જ્યારે શ્રી સદ્‌ગુરુ જ્ઞાનના પ્રેરક હોવાથી અને જ્ઞાનનું સ્વરૂપ સત્યનું સત્ય હોવાથી એમની સત્તા અવ્યાકૃત આકાશ એટલે કે ચિદંબરમાં પ્રવર્તે છે. તેથી જીવને જે ફળ ભગવાન ન આપે કે આપી શકે તે શ્રી સદ્‌ગુરુ આપે છે. આથી ઘણાં લોકો શ્રી સદ્‌ગુરુને 'પારસમણિ' કહીને ઓળખાવે છે, પણ એ સરખામણી બરાબર નથી. પારસમણી લોઢાને સુવર્ણ બનાવી શકે છે, પરંતુ તે એને પોતાની માફક પારસમણિ નથી બનાવતો. જ્યારે ગુરુ તો પોતાના શિષ્યને પોતાના જેવો જ અને ક્વચિત્ પોતાનાથી પણ અધિક સમર્થ બનાવી દે છે. વળી, પારસમણિ લોઢાને સુવર્ણ બનાવી શકે છે, પરંતુ

બીજી કોઈ ધાતુને સુવર્ણ નથી બનાવી શકતો. જ્યારે ગુરુ તો કોઈ પણ વર્ણ, વય, કર્મ, રુચિ, નિષ્ઠા અને શ્રદ્ધા ધરાવતા પોતાના શિષ્યને પોતાની ઈચ્છા મુજબ લોક, મોક્ષ કે ગુરુતા પ્રદાન કરે છે. એટલું જ નહિ, પોતાના શિષ્યને ભગવત્ સ્વરૂપ સાથે પરિચય કરાવે છે અને તેને ભગવતપ્રાપ્તિનો માર્ગ પણ બતાવે છે.

શિષ્ય એ છે જેનું ધ્યેય સ્વસ્વરૂપનું જ્ઞાન મેળવી, સંસારના ત્રિવિધ તાપથી અને બંધનોથી મુક્ત થઈ રસાનંદ પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખતો હોય, જે પોતાની ધ્યેયપ્રાપ્તિ માટે પ્રતિબદ્ધ, શાસ્ત્ર અને ગુરુમાં અચળ શ્રદ્ધાવાન અને દીનતા સાથે ગુરુની શરણાગત સ્વીકારી સમર્પણ સ્વીકારે છે. તે કુલીન, સદાચારી, ધ્યેયનિષ્ઠ, વેદપાઠી, ચતુર, કામવાસના રહિત, ભૂતાનુકંપાયુક્ત, આસ્તિક, મન-વચન-કર્મથી અને ધનથી ગુરુસેવા માટે ઉત્સુક હોય છે. તે ગુરુ પાસે છાત્ર અને અંતેવાસી બનીને રહે છે. અભિષેચન, બ્રહ્મચર્ય, વ્રતપાલન, ગુરુકુળવાસ - એ ચાર લાક્ષણિકતા ધરાવતો આવો શિષ્ય ગુરુની કસોટીમાંથી પાર ઊતરે એવો કરમી, મરમી અને ધરમી હોય છે. જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાં એ મંદ, મધ્યમ કે ઉત્તમ ગતિવાળો હોઈ શકે, પરંતુ એની નિષ્ઠા અને નિસ્બત અચળ હોય છે. કોઈ અંતરાયોથી એ ડરતો નથી, કોઈ પ્રલોભનોથી ઝૂકતો નથી.

વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન જેવી ષટ્ સંપત્તિ મુમુક્ષુતા જેવી લાયકાતો સાથે વિનીત વેશે અને સમિધસમેત ગુરુ પાસે જઈ પ્રણિપાત, પરિપ્રશ્નો અને સેવા દ્વારા ગુરુને પ્રસન્ન અને સંતુષ્ટ કરી જ્ઞાનાર્જન કરે છે. શિષ્ય જ્યારે પોતાની જાત પૂર્ણપણે ખુલ્લી કરી પોતાની ખરી મુમુક્ષુતા પ્રગટ કરે છે ત્યારે ગુરુમાં રહેલું ગુરુત્વ (દિવ્ય તત્ત્વ) સક્રિય થાય છે. ગુરુ અને શાસ્ત્રનાં વચનોમાં અડગ શ્રદ્ધા રાખી ગુરુના ઉચ્ચાર, વિચાર અને આચારને અવલોકી આત્મસાત કરી જ્યારે એના ઉપર મનન, ચિંતન, વિમર્શણ અને નિદિધ્યાસન કરી તે ગુરુ સાથે શબ્દસંવાદ અને આત્મસંવાદ સ્થાપે છે. ત્યારે ગુરુ એને શિક્ષિત અને દીક્ષિત કરે છે.

ગુરુ અને શિષ્ય વચ્ચેનો આવો હૃદગત સંબંધ, સંબંધની તમામ વ્યાખ્યાઓથી ઉફરો છે. એ સંબંધ ઉપલક, સ્વાર્થમૂલક કે વ્યાવસાયિક નથી હોતો બલ્કે માનવગરિમાના ઉચ્ચતમ શિખર જેવો હોય છે; કેમકે એ શિષ્યના શ્રેય, સુરક્ષા અને સંપ્રજ્ઞતાને પરિપોષતો હોય છે. ગુર-શિષ્ય વચ્ચેનો આવો સંબંધ આર્થ, યૌન, સ્રૌવ કે મૌખ એવી બધી ભૂમિકાઓને વળોટી પરસ્પર સમાનધર્માનો બની રહે છે. કેમકે ગુરુ નિષ્કામ હોય છે અને શિષ્ય અનપેક્ષ હોય છે. શ્રુતિવચન, ગુરુવચન અને અભ્યાસના ફળરૂપે, ગુરુની કૃપા અને કરુણા વડે, જ્યારે અચ્યુતનું અત્યુચ્ચ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે શિષ્ય કૃતકૃત્યતા, ધ્યેયપ્રાપ્યતા, ધન્યતા અને જીવનની સાર્થકતાનો અનુભવ કરે છે.

આપણા દેશમાં છેક પુરાતનકાળથી માંડી સદીઓ સુધી ગુરુ અને શિષ્યની આ પરંપરા ચાલતી આવી છે. એ પરંપરાએ આ દેશમાં મહાન ગુરુઓ અને મહાન શિષ્યો આપ્યા છે. ગુરુ-શિષ્યની આ પરંપરાએ પેઢી દર પેઢી વ્યવહારજ્ઞાન અને આત્મજ્ઞાનની વિરાસત સંક્રાન્ત કરી છે. એના દ્વારા આ દેશની પ્રજાના આદર્શો (ideals), આચારો (ethas), સંસ્કારો (virtues) અને મૂલ્યોનું (values) વિવર્ધન સંવર્ધન થયું છે. પ્રજાની સંવેદનાઓ અને ચારિત્ર્યનું ઘડતર થયું છે. જગદગુરુ શ્રીકૃષ્ણ, સદાશિવ, ગુરુ દત્તાત્રેય, શ્રીકૃષ્ણદ્વૈપાયનજી, આદિશંકરાચાર્યજી, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ, સ્વામી રામદાસ, પરમહંસ યોગાનંદજી, આનંદમયીમા, ચોવીસ તીર્થંકરો, અનેક ભદંતો, શ્રીમદ રાજચંદ્ર જેવા ગુરુઓ અને અર્જુન, સ્વામી વિવેકાનંદ, અર્હત ગૌતમ, ભદંત્ત આનંદ અને અનેક ઋષિમુનિઓ જેવા શિષ્યો આપ્યા છે. એજ ઉજ્જવળ પરંપરાની આ છે આછેરી ઝલક.

❑❑❑

કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦).
ફોન નં.: ૦૨૬૯૨-૨૩૩૭૫૦,
સેલનં.: ૦૯૭૨૭૩૩૩૦૦૦, ૦૯૮૨૫૧૦૦૦૩૩.

## ❀ અમરતવાણી

એક વખત ભિખ્ખુ આનંદે ભગવાન બુદ્ધને પૂછયું : 'તમે ઘણા પ્રશ્નો વિશે અમને માર્ગદર્શન આપ્યું છે, પણ બીજા હજુ અનેક પ્રશ્નો - મૂંઝવણો અંગે આપે કંઈ કહ્યું નથી. એમાંથી કોઈ પરિસ્થિતિ આવી પડે તો અમારે શું કરવું?' બુદ્ધનો જવાબ હતો : 'એ વખતે તમારે તમારા વિવેકને અનુસરવું અને એ તે પ્રમાણે કરવું.'



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

# સદ્ગુરુ અને સાંપ્રત

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*લેખક પરિચય : જૈન સમાજમાં દેશ-વિદેશમાં આદર અને સન્માન સાથે લેવાતું નામ એટલે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ. આનંદઘન-એક અધ્યયન વિષય પર પીએચ.ડી. કરનાર કુમારપાળભાઈએ જૈન સાહિત્યની ખુબ સેવા કરી છે. તેઓ અનેક નામાંકિત એવોર્ડથી સન્માનિત થયા છે. તેમના પુસ્તકોની યાદી ખુબ મોટી થાય તેમ છે. જૈન ઇતિહાસના અમર પાત્રોના જીવનને તેમણે પોતાની વિશિષ્ટ કથાઓ દ્વારા ઉજાગર કર્યા છે. અક્ષરના ઉપાશક કુમારપાળભાઈની શબ્દસાધના અખંડ ધારામાં વહેતી રહી છે.*

સ્વાધ્યાયનો એક અર્થ છે શાસ્ત્રોનું ગહન અધ્યયન અને જ્ઞાનપ્રાપ્તિ એનો બીજો અર્થ થાય છે 'સ્વ'નું અધ્યયન; જો કે શાસ્ત્રોના ઊંડા જ્ઞાન માટે કે 'સ્વ'ની ઓળખ માટે વ્યક્તિને સદ્ગુરુના માર્ગદર્શનની આવશ્યકતા રહે છે. કારણ કે સદ્ગુરુ પોતાની પ્રજ્ઞાની પ્રયોગશાળામાં થયેલાં પ્રયોગોનું નવનીત તારવીને સાધકને આપે છે.

ઈશ્વરનો ઈન્કાર કરતી કે એના અસ્તિત્વ વિશે શંકા સેવતી તથા આત્માના હોવાનો અસ્વીકાર કરતી વ્યક્તિઓ તમને મળતી હશે અને તેઓ વળતો પ્રશ્ન પણ કરે છે કે ક્યાં છે તમારો ઈશ્વર? મારે તેની સાથે હાજરાહજૂર પ્રત્યક્ષ મેળાપ કરવો છે કે પછી તમે ઈશ્વરની કલ્પનાઓ અને કથાઓ કહીને ભોળી પ્રજાને અવળે માર્ગે દોરો છો. ક્યાં છે આત્મા? મારે તેને નજરોનજર નિહાળવો છે. હકીકત એ છે કે ઈશ્વર, આત્મા કે અનુભૂતિ ભીતરના અનુભવની બાબત છે. એ અત્યંત સૂક્ષ્મ હોવાથી તમે એને સ્થૂળ પુરાવા રૂપે દર્શાવી શકતા નથી, આથી જે વસ્તુને ચીપિયાથી પકડી શકાતી નથી કે જેને બુદ્ધિ કે તર્કથી બતાવી શકાતી નથી કે જેને વિજ્ઞાનની પ્રયોગ-શાળામાં પૂરવાર કરી શકાતી નથી એવી આ સૂક્ષ્મ બાબત છે. એનો સંબંધ બાહ્ય જગતને બદલે આંતરજગત સાથે છે.

સ્વાધ્યાય કરનાર ક્યારેક સદ્ગુરુના અભાવે અવળે માર્ગે ચઢી જાય છે. ઘણી વાર એ શાસ્ત્રનો માત્ર સપાટી પરનો સ્થૂળ અર્થ કે શબ્દાર્થ લઈને અથવા તો સંદર્ભને જાણ્યા-સમજ્યા વિના જીવનભર દોડતો રહે છે અને એમ કરવા જતાં એ મોટી ભૂલ કરી બેસે છે. પરિણામે શાસ્ત્રને સમજવા માટે, એના ગહન અર્થોનું ચિંતન અને મનન કરનાર સદ્ગુરુની આવશ્યકતા રહે છે. સ્વાભાવિક રીતે જ સદ્ગુરુ વિશે વિચારીએ, ત્યારે સંત કબીરનો એ પ્રસિદ્ધ દોહો સ્મરણમાં આવે છેઃ

*ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકુ લાગુ પાય,*
*બલિહારી ગુરુ આપકી ગોવિંદ દીયો મિલાય.*

આનો અર્થ એ છે કે ગુરુ એ 'માઈલ સ્ટોન' છે. માર્ગને દર્શાવનારા છે. કયા માર્ગે ગોવિંદની પ્રાપ્તિ થઈ શકે તે બતાવનારા છે અર્થાત્ ગુરુ એ એને આત્મપથના સાચા માર્ગ તરફ ઈશારો કરે છે. એને કહે છે કે આ માર્ગ પ્રતિ જાઓ, તો તમને સત્ય સાંપડશે. ગુરુ તમને સત્ય આપતા નથી; પરંતુ સત્યનો માર્ગ દર્શાવે છે. ગુરુ ધર્મ આપતા નથી; પરંતુ ધર્મનો માર્ગ દર્શાવે છે. તમારી એ માટેની પાત્રતા કેળવે છે અને ઘણીવાર એ પાત્રતા કેળવવા માટે શિષ્યની પારાવાર કસોટી કરે છે.

પ્રત્યેક શિષ્યનું જ્ઞાન, અનુભવ, જગતની જાણકારી અને એની આસપાસનો માહોલ જુદો હોય છે. આથી સદ્ગુરુ પ્રત્યેક શિષ્યને માટે જુદું જુદું પ્રશ્નપત્ર તૈયાર કરે છે. શિષ્યની ભૂમિકા પ્રમાણે એમાં પ્રશ્નો હોય છે અને શિષ્યને એના ઉત્તરો આપવાના હોય છે. કોઈ શિષ્ય ગાઢ અંધકારમાં વર્ષોથી ભટકતા હોય છે, તો કોઈ ધનની અતિ મૂર્છાથી મૂર્છિત હોય છે. કોઈ શિષ્યમાં શાસ્ત્રાભ્યાસની ન્યૂનતા હોય છે, તો કોઈ શિષ્યમાં શ્રદ્ધાને બદલે પારાવાર શંકા, દ્વિધા અને ભય હોય છે. ગુરુ શિષ્યની આ ભૂમિકા જુએ છે. એને વિશે સ્વયં મનોમન ગહન ચિંતન કરે છે. શિષ્યએ કલ્પના પણ કરી ન હોય એ રીતે એની આંતર ભૂમિકાને ગુરુ સતત નાણતા અને જાણતા હોય છે અને પછી એને એના રોગ પ્રમાણે ઔષધ આપતા હોય છે. ગુરુની દ્રષ્ટિ ક્યારેય શિષ્યના બાહ્યરૂપ પર હોતી નથી, પણ એના અંતરસત્ત્વો પર હોય છે, આથી શિષ્ય ધનવાન હશે તો એ સદ્ગુરુની ઉપેક્ષા પામશે અને શિષ્ય ગુણવાન હશે તો એ સદ્ગુરુનો સ્નેહ પામશે. સંત કબીરે કહ્યું છે કે,

*સાધુ ભૂખા ભાવ કા, ધન કા ભૂખા નાહીં,*
*ધન કા ભૂખા જો ફિરૈ, સો તો સાધુ નાહીં.*

સદ્ગુરુને મન શિષ્યની સત્તા કે સંપત્તિનો કોઈ મહિમા નથી. એને તો ભક્તના ભીતરના ભાવ અને એની અધ્યાત્મ-

ભૂમિકા સાથે સંબંધ છે અને તેથી સદ્‌ગુરુ એવા શિષ્યને ચાહે છે કે જેનામાં સમતા સાધવાની પિપાસા હોય, નિઃસ્પૃહતાની પ્રાપ્તિ માટેનો ત્યાગ હોય અને આત્મજ્ઞાનને પામવાની અનંત તિતિક્ષા હોય. સદ્‌ગુરુ શિષ્યમાં આવી એકાત્મતા સાધવાનો પ્રયત્ન કરે છે. ગુરુ પ્રથમ અને અધ્યાત્મના માર્ગે પ્રવેશ કરાવે છે, એનામાં ભાવ જગાડે છે અને પછી એને અધ્યાત્મની સરિતામાં તરતો મૂકે છે. પહેલાં એને તરતાં શીખવે છે અને પછી શિષ્યને જાતે તરતો કરીને એને મુક્તપણે તરવાની મોકળાશ આપે છે. શિષ્યને જીવનભર પોતાના બંધનમાં જકડી રાખનાર ગુરુ અહિતકારી છે. સમય જતાં શિષ્ય ગુરુની માફક ઈશ્વર સાથે એકાત્મભાવ અનુભવવા લાગે છે.

સદ્‌ગુરુ પાસેથી ઈશ્વર પાસેના તાદાત્મ્યનો રસ્તો પ્રાપ્ત થાય છે. ગુરુ એને અધ્યાત્મ સરોવરમાં તરતાં શીખવે છે અને પછી શિષ્ય આપમેળે તરવા લાગે છે. કેટલીક વ્યક્તિઓ સંસારથી કંટાળીને આશ્રમનો આશરો લેતી હોય છે, કેટલીક વ્યક્તિઓ આશ્રમમાં સંસાર લઈને આવતા હોય છે અને કેટલીક વ્યક્તિઓ દુન્યવી સંસારનો ત્યાગ કરીને સાચા અર્થમાં અધ્યાત્મ સાધના માટે આવતી હોય છે.

આવે સમયે એ સાધકને એનો ખ્યાલ નથી કે એની સાધના આવતીકાલે એને શું ફળ આપશે? એના મનમાં એ સવાલ હોય છે જે માર્ગે સાધના કરી રહ્યો છે એ માર્ગ સાચો છે કે ખોટો? વળી અંતરમાંથી અવાજ પણ ઊઠતો હોય છે કે હજી ક્યાં તું પૂર્ણપણે મલિન કષાયોથી શુદ્ધ બન્યો છે? હજી પણ તારામાં કામ, ક્રોધ અને મોહની વાસના એના ખેલ ખેલી રહી છે. આવે સમયે એને આ વૃત્તિઓ સામે ઝઝૂમવાનું સાહસ કોણ આપી શકે? આ વૃત્તિઓને હટાવવાનું સામર્થ્ય કોણ બક્ષી શકે? એ વૃત્તિ કઈ રીતે ઓગળી શકે એની જડીબુટ્ટી એને કોણ આપે? એ આપવાનું કાર્ય સદ્‌ગુરુનું છે. સદ્‌ગુરુ એના અજ્ઞાત એવા આધ્યાત્મિક જીવનમાં આત્મજ્ઞાનની દીવાદાંડી બની રહે છે. વૃદ્ધ થયેલા પિતાનો હાથ પકડનાર તો એનો પુત્ર હોય છે. પુત્ર ન હોય તો એનો સેવક હોય છે, પણ અહીં અધ્યાત્મના અજ્ઞાત જગતમાં પ્રવેશતાં સાધકનો હાથ કોણ પકડશે? સદ્‌ગુરુ જ.

સામાન્ય રીતે માનવી એની આસપાસ પોતાની શક્તિની લક્ષ્મણ-રેખા દોરીને એની નાનકડી ઝૂંપડીમાં વસે છે. એ વિચારે છે કે આખી જિંદગી એમને એમ વેડફી નાંખી. હવે ધર્મના માર્ગે જવાથી શું થાય? ક્યારેક એ કહે છે કે, ''મારાથી તો વધુમાં વધુ આટલું જ થઈ શકે. અધ્યાત્મ એ તો મારે માટે ગજા બહારની વાત છે.'' સદ્‌ગુરુનું કામ શિષ્યમાં શ્રદ્ધા પ્રેરવાનું છે. માનવી આસાનીથી ક્યાંય પોતાની શ્રદ્ધા ટકવતો નથી અને ક્યારેક અશ્રદ્ધાને નામે પ્રપંચ પણ ખેલતો હોય છે. મુલ્લા નસરૂદ્દીનની એક પ્રસિદ્ધ કથા છે.

મુલ્લા નસરૂદ્દીનની પાસે એક વ્યક્તિ એમનો ગધેડો માગવા ગઈ. મુલ્લા એમનો ગધેડો આપવા રાજી નહોતા, પરંતુ એમની માંગણીનો સીધો ઈન્કાર કરવો પણ એમને માટે મુશ્કેલ હતો. મુલ્લા વિચારમાં પડ્યા અને બહાનું શોધવા લાગ્યા. આખરે એક બહાનું જડી ગયું.

એમણે આગંતુકને કહ્યું, ''અરે ભાઈ, આપ મારો ગધેડો લેવા આવ્યા છો, એ મારે માટે આનંદની વાત છે. આ તો મારું સદ્‌ભાગ્ય કહેવાય. આપના જેવી વ્યક્તિને હું કોઈપણ રીતે ઉપયોગી થાઉં, તે તો મને ખૂબ ગમે, પરંતુ હાલમાં આપને ગધેડો આપી સકું તેમ નથી.''

આગંતુકે પૂછ્યું, ''કેમ? કોઈ મુશ્કેલી છે? હું મારું કામ પૂરું થતાં તમારો ગધેડો સાચવીને પાછો આપી જઈશ.''

મુલ્લાએ કહ્યું, ''અરે, એવો તો કોઈ સવાલ જ નથી. આપના પર મને પૂરો એતબાર છે, પરંતુ વાત એવી છે કે મારો ગધેડો નદીએ નાહવા ગયો છે. એને સ્નાન કરતાં ઘણી વાર લાગે છે, એટલે બે-ત્રણ કલાક પહેલાં એ પાછો આવે તેમ નથી.''

આગંતુકે મુલ્લાની વાત સ્વીકારી લીધી. મુલ્લાના ઘરમાંથી બહાર નીકળતા હતા, ત્યાં જ અંદરથી ગધેડાનું ભૂંકવાનું સંભળાયું. આગંતુકને અત્યંત ક્રોધ ચડ્યો. એણે કહ્યું, ''તમને ખોટું બોલતાં શરમ નથી આવતી? કહો છો કે ગધેડો નદીએ નાહવા ગયો છે અને એ તો ઘરની અંદર છે. એ ભૂંક્યો એટલે મને ખબર પડી.''

મુલ્લા મુંઝાયા. એમણે કહ્યું, ''જુઓ જનાબ, હું એવી વ્યક્તિ સાથે વાત કરતો નથી કે જે મારા કરતાં ગધેડા પર વધુ વિશ્વાસ કરતી હોય.''

આમ, વિશ્વાસને નામે આ જગતમાં ઘણું સાચું-ખોટું ચાલે છે; પરંતુ સદ્‌ગુરુની ઉપસ્થિતિ સાધકમાં એક ભિન્ન પ્રકારનો વિશ્વાસ ઉગાડે-જગાડે છે. શિષ્ય સદ્‌ગુરુને જોઈને વિચારે છે કે જો તેઓ વિકાસ સાધીને આવા ગુણવાન અને આંતરિક રીતે સમૃદ્ધિવાન બની શકે છે, તો પછી પોતે પણ એવો ગુણવાન બની શકે.

ભગવાન મહાવીરે કહ્યું કે, 'જેમ ગોટલીમાં આંબાનું વૃક્ષ છુપાયેલું છે, તેમ તારા આત્મામાં પરમાત્મા છુપાયેલો છે. આ ગોટલી એટલે સાધકનો આત્મા અને આંબાનું વૃક્ષ એટલે પરમાત્મા.' આ રીતે ગોટલીમાંથી આંબો પ્રગટાવવા માટેનું કાર્ય ગુરુ કરે છે. સદ્‌ગુરુ કઠિન શાસ્ત્રગ્રંથોના ઉપદેશો

સમજાવે છે, એમના જીવન વ્યવહારથી સાધકના જીવનનું પ્રચ્છન્નપણે ઘડતર કરે છે. એમની વાણીથી સાધકના હૃદયમાં શુભ ભાવોની જાગૃતિ કરે છે. આમ, સદ્‌ગુરુ પોતે આસ્થા નથી; પરંતુ એ તમારામાં રહેલી આસ્થાનો દીપક પ્રદીપ્ત કરનાર છે. સદ્‌ગુરુ એ વિકસેલા કબીરવડ છે અને સાધક એન નાનકડું બીજ છે; પરંતુ સદ્‌ગુરુ બીજમાં એવી શ્રદ્ધા પ્રેરશે અને એનો વિકાસ કરશે કે એ પણ ભવિષ્યમાં કબીરવડ બની રહે. સદ્‌ગુરુ એક એવા સાગર છે કે જે તમને દર્શાવશે કે તમારા જીવનમાં શુભ ભાવની સરિતાઓ વહેતી કરો, તો તમે પણ સાગર બની શકશો.

*કીડા જરા સા ઔર પથ્થરમેં ઘર કરે,*
*ઈન્સાન ક્યોં ન દિલે દિલબરમેં ઘર કરે.*

સાવ નાનકડો કીડો સતત અને સખત મહેનત કરીને કાળમીંઢ પથ્થરમાં દર બનાવી શકે છે, તો માનવી શા માટે ઈશ્વરના હૃદયમાં વાસ કરી શકે નહીં? સાધકને એની ભીતરની શક્તિની ઓળખ ગુરુ આપે છે એટલે કે ગુરુ એની શ્રદ્ધાને સંકોરે છે અને પછી શિષ્ય સાધનાના માર્ગે પ્રયાણ કરીને ઈશ્વરમાં શ્રદ્ધા મૂકે છે. સાધક શાસ્ત્રના શબ્દોનો માત્ર અર્થ પામ્યો હોય છે, ગુરુ એનો સંદર્ભ, રહસ્ય, મર્મ અને એને આત્મસાત્ કરવાની અને આત્મામાં ઉતારવાની કલા શીખવે છે.

આ ગુરુ શિષ્યને શ્રદ્ધાની આંખ આપે છે. એક પ્રશ્ન જાગે કે ગુરુને હાથ-પગ કે હૃદય નહીં, પણ આંખ શા માટે કહ્યા છે? મહાભારતમાં ચક્ષુનો સંબંધ સૂર્ય સાથે દર્શાવાયો છે અને એ સૂર્યના બે મુખ્ય કાર્ય છે : (૧) રાક્ષસોનો વિનાશ અને (૨) અંધકારનો નાશ. ગુરુ શિષ્યના હૃદયમાં વસતા વૃત્તિરૂપી રાક્ષસોનો વિનાશ કરે છે. એની વૃત્તિને પારખે છે, એ વૃત્તિ જોવાની આંખ આપે છે, એને દુર્વૃત્તિ દૂર કરવાની કલા શીખવે છે અને એ રીતે ગુરુ રાક્ષસનાશનું કાર્ય કરે છે. એ સાધકમાં એના ભીતરમાં રહેલા દૈત્યનો નાશ કરી શકવાની શક્તિમાં ભરોસો જગાવે છે. શિષ્યને એવું અભય વચન મળે છે કે ગુરુની ઉપસ્થિતિમાં અંદરના રાક્ષસોનો નાશ કરવાના એના પ્રયત્નોમાં એ જરૂર સફળ થવાનો. બીજી બાજુ ગુરુ પ્રકાશનો અનુભવ કરાવે છે અને એ રીતે સાધક આત્માનુભૂતિ પ્રાપ્ત કરે છે.

આમ, ગુરુ બાહ્ય અને આંતર એમ બંને પ્રકારે સાધકના અંતઃકરણનો અભ્યુદય કરે છે. ગુરુની ઉપેક્ષા અને અવહેલના કરનાર વિશેનું આ સૂત્ર તત્કાળ સ્મરણમાં આવે છે.

गुरोरवज्ञया सर्व नश्यते च समुद्भवम्

''ગુરુની અવહેલના કરવાથી તમામ અભ્યુદય નષ્ટ થઈ જાય છે.''

આ સૂત્રમાં દર્શાવાયું છે કે ગુરુની અવહેલનાથી 'સર્વ નશ્યતે' થાય છે. આ 'સર્વ નશ્યતે' એટલે શું? જેનું ભીતર અંધકારમય હોય અને જેનું બહિર પણ અંધકારમય હોય તેવો અંધકારમય એ બની રહે છે, કારણ એટલું જ કે સદ્‌ગુરુ પાસે સાધના કરવાથી બે કાર્ય થાય છે. એક આંતર જગતનો અંધકાર જાય અને બાહ્યજગત પ્રત્યેની અજ્ઞાન દશાનું નિવારણ થાય. આમ ગુરુ એ અગમ્ય બાબતોને આપણે માટે ગમ્ય બનાવે છે અને એટલે જ સંત તુલસીદાસજીએ કહ્યું કે : 'બિન ગુરુ હોઈ ન જ્ઞાન'.

આમ તત્ત્વોને યથાર્થપણે દર્શાવનારો ગુરુનો બોધ સાધકમાં પરિવર્તન લાવે છે. કેવું હોય છે એ પરિવર્તન? સાધકમાં જાગે છે શ્રદ્ધા, પ્રગટે છે જ્ઞાન અને ઉછળે છે ભક્તિ. આવી સદ્‌ગુરુની શક્તિ વિશે કહેવાયું છે :

''ગુરુ કે ઉપદેશ સમાગમસે જિસને અપને ઘટ ભીતરમેં, બ્રહ્માનંદ સ્વરૂપકો જાન લિયા, ઉન્હેં સાધન ઔર કિયા ન કિયા.''

અહીં બે વાત છે કે ગુરુની કઈ બાબત સાધકમાં પરિવર્તન લાવે છેઃ એક છે ઉપદેશ અને બીજો છે સમાગમ. ગુરુનો ઉપદેશ શિષ્યમાં માત્ર શ્રદ્ધા જ પ્રેરતો નથી; પરંતુ એના અધ્યાત્મસાહસને ઉશ્કેરે છે. શિષ્ય મનોમન નિર્ધાર કરે છે કે કષાયના ગાઢ વનમાંથી બહાર નીકળી કોઈ પણ ભોગે પ્રકાશ પ્રાપ્ત કરવો છે. રોહિણેય કે અંગુલિમાલ જેવા ધૂર્ત કે ક્રૂર લૂંટારાઓને જો મહાવીર અને બુદ્ધ પાસેથી પ્રકાશ મળી શકતો હોય, તો મને કેમ ન મળે? અને એ રીતે ગુરુના ઉપદેશ પર આધાર રાખીને એ સાધનામાર્ગે ચાલે છે.

સાને ગુરુજીએ કહ્યું છે કે 'ગુરુ કશું નવું આપતા નથી, પણ જે બીજરૂપે રહેલું છે, તેને વિકસિત કરવામાં સહાયક બને છે.' ભીતરમાં રહેલી મીઠી સુવાસને બહાર પ્રગટ કરે છે. જીવનના માર્ગે ચાલનારને જેમ વિપત્તિઓ આવતી હોય છે, તેમ સાધનાના માર્ગે ચાલનારને પણ આપત્તિઓનો અનુભવ કરવો પડે છે. ક્યારેક સાધકને ઘોર નિરાશા થાય છે, ક્યારેક જુદાં જુદાં આકર્ષણો સંસાર ભણી એને ખેંચતા હોય છે, ક્યારેક મનમાં જાગતી મોહ બુદ્ધિ એના શુદ્ધ સંકલ્પને ચલાયમાન કરતી હોય છે. આવે સમયે સાધના પથ પર દૃઢપણે ટકી રહેવાનો સંકલ્પ આપનાર ગુરુ છે.

શિષ્યને વખતોવખત 'પોઝીટીવ ઈન્સ્પિરેશન'ની જરૂર પડે છે, ત્યારે ગુરુ એને પ્રેરતા રહે છે. ક્યારેક એની આંગળી

પકડે છે, કોઈ વાર એનો હાથ થામે છે, ક્વચિત્ લાલ આંખ બતાવે છે, તો વળી ક્યારેક શાબાશી આપતા પીઠ થપથપાવે છે. અંતે તો એમનો આશય સાધકના હૃદયમાં સંજોગો કે વિમાસણને કારણે સહેજ ઝાંખા થતાં અધ્યાત્મના દીપકને પ્રજ્વલિત કરવાનો છે.

ગુરુ વિશે અહીં બીજી બાબત કહી છે ગુરુ સમાગમની. ગુરુની ઉપસ્થિતિ જ ઉર્જાયુક્ત વાતાવરણનું નિર્માણ કરે છે. ઘણીવાર એમની હાજરીમાં જ સંશયો છેદાઈ જાય છે, મૌન એ જ એમનો ઉત્તર બની જાય છે. રમણ મહર્ષિ પાસે પ્રશ્ન લઈને આવનારી વ્યક્તિને એનો ઉત્તર એમના મૌનમાંથી મળી રહેતો. શ્રીમદ્ રાજચંદ્રજીને સવાલ પૂછવા આવનાર મુમુક્ષુને એમના સત્સંગની વાણીમાંથી જ પોતાના સંશયનો ઉત્તર મળી રહેતો. આમ, ગુરુના સમાગમથી એક આધ્યાત્મિક વાતાવરણ રચાય છે. એમની આત્મદશાના પ્રભાવનો આંતરસ્પર્શ થાય અને એમનાં ઉપદેશવચનોને લીધે ચૈતન્ય જાગૃતિ સધાય છે અને તેથી જ સંત કબીરજીએ કહ્યું છે :

*યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન,*
*સીસ દિયે જો ગુરુ મિલે તો ભી સસ્તા જાન.*

સદ્‌ગુરુ કે ગુરુતત્ત્વના મહિમાનું ચિંતન થયા પછી સાંપ્રત સમયની પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ. ભૂતકાળનું મહિમાગાન વર્તમાનનો માપદંડ બને નહીં. વર્તમાન પરિસ્થિતિ જોતાં કેટલીક બાબતો ચિંતન માગે તેવી અને ચિંતા ઉપજાવે તેવી છે.

વિગત ઘણી આઘાતજનક છે. વિશ્વના દેશોમાં ફેલાયેલા ભ્રષ્ટાચાર પર નજર રાખનારી ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ નામની સંસ્થાએ ૨૦૧૬ના એના અહેવાલમાં જાહેર કર્યું કે એશિયા પ્રશાંતના કોઈ દેશોમાં ભારતમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર પ્રવર્તે છે. એમના કહેવા પ્રમાણે ભારતમાં પોલીસતંત્ર સૌથી વધુ ભ્રષ્ટ છે. પંચ્યાસી ટકા જેટલા પોલીસ તંત્રના કર્મચારીઓ ભ્રષ્ટતા આચરે છે. ચોર્યાસી ટકા જેટલા સરકારી અધિકારીઓ ભ્રષ્ટ છે. એનો અર્થ એ થયો કે સરકારી સેવાઓ આપનારાઓમાંથી બે તૃતિયાંશથી વધારે એટલે કે દસમાંથી સાત લોકો લાંચરૂશ્વત લે છે. આ બધા આંકડાને વળી આ લેખ સાથે શી નિસબત? એની નિસબત એ કે આ સર્વે પ્રમાણે ઈકોતેર ટકા લોકોએ એમ કહ્યું કે લગભગ મોટા ભાગના ધાર્મિક નેતાઓ ભ્રષ્ટ છે.

આ વાત જેટલી આઘાતજનક લાગે છે, એટલી જ આજના સમયમાં વિચારણીય પણ લાગે છે. શું જેનું આચરણ શુદ્ધ ન હોય, એને ગુરુ માની શકાય ખરા? એને સંત ગણી શકાય ખરા? આચરણની શુદ્ધિ કેટલા ગુરુઓ જાળવી શકતા હશે? એમની વાહ વાહ કરતા સમારંભોમાં થતો ખર્ચો વિવેકહીન તો હોય છે, પરંતુ એથીય વિશેષ એમાં ભ્રષ્ટાચાર છુપાયેલો હોય છે. માત્ર ધ્યેયશુદ્ધિ જ નહીં, સાધનશુદ્ધિ પણ જરૂરી છે. ક્યાંક તો એવું લાગે કે સંત અને શાહુકારની જુગલબંધી ચાલે છે. શાહુકાર સંતને નાણાં આપે અને સંત શાહુકારને પ્રતિષ્ઠા આપે.

આને પરિણામે આજે કેટલેક સ્થળે ધર્મએ ઘણું વરવું સ્વરૂપ ધારણ કર્યું છે. ધર્મ આત્મલક્ષી છે, વ્યક્તિએ જાતે એને માટે સાધના કરવાની હોય છે. એ તો ભીતરમાં જવાની એક પ્રક્રિયા છે. આ બધું ભલે કહેવાતું હોય પરંતુ, ધર્મના એ આંતરસ્વરૂપને ભૂલીને એના બાહ્યરૂપને જ સતત ફૂલહાર થતા હોય છે. એને પરિણામે જે તે ગુરુના કાર્યક્રમોમાં જામતી જનમેદનીની ભીડ, ગુરુના ચમત્કારિક જીવન વિશેની કથાઓ કે સંતની માળા કે પ્રસાદીના પ્રભાવની જ ચર્ચા ચાલતી હોય છે. અંતરયાત્રાની તો કોઈ વાત હોતી જ નથી.

વળી, પોતાના ધાર્મિક સમૂહને એકસૂત્રે બાંધી રાખવા માટે એ અવારનવાર જુદાં જુદાં આયોજનો કરતા હોય છે. રાજકીય નેતા જેમ પ્રજામાં પોતાની છબી સતત તરતી રાખવા માટે પ્રવાસ કરે છે, તેવું સંતની બાબતમાં બને છે. વળી આ આયોજનોને પણ થોડા રંગીન અને રોમાંચક રૂપ આપીને જનમનરંજનમાં એને પરિવર્તિત કરતા હોય છે. આને માટે યોજાતા સમારંભોમાં પર્યાવરણની કોઈ ફિકર થતી નથી અને લોકમેદનીને બાંધી રાખવા માટે ભવ્ય ભોજન સમારંભોનાં આયોજનો થાય છે. ક્યારેક એ વિચારવા જેવું છે કે પૂજ્યશ્રી મોટાના આશ્રમ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં માત્ર ખીચડી અને શાક આપવામાં આવે છે અને પૂ. પાંડુરંગ આઠવલેના સ્વાધ્યાય પરિવારમાં સ્વાધ્યાયી પોતાના ઘેરથી પોતાનું ભોજન લઈ જાય છે. જ્યારે બીજે બધે તો 'પ્રસાદ'ના નામે છપ્પન ભોગ ધરાવે છે.

એક બીજું વલણ એ શરૂ થયું કે જુદા જુદા પ્રસંગોને અનુલક્ષીને ઉત્સવોનું આયોજન કરવું. ભારતની પ્રજા ઉત્સવપ્રિય છે, પણ એના સંતો સૌથી વધુ ઉત્સવપ્રિય હોય છે. એક બીજી ધારણા એવી છે કે અમે ધાર્મિક સંત છીએ, વેદાંતી છીએ અથવા તો જ્ઞાની છીએ, તેથી સમાજે ઘડેલાં નીતિ-અનીતિના નિયમોથી પર છીએ. આ નીત-અનીતિ કે ધર્મ-અધર્મની વાતો તો સામાન્ય લોકો માટે છે તેમ કહેવામાં આવે છે. પોતે તો એ બધાથી પર છે. હકીકતમાં અનીતિ કે અધર્મ અને વેદાંત કે કોઈ પણ ધર્મ વચ્ચે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું મોટું અંતર છે. એ વ્યક્તિ બ્રહ્મચારી હોય કે પછી વૈરાગ્યધારી હોય, એ પુરુષ હોય કે સ્ત્રી હોય, એ વેદાંતી

હોય કે પછી મહાજ્ઞાની હોય, પરંતુ એ નીતિથી પર હોતો નથી.

સંતને નીતિ અને ધર્મના સનાતન નિયમો અચૂકપણે પાળવાના હોય છે. આને સામાન્ય રીતે આપણે સદાચરણ કહીએ છીએ. આવો સદાચાર પાળવો સંતને માટે અનિવાર્ય છે. વળી સંત કે ગુરુનું વર્તન પણ એમના અનુયાયીઓ પર પ્રભાવ પાડતું હોય છે. આથી સામાન્ય માનવીને માટે જે સદાચાર છે તે સદાચાર તો સંતને પાળવાનો જ, પણ એથીય વધારે સદ્‌વર્તનના સઘળા નિયમો એને પાળવા પડે છે. પોતે સંત છે, મહાત્મા છે, મહાન ગુરુ છે, પ્રખર ઉપદેશક છે એથી એને અનીતિ કરવાનો પરવાનો મળી જાય છે એમ માનવું એ મહા અપરાધ અને ઘોર અધર્મ છે. આવી વ્યક્તિ વિભૂતિ હોય તો પણ તમારે એને ત્યજી દેવી જોઈએ.

વર્તમાન સમયમાં એવા સંન્યાસીઓ, સદ્‌ગુરુઓ કે સંતો મળે છે કે જે એમ માનતા હોય છે કે આવા નીતિ-અનીતિના બંધનો એમને સ્પર્શી શકતા નથી. એ કહે છે કે અમારે માટે કશું અનીતિવાન હોતું નથી. અમે જે કંઈ કરીએ તે ન્યાય અને નીતિપૂર્ણ જ હોય. આને પરિણામે થયેલી પરિસ્થિતિથી આપણે વાકેફ છીએ. અખબારોમાં સંતોના અનાચારો અને ભ્રષ્ટાચારો અવારનવાર સાંભળવા મળે છે. જે સંત એવું માનતો હોય કે એની વિભૂતિમત્તાને આવા કોઈ બંધનો સ્પર્શી શકતા નથી, તો માનવું કે એ સંત ખરેખર યથાર્થ જ્ઞાન સમજ્યા જ નથી.

રામ, બુદ્ધ કે મહાવીરનું જીવન જુઓ તો ખ્યાલ આવે કે એમના આચરણમાં પણ એમની ઊંચાઈ પ્રગટ થતી હતી. એમની આધ્યાત્મિકતા પ્રગટ થતી હતી. કટપૂતના નામની વ્યંતરી મહાવીરને પરેશાન કરે છે, ભગવાન બુદ્ધ પર કોઈ થૂંકે, તો પણ તેમના વ્યવહારમાં કોઈ પરિવર્તન આવતું નથી.

આ તબક્કે ઉપદેશ અને આચરણ વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે. વ્યક્તિના ઉપદેશને જ સર્વસ્વ માનીને એના આચરણની ઉપેક્ષા થાય તે અયોગ્ય છે. એક અર્થમાં સંતના સંતત્વને પામવાની કૂંચી જ એમનું આચરણ છે.

ઉપદેશની પાછળ પોપટિયું જ્ઞાન હોય, વાંચેલા શાસ્ત્રોનું દોહન હોય, કથારસ ટૂચકાઓ કે ધારદાર કાવ્યપંક્તિઓ હોય. આ બધું 'આયાત' થઈ શકે છે અને પોતાના ઉપદેશ દ્વારા એ લોકહૃદયમાં ભાવસંચલન કરી શકે છે ખરાં? મહત્ત્વની બાબત તો ગુરુનું આચરણ છે. એની સાધના કેવી છે? એનો સ્વભાવ કયા પ્રકારનો છે? એનામાં સેવાની ભાવના કેટલી રહેલી છે? અને એ કેટલો નિસ્પૃહી છે? આ બધી બાબતો ગુરુના આચરણમાં પ્રગટ થાય છે અને માટે જ આ આચરણ એ ગુરુના ગુરુતત્ત્વના પારખવાની કસોટી છે.

એક વાત સીધી-સાદી છે કે ગુરુ આત્મામાં સ્થિર થાય પછી એનામાં આસક્તિ ક્યાંથી હોય? ચિત્ત, બુદ્ધિ, મન અને અહંકાર સર્વનો લય કરીને એ પરમાત્મા સાથે અનુસંધાન સાધે પછી એના આચરણમાં રાગ કે મોહ ક્યાંથી હોય? એનો અર્થ જ એ કે ગુરુને માટે નીતિમય જીવન અને ઉચ્ચ આચરણ એ સ્વાભાવિક હોવું જોઈએ. આનું મુખ્ય કારણ એ કે પરમાત્મામાં પોતાની જાત જોડનાર ગુરુ જગતની તમામ આસક્તિ છોડી દે છે. આસક્તિ એ જ અનીતિનો પાયો છે. મોહ, રાગ કે વાસના એટલે કે આસક્તિ વિના અનીતિ આચરવામાં આવતી નથી. હવે જે આત્મનિષ્ઠ છે, જે પ્રભુનિષ્ઠ છે, જે આ કે તે ઈશ્વરમાં ડૂબેલો છે, એને વળી આવી આસક્તિ ક્યાંથી જાગે? એના તો આસક્તિનાં મૂળ જ કપાઈ ગયા હોય અથવા તો એ ભૌતિક જીવનની લૌકિક કામ, ક્રોધ, વાસના જેવી આસક્તિઓ એના હૃદયમાંથી લય પામી હોય. અરે જ્યાં આસક્તિ જ ન હોય, ત્યાં વાસના કઈ રીતે જાગે? જે વૃક્ષના મૂળ જ નથી એ વૃક્ષને ડાળી અને પાંદડા ક્યાંથી હોય?

આત્મનિષ્ઠ કે પ્રભુનિષ્ઠ સંત સર્વત્ર આત્મદર્શન અને પ્રભુદર્શન કરતા હોય છે. આવા ગુરુનું આચરણ સાવ જુદું હોય છે. એ વ્યક્તિના રૂપ, આકર્ષણ કે સૌંદર્યને બદલે એના આત્માને ઓળખતા હોય છે. વળી પ્રત્યેક પરિસ્થિતિમાં એ સતત જાગ્રત રહીને વર્તન કરતા હોય છે. અત્યંત તીવ્ર દ્રષ્ટિએ પોતાના મનના ભાવોનું પૃથ્થકરણ કે વિશ્લેષણ કરતા હોય છે અને કોઈ નાનામાં નાની ક્ષતિ હોય તો તે શોધીને સુધારી લેતા હોય છે. પળનો પણ પ્રમાદ નહીં હોવાથી આસક્તિ એમના જીવનકિલ્લા પર કોઈ હુમલો કરી શકતી નથી. આજે આવા આસક્તિ વિનાના ગુરુઓ નજરે પડે છે ખરા?

માત્ર વાસના કે દેહના આકર્ષણની જ વાત નથી, પરંતુ સંપત્તિ, સત્તા અને પદનું પણ આકર્ષણ હોય છે. ત્યારે સાચા ગુરુ અહર્નિશ આત્મકસોટી કરતા રહેશે અને તેથી જ ઉપદેશની ભવ્યતા સાથે આચરણની ભવ્યતા જોઈએ. સામાન્ય વ્યક્તિને માટે જે નીતિ-નિયમોનું પાલન હોય છે, તે સંતને માટે તો અનિવાર્ય હોય છે, બલ્કે એને તો એનાથી પણ આગળ વધીને સંતે પોતાના આચરણની એક ઊંચાઈ હાંસલ કરવી જોઈએ, એ ચોક્કસ. ❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫/ મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

# ઝેન ગુરૂ : પ્રહુરી પળ પળનો

સુભાષ ભટ્ટ

*લેખક પરિચય : અધ્યાત્મ વિષે લખવું અને અધ્યાત્મ જીવવું એ બંને જુદી વાત છે. અધ્યાત્મને જીવવા મથતા લેખક એટલે શ્રી સુભાષ ભટ્ટ. 'અનહદ બાની' નામે વર્ષોથી નવનીત સમર્પણમાં લખિ રહ્યા છે. જેમનો પરિચય આપતા ભદ્રાયુ વછરાજાનીએ ઉચિત રીતે જ નોંધ્યું છે કે જેમનો આત્મા સૂફીનો, દિમાગ જિબ્રાનનું, દિલ - રૂમિનું, આંખો ઓશોની, સાદગી ગાંધીની, સૌંદર્ય ટાગોરનું.... પણ ખોળિયું શિક્ષકનું. તેમના પુસ્તકોમાં હળવી છતાં અર્થગંભીર શૈલીમાં પ્રગટેલું તેમનું લેખન કરે જ મનનીય છે.*

Barn's burnt down -
now
I can see she moon,
- Masahinde

કદાચ, ઝેન રોશી કે ગુરૂનું ઉડીને આંખે વળગે તેવું લક્ષણ તેમની આ જૂનાં માળખા-ઢાંચા સળગાવીને આજે-અહીં - અત્યારે - આ પળે ચંદ્ર નિરખવાની તૈયારી છે. ઝેન રોશી વ્યાખ્યાઓએ. શબ્દો, સિધ્ધાંતો, ધારણાઓ, સંકલ્પો, નિર્ણયો, શાસ્ત્રો, વિધિ-વિધાનોને વેરવિખેર કરી નાખે છે. કારણ કે આ બધું જીવનને સિમીત કરે છે. તેમને માટે તો પળ જ શાશ્વતી છે. દરેક ક્ષણને અધિકૃત સમગ્રતાથી જીવવું એ જ સંબોધિ છે. આમ તો ઝેન ગુરૂને સમજવા માટે બુધ્ધ અને બૌધ્ધ ચિત્ત અને ચૈતન્યના અઢી હજાર વર્ષ નિરખવા પડે પણ આપણે તેને બે-પાંચ પાનામાં સમજવાનો પ્રયાસ કરીએ.

•••

અઢી હજાર વર્ષ પૂર્વે એક સવારે હોલી વલ્ચર ટેકરી પર બુધ્ધે પ્રવચન ન આપ્યું પણ લાંબા મૌન બાદ મહાકશ્યપને સ્મિત અને કરૂણાસહ સુવર્ણ-પુષ્પ આપ્યું. તે સાથે જ તેમણે શબ્દ-સમય-સ્થળથી મુક્ત એવું અસ્તિત્વનું સત્વ, સત્ય અને સમગ્ર આપી દીધું. આ હસ્તાંતરણ મૌનનું હતું-મૌનમાં હતું અને પછી તો તે હસ્તાંતરણ નિરંતર ઘટતું રહ્યું. આ પળ માટે એમ કહેવાય છે :

ધર્મશાસ્ત્રો પારનું વિશિષ્ટ હસ્તાંતરણ, અક્ષરો-શબ્દો આધારિત નહીં, સીધું જ માણસના અંતરંગને ચિંધે છે, સ્વયંના સ્વરૂપને જુએ છે અને બુધ્ધત્વ પામે છે.

તથાગતનું ધ્યાન જ સમય અને સભ્યતાઓના વહેણમાં વહેતા વહેતા ઝેન બન્યું. તથાગતની સંબોધિ જ બોધિધર્માની પ્રારંભ રેખા બની. તેમાં ચીન, જાપાનની સાધનાઓ ભળી. તાઓ દર્શન તો ઝેનમાં ઓગળીને એક રસ બની ગયું. મહાયાનમાં ઝબોળાયેલ ઝેન, દર્શન નવલી જીવનશૈલી છે. સ્થાનિક રૂપ-રંગ-રસ ભળતાં જ ઝેન ચૈતન્યના અનેક પરિમાણો અને પરિધાનો પ્રગ્ટ્યા. આજે તો સમગ્ર જગતમાં બુધ્ધની અંતહિન છાયાઓ અને કેડીઓ છે પણ મહાકશ્યપે તેને શબ્દને બદલે સ્મિત-મૌન-ધ્યાન સ્વરૂપે ઝિલી અને પછી તો હસ્તાંતરીત થતા થતા આજે-અહીં - અત્યારે મારી સામે આવી ઊભી છે. અલબત, આ પચ્ચીસ સદી દરમ્યાન તેમાં અનેક માસ્ટર્સની અનેક શૈલી અને સુગંધ ભળ્યા. અને હા, અનેકવિધ ક્ષમતા, યોગ્યતા અને અધિકારિતા પ્રમાણેના શિષ્યો પણ આવ્યા અને આ બધા થકી રચાયું છે ઝેન ઉપવન!

•••

શિષ્ય : ઝેનનું પ્રથમ સત્ય શું છે?

ગુરુ : જો તેને ઉચ્ચારીશ તો તે બીજું સત્ય બની જશે.

આ રીતે શબ્દ પારનું સત્ય શબ્દ વડે જ અભિવ્યક્ત કરવું તે અશક્ય છે, પણ છતાં આવો ઝેનને સમજવાનો એક નિષ્ફળ પ્રયાસ કરીએ. ઝેન માને છે કે અંતિમ વાસ્તવિકતા તો શૂન્યતા છે. તેનો અનુભવ કે અભિવ્યક્તિ શબ્દ-વિચારથી થઈ શકે નહીં. અસ્તિત્વનું સત્વ કે સત્ય કે સત્તા એટલે આ શૂન્યતા. હૃદય સૂત્ર તો કહે છે.

રૂપ શૂન્યતા છે,
શૂન્યતા રૂપ છે.

આમ ઝેનમાં સાધના, સાધ્ય, સાધક અને સિધ્ધિનો છેદ ઉડી જાય છે, નથી યાત્રા નથી યાત્રી. નથી દૃષ્ટા નથી દૃશ્ય. નથી કશે પહોંચવાનું, નથી કશે પહોંચનાર (શિષ્ય) અને હા, નથી કોઈ પહોંચાડનાર (ગુરૂ). મુક્તિ એટલે આ શૂન્યતાનો પ્રગાઢ અનુભવ. ઝેનની ગંગોત્રી મહાયાન સંપ્રદાયમાં છે અને નાગાર્જુન તેના સ્થાપક હતા. તેઓ કહેતા, 'અંતિમ વાસ્તવિકતાને હકાર-નકાર, દૃષ્ટા-દૃશ્ય, કર્તા-કર્મના દ્વૈતમાં ન' જોઈ શકાય. ઝેનમાં ક્ષણભંગુરતા જ શાશ્વતી છે. એક સંવાદ સાંભળીએ. ઈ.સ. ૫૨૦માં ચીન ગયેલ બોધિધર્મા અને ચીની બાદશાહ વૂ વચ્ચેનો;

વૂ : પવિત્ર સત્યનો મૂળભૂત અર્થ શો?

બોધિધર્મા : અંતહિન અવકાશ. કશું પવિત્ર નથી.

આ અવકાશ કે શૂન્યતાનો અનુભવ કરાવે તે ગુરૂ. પણ તે શબ્દ-બોધ નથી. આ ઘટનાઓની ઘટમાળ અને કાર્યકારણની નિદ્રા તોડવા માટે ગુરૂ તમાચો મારે, આંગળી કાપી લે, લાકડી પણ ફટકારે. શિષ્યની ગઈકાલ અને આવતીકાલની સાંકળ તોડીને પળ સાથે અધિકૃત મૂલાકાત ગોઠવવા તે મન-તર્ક-બુધ્ધિને છિન્નભિન્ન કરી નાખે. આ માટે ગુરૂ શિષ્યને તર્કાતીત અને શબ્દાતીત કોઆન આપે. એવા પ્રશ્નો જેના બૌધ્ધિક ઉત્તરો અશક્ય છે, જેવા કે જન્મ પૂર્વેનો તમારો ચહેરો શોધો કે 'એક હાથની તાળીનો અવાજ સાંભળો.'

•••

ઝેનમાં ખરબચડી દૃષ્ટીએ નિરખીએ તો બે પ્રકારના ગુરૂઓ જોવા મળે છે; પ્રશાંત મહાસાગર જેવા અને ઉછળકુદ કરતી નદી જેવા. હસતા-રમતા-શીડતા ગુરૂઓ અને ધ્યાની-મૌની અને એકાંતપ્રિય ગુરૂઓ. અહીં બોધિધર્માનું ધ્યાન છે અને કાકુશીનની વાંસળી પણ છે. સિંહ જેવી ગર્જના કરતો રિન્ઝાઈ (લિન-ચી) છે અને બાળકો સાથે રમતો રાઓકોન પણ છે. આમ તો ખરો ધર્મ જ એ છે જે બધાજ વિરોધાભાસો અને ધ્રુવોને સમાવી લે. અને ઝેનમાં સંસાર અને નિર્વાણ, અરણ્ય અને બજાર, ગંભીરતા અને મોજ, પવિત્રતા અને દુન્યવીપણું સમાંતરે વહે છે. આ બિનપારંપારિક દર્શન જ આવતીકાલનું અધ્યાત્મ છે. ઝેન સમજે છે કે ઝોરબા અને બુધ્ધમાં એક જ ચૈતન્યની અભિવ્યક્તિ છે. પૃથ્વી અને આકાશ, જીવન અને અધ્યાત્મ એક જ છે.

ઝેન ગુરૂ વ્યાસપીઠ પરથી શૂન્યતાની વાતો નથી કરતો પણ ખેતરમાં પાવડો અને કોદાળી સાથે શ્રમ પણ કરે છે. તેના તથાગતના ચહેરા પર પ્રસ્વેદ અને માટી પણ છે. ઝેન ગુરૂઓ મૂર્તિભંજકો છે. તેથી જ તેઓ વ્યવસ્થા વિખેરે છે, નિદ્રા-ટેવ તોડે છે, સ્વરૂપો-માળખાંઓ છિન્નભિન્ન કરે છે. એકસૂત્રતા શિર્ણ-વિશિર્ણ કરે છે. એવી અસ્થિરતા અને અરાજકતા સર્જે છે જ્યાં અવકાશ-શૂન્યતાની સંભાવના રચાય છે. સાધક કે શિષ્યના અહં, ઓળખ, અસ્મિતાને તે ભાંગીને ભૂક્કો કરે છે અને ત્યાં શૂન્યાવકાશની શક્યતા સર્જાય છે.

એક એવી પળ આવે છે કે ચેતના વિસ્ફોટ થાય છે અને કયું શીખવાનું, સમજવાનું, પકડવાનું, પહોંચવાનું નથી તે પમાય જાય છે બધીજ દૂન્યવી-બૌધ્ધિક વ્યાવહારિકતા, અપ્રસ્તુતતા, સંદિગ્ધતાઓ, મૂર્ખતાઓ, નિરર્થકતાઓ, વિરોધાભાસો ઓગળી જાય છે. એક એવી પળ જ્યારે; કાવ્યમાં કવિ ખોવાઈ જાય છે, ચિત્રમાં ચિત્રકાર ઓગળી જાય છે, શૂન્યમાં જ સમગ્રતા છૂપાય છે, ક્ષણમાં જ શાશ્વતી પમાય છે, અહીંમાં જ સઘળું અનુભવાય છે.

આ માટે ઝેન ગુરૂ-શિષ્યને કોઈ વિશિષ્ટ સ્થળ-સમયની આવશ્યકતા નથી. આખું જગત જ સાધનાખંડ અને જીવન સાધના બની જાય છે. ઝેન રોશી તો કહે છે, 'જીવન અને જગત તો ઉપચાર છે. રોગ કયાં છે' આમ તો ઝેન સાધના સ્વયં જ વિરોધાભાસી શબ્દો છે. જાણે કે ગળાડૂબ નદીમાં ઊભા રહીને જળ માટે પ્રાર્થના કરવી. ઝેન સાધના અને સિધ્ધિ મારગમાં જ છે, યાત્રાના અંતે નથી. જીવનમાં જ છે જીવનની પાર કે અંતે નથી. સાંભળો, આ સંવાદ;

શિષ્ય : મારગ કયાં છે?
ગુરૂ : ચાલતો થા!

•••

રિન્ઝાઈ નામનો અદ્‌ભુત ઝેન ગુરૂ આ સંબંધો (ગુરૂ-શિષ્યના) ની ત્રણ શક્યતાઓ વર્ણવે છેઃ

૧. યજમાન અને મહેમાનનો.
આમાં યજમાનને વાસ્તવિકતાનો અનુભવ છે.

૨. મહેમાન અને મહેમાનનો.
આમાં બેમાંથી એકને પણ અંતિમ અનુભવ નથી. જાણે સાપના ઘરે પરોણો સાપ.

૩. યજમાન અને યજમાનનો.
આમાં બન્નેને અંતિમ શૂન્યતાનો અનુભવ છે. જાણે બે અઠંગ ચોર રાત્રે મળી જાય છે.

ઝેન માટે સ્વયં જીવન જ ધર્મ-અધ્યાત્મ છે. તેનાથી દૂર નહીં, સાંભળો, આ સંવાદ;

શિષ્ય : મને ઝેન સંપ્રદાયમાં દિક્ષીત કરો.
જોશુ : તેં તારું શિરામણ કર્યું.
શિષ્ય : હા.
જોશુ : તો જા અને વાસણો સ્વચ્છ કરી નાખ.

ઝેન એટલે દૈનિક વાસણો દર્પણ જેવા રાખવાના અને શિરામણ કરવાનું. આ ધર્મ અને જીવન, પવિત્ર અને અપવિત્ર શુભ અને અશુભની સમગ્રતાને જીવાડે અને જીવે તે ગુરૂ.

ઝેન ગુરૂ ભાષાનો ઉપયોગ ઓછો કરે છે કારણ ભાષા થકી બુધ્ધિ-તર્ક-મનની સંકુલતા રચાય છે. જ્યારે તેનો આશય તો આ બૌધિકતા, વ્યાવહારિકતા, સામાજિકતા, રૂઢિચૂસ્તતા, પારંપરિકતા, ધાર્મિકતા, શાશ્વતતાના બંધનો તોડવાનો છે. તેથી જ ઝેન ગુરૂ વિચિત્ર વર્તન માટે જાણીતા છે. તે ઉખાણા અને કોયડા આપે છે, શાસ્ત્ર નહીં. તે લાવ અને તમાચો આપે છે પણ સૂત્રો નહીં. તે ઉદ્‌ગારો અને આશ્ચર્ય પ્રગટ કરે છે, ઉપદેશ નહીં તેમને વ્યાખ્યામાં સલામત રહેવાની આદત નથી,

તેથી તેઓ;

મજાક પાછળ સત્ય સંતાડતા, અસ્વચ્છતા પાછળ અલૌકિકતા છૂપાવતા, વિચિત્રતા પાછળ પ્રજ્ઞા ઢાંકતા, મૂર્ખાઈ નીચે સંતત્વ ધરબી દેતા.

તેરમી સદીમાં જાપાનનો કાકુશીન ચીનમાં ઝેન સાધના કરવા ગયેલો. જાપાનના સમ્રાટે તેને રાજદરબારમાં બોધ દેવા આમંત્રણ આપ્યું. તેણે એક પણ શબ્દ બોલ્યા વિના વાંસળીનો એક અવિસ્મરણીય સૂર વગાડ્યો, સ્ટેજ અને દરબાર છોડી ચાલતો થયો. આ ઝેન સમજવું સત્ય પણ છે, સત્વ પણ છે. અઢળક મૌન અને અવકાશનો આટલોજ સાર છે.

•••

ઝેન ગુરૂએ શિષ્યને આટલો જ અનુભવ કરાવવાનો છે, આપણે અસ્તિત્વની અગાધતા, અઢળકતા, અંતહિનતાથી અલગ નથી. આ ચોથું અધ્યાત્મના ઉઘાડની ક્ષણ જ સર્વજ્ઞ કે સંબોધિ છે. એવો ઝબકારો જ્યારે આપણી ઓળખ, અજ્ઞાન અને અહંનો અંધકાર ઓગળી જાય અને જીવન અપરંપાર અવકાશ, અજવાસ, કુળવાશ અને મોકળાશથી સભર બની જાય. સમગ્ર અસ્તિત્વને પામાવાની આ ક્ષણ આજે, અહીં, અત્યારે છે તેનો અનુભવ કરાવે તે ગુરૂ. અને આ ઝિલવાનું પાત્ર અને પામતા હોય તે બધા શિષ્ય.

ઝેન ગુરૂએ શિષ્યને જીવનની તાલીમ આપવાની છે તેને મતો અને માન્યતાઓથી બચાવવાનો છે, વિગતો અને વિચારોની સ્થગિતતામાંથી બહાર કાઢીને જીવન વહેણમાં વહેતા કરવાનો છે. ઝેન કોઈ હતાશ, નિરાશ અને નિષ્ક્રિય ચિત્તની સાધના નથી પણ અસ્તિત્વમાં નિરંતર ઉજવાતા જીવનમાં સક્રિય ભાગીદારી છે. આ બે ભાગીદારો એટલે ગુરૂ અને શિષ્ય. ઝેન વિચાર નથી, જીવન છે.

જે સર્વત્ર છે, તેની શોધ શેની?
જે છલોછલ છે, તેનો સંગ્રહ શેનો?
જે સમગ્ર છે, તેને જાણવાનું શું?

આવું માત્ર સમજે નહીં પણ ક્ષણે-ક્ષણ જીવે તે ઝેન રોશી - ઝેન ગુરૂ.

❑❑❑

સી, ૧૧૦૬, 'સરાય', કાળવીબીડ,
ભાવનગર - ૨.
ફોન. ૦૨૭૮-૨૫૬૯૮૧૫

**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260, Prarthana Samaj Branch, Mumbai - 400 004.
**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. ............... ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ.......................................................

સરનામું.......................................................

.......................................................

પીન કોડ........................ ફોન નં. ........................

મોબાઈલ નં. .................. Email ID ........................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

ઑફિસ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૦૨૨ ૨૩૮૨૦૨૯૬.
Email ID : shrimjys@gmail.com

## ❋ અમરતવાણી

❖ શિષ્યે પૂછ્યું : 'મને ઈશ્વર કયાં મળશે?' ગુરૂ કહે : એ તો તારી સામે જ છે. 'તો મને એ કેમ દેખાતો નથી?' 'દારૂડિયાને જેમ પોતાનું ઘર દેખાતું નથી હોતું તેમ.' પછી ગુરૂએ કહ્યું : 'તને દારૂડિયો બનાવનાર શું છે? એ શોધી કાઢ. અને આં જોવા - સમજવા માટે તારે નમ્ર - સૌમ્ય થવું જોઈએ.'

❖ આશ્રમમાં રહેતા એક સાધકે વિનોબાજીને લખ્યું : 'કાલે મારો જન્મદિવસ છે કાલથી ભોજનમાં મીઠું છોડવાની ઈચ્છા છે.' વિનોબાજીએ તેને જવાબ આપ્યો : 'બિચારું મીઠું! એણે તારું શું બગાડ્યું છે? છોડવાની ચીજ તો બીજી જ છે. અહંતા છોડી? આસક્તિ છોડી? કામક્રોધાદિ વિકાર છોડયા?'

# આપણાં આદિકાવ્યોમાં ગુરુ-શિષ્ય અનુબંધ

ડૉ. દર્શના ધોળકિયા

*લેખક પરિચય : ગુજરાતી સાહિત્યક્ષેત્રે જેમનું નોંધપાત્ર પ્રદાન ગણાવી શકાય એવા વિદુષી લેખિકા ડૉ. દર્શના ધોળકિયા જાણીતા વિવેચક, ચરિત્ર નિબંધકાર, સંપાદક, અનુવાદક છે. તેઓ મધ્યકાલીન સાહિત્યના ઊંડા અભ્યાસી છે. સંસ્કૃત સાહિત્યના આદિ કાવ્યો રામાયણ-મહાભારત વિષે તેમનું ચિંતન અનન્ય છે, જે એ સંદર્ભના તેમના પુસ્તકોમાંથી પસાર થતાં અનુભવી શકાય છે. રાષ્ટ્રીય કક્ષા સુધીના પ્રતિષ્ઠિત એવોર્ડથી તેમની લેખિની પોંખાઈ છે. એક ઉત્તમ અધ્યાપક અને પ્રભાવક વક્તા છે. હાલ તેઓ ભુજ સ્થિત કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી ભાષા ભવનના અધ્યક્ષા તેમજ આર્ટ્સ ફેકલ્ટીના ડીન તરીકે ફરજ બજાવી રહ્યા છે.*

હિંદુ સંસ્કૃતિએ આમ સમાજને જે આચારનિષ્ઠાની ભેટ આપી છે તેમાંની એક અતિ મહત્ત્વની છે. ગુરુ-શિષ્ય સંબંધનો ખયાલ. 'આચાર્ય દેવો ભવ'માં માનતી આપણી ઋષિપરંપરાએ ગુરુ-શિષ્યની બેલડીનાં કેટલાંક ઉત્તમોત્તમ દ્રષ્ટાંતો નિદર્શનરૂપે પૂરાં પાડ્યાં છે. આપણાં આદિકાવ્યો રામાયણ અને મહાભારતમાં વ્યક્ત થતો ગુરુ-શિષ્ય સંબંધ એમાં રહેલી જીવનલક્ષિતાનો, વિદ્યોપાસનાની મહત્તાનો ને એ સંબંધની સુગંધનો પરિચાયક છે.

વાલ્મીકિ રામાયણનો તો ઉઘાડ જ ગુરુ-શિષ્ય સંબંધની નજાકતનાં સ્થાપનથી થાય છે. પોતાનાં યજ્ઞકર્મમાં અસુરો દ્વારા અપાતા ત્રાસથી ત્રસ્ત થયેલા ઋષિ વિશ્વામિત્ર સામે ચાલીને રઘુકુળતિલક રાજા દશરથ પાસે આવીને તેમના જ્યેષ્ઠ પુત્ર રામચંદ્રની સહાય યાચે છે. આ સમયે રામ તો હજુ તરુણાવસ્થામાં છે, સુકોમળ છે, જીવનના વિષમ અનુભવોથી અનભિજ્ઞ છે ને છતાંય, વિશ્વામિત્ર જેવા પ્રખર ઋષિને જાણ છે રામનાં સત્વની, રામની હેસિયતની. જેને લીધે એ રામને વિશ્વાસપૂર્વક અજમાવવા તૈયાર થયા છે. સાચા ગુરુની આ પ્રથમ ઓળખ છે - શિષ્યમાં રહેલાં બીજને પારખવાની, તેનામાં પડેલી અનંત શક્યતાઓને તાગવાની.

પિતા તરીકે પુત્ર રામને અસુરો સમક્ષ ઉપસ્થિત કરવામાં અચકાતા દશરથને વિશ્વામિત્રે રામનો સાચો પરિચય આપ્યો છે, જેમાં ગુરુને છાજતું તાટસ્થ્ય છે ને ઝવેરીની પારખુ નજર છે.

વિશ્વામિત્રની સાથે ચાલી નીકળેલા રામ-લક્ષ્મણને વિશ્વામિત્રે વગર માગ્યે અભરે ભરી દીધા છે. પોતાનાં નિવાસસ્થાને પહોંચવા પહેલાં જ વિશ્વામિત્રે રામચંદ્રને બલા અને અતિબલા નામક મંત્રસમુદાયથી દીક્ષિત કર્યા છે. જેના પ્રભાવથી રામને થાક ન લાગે, રોગ તેમનાથી યોજનો દૂર રહે, તેમનાં રૂપમાં વિકાર ન આવે, નિદ્રાવસ્થામાં કોઈ તેમના ઉપર હુમલો ન કરે ને રામચંદ્ર સૌભાગ્ય, ચાતુર્ય, જ્ઞાન અને બુદ્ધિના સંદર્ભમાં અતુલ્ય પુરૂષ તરીકે પ્રસ્થાપિત થાય. આ બે વિદ્યા સ્વયં પ્રજાપિતા બ્રહ્માની પુત્રીઓ હોઈ, વિશ્વામિત્રે એનું સંક્રમણ રામચંદ્રમાં કરવું ઉચિત ગણ્યું છે. એનું કારણ પણ આપતાં વિશ્વામિત્રે સ્પષ્ટતા કરી છે તેમ, રામચંદ્ર પોતાના ગુણસમુદાયને લઈને આ વિદ્યા ધારણ કરવા માટે યોગ્ય પાત્ર છે.

આ વિદ્યાનું રામમાં પ્રત્યારોપણ કરતી વેળા વિશ્વામિત્રે કરેલું વિધાન ભારે નોંધપાત્ર બને છે. તેઓ રામને જણાવે છેઃ આ વિદ્યાઓ મેં મારી તપસ્યાથી અર્જિત કરી છે. મારી તપસ્યાથી એ રસાયેલી હોવાથી તારા માટે એ અનેક પ્રમાણે સાર્થક પ્રમાણિત થશે.

વાલ્મીકિને અહીં સ્થાપવું એ છે કે ગુરુએ શિષ્યને પ્રદાન કરેલી વિદ્યા તપસ્યાથી પુષ્ટ થયેલી હોવી જોઈએ. ગુરુમાં જ જો ઊંડાણ સિદ્ધ ન થયું હોય તો એણે આપેલી વિદ્યા ફુલવતી સિદ્ધ ન થઈ શકે.

પોતાના આશ્રમ ભણી રામ-લક્ષ્મણને દોરતા ગયેલા વિશ્વામિત્રે બંને શિષ્યોની એકેએક ક્ષણ અભ્યાસથી પરિમાર્જિત કરી છે. આસપાસની પ્રકૃતિ, રસ્તામાં આવતાં સ્થળોનો ઈતિહાસ, રામના વંશની કથાઓ - આ સઘળાથી બંનેને અવગત કરતા ગયેલા વિશ્વામિત્ર બંનેને માતૃવત્ વાત્સલ્યથી સીંચતા રહ્યા છે. તેમને સૂવાડીને, જગાડીને, જમાડીને વિશ્વામિત્રે બંનેની રીતસર શુશ્રૂષા કરી જાણી છે.

રામ-લક્ષ્મણે પોતાનાં અનન્ય પરાક્રમથી રાક્ષસો સામે લડીને વિશ્વામિત્રનું યજ્ઞકર્મ સંપન્ન કરીને પોતાનું અસાધારણ શિષ્યત્વ પ્રમાણિત કરી બતાવ્યું. એ પછી વિશ્વામિત્ર બંનેને રાજા જનકની મિથિલાનગરી ભણી દોરી ગયા છે, જનક પાસે રહેલાં શિવ ધનુષ્યનું દર્શન કરાવવાના બહાને. પણ આ પાછળનું એમનું દર્શન સ્પષ્ટ છે. પોતાના શિષ્ય રામની

હેસિયતને પ્રમાણતા વિશ્વામિત્ર ત્રિકાળદર્શી છે. રાજા જનકે આ ધનુષ્યને જે ચઢાવી શકે તેને પોતાની અયોનિજા ને અસાધારણ પુત્રી સીતા વરાવવાની પ્રતિજ્ઞા લીધી છે. જેને પોતાનાં તપોબળથી જાણી ગયેલા વિશ્વામિત્રનો ઈરાદો પોતાનાં યજ્ઞકર્મની રક્ષા કરનાર શિષ્યનું ઋણ ચૂકવવાનો છે, જેની ગંધ સુદ્ધાં એમણે રામ કે જનકને આવવા નથી દીધી.

મિથિલા જઈને ધનુષ્ય જોવાનો ડોળ કરતા વિશ્વામિત્રે ધાર્યું કરાવ્યું છે ને ધનુષ્યને લીલામાત્રમાં ચઢાવી શકેલા રામને વીર્યશુલ્કા (વીર્યની કીમત ધરાવનારી) સીતા સંપડાવીને જ વિશ્વામિત્ર જંપ્યા પણ છે ને રામનાં જીવનમાંથી ખસ્યા પણ છે.

વાલ્મિકીને મતે સાચો ગુરુ માત્ર આપે છે, લેવાનો તો એ માત્ર ડોળ કરે છે. જેથી શિષ્યને એનો ભાર ન લાગે. રામચંદ્રનાં ભવિષ્યમાં આવનારી ઘોર ઘટનાઓને પોતાની દર્શનશક્તિથી જાણી લઈને વિશ્વામિત્રે રામને ધનુર્વિદ્યામાં અનન્યતા પ્રદાન કરી છે જેથી વનવાસ ને યુદ્ધમાં રામનું સૌંદર્ય, રામની શ્રી અખંડ રહે. હા, એ માટે શિષ્ય પાસે એમની એક જ શરત છે - વિનમ્રતા, શીખવાની લગન અને ઝીલવાની શક્તિ. રામે જો આ સઘળું પ્રમાણિત કર્યું તો વિશ્વામિત્રની જ્ઞાનગંગા રામની જટા ભણી અનવરત વહેતી રહી.

વાલ્મીકિ રામાયણમાં આવી બીજી બેલડી છે સ્વયં ઋષિ વાલ્મીકિ અને રામપુત્રો એવા લવ-કુશ. રામે પ્રજા માટે ત્યાગેલી સીતાને સ્વયં વાલ્મીકિએ પોતાના આશ્રમમાં માનભેર સ્થાન આપ્યું છે તેમજ સીતાએ એ જ આશ્રમમાં પ્રસવેલા બે પુત્રો લવ-કુશના ગુરુનું સ્થાન સંભાળ્યું છે.

વાલ્મીકિ પાસે જ વિદ્યાપ્રાપ્તિ કરીને સજ્જ થયેલા લવ-કુશને રામે કરેલા અશ્વમેઘ યજ્ઞમાં રામાયણનું જ્ઞાન પ્રસ્તુત કરવા વાલ્મીકિએ પ્રેર્યા છે ને બંનેને લઈને વાલ્મીકિ સ્વયં અયોધ્યામાં પ્રસ્તુત થયા છે.

રામને સીતાનાં પાવિત્ર્યની ને બંને પુત્રોની ઓળખ કરાવવાના ઈરાદે રામ સમક્ષ ઉપસ્થિત થવા લવ-કુશને પ્રેરતા વાલ્મીકિ બંને ભાઈઓને અયોધ્યાની ગલીઓમાં, બ્રાહ્મણો સમક્ષ, રાજમાર્ગો ઉપર ને પછીથી રામચંદ્ર ઈચ્છે તો તેમના દરબારમાં રામાયણનું ગાન કરવાનો આદેશ આપે છે.

આ ક્ષણે બંને બાલકુમારોને આચારનિષ્ઠાનું શિક્ષણ આપતા વાલ્મીકિની અપેક્ષા નોંધવા જેવી છે. વાલ્મીકિ કહે છે તેમ, 'તમારે આ ગાન ધનની ઈચ્છાથી બિલકુલ કરવાનું નથી. આપણા જેવા આશ્રમમાં રહેતા ને ફળ-મૂળ આરોગતા વનવાસીઓને ધનની શી આવશ્યકતા હોય? ને જો રામચંદ્ર તમને 'કોના પુત્ર છો?' એવી પૃચ્છા કરે તો એમને માત્ર એટલું જ કહેવાનું છે કે તમે વાલ્મીકિના શિષ્ય છો. તમે લોકો રાજાનું અપમાન ન થાય એવો કોઈ વ્યવહાર ન કરશો. કેમ કે ધર્મની દ્રષ્ટિએ રામ સૌના પિતા છે'.

વાલ્મીકિએ પોતે એક સન્યાસી હોવા છતાં લવ-કુશનાં ઘડતરમાં વિશેષ રસ લીધો છે. સીતાનાં પાતિવ્રત્ય પ્રત્યેના આદરને લઈને. રામનાં નેતૃત્વને અંજલિ આપવા ને પિતાની છત્રછાયાથી દૂર થયેલા લવ-કુશ પ્રત્યે પોતાના આપદ્ ધર્મને સ્વીકારીને.

ગુરુએ શિષ્યને શીખવવાનાં છે જીવનના પાયાના સિદ્ધાંતો. વિનય, અપરિગ્રહ, સ્વાભિમાન, સામી વ્યક્તિનું સન્માન જાળવવાનું ઔચિત્ય. વાલ્મીકિએ લવ-કુશનું ગુરુકૃત્ય બજાવીને ગુરુની ગરિમાનો મહિમા ઉજાગર કર્યો છે.

વાલ્મીકિ રામાયણમાં ગુરુની પ્રજ્ઞાનું ને શિષ્યની એ પ્રજ્ઞાને ધારણ કરવાની ક્ષમતાનું અપાર મહિમાગાન થયું છે. ગુરુ-શિષ્યના મૌન સંવાદનું મહર્ષિ વાલ્મીકિ જેવા મિતભાષી કવિએ આનંદપૂર્વક ગાન કરીને સહૃદયોને જીવતરનું અમૂલ્ય ભાથું બંધાવ્યું છે.

રઘુકુળના રાજગુરુ મહર્ષિ વશિષ્ઠએ રઘુવંશના તમામ રાજાઓને આરાધ્યા છે. પણ પિતાનાં વચનમાં અનૌચિત્ય હોઈ, મહર્ષિ વશિષ્ઠ રામને રાજા થવા સમજાવે છે ને ભરતને પણ પિતા અને રામનું કહ્યું માનીને રાજ્ય ગ્રહણ કરવા સૂચવે છે. ત્યારે 'મારે મન પિતાની આજ્ઞા જ શ્રેષ્ઠ છે.' એમ કહેતા રામ ને 'રામચંદ્રને અન્યાય કરીને પિતાનું કહ્યું ન માની શકવાની' સ્પષ્ટતા કરતો ભરત ગુરુનાં ગૌરવને સાચવવા છતાં સત્યને જે રીતે વળગી રહે છે તેમાં એ બંનેની જીવનનાં સત્યથી ઉપરવટ ન થઈ શકવાની સમજનો વાલ્મીકિએ અને ખુદ વશિષ્ઠએ પણ મહિમા કર્યો છે. ગુરુભક્તિ ને સિદ્ધાંત એ બે વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે ગુરુએ દીધેલી સમજથી જ સિદ્ધાંતની પસંદગી કરવાની ક્ષમતા પણ વાલ્મીકિના આ અવતારપુરૂષો પ્રમાણિત કરી શક્યા છે, જેમાં તેમના ગુરુનો રાજીપો ને સિદ્ધિ બંનેનો મહિમા થયો છે.

મહર્ષિ વાલ્મીકિની લગોલગ મહર્ષિ વ્યાસની ગુરુ-શિષ્ય સંબંધની સમજ આધુનિક સમયસંદર્ભમાંય ધન્ય કરી દે એ રીતે આલેખાઈ છે.

મહાભારતનો પ્રધાન શિષ્ય છે આ કૃતિનો મહાનાયક અર્જુન. એક વિદ્યાર્થી તરીકે અર્જુનનો જોટો જડે તેમ નથી. વિદ્યોપાસનાની તેની લગન, એ માટેની તેની તપસ્યા ને

આજીવન વિદ્યાની ઉપાસના અર્જુનને જગતનો શ્રેષ્ઠ શિષ્ય સાબિત કરે છે.

વિદ્યાર્થીકાળથી જ અર્જુનનું અનોખાપણું કોર કાઢતું રહ્યું છે. પાંડવો-કૌરવોમાં અર્જુન વિદ્યાતપે કરીને હંમેશાં બળૂકો સાબિત થતો રહ્યો છે. અર્જુનની વિદ્યાજિજ્ઞાસા અનન્ય છે. ગુરુ દ્રોણ, અશ્વત્થામા પ્રત્યેના અપત્યપ્રેમના કારણે સો શિષ્યોને પાણી ભરવા મોકલે છે ત્યારે વિલંબ થાય એ માટે બીજાઓને કમંડળ અને પુત્રને ઘડો આપે છે. બીજાઓ પહોંચે એ પહેલાં તેઓ અશ્વત્થામાને ધનુર્વિદ્યાની શ્રેષ્ઠ ક્રિયાઓ શીખવી દે છે. પણ વિચક્ષણ અર્જુને આ વાત જાણી લીધી ને વરુણાસ્ત્રથી કમંડળ ભરીને અશ્વત્થામા સાથે જ પહોંચી આવવા માંડ્યું. અંધારામાં ભોજન લેતા અર્જુનને એક વાર વિચાર આવ્યો કે જો અભ્યાસથી અંધારામાં કોળિયો મોઢામાં જ જાય છે તો પછી અંધારામાં અસ્ત્રનું સંધાન પણ શક્ય જ છે. આ વિચારથી પ્રેરાયેલો અર્જુન અંધારામાંયે શસ્ત્રસંધાન શીખીને જ જંપ્યો છે. યોગ્ય અસ્ત્રોના પ્રયોગોમાં, શીઘ્રતામાં અને ચપળતામાં દ્રોણના સૌ શિષ્યોમાં એ ચડિયાતો સાબિત થયો. દ્રોણ સ્વયં પણ તેને અજોડ શિષ્ય માને છે. સૌ કુમારોની ગુરુએ લીધેલી પરીક્ષામાંય પક્ષીની આંખ વીંધીને અર્જુને પ્રથમ ક્રમ મેળવ્યો છે તો એક વાર મગરથી ઘેરાયેલા ગુરુને છૂટકારોય અર્જુને જ અપાવ્યો છે.

સૌ કુમારોનો વિદ્યાકાળ પૂર્ણ થતાં આચાર્યે સૌની અસ્ત્રવિદ્યા કુટુંબીજનોને દેખાડવા એક સભાનું આયોજન કર્યું છે ત્યારે શિષ્ય પ્રત્યેના ગર્વથી છલકાતા ગુરુ દ્રોણે અર્જુનની ઓળખ સહુને આપતાં કહ્યું કે: 'જે મને પુત્રથીય પ્રિયતર છે, સર્વ શાસ્ત્રોમાં વિશારદ છે, ઈન્દ્રપુત્ર છે ને ઉપેન્દ્ર સમાન છે તે અર્જુનને તમે જુઓ.' દ્રોણના આ શબ્દો અર્જુને આજીવન સાચા ઠેરવ્યા છે. કુરુસભા તો શું, યુદ્ધ કરતા અર્જુનને સ્વયં મહાદેવ શિવ, પિતા ઈન્દ્ર, પિતામહ ભીષ્મ, મહાન યોદ્ધો કર્ણ, સ્વયં અગ્નિ-સૌ જોતા રહી ગયા છે. ગુરુ પાસે હંમેશાં નતમસ્તક રહેલા અર્જુને ગુરુદક્ષિણામાં દ્રોણની ઈચ્છા પ્રમાણે રાજા દ્રુપદ સામે ચડાઈ કરીને દ્રુપદને હરાવીને દ્રોણ સમક્ષ ખડો કર્યો છે.

તો અર્જુનની લગોલગ પોતાનાં ઉદાત્ત શિષ્યત્વને પ્રમાણિત કર્યું છે મહારથી કર્ણ. કુળને કારણે અન્ય રાજકુમારોની જેમ કર્ણને વિધિવત્ વિદ્યાપ્રાપ્તિ થઈ શકી નથી. પણ વિદ્યાવ્યાસંગી, ક્ષત્રિયનું લોહી ધરાવતા કર્ણે ગમે તેમ કરીને અસ્ત્રવિદ્યામાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. માત્ર બ્રાહ્મણોને જ વિદ્યા આપતા શસ્ત્રવિશારદ પરશુરામ પાસે બ્રાહ્મણ બનીને કર્ણ પહોંચ્યો છે ને અસ્ત્ર-શસ્ત્રોમાં પારંગત બન્યો છે. પણ નિયતિનેય કર્ણની પ્રગતિ જાણે મંજૂર નથી. એક વાર કર્ણનાં ખોળામાં માથું મૂકીને ગુરુ પરશુરામ નિદ્રાધીન થયા છે ત્યારે ભાવિને ધ્યાનમાં રાખીને અર્જુનનું કુશળ ઈચ્છતા ઈન્દ્રે ભ્રમર બનીને કર્ણની જાંઘ કોતરી નાખી છે. ગુરુની નિદ્રાને ધ્યાનમાં રાખીને ભયંકર પીડામાંય અડોલ રહેલા કર્ણની કોરાયેલી જાંઘમાંથી વહેતી લોહીની ધારા પરશુરામને ભીંજવે છે અને તેથી તે જાગી ગયેલા ગુરુ કર્ણની તિતિક્ષા જોઈને એના બ્રાહ્મણત્વ વિષે શંકા સેવે છે. કર્ણને મુખેથી એ બ્રાહ્મણના હોવાનું જાણીને અનન્ય ગુરુભક્તિ ધરાવતા કર્ણનો ઘોર તિરસ્કાર કરીને પરશુરામે અણીની વેળાએ વિદ્યા ભૂલી જવાનો પુરસ્કાર શાપરૂપે કર્ણને આપ્યો છે! એ ક્ષણે સહેજ પણ વિચલિત થયા વિના ગુરુએ આપેલી વિદ્યાનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરીને કર્ણે ગુરુની વિદાય લીધી છે.

મહાભારતના આ બે પ્રધાન શિષ્યોને પોતાની સિદ્ધાંતનિષ્ઠાથી, વિદ્યાપ્રીતિ-રતિથી ને ગુરુજનોનાં પક્ષપાત કે જાતિભેદ જેવાં નિમ્ન વલણોને ગળી જઈને ગુરુતત્ત્વનું અતિક્રમણ કરી જાણ્યું છે.

એકલવ્ય મહાભારતનું ગૌણ પાત્ર ગણાય છે, પણ ગુરુભક્તિમાં તેની અનન્યતા અદ્યાપિ ચિરંજીવ રહી છે. જાતિભેદને લઈને દેખીતી રીતે એ દ્રોણશિષ્ય બની શક્યો નથી. પણ એક વાર મનમાં એકલવ્યનું બેજોડ પરાક્રમ નિહાળીને તેમ જ એકલવ્યને મોઢેથી પોતાનો ગુરુ તરીકે ઉલ્લેખ સાંભળીને સડક થઈ જવા છતાં, દ્રોણે તેના પસેથી ગુરુદક્ષિણામાં તેના જમણા હાથનો અંગૂઠો માગી લેવાની અનધિકૃત ચેષ્ટા કરી લીધી છે. પણ સહજભાવે ગુરુની આ ઈચ્છા ફળીભૂત કરીને એકલવ્ય તેના આ કહેવાતા ગુરુનાં ઋણમાંથી મુક્ત થઈ ગયો છે. કર્ણ, અર્જુન અને એકલવ્ય આ અર્થમાં એમના ગુરુજનોથીય ચડેરા શિષ્યો તરીકે મહાભારતમાં ઊભર્યા છે.

આપણાં બંને આદિકાવ્યોના આર્ષદ્રષ્ટા સર્જકો વાલ્મીકિ અને વ્યાસને મન ગુરુ-શિષ્યનો સંબંધ સખ્યનો સંબંધ છે. બંને કૃતિના ગુરુજનોએ આ શિષ્યોની ઝોળી વિદ્યાતત્ત્વથી છલકાવી દીધી છે. અને એક વાર શિષ્યોને વિદ્યાધનથી તવંગર બનાવ્યા પછી એમનાં જીવનમાં ફરી વાર ડોકિયું સુદ્ધાં કર્યું નથી. ગુરુનો ધર્મ છે આપીને ધન્ય થવાનો ને શિષ્યનો ગુરુએ આપેલું ઉજાગર કરીને ગુરુને ધન્ય કરવાનો.

રામ ને અર્જુને ગુરુએ આપેલી વિદ્યાનો આવશ્યકતા

અનુસાર જ ઉપયોગ કર્યો છે. આ બંને શિષ્યો વખત આવે એમની વિદ્યાને પાછીયે વાળી શક્યા છે, ચિત્તમાં સાચવીને ગોપનીય પણ રાખી શક્યા છે ને એમના સમકાલીન વિદ્યાવાનોનો - એ દુશ્મન હોય તોય આદર કરી શક્યા છે. હાથમાં કાયમ શસ્ત્રો ધારણ કરવા છતાં આ અર્થમાં રામ અને અર્જુન શસ્ત્રસન્યાસી ઠર્યા છે. આ જ છે એમનાં વિરલ શિષ્યત્વનું રહસ્ય, જેને વાલ્મીકિ અને વ્યાસના સહૃદય ભાવકો સંવેદી શક્યા છે.

રામાયણ અને મહાભારત રામ, અર્જુન, કર્ણ, એકલવ્ય ને વિશ્વામિત્ર, દ્રોણ, પરશુરામ જેવા ગુરુ-શિષ્યોના અનુબંધના આલેખનથી પારાયણ યોગ્ય કાવ્યકૃતિ તરીકે જગતસાહિત્યમાં આદરની અધિકારી કૃતિઓ બની છે ને સાથોસાથ એમાંના વિરલ ગુરુજનોની માનવીય રેખાઓની રજથી ઝાંખી પડેલી આકૃતિને પોતાની નમ્રતાનાં વસ્ત્રથી લૂછી આપીને એમની ઉત્તમતાને જ આગળ ધરનારા કર્ણ ને એકલવ્ય જેવા શિષ્યોથી આ કૃતિઓ, એના સર્જકો અને એના અભિભાવકો અડસઠ તીર્થની યાત્રાની અનુભૂતિ કરીને ઉપશમને વરે છે. એ છે આ સંબંધની અંતિમ ફલશ્રુતિ.

❑❑❑

ન્યુ મીંટ રોડ, પેરીસ બેકરી પાસે,
ભુજ કચ્છ. પીન ૩૭૦૦૦૧
ફોન : ૦૨૮૩૨-૨૨૪૫૫૬
મો. ૦૯૦૯૯૦૧૭૫૫૯

---

'ભારતીય ગુરુ પરંપરા', વિશેષાંકનું સંપાદન કરવા બદલ મારાં હાર્દિક અભિનંદન સ્વીકારશોજી

**ગુરુ અને ગુરુતા**

ગુરુ-શિષ્યનો સંબંધ, પિતા-પુત્ર જેવો ગણાતો હોવા છતાં, અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરે, તે ગુરુ ગણાય. તેનું વસ્તુ કે વ્યક્તિ હોવું જરૂરી નથી. મૂળે, ગુરુતા જ્યાંથી પ્રાપ્ત થાય, ત્યાંથી સ્વીકારી લેવી રહી.

પરોક્ષ રીતે એકલવ્યે, ગુરુદ્રોણ પાસેથી ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી હતી. આ સંદર્ભે 'ગુરુતા' ભાવાત્મક છે. ગાયત્રી-મંત્ર, ગુરુ છે, તો ગુરુ દત્તાત્રેય પણ છે જ, પૃથ્વી માટે સૂર્ય ગુરુ છે, તો ધરતી માટે આકાશ ગુરુ ગણાય.

ભારતીય પરંપરા મુજબ તો માતા, પિતા, આચાર્ય, અતિથિ, પણ ગુરુ હોઈ, તેમને 'દેવ'ની સંજ્ઞા મળી. જે પ્રકાશે છે તે દેવ, અર્થાત્ ગુરુ-મુક્તિની ઈચ્છા રાખનાર માટે વિદ્યા એ ગુરુ છે.

શિષ્યનું અપભ્રંશ 'શીખ' થવું. આપણાં શીખ ભાઈ-બહેનોના ગુરુ તે નાનક બને. તેમણે લખેલો ગ્રંથ તે 'ગ્રંથ-સાહેબ', કે જેનું વાચન, મનન્ અને કીર્તન, ગુરુદ્વારાઓમાં સતત ચાલતું રહે છે.

કનૈયાલાલ મુનશીએ સ્થાપેલા ભારતીય વિદ્યા ભવનનો ગુરુ તે સદ્‌વિચાર, 'દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.' આપણાં મુસ્લિમભાઈઓનો ગુરુ, તે 'કુરાન' આપણાં ખ્રિસ્તીભાઈઓનો ગુરુ તે 'બાયબલ' તો હિંદુ ભાઈ-બહેનોનો ગુરુ તે 'રામાયણ','મહાભારત' અને ભાગવત્. ભૌગોલિક સ્થિતિ અનુસાર, જે-તે દેશ-પ્રદેશ કે ધર્મનાં ગુરુઓ, અલગ-અલગ હોવાના પોતે લઘુ છે, એની જાણ થાય તે 'ગુરુતા' પ્રાપ્ત કરવાની પ્રથમ લાયકાત ગણાય. મૂળમાં નમ્રતા, વિનય, વિવેક, ઋજુતા આદિ હોવાં જોઈએ. બહારની સ્વચ્છતા અને અંદરની પવિત્રતા કેળવ્યા સિવાય, શિષ્ય બનવાની પાત્રતા મેળવી શકાતી નથી.

બૈજુ બાવરો ગાય છે, 'બિન ગુરુ જ્ઞાન કહાં સે પાઉં? સ્વામી હરિદાસ, ગીત-સંગીતનાં ગુરુ હતા. જે જ્ઞાન બૈજુને, પ્રાણનાં ભોગે પણ, મેળવવું હતું. જે તેણે તેની સેવા કરીને મેળવ્યું, કેળવ્યું અને અમર બની ગયો. તેનું ગાંડપણ-બાવરાપણું સહેતુક હતું, એમ કહી શકાય.

આપણી ફિલ્મી દુનિયાનાં ગીત-સંગીતકાર મિયાં નૌશાદ, ગુરુ હતા. તેમનાં ગીતો-સંગીત મઢ્યાં, એક જમાનામાં ગૂંજતાં રહેતા, પરિણામે તેઓ લોકપ્રિયતા મેળવી શક્યા, સુરૈયા, નૂરજહાં ઉપરાંત શમશાદ અને મુબારક બેગમો પાસે તેઓ સુંદર, કર્ણપ્રિય ગીતો ગવડાવી શક્યા અને તેને સંગીતે મઢી શક્યા. શબ્દોને 'રાગ' અને 'ધૂન'માં ઢાળવા એ એક કપરું કાર્ય છે, જે તેમણે કરી બતાવ્યું હતું. ઉસ્તાદ બિસ્મિલા પાસેથી શહનાઈ-વાદન, તો પન્નાલાલ ઘોષ પાસેથી બાંસુરી-વાદન, ઉપરાંત શંકર અને જયકીશન જેવી પ્રતિભાઓને તેઓ વિકસાવતા ગયા.

ગુરુ અને શિષ્ય વચ્ચે જે સૂક્ષ્મભાવનું વહેણ વહે છે, તે પામવું રહ્યું. આપણી પામરતા દૂર કરવી રહી. સાગર પાણીનાં ટીપાંનો બનેલો છે, તે સૌ કોઈ જોઈ શકે છે, પણ પાણીનાં બુંદમાં રહેલા સાગર જોવા માટે વિશિષ્ટ દૃષ્ટિ કેળવવી રહી. અરે, એક વડનાં લાલ ચટ્ટક રેરામાં, અસંખ્ય વટવૃક્ષો સમાયેલાં હોય છે! તેને જોવાની દૃષ્ટિ કેળવવી તે જ સાચી ગુરુતા.

– **હરજીવન થાનકી**, સીતારામ નગર, પોરબંદર

# વૈદિક સાહિત્યમાં ગુરુ-મહિમા

ડૉ. કાન્તિ ગોર 'કારણ'

*લેખક પરિચય : કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ રહી ચુકેલા ડૉ. કાંતિ ગોર સંસ્કૃત સાહિત્યના મર્મી-અભ્યાસી છે. સંસ્કૃત ભાષા સાહિત્યના અધ્યયન -અધ્યાપનની સાથોસાથ તેમણે નાટ્ય ક્ષેત્રે પણ ખાસ્સું નામ કમાવ્યું છે. 'કચ્છમિત્ર' દૈનિકના તેઓ કટાર લેખક છે. કચ્છી સાહિત્યના અભ્યાસી શ્રી ગોર સાહેબ પોતે 'કારણ' ઉપનામથી કાવ્યલેખન પણ કરે છે. તેમની શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની સેવાઓ માટે પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયા છે. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક પણ છે.*

ગુરુ શબ્દ અને એના અર્થ તથા પ્રભાવ પર તો પુસ્તકો લખી શકાય અને લખાય પણ છે. અહીં તો થોડી પ્રાથમિક ભૂમિકા બાંધી શકાય તેમ છે. દુનિયાના પ્રાચીનતમ સાહિત્યમાં વેદોની ગણના થાય છે. વેદોને અપૌરુષેય કહેવામાં આવ્યા છે. એનું જ્ઞાન ઋષિઓને પરમાત્માની વાણી સાંભળવાથી મળ્યું તેથી વેદ માટે શ્રુતિ શબ્દ પણ પ્રયોજાય છે. ચારવેદ, વેદના છ અંગ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો, ઉપનિષદો આ બધાનો સમાવેશ વેદ-સાહિત્યમાં થાય. આ વેદને શ્રુતિસાહિત્ય કહેવાય છે તે પછીનું સ્મૃતિ સાહિત્ય તરીકે ઓળખાય છે. સાંભળેલું તે શ્રુતિ સાહિત્ય અને ત્યાર પછી સ્મૃતિને આધારે રચાયેલું તે સ્મૃતિ સાહિત્ય, જેમાં વેદના છ અંગ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો, ઉપનિષદો આ બધાનો સમાવેશ થાય.

વેદ શબ્દનો સરળ અર્થ જ જ્ઞાન છે. સંસ્કૃતના ક્રિયાપદ વિદ્‌માંથી આ શબ્દ ઉદ્‌ભવ્યો છે. વિદ્ ક્રિયાપદનો અર્થ પણ જાણવું, જ્ઞાન મેળવવું એવો થાય છે. મૂળ ચારવેદમાં ગુરુની આ સંકલ્પના વિવિધ અર્થછાયાઓમાં જોવા મળે છે.

ગુરુ શબ્દના અર્થને જોઈએ. સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે ગુરુ એટલેઃ મોટું, ભારે દીર્ઘ, શિક્ષક, પુરોહિત, ગોર, એ નામનો એક ગ્રહ, બૃહસ્પતિ વગેરે,

કૂર્મપૂરાણમાં તો કોને ગુરુ માનવા એની વિસ્તૃત યાદી આપી છે. થોડીક વિગતો જોઈએ.

*ઉપાધ્યાય : પિતા જ્યેષ્ઠભ્રાતાચૈવ મહિપતિઃ।*
*માતુલ : શ્વશુરસ્ત્રાતા માતામહપિતામહૌ।*

ટૂંકમાં ઉપાધ્યાય, પિતા, મોટાભાઈ, રાજા, મામા, સસરા, નાના, દાદા વગેરે, હકીકતમાં અહીં જે મોટા તે માનનીય એવી ગુરુ શબ્દની સમજણ ધ્યાનમાં લીધી હોય એવું લાગે છે.

મૂળ ભારતીય પરંપરામાં ગુરુ શબ્દ એક ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. ભવ પાર કરાવી શકે, માણસને મૂંઝવતી સમસ્યાઓનો ઉકેલ આપી શકે, જે અધ્યાત્મિક અંતઃદૃષ્ટિ ધરાવતા હોય, ધાર્મિક પરંપરામાં ગુરુ એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

આપણા દેશમાં આવી અનેક સમર્થ ગુરુઓની પરંપરા છે. અને દરેક ધર્મમાં ગુરુનો ચોક્કસ પ્રભાવ છે.

ઋગ્વેદને આપણે ગુરુનાં સંદર્ભમાં યાદ કરીએ.

*અક્ષેતવિત્ ક્ષેત્રવિદં હ્યપ્રાટ્ પ્રૈતિ ક્ષેત્રવિદાનુશિષ્ટઃ।*
*એતદ્ વૈ ભદ્રમનુશાસનસ્યોત શ્રુતિવિન્દત્યંજસીનામ્॥*

(ઋગ્વેદ ૧૦,૩૨,૭)

માર્ગને ન જાણનાર માર્ગના જાણનારને અવશ્ય પૂછે છે. એ જે તે ક્ષેત્રના જાણકાર વિદ્વાન પાસેથી શિક્ષિત થઈને ઉત્તમ માર્ગને પ્રાપ્ત કરે છે. ગુરુના અનુશાસનનું આ જ કલ્યાણકારક ફળ છે કે અનુશાસિત અજ્ઞ માણસ પણ જ્ઞાનને પ્રકાશિત કરનારી વાણીને પ્રાપ્ત કરે છે.

ઋગ્વેદની આ ઋચા કેટલીક બાબતોને સ્પષ્ટ કરે છે. માર્ગ દર્શાવનાર બધા ગુરુ છે. પણ માર્ગ દર્શાવનાર પોતાના ક્ષેત્રનો જ્ઞાતા હોવો જોઈએ. અર્થાત્ ગુરુ જ્ઞાની તો હોવો જ જોઈએ. શિષ્યે પણ અનુશાસનનું પાલન કરવું જોઈએ. ગુરુની આજ્ઞાનું પાલન પ્રાચીન કાળમાં અનિવાર્ય હતું.

મહાકવિ કાલિદાસે રઘુવંશમાં કહ્યું છે કે આજ્ઞા ગુરુણાં હિ અવિચારણીયા । (રઘુવંશ સર્ગ, ૧૪) એટલે કે ગુરુની આજ્ઞાનો અમલ જ કરાય. એના પર વિચાર કર્યા વિના, જરા પણ સમય બરબાદ કર્યા વિના, એનો અમલ કરાય. એ સમયે ગુરુ એટલા વિશ્વસનીય અને સમર્થ હતા.

*ગુશબ્દસ્ત્વાન્ધકાર : સ્યાત્રુશબ્દસ્તન્નિરોધકઃ।*
*અન્ધકારનિરોધત્વાદ ગુરુરિત્યભિધીયતે ॥*

(દ્વયોપનિષદ, ૪)

'ગુ' શબ્દનો અર્થ છે. અંધકાર, 'રુ' શબ્દનો અર્થ છે એને દૂર કરનાર. અંધકારને દૂર કરે છે માટે ગુરુ કહેવાય છે.

અંધકાર અનેક પ્રકારનો હોય છે. અજ્ઞાનનો અંધકાર, અભિમાનનો અંધકાર, સંકુચિત વિચારનો અંધકાર, સમજણના અભાવનો અંધકાર, આત્મવિશ્વાસના અભાવનો અંધકાર વગેરે, ગુરુ અજ્ઞાનના અંધકારને દૂર કરે, સંકુચિત વિચારો, જેમાંથી સ્વાર્થ જન્મે, પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ ન જન્મે.

એજ રીતે ધર્મગુરુ, કુલગુરુ, દીક્ષા ગુરુઓ ઈત્યાદિ ગુરુઓની પરંપરા પણ જોવા મળે છે. અને આ વ્યવસ્થાનાં મૂળિયાં બહું ઊંડાં છે. ઉપનિષદ કાળથી આપણા આ દેશમાં ગુરુકુળપદ્ધતિ ચાલી આવે છે. અને અનેક મહાન ગુરુઓ આ પરંપરામાં થયા છે. મહર્ષિ વસિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્કય, અગસ્ત્યથી માંડીને આચાર્ય ચાણક્ય જેવા અનેક સમર્થગુરુઓના નામ આપી શકાય. મોટે ભાગે વેદાધ્યયનની પરંપરામાં ગુરુઓનું યોગદાન અમૂલ્ય રહ્યું છે.

આશ્રમોમાં જીવનનું અને અધ્યાપનનું શિક્ષણ આપતા ગુરુજનો એમનું સંપૂર્ણજીવન અધ્યયન, અધ્યાપન અને સંશોધનમાં જ વિતાવી દેતા. કોઈ અપેક્ષા વિના, યોગ્ય શિષ્યને જ વિદ્યા આપવાનું એમનું ધ્યેય હતું. શિક્ષણ સંપૂર્ણ સ્વાયત્ત અને સ્વતંત્ર હતું. યોગ્ય શિષ્ય પસંદ કરવા એ ગુરુની સ્વાયત્તતા અને જવાબદારી રહેતી. મહાકવિ કાલિદાસે માલવિકાગ્નિમિત્રમાં લખ્યું છે.

*વિનેતુરદ્રવ્યપરિગ્રહોઽપિ બુદ્ધિલાઘવં પ્રકાશયતિ।*

(માલવિકાગ્નિમિત્ર, અંક ૧, શ્લોક ૧૬ પછી)

જો ગુરુ અયોગ્ય શિષ્યને પસંદ કરે તો એમાં પણ ગુરુની બુદ્ધિહીનતા પ્રગટ થાય છે.

શ્રેષ્ઠગુરુઓની પરંપરાને લીધે ગુરુઓ આદર્શ અને પૂજનીય બન્યા હતા.

*ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિ પૂજામૂલં ગુરોઃ પદમ્।*
*મન્ત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા॥*

(સ્કન્દપુરાણ, ગુરુગીતા)

ધ્યાનનું આદિ કારણ ગુરુમૂર્તિ છે. ગુરુનાં ચરણ પૂજાનું સ્થાન છે. ગુરુનું વાક્ય બધા મન્ત્રોનું મૂળ છે. ગુરુની કૃપા એજ મુક્તિનું કારણ છે.

પ્રાચીન ગુરુઓનો ઉદેશ 'સા વિદ્યા યા વિમુક્તયે' હતો. દુ:ખમાંથી મુક્તિ, દારિદ્રયમાંથી મુક્તિ, અધર્મમાંથી મુક્તિ, અનૈતિકતામાંથી મુક્તિ જેવા વિશાળ ધ્યેય સાથે શિક્ષણ અપાતું હતું.

શિક્ષક, માસ્તર, ટ્યૂશનનો વ્યવસાય કરવાવાળા, આ બધા માટે ગુરુ શબ્દ પ્રયોજાય ખરો? વ્યક્તિગત યોગ્યતા જોયા પછી જ વર્તમાન સમયમાં કોઈને માટે ગુરુ શબ્દ પ્રયોજવો જોઈએ.

અજ્ઞાનમાંથી સંપૂર્ણ મુક્તિ અપાવીને સંસારસાગરને પાર કરાવે, આત્માને ઓળખવાની દ્રષ્ટિ આપે, એવા કષ્ટનિવારક ગુરુઓની પરંપરા આપણી પાસે વેદકાળથી હતી.

આપણને એવા સમર્થ ગુરુ મળે, અને શિક્ષણ માત્ર માહિતીના ખડકલા કરનારું ન બનતા, જીવનલક્ષી બને, જીવનનો સાચો અર્થ સમજાવી શકે એ કક્ષાએ પહોચે, વ્યસની અને કામચોર શિક્ષકો જોવા ન મળે, શિક્ષણ ભ્રષ્ટાચારથી મુક્ત બને, સમાજમાં શિક્ષકો પૂર્વવત ગોરવાંકિત બને તો એને પણ આપણે સદ્ગુરુની કૃપા જ સમજશું.

❑❑❑

૯૨, સુદર્શન, શ્રીજી નગર,
એન.આર.આઈ. સોસાયટી,
ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧
મો. ૦૯૪૨૬૨૩૮૭૨૭

## ❀ અમરતવાણી

❖ એક નેવું વર્ષના વૃદ્ધ તત્ત્વચિંતકને કોઈએ પૂછ્યું : 'કેમ છે તમારી તબિયત?'

તત્ત્વચિંતક કહે : 'હું તો સારો છું, સ્વસ્થ છું, તંદુરસ્ત છું. પણ હાલ જે ઘરમાં હું રહું છું તે પડું પડું થઈ રહ્યું છે. એના પાયા ડગમગી રહ્યા છે. કાળ અને હવામાનની થપાટે એને હચમચાવી નાખ્યા છે. એનું છાપરું તૂટીફૂટી ગયું છે. એની દીવાલો બિસ્માર હાલતમાં છે, પવનના ઝપાટામાં એ હાલંડોલં થાય છે. એ જૂનું ઘર (શરીર) હવે જરાય રહેવા લાયક રહ્યું નથી. કદાચ મારે હવે એ તરતમાં જ બદલવું પડશે. પણ હું... હું તદ્દન સારો છું, સ્વસ્થ છું, તંદુરસ્ત છું.'

❖ એક જર્મન વિચારક શ્રી રમણ મહર્ષિ પાસે આવ્યા અને કહે : 'હું બહુ દૂરથી આપની પાસે કંઈક શીખવા આવ્યો છું.' મહર્ષિ કહે : 'તો તો તમે ખોટી જગ્યાએ આવ્યા છો! હું તો શીખેલું ભૂલાવી દેવાનું કામ કરું છું!'

# ગુરુપાદપંકજ કૃપા

ડૉ. જિતેન્દ્ર શાહ

*લેખક પરિચય : ડૉ. જિતેન્દ્રભાઈ શાહ જૈન જગતમાં જાણીતું નામ છે. તેઓ અમદાવાદ સ્થિત એલ.ડી. ઈન્ડોલોજીના ડાયરેક્ટર છે. જૈન સાહિત્યમાં સંશોધન ક્ષેત્રે સંદર્ભે તેમણે નોંધપાત્ર કાર્ય કરેલ છે. સંશોધનનું મહત્વનું સમાયિક 'સંબોધી'ના સંપાદક છે. તેમના સંનિષ્ઠ માર્ગદર્શન હેઠળ અનેક સંશોધકો તૈયાર થઈ રહ્યાં છે. અનેક મહત્વનાં જૈન પુસ્તકોનું સંપાદન અને લેખન કાર્ય તેમણે કર્યું છે. અધ્યયનપૂર્ણ પરિસંવાદોનું આયોજન નિરંતર કરી અભ્યાસુઓને તૈયાર કરે છે.*

सूतेऽनम्बुधरोऽपि चन्द्रकिरणैरम्भांसि चन्द्रोपल-
स्तद्रूपं पिचुमन्दवृन्दमपि च स्याच्चान्दनैः सौरभैः।
स्पर्शात् सिद्धरसस्य किं भवति नो लोहं च लोहोत्तमम्।
प्राप्य श्रीगुरुपादपङ्कजकृपां मूर्खोऽपि सूरिर्भवेत् ।।

वैराग्यकल्पलता - 279

જલરહિત ચંદ્રકાન્તમણિ ચંદ્રકિરણોના સંપર્કથી પાણીને જન્મ આપે છે. ચંદન વૃક્ષોની સૌરભથી લીમડાનો સમૂહ પણ સુવાસિત બની જાય છે. અને સિદ્ધરસના સ્પર્શથી લોખંડ પણ સુવર્ણ નથી બની જતું ? તેવી જ રીતે શ્રીગુરુના પગરૂપી કમળોની કૃપા પામી મૂર્ખ પણ પંડિત બની જાય છે.

ભારતીય પરંપરામાં ગુરુનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ગુરુ માર્ગદર્શક છે. ગુરુ ધર્મદાતા છે. ગુરુકૃપાથી અવર્ણનીય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ગુરુકૃપાથી સામાન્યમાંથી અસામાન્ય બનેલા મહાત્માઓનાં અનેક દૃષ્ટાંતો ઇતિહાસના પાને અંકિત થયેલાં છે. આગમથી શરૂ કરીને આધુનિક યુગમાં રચાયેલા ગ્રંથોમાં ગુરુનો મહિમા ગવાયો છે. ગુરુ જડને વિદ્વાન બનાવે છે. કુટિલ જીવને સરળ બનાવી દે છે. જેવી રીતે ચંદ્રના કિરણો પૃથ્વી તલને ધવલિત કરે છે અને કુમુદવનને શીઘ્ર વિકસિત કરે છે તેવી જ રીતે ગુરુનો જ્ઞાનપ્રકાશ અજ્ઞાનનો અંધકાર અને હૃદયમાં પડેલી વક્રતાનો વિનાશ કરે છે. હૃદયને વિકસિત કરી દે છે. સંસારમાં રહેલા અજ્ઞાની, મહામોહથી ગ્રસ્ત જીવો મોટાભાગે નિષ્ફળ કે વિપરીત પરિણામવાળી પ્રવૃત્તિ જ કરે છે, તેને સફળ બનાવવાની કળા સદ્‌ગુરુમાં હોય છે. ગુરુ એ સદ્‌જ્ઞાનરૂપી કિરણવાળા સૂર્ય સમાન છે, તે અંધકારનો વિનાશ કરે છે. તેમના જ્ઞાનપ્રકાશને કુંભકુટિરપ્રભાતન્યાયે વર્ણવ્યો છે. કુંભ આકારની કુટિરમાં પ્રભાતનાં કોમળ કિરણો અંધકારને દૂર કરવામાં સમર્થ નથી હોતા પરંતુ સૂર્યનાં તેજસ્વી કિરણો જ કુટિરના અંધારાને નષ્ટ કરવામાં સમર્થ બને છે તેવી રીતે હૃદયમાં પડેલા મહામોહના અંધારાને દૂર કરી શકે છે. આ અંગે ઉપાધ્યાય યશોવિજયજી મ.સા.એ વૈરાગ્યકલ્પલતામાં બહુ સુંદર વાત કહી છે. તેઓ જણાવે છે કે અજ્ઞાનયુક્ત જીવોનો વિનિપાત કરવામાં કારણભૂત અને દેખાય નહીં તેવા ગુપ્ત-મોહ નામના વિપત્તિઓથી ભરેલા અંધારા કૂવામાં પડતા જીવોને હાથ પકડીને અટકાવે છે અને સદ્‌ગુરુ સન્માર્ગે લઈ જાય તેવા કલ્યાણમિત્ર સ્વરૂપ હોય છે. ગુરુ જ સાધકના સાચા કલ્યાણમિત્ર છે. પરમ કરુણામય હોય છે. તેઓ જ બાહ્ય અને આભ્યંતર વિકાસમાં નિમિત્ત બને છે. આવી અદ્‌ભૂત ગુરુકૃપા જેને જેને પ્રાપ્ત થઈ છે તે તરી ગયા છે.

જેનું મન ગુરુ ચરણરૂપી કમળમાં લીન નથી બન્યું તેને બધું જ મળ્યું હોય તો પણ તેનો કશો જ અર્થ નથી. શંકરાચાર્ય જણાવે છે કે શરીર સ્વરૂપવાન હોય. પત્ની પણ રૂપવતી હોય, સત્કીર્તિ ચારેય દિશાઓમાં વ્યાપેલી હોય, મેરુપર્વત જેટલું અપાર ધન હોય, પરંતુ મન જો ગુરુના ચરણકમળમાં લીન ન હોય તો આવી બધી ઉપલબ્ધિઓનો શો અર્થ ? વળી કહ્યું છે કે જેનું મન ભોગ, યોગ, અશ્વ, રાજ્ય, ધનોપભોગ અને સ્ત્રીસુખથી ક્યારેય વિચલિત ન થયું હોય પરંતુ તન ગુરુચરણો પ્રતિ આસક્ત ન થયું હોય તો મનની આવી બધી અટલતાઓથી શો લાભ ? મન ગુરુચરણોમાં લીન બન્યું હોય તો જ અન્ય સર્વ ઉપલબ્ધિઓથી લાભ પ્રાપ્ત થાય છે. બાકી બધું નિરર્થક છે. શાસ્ત્રમાં ગુરુનો આવો મહિમા વર્ણવવામાં આવ્યો છે. તેના કારણે ભક્તો ગુરુચરણે સમર્પિત થઈ સાધના કરે છે.

ગુરુ શબ્દ જ સ્વયં એટલો મહાન છે કે તેની આગળ કોઈપણ ઉપસર્ગ કે વિશેષણ લગાડવાની જરૂર નથી. પરંતુ સંસારમાં જાતજાતના લોકો હોય છે. તેઓ પોતાની જાતને ગુરુ તરીકે સ્થાપિત કરી પોતાના સ્વાર્થને સાધતા હોય છે. આવા ગુરુઓનો પણ તોટો નથી એટલે જ શાસ્ત્રમાં ગુરુના બે ભેદ પાડવામાં આવ્યા છે. (૧) સુગુરુ (૨) કુગુરુ.

સદ્‌ગુરુનાં લક્ષણો ''આત્મસિદ્ધિ''માં શ્રીમદ્ રાજચંદ્રજીએ એક પદમાં વર્ણવ્યાં છે.

*આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ*
*અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. 10*

અર્થાત્ જે આત્મજ્ઞાની છે, સમભાવમાં સ્થિત છે. રાગદ્વેષ વગર માત્ર કર્મોદયને આધીન થઈને વિચરણ કરે, તેની વાણી અપૂર્વ હોય, ઉત્તમશ્રુતના જ્ઞાતા હોય - આ પાંચેય લક્ષણો જેનામાં હોય તે સદ્‌ગુરુ છે તે સિવાયના બાકીના અસદ્‌ગુરુ છે. કુગુરુનાં લક્ષણો વર્ણવતાં ઉપા. યશોવિજયજી મ.સા. જણાવે છે કે જે વ્યાસનોના પાશમાં ફસાયેલા છે, જેનામા જ્ઞાન, દર્શન ચારિત્રના ઉચ્ચ ગુણોનો અભાવ હોવા છતાં કુલાચાર કરાવે છે તે કુગુરુ છે. આવા ગુરુઓ તો છડેચોક ભાવિક જનને લૂંટી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ આવા ગુરુઓ તો તદ્દન નિર્ગુણી છે અને સ્વયં તર્યા નથી તો બીજાઓને કેવી રીતે તારશે ? શ્રીમદ્‌જીએ આ જ વાતને ''આત્મસિદ્ધિ''માં જણાવી છે કે

*અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,*
*મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી. 21*

અર્થાત્ અસદ્‌ગુરુ ભાવિક જીવોના વિનયનો લાભ લે એટલે કે ભક્તની ભાવનાઓનો દુરુપયોગ કરે તો મહામોહનીય કર્મ બાંધે છે અને તે પોતે ભવજલધિમાં ડૂબે છે. તે બીજાઓને કેવી રીતે તારી શકે ? અસદ્‌ગુરુઓને જોઈને ઉપાધ્યાય યશોવિજયજી મ.સા. અત્યંત વ્યથિત થઈ જાય છે અને ભારે હૈયે સિમંધર સ્વામીને વિનંતિ કરે છે કે

*કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે,*
*દોકડે કુગુરુને દાખવે, શું થયું એ જગ શૂલ રે /1-5/*

કામકુંભાદિક વગેરે પદાર્થોથી પણ અધિક મૂલ્યવાળો આ ધર્મ છે તેવા અમૂલ્ય ધર્મને કુગુરુઓ ધનથી પૈસાથી મૂલવે છે. હે પ્રભુ ! આ બધું હૈયામાં શૂલની જેમ ખટકે છે. આ જગતને શું થયું છે ?

કુગુરુઓને ઉપાધ્યાય યશોવિજયજીએ પરમપદના સાક્ષાત્ ચોર કહ્યા છે. સંઘ, સમુદાય, શાસન અને પરિવારમાં ક્લેશ ઉત્પન્ન કરનારને ગુરુ પદે કેવી રીતે સ્થાપી શકાય ? કદાગ્રહ અને હઠાગ્રહ તો ધર્મ-સાધનાને જ મલીન કરી દેનાર પરમ દૂષણ છે. આવા દૂષણોથી યુક્ત હોય તે તો ધર્મની કેડી ઉપર પા પા પગલી પણ માંડી શકતો નથી. જ્યારે કેટલાક કદાગ્રહી અને હઠાગ્રહી ગુરુઓ ઢોલ વગાડીને પોતાની વાતને મોટે મોટે અવાજે સ્થાપિત કરવાની ચેષ્ટા કરે છે. આવા કુગુરુઓ તો જિનવચનની વિપરીત પ્રરૂપણા કરીને પોતપોતાના મતની જ સ્થાપના કરતા હોય છે અને તેને શાસ્ત્રોક્ત, જિનવચન અનુરૂપ દર્શાવી ભોળા ભક્તજનોને કુમાર્ગે ચાલવા માટે પ્રેરિત કરે છે. આજે તો જાણે આવા કુગુરુઓએ ધર્મનો વેપાર માંડ્યો હોય તેવું જોવા મળે છે, પણ સાધકે તો આવા કુગુરુઓથી બચીને સદ્‌ગુરુની ખોજ કરવી જોઈએ અને સત્યધર્મનો જ આશ્રય લેવો જોઈએ.

સદ્‌ગુરુ અહીં જણાવેલ તમામ દોષો, દૂષણોથી મુક્ત હોય છે. અત્યંત પ્રશાંત સ્વભાવના હોય છે. ગમે તેવા ઉપસર્ગો કે પરિષહો આવી પડે પણ સમતાભાવ ત્યાગતા નથી તેમ જ તેમનો આશય પણ ગંભીર હોય છે. સદ્‌ગુરુ છીછરા સ્વભાવના હોતા નથી, સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજે પણ સદ્‌ગુરુનાં લક્ષણો જણાવતાં કહ્યું છે કે જે સ્વભાવે પ્રશાંત હોય, અને જેમનો આશય ગંભીર હોય, તેમ જ તમામ પ્રકારના સાવધયોગોથી રહિત હોય, પંચવિધ આચારપાલનમાં પ્રવીણ હોય, પરોપકાર પરાયણ અને સતત જ્ઞાન તેમજ ધ્યાનની આરાધનામાં હંમેશા લીન રહેતા હોય તથા જે પરમ શુદ્ધ આશયમાં લીન હોય તે સદ્‌ગુરુ કહેવાય. આવા સદ્‌ગુરુ જીવનને દિવ્ય બનાવવા સમર્થ હોય છે. આવા જ ગુરુઓ સૂર્યસમાન, સિદ્ધરસસમાન, ચંદ્રકિરણો જેવા હોય છે. તેઓ શિષ્યને એક ઉત્તમ માર્ગે ચડાવી તેના આત્માનું કલ્યાણ કરવાની સતત વિચારણા કરતા હોય છે. તેથી તેમને કલ્યાણમિત્ર પણ કહ્યા છે. આવા સદ્‌ગુરુના શરણે જનારનું કલ્યાણ થાય છે. ❑❑❑

એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯.
ફોન : (ઑ) ૨૬૩૦૭૫૬૬, (રે.) ૨૭૪૯૪૫૬

## ❀ અમરતવાણી

એક વાર બાઉલ પાસે જિજ્ઞાસુ સાધક આવ્યો. કહે : 'મને થોડું સત્ય આપો.' બાઉલ કહે : 'અરે ભાઈ ! જો લેવું હોય તો પૂરું સત્ય લે, થોડુંક સત્ય તું બરદાસ્ત નહીં કરી શકે.' 'એ કેવી રીતે ?' આંગતુકે ખુલાસો માગ્યો એટલે બાઉલે તેના માથા પર બે-ત્રણ મણ વજનના પાણી ભરેલા બે હાંડા મૂક્યા. પેલાથી વજન સહન થયું નહીં, એટલે બાઉલે તે હાંડા ઉતારી લીધા અને કહે 'ચાલો મારી સાથે નદીએ.' ત્યાં તેણે પેલાને પાણીમાં ડૂબકી મરાવી પછી કહે : 'અહીં પેલા બે હાંડા કરતાય વધારે પાણી માથા પર હતું. છતાં તેનો ભાર ન લાગ્યો. કારણ કે પૂર્ણ સત્યનો ભાર નથી હોતો, પણ તેને અલગ થોડાક સત્યરૂપે લેવામાં આવે છે ત્યારે ભાર લાગે છે.'

# યોગગ્રંથોમાં ગુરુનું મહાત્મ્ય

ડૉ. રશ્મિ ભેદા

*લેખક પરિચય : ડૉ. રશ્મિબેન ભેદા જૈન સાહિત્યના અભ્યાસી છે. તેમણે જૈન યોગ જેવા ગહન વિષય પર સંશોધન કરી પીએચ.ડી.ની ઉપાધિ હાંસલ કરી છે. તેમનો શોધ નિબંધ 'મોક્ષ પ્રાપ્તિનો માર્ગ યોગ' નામે પ્રકાશિત થયેલ છે. તદુપરાંત 'અમૃત યોગનું : પ્રાપ્તિ મોક્ષની', 'ઊગ્યો મુક્તિનો અરુણોદય' જેવા પુસ્તકો તેમણે આપ્યા છે. મુંબઈ યુનિવર્સિટી દ્વારા ચાલતા જૈનોલોજીના વર્ગોમાં તેઓ જૈન તત્વજ્ઞાનનો અભ્યાસ કરાવે છે.*

શુદ્ધ સામાચારોરૂપ ગુર્વાજ્ઞાથી સકલકર્મક્ષયરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. અત્યંત ગહન સંસારરૂપ અટવીમાં મોક્ષમાર્ગને અનુસરનારા ભવ્ય જીવો માટે મોક્ષમાર્ગના ઉપદેશક ગુરુ જ શરણરૂપ છે; અન્ય કોઈ નહીં. ત્રણે કાળમાં ગુરુ શરણ છે. જેમ વૈદ્ય જ્વરથી ઘેરાયેલા લોકોને ઔષધ આપીને એમનું દ્રવ્ય સ્વાસ્થ્ય કરે છે, તેમ ગુરુ ભવરૂપ તાવથી ઘેરાયેલા જીવોને રત્નત્રયીરૂપ ઔષધ આપીને તેમનો ભાવસ્વાસ્થ્ય કરે છે. ગુરુ ભાવ આરોગ્ય કરનારા હોવાથી પરમ વૈદ્ય છે. જેમ દીપક પોતાના પ્રકાશશક્તિરૂપ ગુણના યોગથી પોતાને અને બીજાઓને પ્રકાશિત કરે છે, તેમ ગુરુ પણ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીના યોગથી મોહરૂપ અંધકારને દર્શન થાય છે. આમ આ સંસારના ચક્રમાં ફરતા જીવો માટે ગુરુ ભાવદીપક છે. ઉત્તમ ગુરુ કેવા હોય એ સમજાવતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'ગુરુતત્ત્વવિનિશ્ચય'માં કહે છે, 'જે સાધુના શુદ્ધ આચારને જાણે છે, પ્રરૂપે છે અને સ્વયં તેનું પાલન કરે છે તેને જ ગુરુના ગુણથી યુક્ત હોઈ ગુરુ જાણવો.'

આવા ગુરુનું મહાત્મ્ય આપણને કેવળ જૈન ધર્મમાં જ નહીં પણ અન્ય ધર્મોમાં પણ જાણવા મળે છે. ઘણા આચાર્યોએ, જ્ઞાની પુરુષોએ ગુરુના મહાત્મ્ય વિષે લખ્યું છે. અહીં યોગગ્રંથોમાં ગુરુનું મહાત્મ્ય કેવી રીતે વર્ણવેલું છે એ જોઈએ.

આત્માના શુદ્ધ સ્વભાવમય મોક્ષનો યોગ પ્રાપ્ત કરાવે તેનું નામ જ યોગ છે. યોગ શબ્દ 'યુજ'ધાતુ પરથી આવ્યો છે. સંસ્કૃતમાં 'યુજ' ધાતુના બે અર્થ થાય છે. એકનો અર્થ છે યોજવું, જોડવું; બીજો અર્થ છે - સમાધિ, મનઃસ્થિરતા. ભારતીય યોગસાહિત્યમાં 'યોગ' શબ્દ બંને અર્થમાં પ્રયોજેલા છે. જ્ઞાનીઓએ જૈન યોગ સાહિત્યમાં 'સંયોજન કરવું' એમ અર્થ લીધો છે. 'मोक्षेण योजनाद् योगः' એમ તેની વ્યાખ્યા છે. જૈન દર્શન નિર્દિષ્ટ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર આ રત્નત્રયી એ મહાયોગ છે, એની સાધના કરીને અનંત જીવાત્માઓએ મોક્ષપ્રાપ્તિ કરી છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ જેમનું જૈન યોગ સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું સ્થાન છે, એમના યોગ ઉપર ચાર ગ્રંથો છે - યોગબિંદુ, યોગદ્રષ્ટિસમુચ્ચય, યોગશતક અને યોગવિંશિકા. 'યોગબિંદુ' આ ગ્રંથમાં યોગની વ્યાખ્યા કરતા તેઓ કહે છે - જે મોક્ષ સાથે જોડી આપે તે યોગ કહેવાય છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંચય આ એના પાંચ અંગો છે. આ યોગનાં પ્રાપ્તિ કરવા માટે 'પૂર્વસેવા' એ જ પૂર્વભૂમિકારૂપ છે. પૂર્વસેવાના યોગે આત્મા યોગરૂપ મહાપ્રાસાદ પર ચઢી શકે છે. ગુરુસેવા, દેવપૂજા, સદાચાર, તપ તથા મુક્તિ પર અદ્વેષ - તેને પૂર્વસેવા કહી છે. અહીં ગુરુનું મહાત્મ્ય બતાવતા સૌથી પ્રથમ પૂર્વસેવા 'ગુરુસેવા'ને કહ્યું છે. આ પૂર્વસેવા કેવા પ્રકારની હોય - જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપ તથા ક્રિયામાં અપ્રમાદી હોવા છતાં સર્વ જીવોને મોક્ષમાર્ગ બતાવનારા જે હોય તેને ગુરુ જાણવા. તેવા પૂજ્ય ગુરુઓનો શ્રદ્ધાપૂર્વક વિનય, ભક્તિ, આદર કરવો તે ગુરુસેવા કહી છે. ધર્મમાં એટલે મોક્ષમાર્ગમાં ગમન કરવા માટે ઉપયોગી ક્ષમા, આર્જવ, માર્દવ, અપરિગ્રહ, તપ, સંયમ, શુદ્ધતા, બ્રહ્મચર્ય, આકિંચન્ય વિગેરે સાધુ તથા શ્રાવક ધર્મનો ઉપદેશ આપનારા સેવા પૂજ્ય ગુરુવર્ગ જેઓ આદર, બહુમાન કરવા યોગ્ય છે તે સર્વ પૂજ્યોનાં સેવા, ભક્તિ, બહુમાન કરવા, ત્રણે કાળ એમને નમસ્કાર કરવા. તેઓની પાસે જવાનો અવસર ન હોય તેવા વખતે ચિત્તમાં તેમનું નામ સ્મરણ કરીને ગુણોત્કીર્તન કરવું, તે પૂજ્ય ગુરુને આવતા દેખીને ઉભા થઈ સામા જવું, યોગ્ય આસન પર બેસાડવા, એમનો વિનય, વૈયાવૃત્ય કરવો, તેમને ઉત્તમ પ્રકારના વસ્ત્રો, અન્ન, પાત્ર સમર્પણ કરવા, તે પૂજ્યોને જેથી અનિષ્ટ થતું હોય તેનો ત્યાગ કરવો અને જેમાં તેમનું હિત થતું હોય, તેઓને જે પ્રિય હોય તેવા કાર્યોમાં પ્રવૃત્તિ કરવી. આવી રીતે યોગબિંદુ ગ્રંથમાં ૧૧૦-૧૧૫ આમ ૬ શ્લોકમાં ગુરુસેવા કઈ રીતે કરવી એ બતાવ્યું છે.



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિનો બીજો અત્યંત મહત્ત્વનો યોગગ્રંથ છે - યોગદ્રષ્ટિસમુચ્ચય, જેમાં યોગમાર્ગનો સાધના દ્વારા આત્મસાધનાની, જીવના આધ્યાત્મિક વિકાસની યાત્રા આઠ યોગદ્રષ્ટિઓના માધ્યમથી બતાવી છે. પહેલાં ચાર દ્રષ્ટિ સુધી જીવ ક્રમે ક્રમે વિકાસ સાધતો જઈ પાંચમી દ્રષ્ટિથી મોક્ષાભિમુખ દ્રષ્ટિમાં પહોંચે છે. ઉત્તરોત્તર વધુ વિકાસ સાધતો આઠમી દ્રષ્ટિમાં સંપૂર્ણ વિકાસ સાધે છે. પ્રથમ મિત્રાદ્રષ્ટિમાં આવેલો જીવ મોક્ષના અવન્ધ્ય કારણ એવા યોગબીજોને પ્રાપ્ત કરે છે. અવન્ધ્ય એટલે અમોઘ. સફળ બને એવા આ યોગબીજો મોક્ષને આપનાર છે. જેમ બીજને જમીનમાં વાવ્યા પછી તેને ખાતર, પાણી આપતા વૃક્ષ બને છે અને કાળાન્તરે તેમાંથી અવશ્ય ફળની પ્રાપ્તિ થાય છે તેમ મિત્રાદ્રષ્ટિમાં આવેલો જીવ યોગના બીજ પ્રાપ્ત કરે છે, અહીંથી એની આધ્યાત્મિક વિકાસયાત્રાની શરૂઆત થાય છે. આ યોગબીજો પરંપરાએ મોક્ષનું કારણ છે. આ યોગબીજોમાં પ્રથમ યોગબીજ છે. જીનેશ્વર પરમાત્માની ઉપાસના, જ્યારે બીજુ યોગબીજ છે - ભાવ આચાર્યાદિનું વૈયાવચ્ચ. અહીં આચાર્યશ્રી ગુરુનું મહત્ત્વ બતાવતા કહે છે, પંચમહાવ્રતધારી, સંસારના સર્વથા ત્યાગી એવા આચાર્યાદિને વિષે ઉપાદેયબુદ્ધિ જે ત્રણ વિશેષણપૂર્વક - માનસિક કુશલચિત્ર, વાચિક નમસ્કાર અને કાયિક સંશુદ્ધ એવા પ્રણામ આદિ ત્રણ પ્રકારના કાર્યો એ બીજા નંબરનું યોગબીજ છે. ધર્મના સ્થાપક દેવ તરીકે જેમ અરિહંત પરમાત્માનું સ્થાન છે તેવી જ રીતે ધર્મનું પ્રસારણ કરનારા ગુરુ તરીકે એટલે ધર્મગુરુ તરીકેનું સ્થાન આચાર્ય આદિ મુનિ ભગવંતોનું છે. વીતરાગની આજ્ઞા અનુસાર ચાલનારા, જ્ઞાનાદિ રત્નત્રયીના આરાધક, સાંસારિક ભોગસુખોના ત્યાગી, નિઃસ્પૃહ, મહાવ્રત - પંચાચાર - પંચસમિતિ આદિના પાલનહાર એવા આચાર્યાદિથી મુનિપદ સુધીના મહાત્માઓ પ્રત્યે કુશલચિત્ત પ્રાપ્ત થાય તો તે યોગબીજ જ છે. કારણ પરમાત્મા તો સિદ્ધપદે બિરાજમાન છે એટલે વર્તમાનકાળે હિતમાં જોડનાર, પ્રેરણા આપનાર, સારણા - વારણા - ચોયણા અને પડિચોયણા આદિ કરનાર ગુરુ જ છે. માટે તેઓ પ્રત્યે ઉપાદેય બુદ્ધિ અર્થાત્ એમના પ્રત્યે બહુમાન, ભક્તિભાવ, પૂજ્યભાવ રાખવો, ભાવપૂર્વક તેમના ગુણો ગાવા, કાયાથી શુદ્ધ પ્રણામ આદિ કરવા, વિનય, ભક્તિ-સેવા કરવી એ યોગબીજ જ છે. ભાવયોગી અર્થાત્ ભાવથી (અંતરાત્મ પરિણામથી) જેમનામાં યોગદશા પ્રગટી છે, આચાર્યાદિ પદના બાહ્ય અને અભ્યંતર ગુણો જેમનામાં પ્રગટ્યા છે એવા યોગદશા પ્રાપ્ત થયેલા, પરમાર્થપદના સાધક એવા આચાર્યાદિથી મુનિપદ સુધીના મહાત્માઓ આત્મહિત કરનાર છે. યથાર્થ માર્ગે ચડાવનાર છે, ચડેલાને સ્થિર કરનાર છે અને આગળ વધારનાર છે. એવા મહાત્માઓ પ્રત્યે પૂજ્યભાવ, ઉપાદેય બુદ્ધિ એ યોગબીજ જ છે અર્થાત્ પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે.

યોગશતક :- આચાર્ય હરિભદ્રસૂરિનો યોગ વિષેનો જ ગ્રંથ છે જેમાં ગુરુમહાત્મ્ય બતાવેલું છે. આ ગ્રંથમાં યોગનું સ્વરૂપ, યોગના અધિકારો, અધિકારોનું લક્ષણ, તેને યોગ્ય ઉપદેશ અને યોગનું ફળ એ પાંચે બાબતો સ્પષ્ટ કરવામાં આવી છે. આ ગ્રંથમાં યોગના બે ભેદ - નિશ્ચય અને વ્યવહાર બતાવી એમનું સ્વરૂપ બતાવ્યું છે. મોક્ષ સાથે જોડી આપનાર રત્નત્રયી એટલે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર છે તે નિશ્ચય દ્રષ્ટિએ યોગ છે અને એના કારણભૂત જે ગુરુવિનય - વૈયાવચ્ચ, ગુરુવંદનાદિ ધર્માનુષ્ઠાનો છે તેની સાથે આત્માનો જે સંબંધ છે તે વ્યવહારનયથી યોગ કહેવાય છે. આ વ્યવહારનયના યોગને જ સ્વરૂપથી સમજાવે છે. અર્થાત્ ગુરુનો વિનય-સેવા, વૈયાવચ્ચ, ભક્તિ આદિ કરવી, વિધિપૂર્વક એમની પાસે ધર્મશાસ્ત્રો સાંભળવા તે વ્યવહારનયથી યોગ છે. આ ગુરુવિનય, શુશ્રુષા ઈત્યાદિ વ્યવહાર યોગના વારંવાર આસેવનથી એ સમ્યગ્ જ્ઞાનાદિ પાલન કરવા રૂપ નિશ્ચયયોગ પ્રાપ્તિનું અવન્ધ્ય કારણ બને છે. અહીં આચાર્ય યોગના અધિકારીનું સ્વરૂપ સમજાવે છે. શાસ્ત્રવેત્તા ગુરુ જ યોગાધિકારીને ઓળખીને તેમની ભૂમિકા (અધિકાર) પ્રમાણે ઉપદેશ આપે છે. સાધક એમના અધિકાર પ્રમાણે મળેલા ઉપદેશથી પ્રતિબોધ પામી, હજુ આધ્યાત્મિક વિકાસની આગળની શ્રેણીમાં ચડવા માટે આધ્યાત્મિક ગુરુ અને વિધિના જ્ઞાતા એવા મહાપુરૂષ પાસે વંદનાદિ વિધિપૂર્વક વ્રત ગ્રહણ કરે તો તે વ્રતમાં વિશેષ સ્થિરતા પ્રાપ્ત થાય છે. વ્રતગ્રહણ કરવા પૂર્વે ગુરુને વસ્ત્ર-પાત્ર-ઔષધ અને આહારાદિ વહોરાવી સત્કાર કરે, ગુરુને વંદન કરે.

આગળ આચાર્યશ્રી અંતર્ગત દોષોને લક્ષમાં રાખી આત્મનિરીક્ષણ કરવાનું કહે છે. આત્માને કલુષિત કરનારા રાગ, દ્વેષ અને મોહ એ દોષો છે. આ દોષો આરાધનામાં વધારે બાધક બને છે. એ જાણી, સમજી આરાધક આત્મા એ દોષોનું સ્વરૂપ, પરિણામ વગેરે શાસ્ત્ર અનુસાર ચિંતન કરે, મોહ એટલે અજ્ઞાન દૂર કરવા માટે વસ્તુસ્વરૂપનું ચિંતન (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય) કરે. અહીં આચાર્યશ્રી ગુરુ અને દેવને પ્રણામ કરીને તત્ત્વચિંતન કરવાનું કહે છે. તેમને પ્રણામ કરવાથી તેમના પ્રત્યે પૂજ્યભાવ, બહુમાનભાવ થાય છે.

આવા પ્રકારનો જે હાર્દિક અહોભાવ છે તે આત્માના જ્ઞાનાવરણીય અને મોહનીયાદિ ક્લિષ્ટ કર્મોનો નાશ કરે છે. ગુરુ અને દેવનો સાધક ઉપર આ જ પરમ ઉપકાર છે.

યોગશાસ્ત્ર :- કલિકાલસર્વજ્ઞ તરીકે પ્રસિદ્ધ શ્રી હેમચંદ્રાચાર્યે યોગસાધના માટેનો મહત્ત્વનો ગ્રંથ 'યોગશાસ્ત્ર' લખ્યો છે, જેમાં ૧૨ પ્રકાશ (અધ્યાય) છે. આત્માના ઉર્ધ્વીકરણમાં યોગસાધના અનન્ય આલંબન છે. અહીં હેમચંદ્રાચાર્યે જૈન પરંપરાનુસાર યોગની વ્યાખ્યા કરી છે - યોગ એટલે જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્રરૂપ રત્નત્રયી. યોગનો અધિકારી ગૃહસ્થ પણ થઈ શકે છે. ગૃહસ્થધર્મના પાયા ઉપર જ યોગસાધનાનો ક્રમ સ્થાપિત કરેલો છે.

અહીં એમણે અલગ અલગ સંદર્ભમાં ગુરુ મહાત્મ્ય બતાવેલું છે. તૃતીય પ્રકાશમાં મહાશ્રાવકની દિનચર્યા બતાવતા લખે છે - ઉત્તમ શ્રાવક જિનેશ્વર પરમાત્માની પૂજા, દર્શન કર્યા પછી ધર્માચાર્ય - ગુરુ ભગવંતોને વિધિપૂર્વક, વિનયપૂર્વક વંદન કરે અને ગુરુ પાસે ધર્મદેશના સાંભળે. અહીં આચાર્યશ્રી ગુરુની પ્રતિપત્તિ ભક્તિ કેવી રીતે કરવી એ બે શ્લોકમાં સમજાવે છે. ગુરુને જોતા જ ઊભા થઈ જવું, આવતા સાંભળી સન્મુખ થવું, દૂરથી મસ્તકે હાથ જોડવા, બેસવાને આસન આપવું, ગુરુ બેઠા હોય ત્યાં સુધી પોતે આસન ઉપર ન બેસવું, ભક્તિથી વંદના તથા સેવા કરવી, ગુરુ જતા હોય તો તેમની પાછળ કેટલા પગલા જવું તથા તેમની પાસે ધર્મ સાંભળવો. આ સર્વ ગુરુની પ્રતિપત્તિ ભક્તિ ઉચિત આચરણા કહેવાય. - ગાથા ૧૨૫-૧૨૬. 'યોગશાસ્ત્ર'ના ૧ થી ૧૧ પ્રકાશમાં શ્રી હેમચંદ્રાચાર્યે આગમ આદિ શ્રુતજ્ઞાનથી તથા ગુરુમુખેથી પ્રાપ્ત થયેલું યોગ સંબંધી જ્ઞાન વિસ્તારથી વર્ણવ્યું છે. બારમાં પ્રકાશમાં સ્વ-સંવેદનથી પોતાને અનુભવથી સિદ્ધ થયેલું યોગવિષયક નિર્મળ તત્ત્વનું વર્ણન કરે છે. અહીં આચાર્યશ્રી ગુરુકૃપા, ગુરુસેવાનું મહત્ત્વ સમજાવે છે કે જે યોગીઓએ જન્માન્તરમાં આત્મજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય એમને તો એ સંસ્કાર આ જન્મમાં પણ સાથે આવે છે અને ઉપદેશ વગર આપમેળે જ તત્ત્વ પ્રગટ થાય છે. પણ એવા તો કોઈ વિરલા જ હોય છે. બીજા બધાને તો જેમ ગાઢ અંધકારમાં રહેલા પદાર્થને સૂર્ય પ્રકાશિત કરે છે તેમ અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલ આત્માને આ ભવમાં ગુરુના ચરણની નિર્મળ સેવા કરવાથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

तत्र प्रथमे तत्त्वज्ञाने संवादको गुरुर्भवति।
दर्शयिता त्वपरस्मिन् गुरुमेव सदा भजेतस्मात्।।१२.१५।।

અર્થ: પૂર્વ જન્મમાં પ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્તિમાં ઉપદેશદાતા ગુરુ હોય છે અને બીજા ભવોમાં પણ તત્ત્વજ્ઞાન દેખાડનાર ગુરુ છે. આ કારણથી તત્ત્વજ્ઞાન માટે ગુરુની જ નિત્ય સેવા કરવી.

यद्वत्सहस्त्रकिरणः प्रकाशको निचिततिमिरमग्नस्थ।
तद्वद्गुरुरत्र भवेदज्ञानध्वान्तपतितस्य।।१२.१६।।

અર્થ: જેમ ગાઢ અંધકારમાં પડેલા પદાર્થોનો પ્રકાશક સૂર્ય છે તેમ, અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા જીવોને આ ભવમાં તત્ત્વોપદેશરૂપ સૂર્ય વડે કરી જ્ઞાનમાર્ગ દેખાડનાર ગુરુ છે.

યોગદીપક :- આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી જાતે શૈવ-વૈષ્ણવ માતાપિતાના પુત્ર હતા. એમણે દીક્ષા જૈન ધર્મમાં લીધી અને અલ્પકાળમાં ઘણું વિશાળ સાહિત્યસર્જન કર્યું. યોગ, વ્યાકરણ, કાવ્ય, ફિલસૂફી, ઈતિહાસ, રાસસાહિત્ય વગેરે અનોખું સાહિત્ય એમણે આપ્યું છે. એમાં પણ યોગ ઉપર કરેલું એમનું સર્જન અદ્ભુત છે. એમણે લુપ્ત થતાં જતી યોગસાધનાને પુનઃ પ્રતિષ્ઠિત કરી. 'યોગદીપક' એ એમનું 'યોગ' ઉપરનું મહાન સર્જન છે.

'યોગદીપક' ગ્રંથમાં આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે, યોગના અસંખ્ય ભેદોમાંથી ગમે તે યોગને સંપ્રાપ્ત કરીને મુક્તિ પદ મેળવી શકાય. અને જન્મ, જરા અને મરણના બંધનથી છૂટી શકાય. આના માટે ગુરુગમપૂર્વક યોગના ભેદોનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને સર્વ યોગોમાં મુખ્ય એવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર યોગની આરાધના કરવી. સદ્ધર્મની પ્રાપ્તિ માટે સદ્ગુરુના ચરણે જવાનું કહે છે. આચાર્ય કહે છે, અધિકાર પ્રમાણે શાસ્ત્રોનું ગુરુમુખથી શ્રવણ તથા વાંચન કરવું જોઈએ. પક્ષપાત બુદ્ધિનો ત્યાગ કરીને અનેકાંત દ્રષ્ટિથી શાસ્ત્રોનું શ્રવણ તથા વાંચન કરતા સમ્યક્ શ્રદ્ધાની પ્રાપ્તિ થાય છે. એવી જ રીતે ઉત્તમ ચારિત્ર શ્રી સદ્ગુરુ વિના પ્રાપ્ત થતું નથી. શ્રી સદ્ગુરુ નયોપૂર્વક ચારિત્ર જણાવે છે; માટે સદ્ગુરુની પાસે ચારિત્ર અવબોધી ગુરુની પાસે ચારિત્ર અંગીકાર કરવું.

ચારિત્રનું રહસ્ય જેટલું ચારિત્રધારક મુનિ ગુરુઓ જાણે છે, તેટલું અન્ય જે ચારિત્રહિત એવા પંડિતો જાણી શકતા નથી. ચારિત્રધારક મુનિઓ જ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ચારિત્રનું સ્વરૂપ સમજી શકે છે. ચારિત્ર સ્વરૂપના જ્ઞાનાર્થે તેમ જ તેની પ્રાપ્તિ માટે ચારિત્રધારક સદ્ગુરુ સેવવાની આવશ્યકતા છે. શ્રી સદ્ગુરુ નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસુત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત નયોથી ચારિત્રનું સ્વરૂપ સમજાવે છે. ક્રમવડે વિશુદ્ધ એવું ચારિત્ર ઉત્તરોત્તર નય જણાવે છે. નયોના અધિકાર પ્રમાણે ક્રમવિશુદ્ધ



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

ચારિત્ર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. સમજો કે, ઋજુસુત્ર અને વ્યવહારનય ચારિત્રનું તો આત્મામાં ઠેકાણું ન હોય અને એવંભૂત નયકથિત ચારિત્રપ્રાપ્તિ માટે પ્રથમના નયકથિત ચારિત્ર માર્ગોને ત્યજી દઈએ તો अतो भ्रष्टस्ततोभ्रष्टः થવાનો વખત આવે છે. માટે અધિકાર વિના એક નયકથિત ચારિત્રનું આરાધન કરી અન્ય નયકથિત ચારિત્રનો આલાપ કરવામાં આવે તો તે યોગ્ય નથી. અધિકાર પ્રમાણે ચારિત્રની યોગ્યતા છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપાથી ચારિત્રના પણ ચાર ભેદ પડે છે. નય નિક્ષેપપૂર્વક, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચારિત્રમાર્ગનું સંપૂર્ણ જ્ઞાન કરવું અને અધિકારપ્રમાણે ચારિત્રધારક સદ્‌ગુરુ પાસે જ ચારિત્ર અંગીકાર કરવું જોઈએ. આવી રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર આ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ પર ચાલવા માટે સદ્‌ગુરુનું મહત્ત્વ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી આ ગ્રંથમાં સમજાવે છે.

आत्मसध्दर्मलाभार्थं, सेव्यः सद्गुरुयोगिराट्।
सप्तनयैर्विजानी हि चारित्रं क्रमशुदिदमत्।।६१।।

અર્થ: હે ભવ્યાત્મન, આત્માના સદ્‌ધર્મની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુ યોગીરાજ સેવવા યોગ્ય છે. માટે શ્રી સદ્‌ગુરુ દ્વારા સાત નયોથી જ ક્રમવડે શુદ્ધ એવું ચારિત્ર સ્વરૂપ જાણ.

આવી રીતે જુદા જુદા યોગગ્રંથોમાં ગુરુનું મહાત્મ્ય સમજાવેલું છે. આવા ગુરુનું સ્વરૂપ સમજાવતા શ્રીમદ્‌ રાજચંદ્રજી લખે છે 'જે જિનેશ્વર ભગવાનની ભાખેલી આજ્ઞા જાણે. તેને યથાતથ્ય પાળે, અને બીજાને બોધે, કંચનકામિનિથી સર્વભાવથી ત્યાગી હોય, વિશુદ્ધ આહાર જળ લેતા હોય, બાવીસ પ્રકારના પરિષહ સહન કરતા હોય, શાંત, દાંત, નિરારંભી અને જિતેન્દ્રિય હોય, સિદ્ધાંતિક જ્ઞાનમાં નિમગ્ન હોય, ધર્મ માટે થઈને માત્ર શરીરનો નિર્વાહ કરતા હોય, નિર્ગ્રંથ પંથ પાળતા કાયર ન હોય, સળીમાત્ર પણ અદત્ત લેતા ન હોય, સર્વ પ્રકારના આહાર રાત્રિએ ત્યાગ્યા હોય, સમભાવી હોય અને નીરાગતાથી સત્યોપદેશક હોય.' ગુરૂના આચાર, જ્ઞાન સંબંધે આગમમાં બહુ વિવેકપૂર્વક વર્ણન કર્યું છે.

❑❑❑

૬૦૨, રીવર હેવન,
ગુલમહોર ક્રોસ રોડ નં. ૬, જુહુ,
વિલે પારલા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૯.
મો. ૯૮૬૭૧૮૬૪૪૦

---

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર – ૧૬

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ ઍન્ડ લિટરરી રિચર્સ સેંટર -મુંબઈના ઉપક્રમે પૂજ્ય શ્રી પ્રાણકુંવરબાઈ મહાસતીજીના ૮૬મા જન્મોત્સવ અંતર્ગત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર - ૧૬, શનિ-રવિ, તા. ૨ તથા ૩ સપ્ટેમ્બર-૨૦૧૭ના વલસાડ પ્રાણધામ મુકામે યોજાશે.

માતુશ્રી પુષ્પાબેન ભૂપતરાય બાવીશી હ: યોગેશભાઈ પ્રેરિત જ્ઞાનસત્રના પ્રમુખસ્થાને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ બિરાજશે.

ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનસત્રમાં પ્રસ્તુત થનાર શોધપત્રો - નિબંધોના ગ્રંથોનું વિમોચન ખીમજીભાઈ છાડવા, રેખાબેન બકુલભાઈ ગાંધી તથા પ્રફુલભાઈ છેડાના હસ્તે થશે.

''અધ્યાત્મિ કાવ્યોમાં આત્મચિંતન'' વિષયની બેઠકનું સંચાલન ડૉ. ગુલાબ દેઢિયા તથા ડૉ. અભય દોશી કરશે. ''જૈન કથાનકોમાં સદ્‌બોધનાં સ્પંદનો'' વિષયની બેઠકનું સંચાલન ડૉ. સેજલબેન શાહ તથા ડૉ. નલિનબેન દેસાઈ કરશે.

ડૉ. નિરંજન રાજ્યગુરુ, ડૉ. બળવંત જાની, સુરેશ ગાલા, ડૉ. અંબાદાન રોહાડિયા, ડૉ. માલતીબેન શાહ, ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. કાંતિભાઈ શાહ, ડૉ. પ્રવીણભાઈ શાહ, ડૉ. પૂર્ણિમા મહેતા સહિત પચાસ જેટલા વિદ્વાનો જ્ઞાનસત્રમાં ભાગ લેશે.

# મધ્યકાલીન જૈન સાહિત્યમાં ગુરુમહિમા

ડૉ. અભય દોશી

*લેખક પરિચય : ડૉ. અભય દોશી મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. જૈન અભ્યાસી વિદ્વાનોમાં તેમનું નામ માનભેર લેવાય છે. તેમણે ચોવીસી સ્વરૂપ અને સાહિત્ય પર શોધ નિબંધ લખી પીએચ.ડી.ની ઉપાધી હાંસલ કરી છે. તેઓ સ્વયમ પણ પીએચ.ડી.ના માર્ગદર્શક છે. તેમની પાસેથી જૈન સાહિત્યના સંશોધન-સંપાદનના છ જેટલા પુસ્તકો પ્રાપ્ત થયા છે.*

જૈન ધર્મમાં દેવતત્ત્વ પછી ગુરુતત્ત્વનો મહિમા સ્વીકારવામાં આવ્યો છે. જે દેવની ઓળખાણ કરાવે તે ગુરુ, જે દેવત્વની પ્રાપ્તિનો સાધનામાર્ગ દર્શાવે તે ગુરુ, જે પરમની સાથે પ્રીતિ જોડી આપે તે સદ્ગુરુ, અજ્ઞાનના અંધકારથી જ્ઞાનના પ્રકાશ તરફ ગતિ કરાવે તે ગુરુ.

આવા મહત્તર ગુરુતત્ત્વનું આલેખન પરમાત્માના સ્તુતિ-સ્તવનોની સાથે જ સમગ્ર મધ્યકાળમાં વ્યાપકપણે થતું રહ્યું છે. મધ્યકાળમાં ખૂબ વ્યાપકપણે સર્જાયેલ સાહત્યિપ્રકાર 'રાસ' અથવા 'રાસા'ઓમાં પણ આ ગુરુમહિમાનો પ્રભાવ પથરાયેલો જોવા મળે છે. મધ્યકાલીન સાહિત્યમાં કેટલાયે મુનિ ભગવંતોએ પોતાના ગુરુના નિર્વાણ (કાળધર્મ) અવસરે તેમના વિરહની પીડાને રાસના માધ્યમથી અભિવ્યક્ત કરી છે. આ રાસાઓમાં ગુરુવિરહની વેદનાની સાથે જ ગુરુગુણોની મધુર સ્મૃતિ પણ શિષ્યના ચિત્તપટલ પર રમતી જોવા મળે છે. ગુરુનિર્વાણના અવસરે શિષ્ય ક્યારેક સંક્ષેપમાં સમગ્ર ગુરુના જીવનનું - ચરિત્રનું સંકીર્તન પણ કરે છે. ગુરુનિર્વાણરાસ જેવી જ બીજી પરંપરા ગુરુપટ્ટાભિષેક રાસની છે. ગુરુની ગચ્છાધિપતિપદે કે આચાર્યપદે સ્થાપના થાય, ત્યારે ગુરુના અહોભાવથી આલોકિત રચના શિષ્યમુનિઓના પરિવાર દ્વારા થતી હોય છે.

સં. ૧૪૧૫માં કવિ જ્ઞાનકલશ રચિત જિનોદયસૂરિ પટ્ટાભિષેકરાસ ઉપલબ્ધ થાય છે. વળી તપાગચ્છીય આનંદવિમલસૂરિ માટે ગજલાભ નામના કવિનો આનંદવિમલસૂરિ રાસ સં. ૧૫૯૭નો ઉપલબ્ધ થાય છે. ૧૬૪૯માં વિજયસેનસૂરિ રાસ નામની દયાકુશલની રચના ઉપલબ્ધ થાય છે. ૧૬૫૨માં હીરવિજયસૂરિના નિર્વાણને વર્ણવતા પરમાણંદ અને વિવેકહર્ષના રાસો ઉપલબ્ધ થાય છે. ૧૬૫૫માં હીરવિજયસૂરિ પરિવારના કલ્યાણવિજયજીના ચરિત્રને વર્ણવતો કલ્યાણવિજયગણિ રાસ મળે છે. ૧૬૫૮ માં જિનચંદ્રસૂરિ અને અકબરના મિલનને વર્ણવતો લબ્ધિકલ્લોલનો રાસ મળે છે. સં. ૧૬૭૧માં વિજયસેન-નિર્વાણરાસ (વિદ્યાચંદનો) ઉપલબ્ધ થાય છે. મધ્યકાળમાં આ પરંપરા અત્યંત વ્યાપક હતી. મધ્યકાળની આ વ્યાપક પરંપરાને લીધે આપણે જૈન સંઘના અનેક સાધુઓના જીવનચરિત્રો અને અનેક ઐતિહાસિક ઘટનાની માહિતી પણ ઉપલબ્ધ થતી રહી છે. મધ્યકાળની આ પરંપરાને લીધે જ હીરસૂરિ જેવા પ્રતાપી પુરૂષનું ચરિત્ર આપણને વિસ્તારથી જાણવા મળે છે. આ પરંપરામાં જ્ઞાનવિમલસૂરિ, સત્યવિજયજી, વીરવિજયજી આદિ અનેક મહાપુરૂષોના ચરિત્રો ઉપલબ્ધ થાય છે. આ રાસરચનાની પરંપરાનું અનુસંધાન આધુનિક કાળમાં પણ રહ્યું છે. વિજયપ્રેમસૂરિના કાળધર્મ બાદ જગચ્ચંદ્રવિજયજીએ (વર્તમાનમાં આચાર્ય) 'ગુરુગુણવેલી' રાસની રચના કરી છે, જેમાં પ્રાસાદિક રીતે વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનું ચરિત્ર આલેખાયું છે.

કવિ ઋષભદાસકૃત હીરવિજયસૂરિરાસમાંથી ગુરુમહિમાની એક-બે કડીઓ જોઈએ;

દીવની શ્રાવિકા લાડકીબાઈ હીરવિજયસૂરિને દીવ આવવાની વિનંતી કરતા કહે છે;

*"સઘલે જ્યોતિ કરતો તે સદા, ભુંયરા માંહિ ન ઉગ્યો કદા;*
*ભુંયરાના વાસી છું અમો, તિહાં અજવાળું કીજે તમો."*

હે ગુરુદેવ ! આપ સૂર્યસમી સર્વત્ર જ્યોતિ (પ્રકાશ) કરો છો, પણ ભોંયરામાં ક્યારેય ઉગતા નથી. અમે ભોંયરાના (દીવ જેવા દૂરપ્રદેશ) રહેવાસી વિનંતી કરીએ છીએ કે તમે ત્યાં પધારો અને પ્રકાશ ફેલાવો.

ગુરુ પ્રત્યે કેવી અંતઃકરણની ભાવના ! લાડકીબાઈની વિનંતીથી ગુરુ દીવ સમીપ ઉના પધાર્યા અને તે જ તેમનું અંતિમ ચાતુર્માસ બની રહ્યું.

એ જ રીતે પ્રેમસૂરિરાસમાં કવિ જગચ્ચંદ્રવિજયજીએ પણ સુંદર રીતે ગુરુગુણોનું આલેખન કર્યું છે;

*પ્રતિબોધી તું ગુણીજનો પણ શિષ્ય બીજાના કરતો*
*અહો ! અહો ! નિસ્પૃહતા તારી અમ જીવનને વરજો.*

રાસ જેવું જ પૂર્વમધ્યકાળનું એક વ્યાપક મહિમાવંત સ્વરૂપ 'ફાગુ' રહ્યું છે. ફાગુસ્વરૂપમાં સામાન્ય રીતે વસંતઋતુનું વર્ણન અપેક્ષિત હોય છે. જૈન કવિઓએ ગુરુમહિમાનું ગાન કરવા

વસંતઋતુના મદમોહક વર્ણનની ગુરુ પર અસર થતી નથી, અને ગુરુએ કામવિજય કર્યો છે એવા વર્ણનવાળા ફાગુકાવ્યોની રચના કરી છે. સુમતિસાધુસૂરિ ફાગુ, જિનચંદ્રસૂરિ ફાગુ જેવા અનેક કાવ્યોમાં આ પરંપરાનું અનુસરણ થયેલું જોવા માળે છે. મધ્યકાળનો બીજો એક લોકપ્રિય પ્રકાર વિવાહલોનો છે. વિવાહલોમાં કવિ લગ્નને નિમિત્ત બનાવી તીર્થંકરોના મુક્તિરમણી સાથેના કે ગુરુભગવંતોના સંયમસુંદરી સાથેના વિવાહ આલેખવાની પ્રથા હતી. ખરતરગચ્છના જિનોદયસૂરિના સ્વર્ગવાસ સમયે તેમના શિષ્ય મેરુનંદનગણિએ ભક્તિભાવપૂર્વક પોતાના ગુરુ માટે આવા વિવાહલાની રચના કરી છે તો તપાગચ્છના સુમતિસાધુસૂરિને માટે લાવણ્યસમય નામના સમર્થ કવિએ સુમધુર વિવાહલાની રચના કરી છે. આ વિવાહલાની અંતિમ કડીમાં ગુરુ માટેનો અપૂર્વ અહોભાવ છલકે છે; જે આપણા હૃદયને સ્પર્શ્યા વિના રહેતો નથી.

*જાં સાત સાયર વર દિવાયર ગયણિ રોહિણિ ચંદલુ,*
*તાં એ અનુપમ સુગુરુ સરસિઉ જયઉ જગિ વિવાહલું.*

(જેમ સાત સાગર પર આકાશમાં સૂર્ય અને રોહિણીનો ચંદ્ર શોભે છે, તે રીતે અમારા અનુપમ સુગુરુ-સરસ છે, અને તેમનો વિવાહલો જય પામો.)

મધ્યકાલીન સાહિત્યમાં નિત્યસ્વાધ્યાય માટે 'સજ્ઝાય' સ્વરૂપની રચના કરવામાં આવતી. પાંચથી દસ કડીની આવી સુમધુર ગેય રચનાઓમાં અનેક કવિઓએ પોતાના દીક્ષાગુરુ-વિદ્યાગુરુ અથવા સહવર્તી માર્ગદર્શક સાધુ ભગવંતોના ગુણોનું ગાન કર્યું છે. આવી સજ્ઝાયોનો ધર્મસૂરિ (કાશીવાળા)ના શિષ્ય વિદ્યાવિજયજીએ 'ઐતિહાસિક સજ્ઝાય સંગ્રહ'ને નામે સંપાદન કર્યું છે.

આવી સજ્ઝાયોમાં ક્ષમાવિજયજી, પાર્શ્વચંદ્રસૂરિ, રાજસાગરસૂરિ, વિજયદેવસૂરિ, વિજયપ્રભસૂરિ, વિજયસેનસૂરિ, હીરવિજયસૂરિ, હેમવિમલસૂરિ આદિ ગુરુ ભગવંતો પરની સજ્ઝાયો નોંધપાત્ર છે.

ગુરુમહિમાની સજ્ઝાયોમાં 'હીરવિજયસૂરિ લાભપ્રવહણ સજ્ઝાય' જેવી રચના ભાવ અને કાવ્યદૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. હંસરાજ નામના કવિ હીરવિજયસૂરિના ચાતુર્માસને લાભ ભરેલા વહાણ સાથે સરખાવે છે. ગુરુ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી હીરા-મોતીના ભંડારોથી ભરેલા વહાણસમા ચાતુર્માસાર્થે પધારી રહ્યા છે. ગુરુના આ મંગલ ચાતુર્માસમાં હે પાલનપુર નગરના ભવ્યજનો, આપથી આ રત્નભંડારગુરુના સાન્નિધ્યનો અવશ્ય લાભ લો એવી વિનંતી કરે છે.

તેમના જ શિષ્ય શ્રી વિજયસેનસૂરિનો મહિમા વર્ણવતા ગુણવિજયજી નામના કવિ ગાય છે,

*"જયકર જેસંગજી ગુરુરાય, નામિ નવનિધિ પામિઈજી,*
*દર્શનિ દારિદ્ર જાય, જયંકર જેસંગજી ગુરુરાય".*

(જેસંગ (વિજયસેનસૂરિની પૂર્વાવસ્થાનું નામ) ગુરુ જય પામો, જેના નામે નવનિધિ થાય, દર્શન દરિદ્રતા દૂર થાય.)

આમ, સજ્ઝાયસ્વરૂપમાં અનેક કવિઓએ પોતાના ગુરુઓ, ગચ્છનાયક આચાર્યગુરુઓ આદિને ભાવભરી અંજલિ આપી છે. આ પ્રકારના ગુરુમહિમાના કાવ્યોનો મોટો સંચય 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય' શ્રી જિનવિજયજીના સંપાદનમાં પ્રકાશિત થયો છે.

મધ્યકાળની આ ગુરુપરંપરાની આદર દર્શાવતી કાવ્યરચનાઓમાં આચાર્યો, સાધુઓની સાથે જ સાધ્વીજી પ્રત્યે પણ આદર દર્શાવતી કેટલીક રચનાઓ મળે છે, તે નોંધપાત્ર છે. ધર્મલક્ષ્મી મહત્તરાનો મહિમા દર્શાવતા ભાસની રચના ઓશવંશી આનંદમુનિએ કરી છે. એ જ રીતે ઉદયચૂલા મહત્તરા પણ ખૂબ પ્રભાવક અને પ્રતિબોધકુશળ હતા, તેવું તેમના વિશેની સજ્ઝાયમાંથી જણાય છે. આ કાવ્યોમાં પંડિત હેમચંદ્રજી નામના સાધુનો મહિમા કરતા તેમના ગુણોથી પ્રેરાયેલા કવિએ સુગુરુનું સ્વરૂપ સુંદર રીતે વર્ણવ્યું છે,

*પરમાતમ આતમ હિતકારી, મમતા દુરિ વિવારીરે,*
*સમતાભાવે સુધ આચારી, ઈણિ કાલે વ્યવહારી રે.*
*સંવરધ ખટ કાય ઉગારી, આગમ અધિક વિચારી રે,*
*બાલપણાથી જે બ્રહ્મચારી, તારે નરને નારી રે.*
*સંવેગી મુનિવર સોભાગી, ઉપસમ રસના રાગી રે,*
*પરિગ્રહથી જે હુઆ ત્યાગી તે વાંદું વડભાગી રે.*

પરમાત્મ ચિંતનમાં રતન, મમતાને છોડનારા, સમતાભાવને ધારણ કરનારા, શુદ્ધ આચારવંત, આ કાળમાં ઉચિત વ્યવહાર કરનારા, પાપનો આશ્રવ સંવર દ્વારા રોકનારા, છકાયજીવોની રક્ષા કરનારા, આગમને મુખ્ય માનનારા બાળપણથી બ્રહ્મચારી એવા એ ગુરુ નર-નારીને તારે છે. સંવેગવાળા - સોભાગી અને પરમ શાંતરસના રાગી, પરિગ્રહને ત્યાગ કરનારા એવા મુનિ મોટા-ભાગ્યવાળા હું તેમને વંદન કરૂં છું.

મધ્યકાળની ગુરુમહિમાની આ પરંપરામાં અત્યાર સુધી રાસ, ફાગુ, સજ્ઝાય, વિવાહલા આદિ પ્રકારોની વાત કરી, એ મોટે ભાગે વ્યક્તિગત શિષ્યની ગુરુ પ્રત્યેની લાગણીની અભિવ્યક્તિના માધ્યમ બન્યા છે. ત્યારે ભંડારોમાં ઉપલબ્ધ વિજ્ઞપ્તિપત્રોમાં સંઘના હૃદયની ભાવાભિવ્યક્તિ મુખ્યરૂપે પ્રગટ થાય છે. પોતાના નગરમાં ચાતુર્માસ અર્થે પધારવાની વિનંતી કરતા પત્રો એ કાળે કપડા કે કાગળના પટ્ટ પર કલાત્મક ચિત્રો સાથે મોકલવાની પ્રથા હતી. આવા કેટલાક પટો ભંડારોમાં સચવાયા છે. આ.વિ.શીલચંદ્રસૂરિ દ્વારા સંપાદિત

'અનુસંધાન' નામક સામાયિકના ત્રણ અંકોમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી, મારુગુર્જર આદિ ભાષાઓમાં રચાયેલા આવા અનેક વિજ્ઞપ્તિપત્રો સચવાયા છે. આવા વિજ્ઞપ્તિપત્રોમાં મુખ્ય વિજ્ઞપ્તિ તો ગદ્યમાં હોય, પરંતુ આગળ-પાછળ ગુરુમહિમા, નગરવર્ણન આદિના અનેક કાવ્યો દુહા આદિ છંદોમાં લખાયેલા મળે છે. આવા કાવ્યોમાં સમગ્ર સંઘની ભાવભક્તિનું સુંદર પ્રદર્શન થાય છે. ક્યાંક આ પત્રના ગદ્યમાં પણ કેવું માધુર્ય છલકે છે તે પણ જોવા જેવું છે;

''તથા શ્રીજી સાહિબ આપ મોટા છો, ગિરુઆ છો, પૂજ્યનિક છો, સૂર્ય સમાન છો, ચંદ્રમાની પરે સોમ્યકાંતિ છો, સોલકલાઈ કરી સંપૂર્ણ છો, ગુણસમુદ્ર છો, મહર્ધિક છો, મૌલિમુકુટ સમાન છો, લબ્ધિપાત્ર છો, કદંબનાપુરૂ સમાન છો, તિલકસમાન છો, પંડિતમાં અગ્રેસરિ છો, સંસારીજીવને બોધવા કુશલ છો.''

આવા વિજ્ઞપ્તિપત્રોની સાથે જ શિષ્યો દ્વારા લખાયેલા 'ખામણાપત્રો' (ક્ષમાપના પત્રો) પણ ભંડારોમાં ઉપલબ્ધ થાય છે.

આમ, સમગ્ર મધ્યકાળમાં ગુરુમહિમાની અનેક સ્વતંત્ર કૃતિઓ મળે છે. એની સાથે જ આપણને સુદીર્ઘકૃતિઓના અંતભાગમાં પોતાની પટ્ટાવલી અથવા ગુરુપરંપરા કવિ આપે છે, ત્યારે કવિનો પોતાની સમગ્ર ગુરુપરંપરા માટેનો છલકાતો આદર જોવા મળે છે. ઉપાધ્યાય યશોવિજયજી જેવા સમર્થ વિદ્વાને પણ પોતાની નાની-નાની કૃતિઓમાં પણ પોતાના ગુરુનો નામોલ્લેખ કરી નમ્રતા દર્શાવી છે. કેટલીક ગચ્છપરંપરા દર્શાવતી સ્વતંત્ર કૃતિઓ પણ રચાઈ છે, જેમાં કવિ બહાદુર દીપવિજયજીનો 'સોહમકુલપટ્ટાવલી રાસ' નામની રાસરચના નોંધપાત્ર છે. 'શ્રીપાલરાસ'ના અંતમાં ઉપાધ્યાય યશોવિજયજી પોતાની ગુરુપરંપરાનું ગાન કરે છે, તેમાં ગુરુપરંપરા માટેનો આદર જોવા મળે છે. એ જ રીતે રાસમાં પૂર્વે ગુરુ સાથેના અનુસંધાન વગર જીવનો આધ્યાત્મિક વિકાસ શક્ય થતો નથી, એ સત્યની પણ દૃઢ ઉદ્ઘોષણા જોવા મળે છે.

તપગચ્છનંદન સુરતરુ પ્રગટ્યા, હીરવિજય ગુરુરાયાજી,
અકબરશાહ જસ ઉપદેસેં, પડહ અમારિ વજાયાજી. ૧.
હેમસૂરિ જિનશાસન મુદ્રાઈ, હેમ સમાન કહાયાજી,
જાસો હીરો જે પ્રભુ હોતાં, શાસનસોહ ચઢાયાજી. ૨.
તાસપટ્ટ પૂર્વાચલ ઉદયો, દિનકરતુલ્ય પ્રતાપજી,
ગંગાજલ નિર્મલ જસ કીરતિ, સઘલેં જગમાંહે વ્યાપિજી. ૩.
સાહસભા માંહિ વાંદે કરીનેં, જિનમત થિરતા થાપીજી,
બહુ આદર જસ સાહેં દીધો, બિરૂદ સવાઈ આપીજી. ૪.
શ્રી વિજયદેવસૂરી પટધારી, ઉદયા બહુ ગુણવંતાજી,
જાસ નામ દસ દિશિ છેં આવું, જે મહિમાંઈ મહંતાજી. ૫.
શ્રી વિજયપ્રભ તસ પાટધારી, ઉદયા બહુ ગુણવંતાજી,
એહ રાસની રચના કિધી, સુંદર તેંહનેં રાજેજી. ૬.
સૂરી હીરગુરુની બહુ કિરતિ, કીર્તિવિજય ઉવઝાયાજી,
સીસ તાસ શ્રી વિનયવિજય, વર વાચક સુગુણ સુહાયાજી. ૭.
વિદ્યા વિનય વિવેક વિચક્ષણ, લક્ષણ લક્ષિત દેહાજી,
સોભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહાજી. ૮.
સંવત સત્તર અડત્રીસા વરષેં, રહી રાંનેર ચોમાસુંજી,
સંઘ તણા આગ્રહથી માંડ્યો, રાસ અધિક ઉલ્લાસેજી. ૯.
સાર્ધ સપ્તશત ગાથા (૭૫૦) વિરચી, પૂહતા તે સુરલોકેજી,
તેહના ગુણ ગાવે છે ગોરી, મલીમલી થાકેથોકેંજી.૧૦.
તસ વિશ્વાસભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયાજી,
શ્રી નયવિજય વિબુધ પયસેવક, સુજસવિજય ઉવઝાયાજી.૧૧.
ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતેજી,
તિણેં વલી સમકીતદૃષ્ટિ જે નર, તેહ તણેંઈ હિત હેતેંજી.૧૨.
જે ભાવઈ એ ભણસ્યે ગુણસ્યેં, તસ ઘર મંગલમાલાજી,
બંધુર સિંદુર સુંદર મંદિર, મણિમય ઝાકઝમાલજી.૧૩.
દેહ સબલ સસનેહ પરિ છે, રંગ અભંગ રસાલાજી,
અનુક્રમે તેહ મહોદય પદવી, લહેસ્યઈ જ્ઞાન વિશાલાજી.૧૪.
(તપાગચ્છનંદન, કલ્પકરુસમાન હીરસૂરિ મહારાજ પ્રગટ)

**સંદર્ભસૂચિ :-**


૧. જૈન ગુર્જર કવિઓ ભાગ ૧ થી ૧૦ - મૂળ સં. મોહનલાલ દલીચંદ દેસાઈ, બીજી આવૃત્તિ સં. જયંત કોઠારી, પ્ર. મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.
૨. જૈન રાસવિમર્શ - સં. અભય દોશી - પ્ર. વીરતત્ત્વ પ્રકાશક મંડળ - શિવપુરી અને રૂપમાણેક ટ્રસ્ટ, મુંબઈ.
૩. અનુસંધાન - ૬૪ (વિજ્ઞપ્તિપત્ર વિશેષાંક ખંડ ૩) સં. વિજયશીલચંદ્રસૂરિ, પ્ર. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણનિધિ - ઈ.સ. -૨૦૧૪ (અમદાવાદ)
૪. શ્રીપાલ રાસ - પ્ર. જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ.
૫. જૈન ગુર્જર કાવ્ય સંચય - સં. મુનિશ્રી જિનવિજયજી પ્ર.આત્માનંદ જૈન સભા, ભાવનગર. ઈ.સ. ૧૯૨૬


❑❑❑


એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝ શાહ રોડ,
સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪.
મો. ૯૮૯૨૬૭૮૨૭૮
Email : abhaydoshi@gmail.com

# ગુરુ મહિમા : લોક જીવનમાં અને સાહિત્યમાં

ડૉ. નિરંજન રાજ્યગુરુ

***લેખક પરિચય :** સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર, આનંદ આશ્રમ ખાતે લોક સાહિત્ય તેમજ સંત સાહિત્યની ધુણી ધખાવીને કાર્ય કરી રહેલા ડૉ. નિરંજન રાજ્યગુરુ જાણીતા સાહિત્યકાર છે. લોક-તેમજ સંત સાહિત્યનું ધૂળ ધોયાનું કામ તેમણે કર્યું છે. ગામેગામ ફરીને કંઠ્ય પરંપરાઓમાં સચવાયેલા સાહિત્યના એકત્રીકરણનું અને દસ્તાવેજીકરણનું ખુબ મોટું કામ તેમણે કર્યું છે. આશ્રમસ્થિત તેમના સંગ્રહાલયની મુલાકાત લેવા જેવી છે. તેઓ સારા વક્તા અને ગાયક પણ છે.*

ભારતીય સંતસાધના ધારામાં ગુરુશરણ ભાવ અને ગુરુમહિમા આગવું સ્થાન અને માન ધરાવે છે. જેમાં શિષ્યને ગુરુ પાસેથી ત્રણ બાબતો અંગે સાચી શિખામણ મળે છે. લોક વ્યવહાર કેમ કરવો, પોતાના આત્માના કલ્યાણ અર્થે આંતર જગતમાં કેવી રહેણીનું આચરણ કરવું અને કરણીમાં - લોકહિતના કેવાં કેવાં કાર્યો કરવા, કેવા કાર્યોનો ત્યાગ કરવો એનો ભેદ ગુરુ શિષ્યને સમજાવે છે ત્યારે શિષ્યમાં કથની - કહેણી - કરણીની શક્તિ જાગૃત થાય છે અને એથી જ ગુરુકૃપાનું સ્થાન આજ સુધી સાધનાના ક્ષેત્રમાં ભક્તિના ક્ષેત્રમાં અને જ્ઞાનના ક્ષેત્રમાં અજોડ રહ્યું છે.

ચિદાનંદજીએ સદ્‌ગુરુને કલ્પવૃક્ષ કે ચિંતામણીની ઉપમા આપી છે.

*'ચરણકમળ ગુરુ દેવ કે, સુરભી પરમ સુરંગ;*
*લુબ્ધા રહત તિહાં સદા, ચિદાનંદ મન મૃગ.'*

દાસીજીવણે ગાયું છે:

*અમારા રે અવગુણ રે ગુરુજીના ગુણ ઘણાં રે જી;*
*ગુરુજી! અમારા અવગુણ સામું મત જોય...*
*- અમારામાં અવગુણ રે...૦*
*ગુરુજી મારો દીવો રે, ગુરુજી મારો દેવતા રે જી;*
*ગુરુજી મારા પારસમણીને રે તોલ...*
*- અમારામાં અવગુણ રે...૦*
*ગુરુજી મારા ગંગા રે, ગુરુજી મારા ગોમતી રે જી;*
*ગુરુજી અમારા કાશી અને છે કેદાર...*
*- અમારામાં અવગુણ રે...૦*
*ગુરુ મારા ત્રાપા રે, ગુરુજી મારા તુંબડાં રે જી;*
*ઈ તુંબડીએ અમે ઊતરિયે ભવપાર...*
*- અમારામાં અવગુણ રે...૦*
*જાળીડાં મેલાવો રે ગુરુ ગમ જ્ઞાનનાં રે જી;*
*ઈ જાળીડાં જરણાં માંહેલો છે જાપ...*
*- અમારામાં અવગુણ રે...૦*
*ભીમ ગુરુ શરણે રે દાસી જીવણ બોલીયા રે જી;*
*દેજો અમને સંતચરણમાં વાસ...*
*- અમારામાં અવગુણ રે...૦*

આપણા સાધકો અને સંતો - ભક્તોમાં સૌથી પહેલાં ગુરુની ખોજ કરીને એમણે શરણે જવાની રમત ચાલી છે. એ સાધનાની પહેલી સીડી એ જ છે ગુરુની પ્રાપ્તિ. પણ ગુરુ મેળવવા એ કઇ સહેલું તો નથી જ. ગુરુ પ્રાપ્ત કરતા પહેલાં પોતાની જાતને એ માટે સજ્જ કરવી પડે છે ને જ્યારે એ સજ્જતા પ્રાપ્ત થાય ત્યારે જ સાચા ગુરુનો ભેટો થાય છે એમ હમેશાં સંતો-ભક્તો માનતા આવ્યા છે. ને ગુરુ મળી જાય પછી તો બેડો પાર. દાસી જીવણ કહે છે ને - 'ગુરુજી તમ આવ્યે મારે અજવાળું...' ગુરુજીનો ભેટો થતાં જ અંતરમાં અજવાળાં થઈ જાય... પણ એ ક્યારે બને ? જ્યારે દુબધ્યાનો (દુર્બુદ્ધિનો) નાશ થયો હોય ગુરુએ સાચો શબ્દ બતાવ્યો હોય ને સતબુદ્ધિની શિખામણી આપી હોય...

ખીમસાહેબ કહે છે કે, ગુરુગમથી ખોજ કરો તો આ ઘટમાં એ સન્મુખ-સામે જ છે. આમ ગુરુ મહિમા એ સંતોના ભજનોનું એક મહત્ત્વનું અંગ છે. પોતાનાં દરેક દરેક ભજનની નામાચરણની પંક્તિઓમાં તો તમામ સંતકવિઓ પોતાના ગુરુની મહત્તા દર્શાવે જ છે. કેટલાંક તો સ્વતંત્ર ગુરુ મહિમાનું ગાન કરવા જ રચાયાં હોય એવાં પણ ભજનો મળે છે. ભારતીય સંસ્કૃતિની વિચારધારા પ્રમાણે પ્રાચીન સમયથી તે આજ સુધીના સંતોમાં ચાલી આવતી ગુરુ પરંપરાઓ અને એમની દાર્શનિક માન્યતાઓ તરફ નજર કરીએ તો આપણા ઋષિ-મુનિઓ અને સાધુ-સંતોએ સાક્ષાત પરબ્રહ્મના સ્વરૂપે ગુરુનો સ્વીકાર કર્યો છે. અને અખંડ જ્ઞાન અને ભક્તિની જ્યોત ગુરુ-શિષ્યભાવે સદાયે જલતી રાખી છે. ક્યારેક તો 'ગુરુ ગોવિંદ

દોનું ખડે કિસકો લાગું પાય?' એવી સમસ્યાઓ ઉભી થતાં 'બલિહારી ગુરુદેવકી જીને ગોવિંદ દિનો બતાય' એમ કહી પ્રથમ ગુરુને નમસ્કાર કરવાની, ગુરુને પરમાત્મા કરતાંયે ઊંચું સ્થાન આપવાની વાતનો સ્વીકાર થયો છે. એ પ્રમાણે ગુરુને સાક્ષાત શિવના સ્વરૂપે પણ સ્વીકારવામાં આવ્યા છે. ગુરુની કૃપા મળે તો જ સાધનાના શ્રી ગણેશ કરી શકાય. જ્યારે શિષ્ય પૂર્ણ શરણાગતિભાવે ગુરુની શરણમાં આવે છે ત્યારે જ ગુરુ - શિષ્યનો દિવ્ય સંબંધ જોડાય છે. શિષ્યના અતિ ચંચળ મનને કાબુમાં રાખી શકનાર ગુરુને જ્ઞાનના દાતા, અંધકાર થયે માર્ગને ઉજાળનાર અને સાચા માર્ગદર્શક તરીકે સંતોએ સ્વીકારી તેમની આરાધના પણ કરી છે. ભારતીય ચિંતન અને સાધનાના ક્ષેત્રમાં ગુરુનું સ્થાન વિવાદ વિનાનું અને સર્વમાન્ય રહ્યું છે. પૂર્વ ઐતિહાસિક કાળથી ભારતીય સમાજમાં ગુરુનો આદર થતો રહ્યો છે. ધર્મ અને સમાજનું નિયમન કરવાની શક્તિ એમના હૃદયમાં હોવાથી શિષ્ય પરંપરા દ્વારા પોતાના દર્શન, ચિંતન અને સાધનાની પરિપાટી આજ સુધી જાળવી રાખી છે.

'ગુરુ' શબ્દ આપણે ત્યાં પ્રાચીન કાળથી વર્ણાતો આવ્યો છે. 'ગુરુ ગોવિંદને તમે એક કરી જાણો એમા ફેર નથી લગાર...' અથવા તો 'પ્રથમ પુરૂષ ગુરુ પ્રગટિયા વિલસીને કર્યા વિસ્તાર. ઓર જગત સરવે ગુરુની થાપના, સતગુરુ સૌના સરદાર, ગુરુનો સેવાયે અભેપદ પામીએ.' જેવી પંક્તિઓમાં આપણા સંતો ગુરુને પરબ્રહ્મ પરમાત્મા તરીકે ઓળખાવે છે. ગુરુએ જ આ સમગ્ર જગતનું સંસારનું સર્જન કર્યું છે. એના સર્જક, સરદાર અને પાલનહાર ગુરુ જ છે. એવા મહાપુરૂષની અપાર કરુણા અને કૃપા સામે કૃતજ્ઞભાવે મસ્તક નમાવી વંદના કરતો શિષ્ય ગુરુના અલખ પુરૂષ આદિપુરૂષ તરીકેના બ્રહ્માંડ વ્યાપી ઐશ્વર્યનું ગુણગાન કરે છે... 'સદગુરુ મેરે ગારુડી, કીધી મુજ પર મ્હેર, મારો દીધો મર્મનો, ઉતરી ગયાં છે ઝેર.' તૃષ્ણા અને વાસના રૂપી રગેરગમાં ફેલાયેલા ઝેરને ઉતારી શકવા તો કોઈ ગારુડી રૂપી ગુરુ જ શક્તિમાન હોય ને? ગુરુ જ્યારે મર્મ રૂપી મોરો આપે છે ત્યારે પરમશાંતિની પ્રાપ્તિ થાય છે. અખંડ આનંદની ઉપલબ્ધિ થાય છે. હિન્દુ ધર્મના ધાર્મિક સંસ્કારોએ 'માતૃ દેવો ભવઃ', 'પિતૃ દેવો ભવઃ', 'અતિથી દેવો ભવઃ' કહીને સાથોસાથ 'આચાર્ય દેવો ભવઃ' એમ પણ કહ્યું છે. આમ ગુરુને દેવ સમાન માનીને એનું પુજન કરવાની પ્રણાલી જે આપણાં ભજનિક સંતોનાં ભજનોમાં જોવા મળે છે. પ્રીતમ કહે છે 'અંતરજામી ગુરુ આત્મા, સબ ઘટ કરે પ્રકાશ, કહે પ્રીતમ ચર અચરમાં, ગુરુ નિરંતર વાસ.' ગુરુ શરણભાવ અથવા ગુરુ મહિમા એ મધ્યકાળના તમામ સંતો, કવિઓ અને પરમભક્તોનું વર્ચસ્વ છે. 'ગુરુની સેવાયે અભેપદ પામીએ.' એમ કહીને ગુરુનું જે અંતરમન સ્વરૂપ આપણી સામે સંતો ખડું કરે છે. ગુરુમુખથી જે 'વાણી' નીકળીને શિષ્ય પાસે પહોંચે છે એમાં એકજાતની વિલક્ષણ વિદ્યુત શક્તિ હોય છે અને એક ક્ષણમાં જ એ શક્તિ સાધક શિષ્યે કથીરમાંથી કંચન બનાવી દે છે. ગુરુ કૃપાથી જ અજ્ઞાની અને અપૂર્ણ મનુષ્ય દેવત્વ પ્રાપ્ત કરી શકે છે. ઉપનિષદકાળથી લઈને ભક્તિકાળ સુધીની વિવિધ સાધનાઓ તરફ નજર કરીએ તો જાણવા મળે છે કે સાધનાના પ્રત્યેક માર્ગમાં ઉચિત પથપ્રદર્શકની સદાને માટે અને પ્રત્યેક સ્તર પર જરૂર રહી છે. ગુરુ વિના એમાં સફળ થવાતું નથી એટલે જ્ઞાનપ્રાપ્તિ કે મોક્ષપદની પ્રાપ્તિ માટે ગુરુનો સાથ મેળવવો એ સાધકને માટે પહેલી શરત છે.

દીન દરવેશે કહ્યું કે - 'ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિટે ન ભેદ, ગુરુ બિન સંશય ના મિટે, જય જય શ્રી ગુરુદેવ.' ગુરુની ખોજ કરીને એમણે શરણે એકવાર સાધક પહોંચી જાય તો અવિદ્યારૂપી તાળાં ઉઘડી જાય, જ્ઞાન કબાટ ખુલી જાય ને અજવાળાં પથરાઈ જાય. સંતોએ ગુરુને સાધનામાર્ગનો ભોમિયો કહ્યો છે અને ગુરુ વિના સાધના કરનારને નગુરો કહીને ગાળ ફટકારી છે. 'નગુરો' એ તો સંત સમાજમાં ભારેમાં ભારે, છેલ્લી કોટિની ગાળ છે. સંસારની મોહિની માયાના આકર્ષણ સામે ટકી શકવાની શક્તિ સાધકને ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય, ને લોઢામાંથી કંચન સરખા તેજસ્વી બનવાનું સૌભાગ્ય પણ ગુરુની કૃપા હોય તો જ મળે, નહીંતર સામાન્ય માનવી કામ, ક્રોધ, લોભ, મોહ, વગેરે સાધનાના ભયંકર શત્રુઓ સામે ક્યાંથી ઝઝુમી શકે?

જેવી રીતે કુંભાર માટીના વાસણોને પોતાનો મન ચાહ્યો આકાર આપે છે. બનાવતી વખતે ઉપર તો ટપલાનો માર મારે છે. પણ અંદર કોમળ હાથનો સહારો આપે છે એમ ગુરુએ પોતાના શિષ્યના વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું હોય છે. કબીરે પોતાની સાખીમાં કહ્યું જ છેઃ 'ગુરુ કુમ્હાર શિષ કુંભ હૈ, ગઢિ ગઢિ કાઢે ખોટ, અંતર હાથ સહાર દૈ, બાહર બાહૈ ચોટ.' આ રીતે શિષ્યને પોતાના કઠોર જણાતા શાસન નીચે રાખીને કડક નિયમોનું પાલન કરાવીને સાથોસાથ પોતાની કૃપા અને ઉદારતા, હૃદયની કોમળ ઋજુતાથી પીઠ પસવારતા જઈને યોગ્ય માર્ગદર્શન આપ્યા કરે છે. અને પછી સંતકવિ ગાય છે કે : 'મારા સદગુરુની કૃપાથી પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતોના પદાર્થોથી પર એવા પ્રેમપદમાં



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

મને બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ કરાવી છે, જ્યાં આનંદની હેલી થાય છે. ત્યાં બધી બ્રહ્માકાર વૃત્તિઓ રૂપી સાહેલીઓ એકઠી મળી છે, મેરુદંડનો મંડપ છે, તેની મધ્યમાં તે વૃત્તિઓ બ્રહ્માનંદ ઝીલે છે. આ પિંડની ત્રણે મુખ્ય નાડી - ઈડા, પિંગલા અને સુષુમ્ણા, ગંગા યમુના અને સરસ્વતી - જ્ઞાન, ભક્તિ, યોગ એકાકાર થાય છે અને બ્રહ્માનંદ ઝરે છે. માથે સતગુરુ સંતનો પ્રતાપ હોવાથી વૃત્તિ - મારી સુરતા તેમાં સ્થિર થાય છે. અધ:માં અને ઉર્ધ્વમાં સંસારના અને પરમાર્થના ઘાટે અલખ પરબ્રહ્મનો જ અનુભવ થાય છે, તે જોઈને હું આનંદવિભોર બની જાઉં છું. ત્યાં શૂન્યમંડલની મધ્યમાં 'સોહમ્' - હું તે છું - તે અનુભવની સાથે તે વૃત્તિ ઘેરી રમણાઓ રમે છે. એવી બાહ્ય - ભીતર બ્રહ્માકાર વૃત્તિની સાન કોઈ વિરલા અનુભવીઓ જ જાણે છે.'

*સત્‌ગુરુ! તમે મારા તારણહાર, હરિ ગુરુ! તારણહાર*
*આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો*
*ગુરુજી... હો... જી...*
*કેળે રે કાંટાનો હંસલા! સંગ કર્યો ગુરુજી! કાંટો કેળું ને ખાય (૨)*
*આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો*
*ગુરુજી... હો... જી...*
*- સત્‌ગુરુ! તમે મારા તારણહાર...૦*
*આડા રે ડુંગર ને વચમાં વન ઘણાં ગુરુજી! એ જી આડી કાંટા કેરી વાડ (૨)*
*આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો*
*ગુરુજી... હો... જી...*
*- સત્‌ગુરુ! તમે મારા તારણહાર...૦*
*ઊંડા રે સાયર ને હંસલા! નીર ઘણાં ગુરુજી! બેડી મારી કેમ કરી ઊતરે પાર?*
*આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો*
*ગુરુજી... હો... જી...*
*- સત્‌ગુરુ! તમે મારા તારણહાર...૦*
*ગુરુના પ્રતાપે ડુંગરપુરી બોલીયા ગુરુજી! એ જી દેજો અમને સાધુ ચરણે વાસ*
*આજ મારી રાંકની અરજું રે, ખાવન ધણી સાંભળજો*
*ગુરુજી... હો... જી...*
*- સત્‌ગુરુ! તમે મારા તારણહાર...૦*

પણ અહીં મહિમા ગુરુપદનો છે, કોઈપણ મનુષ્ય ગુરુ જીવંત વ્યક્તિ તરીકે તો સાંસારિક જીવનમાં પાંચ તત્ત્વના પિંડમાં બંધાયેલો હોવાથી તેને આધિ/વ્યાધિ/ઉપાધિ કે જન્મ, જરા અને મરણના બંધનમાં રહેવું પડે છે, તેને ભૂખ લાગે, તરસ લાગે, તાવ આવે, કામ - ક્રોધ - મોહ - લોભ - તૃષ્ણા - અપેક્ષા જાગે, એ તમામ મર્યાદાઓ પિંડની કે દેહની છે, પણ શિષ્ય માટે એમની દેહાતીત દશા જ અગત્યની છે, જ્યારે ગુરુપદની ભૂમિકાએ બિરાજીને એ ઉપદેશ આપતા હોય ત્યારે એ મર્યાદાઓ ગૌણ બની જાય. કારણ કે કોઈ ગુરુ પોતાના કોઈ શિષ્યને ખભા પર બેસાડીને અધ્યાત્મની યાત્રા કરાવી શકતો નથી, એ તો કેડી બતાવે, માર્ગ ચીંધે, પંથ દેખાડે, એ પંથે ચાલવાનું તો હોય સાચા સાધકે અને પોતાની ભીતરમાં જ વસી રહેલા સદ્‌ગુરુની ઓળખ કરીને એની પ્રાપ્તિ કરવાની હોય.

આ રીતે ગુરુપદ એ સૌથી મોટી ચીજ છે, ગુરુ દત્તાત્રેય ચોવીશ ગુરુ કરતા હોય, દાસી જીવણસાહેબને સત્તર ગુરુ છોડ્યા પછી અઢારમાં ભીમસાહેબ મળે અને અંતરમાં અજવાળું થાય ત્યારે આગળના સત્તર ગુરુઓએ જે વિધવિધ પ્રકારની સાધના કેડીઓ બતાવેલી એ સૌનો પણ એટલો જ ફાળો હોય, શ્રીફળ પાંચમાં ઘાએ વધેરાય પણ અગાઉના ચાર ઘા અને ખોખરૂં કરનારા હોય તેથી એનું મૂલ્ય પણ ઓછું ન અંકાય.

આમ દરેક મનુષ્યના જીવનમાં એકથી વધારે ગુરુઓ આવે - એમ કરતાં કરતાં પોતાના પિંડ / પ્રકૃતિ / પ્રાણને અનુકૂળ / અનુરૂપ સાધના બતાવનારો એનો સતગુરુ મળે જેણે બતાવેલી કેડીએ ચાલતાં ચાલતાં શિષ્ય પોતાની અંદર જ બિરાજમાન પરમગુરુ સુધી પહોંચી શકે... અને જ્યારે પરમગુરુ મળે ત્યારે જ પોતાના આત્માની ઓળખ થાય. પછી એ સાધક સંત લખીરામની માફક ગાઈ ઉઠે : 'વરતાણી છે આનંદ લીલા મારી બાયું રે... બેની! મું ને ભીતર સતગુરુ મળિયા રે...'

ગંગાસતીએ ગાયું છે –

*સતગુરુ વચનનાં થાવ અધીકારી, મેલી દો અંતરનું માન,*
*આળસ મેલીને તમે આવો રે મેદાનમાં,*
*સમજો સતગુરુની સાન,*
*ભાઈ રે અંતર ભાંગ્યા વિના ઉભરો નહીં આવે પાનબાઈ,*
*પછી તો હરિ દેખાય સાક્ષાત્... સતગુરુ વચનનાં...૦*
*સતસંગ રસ એતો અગમ અપાર છે,*
*તે તો પીવે કોઈ પીવન હાર,*
*તન મનની શુધ જ્યારે ભુલશો પાનબાઈ,*
*ત્યારે અરસ પરસ મળશે એકતાર... સતગુરુ વચનનાં...૦*

ભાઈ રે ધડ રે ઉપર શીશ જેને નવ મળે પાનબાઈ
એવો ખેલ છે ખાંડા કેરી ધાર
એમ તમે તમારું શીશ ઉતારો પાન બાઈ,
તો તો રમાડું તમને બાવન બાર... સતગુરુ વચનનાં...૦
ભાઈ રે હું અને મારું ઈ તો, મનનું છે કારણ પાનબાઈ,
ઈ મન જ્યારે જોને મરી જાય
ગંગા સતી એમ બોલીયા ત્યારે, પછી હતું તેમ દરશાય...
સતગુરુ વચનનાં...૦

પણ સંત કવયિત્રી લોયણ તો ત્યાં સુધી કહે છે -

લાખા... હાં... ગુરુજી આવે તો તાળાં ઉઘડે,
કૂંચી મારા મેરમ ગુરુજીને હાથ... લાખા...
ગુરુજી આવે તો તાળાં ઉઘડે... લોયણ અબળા એમ ભણે...
લાખા... કાશી રે નગરને મારગે લખ રે આવે ને લખ જાય
મારા રે સાધુનો સંદેશડો, મુખેથી કહ્યો નવ જાય
લાખા હાં... ગુરુજી આવે તો તાળાં ઉઘડે...
લાખા... ખૂંદી રે ખમે માતા ધરણી, વાઢી રે ખમે વનરાય
કઠણ વચન મારા સંત ખમે, નીર તો સાગરમાં સમાય.
લાખા હાં... ગુરુજી આવે તો તાળાં ઉઘડે...
લાખા... સૂરજ સમો નહીં ચાંદલો, ધરણી સમો નહીં આકાશ
ગુરુ રે સમો નહીં ચેલકો, નિંદા સમું રે નહીં પાપ.
લાખા હાં... ગુરુજી આવે તો તાળાં ઉઘડે...
લાખા... લાખો લોખુંમાં માલતો, કરતો હીરાનાં વેપાર
કિરિયા ચૂક્યો ને થિયો કોઢીયો, રિયો નહીં કોડીને મૂલ
લાખા હાં... ગુરુજી આવે તો તાળાં ઉઘડે...
લાખા... બાર બાર વરસે ગુરુ આવીયા, લેવા લાખાની સંભાળ,
હાથ ફેરવ્યો ને કાયા હેમની, બોલ્યાં છે લોયણ બાઈ
લાખા હાં... ગુરુજી આવે તો તાળાં ઉઘડે...

અને એટલે તો લોયણ પાછાં લાખાને સંબોધતાં કહે છે કે હરિ ગુરુ

જી રે લાખા હરિ ગુરુ સંતને તમે એક રૂપ જાણો જી,
એમાં જુદાપણું ઉરમાં નવ આણો રે હાં
જી રે લાખા ગુરુમાં હરિ હરિમાં ગુરુએક મેક છે જી હો જી,
એક એક જાણી રસ માણે રે હાં
જી રે લાખા ગુરુના વીષે કદી અભાવ ના લાવો જી હો જી,
એ છે સમજણ મોટી રે હાં
જી રે લાખા જ્યાં લગી ગુરુમાં વરણ ભેદ ભાળો જી હો જી,
ત્યાં લગી વાતું છે ખોટી રે હાં
જી રે લાખા ગુરુ ને ગોવીંદ કદી નથી જુદા જી હો જી,
એવો ભરોસો ઉર માં આવે રે હાં
જી રે લાખા મુળ રે વચનમાં એ છે અધીકારી જી હો જી,
એને ખચીત ભજન દિલમાં ભાવે રે હાં
જી રે લાખા ગુરુચરણના જે છે વિશ્વાસી જી હો જી,
તે તો રહેણી કહેણીના ખાસા રે હાં
જી રે લાખા શેલરસીનીં ચેલી સતી લોયણ બોલીયાં,
એ તો કદી પડે નહીં પાછા રે હાં...

અધ્યાત્મમાર્ગી સંતોની ગુરુ શરણભાવની વાણીમાંથી પસાર થતાં એમ લાગે છે કે આ તમામ સંત કવિઓને સનાતન ધર્મના આચાર-વિચાર, ધાર્મિક-સાધનાકીય માન્યતાઓ તથા જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મ આ ચારે પ્રવાહોની પૂર્ણ જાણકારી હશે. હિન્દુ-મુસ્લિમ એકતાના હિમાયતી એવા આ સૌ સંત કવિઓની વાણી અભેદ દર્શનનો મહિમા ગાય છે. સરળતા, સ્પષ્ટ ભાષિતા, સ્વાભિમાન, નીડરતા, નેકી, પવિત્રતા, ઉદાર ધર્મ ભાવના, આસ્તિકતા, નિયતિવાદ, જ્ઞાનોપદેશ, વૈરાગ્ય, ચેતનવાણી, ભગવદ્‌ભક્તિ, લીલાગાન અને ગુરુ શરણાગતિ જેવાં તત્ત્વો આપણને એમની રચનાઓમાં જોવા મળે. પરમેશ્વરની કરુણામાં અતૂટ શ્રદ્ધા અને પોતાની આંતરિક સાધના માટે મુરશિદ કે સદ્‌ગુરુ પ્રત્યે સંપૂર્ણ સમર્પણ કરનારા આ સંત કવિઓએ માનવધર્મ, માનવ વ્યવહાર અને સર્વ ધર્મ સમભાવનું જ ગાન ગાયું છે. આવી ગુરુ ભક્તિ-અધ્યાત્મ રચનાઓના રચયિતા સૂફી-સંત-ભક્ત-કવિઓ મરમી છે, ભેદુ છે. રહસ્યવેત્તા છે અને પ્રેમીઓ છે. તેઓ માત્ર શુષ્ક જ્ઞાની - વેદાન્તી - પંડિત કે યોગી જ નથી, પોતાના આત્માનુભવને અભિવ્યક્તિ આપતી વેળા તેમનામાં પરમ ચેતના પ્રત્યેની સંપૂર્ણ શરણાગતિ અને અનન્ય પ્રેમનિષ્ઠા વધુ ને વધુ બળવત્તર બનતી રહી છે. એમના ચિત્તની પૂર્ણ નિરૂદ્ધદશાને કારણે હદ-બેહદ, સગુણ-નિર્ગુણ, દ્વૈત-અદ્વૈત તથા સાકાર-નિરાકારના દ્વન્દ્વો ટળી ગયાં હોય ત્યારે જે અનુભૂતિનો પ્રદેશ તેમના ચિત્તમાં ઉઘડે છે તેનું બયાન એમની રચનાઓમાંથી પ્રાપ્ત થાય છે, બુદ્ધિ અને જ્ઞાન કરતાં હૃદય અને પ્રેમને પ્રાધાન્ય આપનારા આ રહસ્યવાદી મરમી સંતકવિઓ અખંડ અવિનાશી એક જ પરમાત્માના વિવિધ રૂપો - સ્વરૂપોની આરાધના-ઉપાસના કરતાં કરતાં આત્માની અપરોક્ષાનુભૂતિ સુધી પહોંચેલા છે. અલખ, અનાદિ, અરૂપના આરાધકો છે. સગુણ અને નિર્ગુણનો પણ ભેદ એમને નથી.

અલખના ઉપાસકો નિર્ગુણને ભજે છે પરંતુ આરાધ્ય એવા સાકાર રૂપનો નકાર નથી, સમજ પૂર્વકનો સ્વીકાર છે.

અધ્યાત્મ, યોગ, તત્ત્વજ્ઞાન - વેદાન્તીચિંતન, સંતસાધના અને સંતવાણી - સંતસાહિત્યનું ક્ષેત્ર એવું ગૂઢ રહસ્યમય સૂક્ષ્મ અને સાંકેતીક છે કે એમાં જાતઅનુભવ સિવાયનું કે કંઈ લખાય કે બોલાય તે બધું જ શબ્દો માંડવાની કસરતમાત્ર બની રહે. એ જ્ઞાન, એ ભાવ, એ અનુભૂતિ, એ આનંદ સુધી પહોંચ્યા વિના જે મનુષ્યો માત્ર કવિ કે સાહિત્ય સર્જક તરીકે ભજન કે સંતવાણી લખવાનો, અધ્યાત્મવાણી - ગૂઢ રહસ્યમય આતમવાણી લખવાનો કે ગાવાનો પ્રયાસ કરે છે ત્યારે એ વાણી, તેની શબ્દાવલી સાચા સાધકોને કે મૂળ વાણીના ઉપાસકોને પરંપરિત પરાવાણીની સામે ફીક્કી કે તૂરી લાગે છે. આપણે ત્યાં દરેક સંપ્રદાયની પરંપરામાં એકાદ-બે જ જન્મસિદ્ધ - સાધક, યોગી કવિ - સર્જક હોય જેમણે પોતે અધ્યાત્મનો અનુભવ કર્યો હોય અને એની વાણી જ સેંકડો વર્ષ સુધી લોકકંઠે - ભજનિકોને હૈયે ટકી શકે. એમના પછી એમની વંશ પરંપરા કે શિષ્ય પરંપરામાં આવેલા તમામ શિષ્યો કે વંશજો પોતે પોતાના પૂર્વજની કે ગુરુની અધ્યાત્મસાધનાના વારસદાર છે એવા ભ્રામક ખ્યાલ સાથે શબ્દનો - વાણીનો - ભજનરચનાઓનો આશરો લે છે. થોડીઘણી કવિત્વશક્તિ હોય પરંતુ પોતાનામાં જન્મજાત સાધના ન હોય તેથી તેમણે પૂરોગામી સંતોની વાણીમાંથી વિચાર, અભિવ્યક્તિ, શૈલી, રજુઆત, શબ્દાવલી, રાગ, ઢાળ, સંગીતના તત્વોને લઈને પોતાની રીતે ભજનોનું સર્જન કર્યું હોય એ કારણે એમાં વ્યક્ત થતા અધ્યાત્મની ઓળખાણ કોઈ પણ વાંચનાર, સાંભળનારને તુરત જ થઈ જાય. આ ભજનોમાંથી કેટલીક અટપટી રહસ્યવાણીને સમજવા, એનો અર્થ કરવાનો પ્રયાસ કરનારાએ આ વિષયને આત્મસાત કરવો પડે, સંતવાણીના પરંપરતિ - તળપદા છતાં પારિભાષિક ચોક્કસ શબ્દોનું જ્ઞાન એની મૂળ સાધના પદ્ધતિ કે સંપ્રદાયના સિદ્ધાંતો સાથે મેળવવું પડે. કારણ કે આવાં કાવ્યોમાં ભારતીય રહસ્યવાદી ધારાના તત્ત્વજ્ઞાન, ભાવનાતત્ત્વ, કલ્પનાતત્ત્વ અને બુદ્ધિતત્ત્વનો વિનિયોગ થયો હોય. અને સતગુરુની કૃપા થતાં સાધક શિષ્યને સતગુરુ કઈ રીતે અને કયા પ્રકારનો સાધનામાર્ગ કંડારી આપે છે? સંતકવિ અખાજીએ ગાયું છે :

કાગળ સતગુરુજી લખે, એના વિરલા છે વાંચણહાર,
કાગળ સતગુરુજી લખે...
જ્ઞાન-વૈરાગ્યનો દેહ ધર્યો, માંહે જોગપણાનો જીવ;
ભક્તિ આભુષણ પહેરિયાં રે, એના સેવક સમ-દમ-શિવ.
કાગળ સતગુરુજી લખે.
શીલ તણો ખડિયો કર્યો, માંહી પ્રેમ તણી રૂશનાઈ;
કલમ બુદ્ધિ સત્યની રે, એમાં અદ્વૈત આંક ભરાઈ...
કાગળ સતગુરુજી લખે...
સુરત નૂરતની લીટી કરી, માંઈ વિવેક તણી છે ઓળ;
વિચાર અક્ષર ન્યાં લખ્યા, ત્યાં તો ઊતરી છે પાટણપોળ...
કાગળ સતગુરુજી લખે...
સમજણ કાનો માતરા, વળી માયા ઉપરે શૂન્ય;
એમાં પૂરણ બ્રહ્મ છે રે, તિયાં નથી કાંઈ પાપ ને પુન્ય...
કાગળ સતગુરુજી લખે...
કોટિ પંડિત વાંચી મુવા, પઢી પઢી વેદ પુરાણ;
અક્ષર એકે ન ઊકલ્યો, એમાં થાક્યા છે જાણ સુજાણ...
કાગળ સતગુરુજી લખે...
અંધે ઈ કાગળ વાંચિયા, બહેરે સાંભળી વાણ;
મૂંગે ચરચા બઉ કરી, જેના વેદ કરે છે વખાણ...
કાગળ સતગુરુજી લખે...
અમરાપુરી નિજ ઘાટમાં નિયાં છે જેનો વાસ;
કર જોડીને અખો કહે, એવા દુર્લભ મળવા દાસ...
કાગળ સતગુરુજી લખે...

❑❑❑

આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર,
ગોસેવા-ગોસંવર્ધન ગૌશાળા, મુ.પો. ઘોઘાવદર,
તા.ગોંડલ, જિ. રાજકોટ ૩૬૦ ૩૧૧.
મો.: ૦૯૮૨૪૩૭૧૯૦૪
Website : www.ramsagar.org
Email : satnirvanfoundation@gmail.com

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાન

**પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા**

| | |
|---|---|
| રૂા. ૨૫૦૦૦ | એક સદગ્રહસ્થ બેન તરફથી સપ્ટેમ્બર ૨૦૧૭ |
| **રૂા. ૨૫૦૦૦** | **કુલ રૂપિયા** |

**'જીવનતીર્થ' નવા પ્રોજેક્ટ માટે**

| | |
|---|---|
| રૂા. ૧૦,૦૦૦ | શ્રી રમેશ પી. મહેતા, અડાલજ |
| **રૂા. ૧૦,૦૦૦** | **કુલ રૂપિયા** |

# ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે: સુદ્ગુરુ : સંસ્કૃતિનો આધારસ્તંભ

ડૉ. ગુણવંત બરવાળિયા

*લેખક પરિચય : જૈન સાહિત્યના અભ્યાસી ગુણવંત બરવાળિયા પાસેથી વિભિન્ન વિષય પરના સંપાદનના પુસ્તકો પ્રાપ્ત થાય છે. જૈન-જૈનેતર સાહિત્ય વિશેના પરિસંવાદો યોજી તેમના શોધનિબંધોના સંપાદનો તેમની પાસેથી મળતા રહે છે. જૈન ધર્મ વિષે તેમણે પરિચય પુસ્તિકા પણ આપી છે. વિવિધ સેમિનારોના આયોજનમાં તેઓ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે.*

શૈશવકાળમાં બાળકની માતા જ તેની ગુરુ હોય છે. મા ઘરના પરિસરમાં રહીને પોતાના બાળકને શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે. પરંતુ વિશ્વના વિશાળ ફલક પર તેની વિકાસયાત્રા માટે તે માતા પોતાના સ્તરની વ્યક્તિને શોધે છે અને તે છે માસ્તર. આમ જીવનમાં માના સ્તર પર જો કોઈપણ હોય તો તે છે માસ્તર... એટલે વિદ્યાગુરુ.

પોતાના બાળકના જ્ઞાનની ક્ષિતિજના વિસ્તાર માટે મા પોતાનું બાળક શિક્ષકને સોંપી દે છે. પ્રથમ શિક્ષક માતા, અને પછી જીવનમાં વિદ્યાગુરુનો પ્રવેશ થાય છે.

ગુ એટલે અંધકાર, રુ એટલે દૂર કરનાર.

અવિદ્યાનો અંધકાર દૂર કરનાર, જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું મંગલ પ્રવેશદ્વારા જે ચીંધે તે સદ્ગુરુ છે. જેમને સતનો સાક્ષાત્કાર થયો છે એવા સદ્ગુરુને ભારતવર્ષના શાસ્ત્રોએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉપમા આપી નવાજ્યા છે. કેમકે જીવનમાં સદ્ગુણોના સર્જક ગુરુને બ્રહ્મા ગણ્યા છે. સદ્ગુણના પોષક શ્રી વિષ્ણુને તુલ્ય ગણ્યા છે અને દોષોના વિનાશક મહાદેવ જેવા માન્યા છે. આ ત્રણ દેવોની ઉપમા યથાર્થ છે.

વિદ્યાગુરુ વિદ્યાદાન દ્વારા આપણા વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. જે જ્ઞાન નોકરી, ધંધા કે વ્યવસાય દ્વારા જીવન નિર્વાહ ચલાવવા ઉપયોગી થાય છે. વળી ભૌતિક સુખ સંપત્તિ પ્રતિષ્ઠાનું ઉપાર્જન પણ તેના દ્વારા થઈ શકે છે. ઉપરાંત, વિદ્યાગુરુએ આરોપેલ ધર્મનીતિના સંસ્કારો આપણામાં રહેલી સુષુપ્ત ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કરે છે. આમ વિદ્યાગુરુ માનવીનો આખો ભવ સુધારે છે.

પુરુષાર્થ અને પુણ્યના યોગથી ભૌતિક સમૃદ્ધિ સંપન્ન થઈ હોય તો તે સમૃદ્ધિને કઈ રીતે ભોગવવી, તેનો વિવેક ધર્મગુરુ જ શીખવી શકે અને ભૌતિક સમૃદ્ધિ વિના પણ, ખૂબ જ પ્રસન્નતાથી કઈ રીતે જીવી શકાય તે વિદ્યા તો માત્ર ધર્મગુરુ દ્વારા જ પામી શકાય.

ભારતીય ગુરુ પરંપરામાં હજારો વર્ષથી ભક્તો-શિષ્યોના હૃદયમાં ગુરુમહિમાનું ગાન, રટણ અને જાપનું અસ્ખલિત સાતત્ય છે.

ગુરુબ્રહ્મા ગુરર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર।
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ।।

આ સંસ્કૃતિએ ગુરુનો પરમતત્ત્વ રૂપે સ્વીકાર કર્યો છે.

આધ્યાત્મિક તત્ત્વનાં રહસ્યો પામવા માટે માત્ર આ ભવ જ નહિ પરંતુ ભવ પરંપરા સુધારવા માટે જીવનમાં ધર્મગુરુ મહત્ત્વ અનન્ય છે.

*બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત,*
*સેવે સદ્ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત*
*બુઝી ચાહત જો પ્યાસ કો, હે બુઝન કી રીત,*
*પાવે નહી ગુરુગમ બિના, એહ અનાદિ સ્થિત!*

આપણા વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. પૂજ્ય મહાસતી તરુલતાજીએ 'હું આત્મા છું'માં યુગપુરુષ શ્રીમદ રાજચંદ્રની આ મહાન રચનાને અદ્ભુત રીતે સમજાવતાં કહ્યું છે કે, 'બીના નયનની વાત એટલે જે અનુભવ ઈન્દ્રિયોથી થઈ શકતો નથી, ઈન્દ્રિયાતીત છે એવો આત્માનુભવ. આપણા ચર્મચક્ષુઓ જગતના સર્વ રૂપી પદાર્થો જોઈ શકે છે. પણ અરૂપી એવો આત્મા આ નયનોમાં સમાતો નથી. તેને જોવો જાણવો હોય તો અંતરચક્ષુ ઉઘાડવા પડશે. અંતરનો થયેલો ઉઘાડ, અંતરની અનુભવદશાની પ્રાપ્તિની તીવ્ર લગન જ આત્માનો સાક્ષાત્કાર કરાવી શકે. પણ એ લગન લગાડે કોણ? બ્રહ્મ જ્ઞાનનો ભોમિયો જેણે પોતે આત્માનુભવ કરી લીધો છે તેઓ માટે હે માનવ! આત્માનુભવી સદ્ગુરુના ચરણોમાં ચાલ્યો જા. તેમના ચરણનું ગ્રહણ કરવાથી પરમાનંદને પામી શકાશે.'

સંત કબીરજીએ પણ સદ્ગુરુને જીવનમાં પ્રથમ સ્થાને મૂક્યા - પ્રસ્થાપ્યા છે.

*ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકે લાગું પાય?*
*બલિહારી ગુરુ આપની, ગોવિંદ દિયો બતાય.*

આમ સહુ સંતોએ એકી અવાજે સદ્ગુરુના શરણને સ્વીકાર્યું છે. સદ્ગુરુ વિના સાધના માર્ગે વિકાસ થઈ



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

શકતો નથી.

ગુણપૂજક જૈનપરંપરામાં વિશુદ્ધિની દ્રષ્ટિએ સિદ્ધ ભગવંતનું સ્થાન ઊંચું છે. અરિહંત પ્રભુ સિદ્ધોને નમસ્કાર કરે છે પરંતુ નમસ્કાર મહામંત્રમાં પહેલા નમસ્કાર અરિહંત પ્રભુને અને પછી સિદ્ધ પ્રભુને કરીએ છીએ કારણ કે આપણને સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર જો કોઈ હોય તો તે ઉપકારી અરિહંત ભગવાન છે. મહાન સદ્‌ગુરુ રૂપે જો અરિહંત ભગવાને સિદ્ધનું સ્વરૂપ ન બતાવ્યું હોય તો આપણે જાણી શક્યા ન હોત અને એવી સિદ્ધદશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા કોઈ જીવ પ્રેરાયો ન હોત.

આમ પ્રત્યેક જીવ પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે. એ બતાવનાર અરિહંત પ્રભુને સિદ્ધ ભગવંત કરતાં પણ પ્રથમ સ્થાન આપ્યું છે.

વર્તમાને ગુરુની અનિવાર્યતા છે. કારણ, આ કાળમાં આ ક્ષેત્રે અરિહંતદેવ આપણી વચ્ચે સદેહે નથી ત્યારે આપણા માટે જો કોઈ સચોટ અને સબળ અવલંબન હોય તો તે માત્ર એક જ છે અને તે છે સદ્‌ગુરુ.

જિનેશ્વરે શાસ્ત્ર પ્રરૂપ્યા, ગુરુ ગણધર તથા તેમની શિષ્ય પરંપરાએ એ ઉપદેશ સૂત્ર-સિદ્ધાંતને આગમરૂપે ગુંથ્યા. આમ સદ્‌ગુરુને કારણે આપણને આગમરૂપી અમૂલ્ય વારસો મળ્યો. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે. મર્મ બતાવ્યો નથી. મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડ્યો છે. ગુરુ આપણા દોષ જોઈ આપણને જાગૃત કરે, જ્યાં ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે, પરમહિતકારી મિત્ર, કરુણાનિધાન સદ્‌ગુરુ, હિતબુદ્ધિએ શામ, દામ, દંડ, ભેદરૂપ નીતિ આચરીને પણ સાધકને સાચા રસ્તે ચડાવે. ગુરુ શિલ્પી છે. શિલામાંથી નકામો ભાગ દૂર કરી શિલ્પી સુંદર મૂર્તિ બનાવે તેમ ગુરુ શિષ્યના દુર્ગુણો દૂર કરીને તેને જીવનસૌંદર્ય બક્ષે છે.

જ્ઞાન તો પ્રત્યેક માનવીના આત્માનો પ્રથમ ગુણ છે. પરંતુ જ્ઞાનાવરણીય કર્મથી આત્મા જ્યાં સુધી લોપાયેલો છે. ત્યાં સુધી તેને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ નથી આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય ગુરુના ઉપદેશ વિના શક્ય નથી.

**''અહિલ્યા થઈને સૂતું છે, અમારું જ્ઞાન અંતરમાં,**
**ગુરુ ! મમ રામ થઈ આવો, તમારા સ્પર્શ ઝંખુ છું.''**

આમ સદ્‌ગુરુના સ્પર્શમાંથી જ્ઞાન પ્રગટ થવાની માર્મિક વાત કવિએ કહી છે. કબીરજીએ તો સદ્‌ગુરુને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે.

સદ્‌ગુરુકી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર
લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર

આવા સદ્‌ગુરુ મેળવવા માટે આપણને અંતરના અતલ ઊંડાણમાંથી જિજ્ઞાસા ઝંખના જાગવી જોઈએ. ગુરુ પ્રાપ્તિની અભિલાષા રોમરોમમાંથી પ્રગટ થવી જોઈએ. સહરાના રણમાં પ્રવાસ કરતાં પ્રવાસીને તરસ લાગે ત્યારે શીતલ જળ માટે કેવી ઉત્કૃષ્ટ ઈચ્છા થાય છે, એ જ રીતે...

**સદ્‌ગુરુ !**
**તમોને ઝંખુ છું પ્રખર સહરાની તરસથી...**

સદ્‌ગુરુ જેવા મહાન રત્નને જીરવી શકે તેવી પાત્રતા પણ કેળવવી જોઈએ આ તો સિંહણના દૂધ જેવી વાત છે. વિનય, હિત શિક્ષાની પાત્રતા અને ગુરુ પ્રત્યે આદર અતૂટ શ્રદ્ધા આદર્શ શિષ્યના ગુણો છે. આવા આદર્શ શિષ્ય માટે સદ્‌ગુરુનું શરણું કલ્પવૃક્ષની શીતળ છાંયા સમાન છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે કુગુરુ કાગળની કે પથ્થરની નાવ જેવા હોય છે. કાળગની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને પણ ડૂબાડે જ્યારે સદ્‌ગુરુ કાષ્ટની નાવ જેવા હોય છે જે પોતે તરે અને બીજાને પણ તારે છે.

જ્ઞાનીઓએ ગુરુને પનિહારી સમાન અને સોનાની ખાણના ખાણીયારૂપે કહ્યા છે.

કૂવામાં પાણી ઘણું છે. તરસ્યો પ્રવાસી કાંઠે ઊભો છે. પાણીના દર્શનથી તેની તૃષા તૃપ્ત થવાની નથી. પનિહારી દોરડું સિંચી ઘડામાં પાણી ભરી બહાર લાવે તેને કપડા વડે ગાળી પ્રવાસીની તૃષા તૃપ્ત કરે છે, તેમ શાસ્ત્રનું જ્ઞાન કૂવાના પાણી જેવું છે. ગુરુ તેનું ચિંતન-મનન પરિશીલન કરી આપણે યોગ્ય બનાવી આપે છે અને આપણી જ્ઞાનપિપાસાને તૃપ્ત કરે છે. જેમ પનિહારી કોઈપણ તરસ્યા વટેમાર્ગુને નાત, જાત-પાતના ભેદ વગર તૃષા તૃપ્ત કરે છે. તેવા જ છે કરુણાવંત જ્ઞાની ગુરુજન.

વળી સોનાની ખાણમાં માટી મિશ્રિત સોનાનો પુરુષાર્થ દ્વારા અનેક પ્રક્રિયાથી ચોવીસ કેરેટની શુદ્ધ સોનાની લગડી ખાણીયા બનાવે છે તેમ જ્ઞાની ગુરુજન શાસ્ત્રના અગાધ રહસ્યોને સરળ ભાષામાં આપણી સમક્ષ રજૂ કરી મોક્ષનો માર્ગ સુલભ કરી આપે છે. સદ્‌ગુરુ અંતરમાં અખૂટ અનુકંપાનું ઝરણું વહેતું હોય છે. તેથી સંસ્કાર અને સાચી સમજણ ગુરુ પાસેથી મળે છે. અધ્યાત્મજ્ઞાન અને જીવનનાં ઉચ્ચ મૂલ્યો ગુરુ દ્વારા સાંપડે છે. આપણી આર્યસંસ્કૃતિમાં ગુરુને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મ સંસ્કૃતિના સંરક્ષક, આધારસ્તંભ અને પોષક માનવામાં આવ્યા છે. સદવિદ્યા, બ્રહ્મવિદ્યા ને સદ્‌ગુણો ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. નમ્રતા, સેવાભાવ, વિનય ને વિવેક એ બધું ગુરુ કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણે તત્ત્વો પરમ માંગલ્યકારી છે. આ ત્રણ તત્ત્વો તારક છે, પરંતુ આમાં ગુરુનું મહત્ત્વ અવર્ણનીય છે. ત્રણેમાં ગુરુનું સ્થાન એટલા માટે સર્વોપરી છે કે દેવ અને ધર્મ તત્ત્વની સમજણ કરાવનાર ગુરુ જ છે.

ગુરુ ભવ્ય જીવોને બોધ આપે છે. ગુરુના માર્ગદર્શન અને સદ્‌બોધના સ્પંદનો જ જ્ઞાન પ્રાગટ્ય માટે ઉપકારી છે. ગુરુથી જ સમ્યક્ પંથની પ્રાપ્તિ થાય છે. ગુરુથી જ સમસ્યાનું સમાધાન થાય છે. ગુરુની આરાધના તારે છે ને પાર ઉતારે છે. ગુરુરૂપી નાવમાં બેસીને જ સંસારસાગર તરી શકાય છે.

સંસારના સમુદ્રમાં તોફાન આવે અને જીવનનૌકા જ્યારે તેમાં અટવાઈ જાય ત્યારે ખૂબ પ્રયત્ન કરવા છતાં ખરાબે ચડેલી નાવ કિનારા તરફ જઈ શકતી નથી ત્યારે મૂંઝાયેલા શિષ્યના હૃદયમાંથી પોકાર ઉઠે છે -

*"હું તો હલેસાં મારતો થાકી ગયો છું હે ગુરુ!*
*નાવિક બનીને આવજો આ જીવનનૈયા તારવા."*

સાચા હૃદયના આ પુકારથી ગુરુ અવશ્ય માર્ગ બતાવે છે.

ગુરુ કુંભાર છે. જેમ કુંભાર ઘડાનું ઘડતર કરે તેમ ગુરુ શિષ્યનું ઘડતર કરે છે. બહારથી ભલે ટપલા મારે પણ અંદરથી મૃદુ હાથના સ્પર્શથી ઉષ્માભર્યો ટેકો આપે છે. કુંભાર જેમ વધારાની માટીથી ઘડાને સુંદર ઘાટ આપે છે તેમ ગુરુ શિષ્યની ભૂલોને, ઉણપ, ક્ષતિઓને દૂર કરી યોગ્યતા બક્ષે છે.

બહારથી ગુરુનું સખત કે કડક અનુશાસન હોય પરંતુ અંદરથી શિષ્ય પ્રતિ દયાવાન ગુરુ મૃદુભાવ રાખે છે.

કબીર સાચું જ કહે છેઃ

*'યહ તન વિષ કી વેલડી*
*ગુરુ અમૃત કી ખાણ*
*શીશ દીયે જો ગુરુ મીલે*
*તોભી સસ્તા જાણ.'*

'હું તો વિષય-ક'ષાયોના ઝેરથી ભરેલ છું. ગુરુ તો સદ્‌ગુણોની અમૃતખાણ છે. મસ્તક અર્પણ કરવાથી પણ જો ગુરુ મળે તો હું ન્યાલ થઈ જાઉં'.

ભારતીય સંતો, ભજનિકો અને દાર્શનિક કવિઓએ ગુરુમહિમાનાં ગીતો ગાયાં છે, રવિભાણ સંપ્રદાયના સંતો, મહાપંથી સંતો, પરબ સંપ્રદાયના સંતો દાસી જીવણ, લક્ષ્મીસાહેબ, સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદસ્વામી, શંકરાચાર્યની વિવેક ચૂડામણિ, કાશ્મીરની કવિ લલેશ્વરીની રચનાઓ, ગંગાસતી, હોથી, દેવાયત, ડુંગરપરી, નરસિંહ, મીરા, ધરમદાસ, સંતકવિ અખો, નાનકવાણી અને પ્રીતમદાસે ભરપૂર ગુરુગુણ ગાયા છે.

જૈન શ્રાવક કવિઓ અને જૈન આચાર્યોની રચનાઓ ગુરુગુણદર્શન કરાવે છે.

શ્રાવક કવિ ઋષભદાસ, પૂ. આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, આ. સમયસુંદર, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી, જ્ઞાનમિલસૂરિજીની સજ્ઝાયો, શ્રી ચિદાનંદજી, પાર્શ્વચંદ્રસૂરિ, કમલસુંદર ગણી ઉદયગિરિના યોગેશ્વર જગજીવનસ્વામી, મુનિ સંતબાલજી, પરમ દાર્શનિક જયંતમુનિએ પોતાની રચનાઓમાં ગુરુમહિમા ગાયો છે.

સાધનાના દરેક તબક્કામાં ગુરુ, શિષ્યોને સહાયક બને છે. ગુરુ અહંકાર દૂર કરાવી પાત્રતા પ્રગટાવે છે. ગુરુ આપણા જીવનમાં વિનય ધર્મનું આરોપણ કરે છે અને સાધના માટે લીધેલા સાધન અંગે માર્ગદર્શન આપે છે. ગુરુઆજ્ઞાથી લીધેલ સાધનથી સાધ્ય સુધી પહોંચવામાં સરળતા રહે છે.

દાર્શનિક સંદર્ભે ગુરુદક્ષિણા વિશે ચિંતન કરવા જેવું છે. શિષ્યે હૃદયમાં એવા ભાવ પ્રગટ કરવા જોઈએ કે, 'જે કાંઈ મને મળ્યું છે તે ગુરુકૃપાએ જ મળ્યું છે, માટે સર્વ ગુરુનું જ છે તો હું તેને ગુરુદક્ષિણા આપનાર કોણ? ગુરુને અર્પણ થયા પછી અહંનું વિસર્જન થયું છે, મનનું મૃત્યુ થયું છે. આ જગતમાં આત્માથી શ્રેષ્ઠ કશું જ નથી અને મને આત્માનું દર્શન કરાવનાર તો ગુરુ જ છે જેથી આત્મા પણ તેનો જ છે તો હું ગુરુને શું આપી શકું? આમ લઘુતાભાવ પ્રગટ થાય તો જ શિષ્યત્વ આદર્શ બની શકે છે. ગુરુ, ભક્તિની પરાકાષ્ઠા રૂપ શ્રીમદ્‌જીની ગાથા દ્વારા આપણે આ વિષયનું સમાપન કરીશું'.

*અહો અહો શ્રી સદ્‌ગુરુ કરૂણા સિંધુ અપાર*
*આ પામર પર તમે કર્યો અહો અહો ઉપકાર*
*શું ગુરુ ચરણ કને ધરું આત્માથી સૌ હીન*
*તે તો ગુરુએ આપીયો વર્તું ચરણાધીન*
*દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત*
*તે જ્ઞાનીનાં ચરણમાં હો વંદન અગણિત.*

સંત દત્તાત્રેય, પશુ-પંખી અને પ્રાણીઓમાં દેવી ગુણોની વિશિષ્ટતાનાં દર્શન કર્યા તો તેમણે એ બધાને ગુરુપદે સ્થાપી દીધાં. ધન્ય છે તેમની ગુણાનુરાગી દ્રષ્ટિને!

દત્તાત્રેય ને માનવી, પ્રાણી અને પ્રકૃતિમાં જે સદ્‌ગુણો દેખાયા તેને તેમણે ગુરુ માન્યા, ધરતી, આકાશ, સમુદ્ર, વાયુ, અગ્નિ, ઈયળ, ચંદ્ર, સૂર્ય, અજગર, જલ, પતંગિયું, હાથી, મધપૂડો, હરણ, માછલી, ગણિકા, બાળક, કુંવારી કન્યા, લુહાર, સર્પ, મધમાખી, અને કૂતરો આમ આ ચોવીશ

ગુરુઓ બનાવ્યા છે.

અખો, કબીર, મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદના ગુરુ સંબંધી ચિંતનમાં એક સૂર પ્રગટે છે 'તું તારો ગુરુ થા!' સદ્‌ગુરુની શોધ કરવા, ગુરુની પ્રાપ્તિ માટે તું જ સ્વયં તારો ગુરુ થઈને પુરૂષાર્થ કર તો જ તને સત્પુરૂષની પ્રાપ્તિ થશે.

વ્યાસમુનિ - નારદ, ભીષ્મના ગુરુ પરશુરામ આરૂણિ, ઉપમન્યુ, સત્યકામ, જૈમિન, પરશુરામ, કર્ણ, ભગવાન મહાવીર-ગણધર ગૌતમ, વશિષ્ટ - રામ, કૃષ્ણ - સાંદીપની, દ્રોણાચાર્ય - એકલવ્ય, રામાનંદસ્વામી, રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા મહાન ગુરુ શિષ્યનું પાવન સ્મરણ કરી સંસ્કૃતિ આધારસ્થંભ સમા સદ્‌ગુરુને વંદના! ❑❑❑

- gunvant.barvalia@gmail.com | Mob.: 09820215542

# પરમપદના પથદર્શક શ્રી સદ્‌ગુરુનો મહિમા

**મિતેશભાઈ એ. શાહ (કોબા)**

***લેખક પરિચય : શ્રી મિતેશભાઈ એ. શાહ વ્યવસાયે શિક્ષક છે. શ્રીમદ રાજચંદ્ર આશ્રમ -કોબા દ્વારા પ્રકાશિત થતા અધ્યાત્મિક માસિક સામયિક 'દિવ્યધ્વનિ'ના તેઓ તંત્રી-સંપાદક છે. શ્રીમદ્‌જી સાહિત્ય પરનો તેમનો અભ્યાસ મનનીય છે.***

*''આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ;*
*સુંદર મેલા કર દિયા, સદ્‌ગુરુ મિલા દલાલ.*
*ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિટે ન ભેદ*
*ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ''.*

ભારતની ભવ્ય સાંસ્કૃતિક પરંપરામાં યુગે યુગે મહાપુરૂષોનો પ્રાદુર્ભાવ થતો જ રહે છે. ભારતીય સંસ્કૃતિના ઉત્થાન પોષણ અને વિકાસમાં ભારતીય સંતોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેલું છે. ભારતીય પ્રજામાં ધર્મ પ્રત્યે આસ્થા, સત્ય, દયા, અહિંસા, પરોપકારાદિ ગુણો દૃષ્ટિગોચર થાય છે તેના મૂળ સ્રોત ભારતીય સંતો-મહાત્માઓ છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં સદ્‌ગુરુનું અપૂર્વ માહાત્મ્ય ગાવામાં આવ્યું છે. બધા આર્યધર્મોએ આધ્યાત્મિક વિકાસ માટે સદ્‌ગુરુની આવશ્યકતા એક અવાજે સ્વીકારી છે. જેવી રીતે બાળકના વિકાસમાં માતાનું સ્થાન છે. તેવી જ રીતે સાધકને સાધનામાર્ગમાં આગળ વધવા શ્રી સદ્‌ગુરુનું પ્રબળ અવલંબન શ્રેયસ્કર છે.

સદ્‌ગુરુના પરમ ઉપકારની સ્વીકૃતિ વિના સાધકનો આત્મવિકાસ સંભવિત નથી. એટલે જ તો મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રજીએ 'શ્રી આત્મસિદ્ધિ'માં કહ્યું છે,

*''પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,*
*એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર''.*

પરમકૃપાળુ શ્રીમદ રાજચંદ્રજી સદ્‌ગુરુનો અલૌકિક મહિમા વર્ણવતાં જણાવે છે, ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરૂષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે''. સ્વચ્છંદે ચાલીને જીવ પોતાનું હિત કરી શકતો નથી પણ શ્રી સદ્‌ગુરુની આજ્ઞાનો આરાધક અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે! એટલે જ શ્રીમદ રાજચંદ્રજીએ કહ્યું,

''સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ''.

आणाए धम्मो आणाए तवो। અર્થાત્ (સદ્‌ગુરુની) આજ્ઞાનું આરાધન એ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ તપ. શ્રી ગૌતમસ્વામી જેવા ગણધર પણ પ્રભુ મહાવીરની આજ્ઞાને 'तहत्ती' કહીને માથે ચડાવતા. ભગવાનનું સ્વરૂપ આપણને શ્રી સદ્‌ગુરુ સમજાવે છે. તેથી તેમનો આપણા પર મહાન ઉપકાર છે.

*''સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;*
*સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યો જિનસ્વરૂપ''*

- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

વર્તમાનમાં આપણામાં રહેલા દોષો ભગવાન બતાવવા આવતા નથી. પ્રત્યક્ષ સદ્‌ગુરુ આપણામાં રહેલા દોષદર્શન કરાવી તેનાથી છોડાવે છે, આપણામાં સદ્‌ગુણો સંસ્થાપિત કરે છે, ધર્મનું સાચું સ્વરૂપ સમજાવી 'તું પણ પરમાત્મા બની શકે છે', તેવી સાચી સમજણ આપે છે. મોક્ષરૂપી મહેલની સીડી ચઢવા પ્રત્યક્ષ સદ્‌ગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા અત્યંત આવશ્યક છે. આપણામાં રહેલ વિષયાસક્તિ, કષાયભાવો વગેરે દોષો સ્વચ્છંદથી સ્વયં કાઢવા જઈએ તો તે જતાં નથી, પણ સદ્‌ગુરુનું સાચું શરણ લેવાથી અલ્પ પ્રયાસો તે દોષો દૂર થાય છે. યથા

*''માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;*
*જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય''*
- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબાના આદ્યસ્થાપક શ્રદ્ધેય સંત શ્રી આત્માનંદજી જણાવે છે કે જો એક પી.એચ.ડી.ની ડીગ્રી મેળવવા માટે 'ગાઈડ'ની જરૂર પડે છે તો અનાદિકાળથી અનભ્યસ્ત એવા મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે, મોક્ષમાર્ગના અનુપમ ભોમિયા એવા શ્રી સદ્‌ગુરુની પરમ આવશ્યકતા પડે તે વાત સહજ સમજી શકાય તેમ છે.

આપણે જો સાચા 'ભાવ'થી પરમાત્મા અને સદ્‌ગુરુનું સાચું શરણું લઈએ તો આપણે પણ ક્રમે કરીને તેમના જેવા બની જઈએ.

*''પારસ ઔર સુસંતમેં બડો અંતરો જાન,*
*વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન''.*

જેઓએ પોતાના જીવનમાં વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી છે અને તેને કારણે જેમનું નામ ઈતિહાસમાં અમર બન્યું છે તેની પાછળ તેઓએ લીધેલ શ્રી ગુરુનું શરણ અને તેમની કૃપાપ્રસાદી છે. શ્રી ગૌતમ સ્વામીના ગુરુ પ્રભુ મહાવીર, શ્રી ચંદ્રગુપ્ત મૌર્યના ગુરુ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી કૃષ્ણના ગુરુ શ્રી સાંદિપનિ, શિવાજીના ગુરુ સ્વામી રામદાસ, સિકંદરના ગુરુ એરિસ્ટોટલ અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી હતા.

શ્રી સદ્‌ગુરુ આપણા અહંભાવ અને મમત્વભાવ પર ઘા કરે છે, પરમાત્મા સાથે મેળાપ કરાવે છે, વિશાળ દ્રષ્ટિ આપે છે અને અધ્યાત્મના ગગનમાં ઉડવા માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી બે પાંખો આપે છે. શ્રી સદ્‌ગુરુ કાષ્ઠ સ્વરૂપ હોય છે કે જેઓ પોતે તરે અને બીજાને તરવામાં ઉત્તમ નિમિત્ત બને છે.

સંસાર એ સાગર છે. પરમાત્મા તે દીવાદાંડી છે. ધર્મ એ જહાજ છે અને સદ્‌ગુરુ જહાજના નાવિક છે. જો આપણે ધર્મરૂપી જહાજમાં સદ્‌ગુરુરૂપી નાવિકના સહારે બેસીએ તો સંસારરૂપી સાગર તરી જઈએ.

શ્રી સદ્‌ગુરુ આપણને સાધનામાર્ગમાં પડતીના સ્થાનો બતાવીને સાચવે છે અને સાધનાની ઉચ્ચતમ ભૂમિકા સુધી લઈ જાય છે. બારમાં ગુણસ્થાનક સુધી શ્રી સદ્‌ગુરુના પ્રબળ અવલંબનની જરૂર પડે છે. સદ્‌ગુરુનું વ્યક્તિત્વ ચેતનાસભર હોય છે. તેમના સમગ્ર વ્યક્તિત્વમાંથી પવિત્રતાના સ્પંદનો નીકળતા હોય છે, જેની અસર તેઓના સંપર્કમાં આવનાર પર થતી હોય છે. તેઓનું પવિત્ર આભામંડળ (ઓરા) સાધકને મોક્ષમાર્ગમાં આગળ વધવા સહેજે સહાયરૂપ થાય છે. જપ, તપ, સંયમ, વગેરે સાધનો જીવ પોતાની મેળે કરે તો તે મોક્ષના હેતુરૂપ થતા નથી, પરંતુ સદ્‌ગુરુની આજ્ઞાનુસાર સત્સાધનો કરવામાં આવે અને તેમાં શ્રી સદ્‌ગુરુની કૃપા ભળે તો તે મોક્ષના હેતુરૂપ થાય છે.

*''જપ તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ,*
*જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ''.*

શ્રી સદ્‌ગુરુ પોતાના સુયોગ્ય શિષ્યમાં શક્તિપાત કરે છે. જે સદ્‌ગુરુનો દ્રોહ કરે છે, તેને શાસ્ત્રમાં પણ ભુવનનો ચોર કહ્યો છે. શ્રી સદ્‌ગુરુ આપણને આત્માનું સ્વરૂપ સમજાવે છે, સદ્ધર્મમાં સંસ્થાપિત કરે છે. જેમ બાળકને રિઝવવાથી તેના પિતા ખુશ થાય છે તેમ શ્રી સદ્‌ગુરુની સેવા - આજ્ઞા આરાધન કરવાથી પરમાત્મા રીઝે છે.

*''સંતનકી સેવા કિયા, પ્રભુ રિઝત હૈ આપ,*
*જાકા બાલ ખિલાઈએ, તાકા રિઝત બાપ''.*

સદ્‌ગુરુને પરમાત્માના લઘુનંદન કહેવામાં આવ્યા છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં સદ્‌ગુરુના લક્ષણો બતાવતા કહ્યું છે,

*''આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદયપ્રયોગ;*
*અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય''*

સદ્‌ગુરુનો સંગ કરવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે તેનો ક્રમ દર્શાવતાં શ્રી શંકરાચાર્યજી જણાવે છે,

''सत्संगत्वे निःसंगत्वं निःसंगत्वे निर्मोहत्वं।
निर्मोहत्वे निश्चलचित्तं, निश्चलचित्ते जीवनमुक्तिः।।''

સત્સંગ વિના અસંગ પદની પ્રાપ્તિ થતી નથી. શુષ્કજ્ઞાની જીવ વિચારે છે કે મારે સત્સંગ કે સદ્‌ગુરુની જરૂર નથી. હું તો ધ્યાન કરીને પરમપદ પ્રાપ્ત કરી લઈશ! તેનો જવાબ આપતાં શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે કે સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.

આ કાળમાં ગુરુની પરીક્ષા કરીને તેમને સદ્‌ગુરુ માનવાં, નહિતર કુગુરુ ભટકાઈ જાય તો પોતે સંસારસાગરમાં ડૂબે. શ્રી કબીરજી કહે છે તેમ -

*''ગુરુ લોભી શિષ્ય લાલચી, દોનો ખેલ દાવ,*
*દોનોં બૂડે બાપડે, બેઠે પથ્થરકી નાવ''*

પં. જુગલકિશોર મુખ્તાર રચિત 'મેરી ભાવના'માં સદ્‌ગુરુનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે,

*''વિષયોં કી આશા નહિ જિનકે સામ્યભાવ ધન રખતે હૈં,*
*નિજ પર કે હિત સાધન મેં નિશદિન તત્પર રહતે હૈં;*
*સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા બિના ખેદ જો કરતે હૈં,*

*એસે જ્ઞાની સાધુ જગત કે દુઃખ સમૂહકો હરતે હૈ''*

શ્રી સદ્‌ગુરુના સત્સંગનું અપૂર્વ માહાત્મ્ય વર્ણવતા શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે, ''સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરૂષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવાં અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી''.

જેમ ઈયળનું ક્રમે કરીને ભમરીમાં રૂપાંતર થાય છે તેમ સદ્‌ગુરુનો સમાગમ પણ આપણને તેમના જેવા બનાવી દે છે.

''क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका।''

અર્થાત્ એક ક્ષણનો પણ સત્સમાગમ સંસારસમુદ્ર તરવામાં નૌકા સમાન થાય છે.

''चन्दनं शीतलं लोके चन्दनादपि चन्द्रमा।
चन्दनचन्द्रयोर्मध्ये शीतलां साधुसंगतिः।।''

અર્થાત્ જગતમાં ચંદન શીતળ છે, ચંદ્ર તેનાથી પણ શીતળ છે પરંતુ ચંદન અને ચંદ્રથી પણ અધિક શીતળ સત્પુરૂષોનો સંગ છે.

આપણને મળેલા મહાદુર્લભ એવા માનવભવને સફળ કરવા માટે શ્રી સદ્‌ગુરુનો સંગ અવશ્ય કરવો જોઈએ. આત્મજ્ઞ સંતોના સાન્નિધ્યમાં રહીને આત્મસુધારણાનો પ્રયાસ કરવો તે આપણું સર્વોત્કૃષ્ટ શ્રેય છે. શ્રી નારદમુનિના સમાગમથી વાલિયા લુંટારાનું જીવનપરિવર્તન થયું. ગૌતમ બુદ્ધના સમાગમથી અંગુલિમાલ તથા પ્રભુ મહાવીરના સંગે અંજનચોરનું જીવન પરિવર્તન થયું હતું.

શ્રી સદ્‌ગુરુનો સંગ એ બુદ્ધિની મૂઢતાને હરી લે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, સ્વમાનને વધારે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે અને સુયશને સર્વત્ર ફેલાવે છે. સદ્‌ગુરુ સંગ ચિત્તની તૃષ્ણા અને અભિમાનને બુઝાવે છે, દુઃખો હરી લે છે, સંપત્તિને વધારે છે, આ લોક અને પરલોકમાં પુણ્યોદય પ્રાપ્ત કરાવે છે અને દુઃખોનો સર્વથા નાશ કરે છે. શ્રી સદ્‌ગુરુના સંગમાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય છે, ઉત્તમ જ્ઞાન-ધ્યાનની સુકથા થાય છે, સત્પુરૂષોના ચરિત્ર પર વિચાર બંધાય છે, તત્ત્વજ્ઞાનના તરંગની લહેરીઓ છૂટે છે, સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય છે, અને મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય છે.

સદ્‌ગુરુ ઘોર અંધકારમાં અથડાતા શિષ્યને જ્ઞાનનો પ્રકાશ આપી સાચો રાહ ચીંધે છે. જેવી રીતે બગીચાના વિકાસ માટે માળીની જરૂર પડે છે. તેમ આપણા જીવનરૂપી ઉદ્યાનના વિકાસ માટે શ્રી સદ્‌ગુરુનું અવલંબન શ્રેયસ્કર છે. ગુરુ ટાંકણા મારી મારીને પથ્થર જેવા શિષ્યનું ઘડતર કરે છે.

*''ગુરુ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર;*
*પથ્થર સે પ્રતિમા કરે, પૂજા લહે અપાર.''*

વિદ્યાગુરુ, દીક્ષાગુરુ, શિક્ષાગુરુ એમ ગુરુના અનેક પ્રકાર છે. શ્રી સદ્‌ગુરુરૂપી દલાલ આત્માનો પરમાત્મા સાથે મેળાપ કરાવી આપે છે, છતાં તેઓ કોઈ દલાલી લેતા નથી! અનાદિકાળથી આપણને આત્મભ્રાંતિ નામનો રોગ થયો છે તેને સદ્‌ગુરુરૂપી વૈદ્ય સિવાય કોઈ દૂર કરી શકે નહિ.

*''આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;*
*ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન''.*

શ્રી સદ્‌ગુરુ આપણને અધ્યાત્મરૂપી ગગનમાં સફર કરવા માટે તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યરૂપી બે પાંખો આપે છે. સદ્‌ગુરુ શિષ્યની ગ્રંથિઓ દૂર કરી સાચી સમજણ આપે છે. પશુ જેવા શિષ્યને ગુરુ લાયક બનાવી દે છે. યથા -

*''બલિહારી ગુરુ આપકી, પલ પલમેં કંઈ બાર,*
*પશુ મેટ હરિજન કિયા, કછુ ન લાગી બાર''.*

'શ્રી રત્નકરણ્ડ શ્રાવકાચાર' ગ્રંથમાં શ્રી સદ્‌ગુરુ કેવાં હોય તે દર્શાવતાં કહ્યું છે,

''विषयाशावशातीतो निरारंभोऽपरिग्रहः।
ज्ञान ध्यान तपोरक्तः तपस्वी सः प्रशस्यते।।''

શ્રી સદ્‌ગુરુ મોહને મહાન રિપુ જાણી ઘરબાર (સંસાર)નો ત્યાગ કરે છે. તેઓ વનમાં એકાંતમાં સાધના કરે છે. આત્મધ્યાન અને આત્મવિચારમાં લીન રહે છે. ભોગોને ભુજંગ સમાન જાણી તથા સંસારને કદલીતરુ જાણી તેમનો ત્યાગ કર્યો હોય છે. સદા રત્નત્રય (સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર)ની આરાધનામાં તત્પર રહે છે. કામરૂપી સુભટને તેઓએ પરાજિત કર્યો છે. તેઓ પંચ મહાવ્રત, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનું પાલન કરે છે. ઉત્તમ ક્ષમા આદિ દશ ધર્મોને આત્મસાત્ કરે છે. વૈરાગ્યની બાર ભાવનાઓને ભાવે છે. ૨૨ પ્રકારના પરિષહોના તેઓ વિજેતા છે, ઉપસર્ગોથી તેઓ ગભરાતા નથી. દેહાધ્યાસ ઘટાડવાં તેઓ જેઠ મહિનામાં પર્વતના શિખર પર તપ કરે છે તો શિયાળામાં પોષ મહિનામાં નદીતટે ધ્યાન કરે છે. તનનું મમત્વ નિવારી આત્મસ્વરૂપમાં સ્થિર રહેવા પ્રયત્ન કરે છે. તેઓની 'સુરતા' મોક્ષમાર્ગમાં લાગેલી હોય

છે.

**આવા સદ્‌ગુરુના કેટલાંક લક્ષણો જાણીએ:**

**૧. આત્મજ્ઞાન:-** મોહની ગ્રંથિનો છેદ થતાં તેઓને આત્મસાક્ષાત્કાર થયેલો હોય છે. અતીન્દ્રિય આનંદનો આસ્વાદ તેઓએ માણ્યો છે.

**૨. સમતા:-** ગમે તેવા વિપરીત પ્રસંગોમાં પણ તેઓ સમતા રાખે છે. સુખ-દુ:ખ, ઠંડી-ગરમી, માન-અપમાન આદિમાં તેઓને સમભાવ રહે છે.

**૩. વિચરે ઉદયપ્રયોગ:-** તેઓનો મોહ નષ્ટ થયો હોવાથી કોઈ સ્થાન પ્રત્યે તેઓને આસક્તિ હોતી નથી. કર્મના ઉદય અનુસાર તેઓ વિહાર કરે છે.

**૪. અપૂર્વ વાણી:-** તેઓની વાણી આત્માના અનુભવમાંથી આવતી હોવાથી કોઈ નય ના દુભાય અને આત્માનું પરમ હિત થાય તેવી હોય છે.

**૫. ઈન્દ્રિયવિજેતા:-** પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં તેઓ રાગ-દ્વેષ કરતા નથી. ઈન્દ્રિયોને તેઓ સંયમમાં રાખે છે.

**૬. નિ:સ્વાર્થ:-** અન્ય પાસેથી કોઈ અપેક્ષા ન હોવાથી તેઓ નિ:સ્વાર્થ છે.

**૭. સ્વ-પર કલ્યાણમાં તત્પર:-** તેઓ પોતાના આત્માનું કલ્યાણ તો કરે છે, સાથે સાથે અન્ય જીવોનો પણ ઉપકાર કરે છે.

**૮. નિ:સ્પૃહ:-** આ લોક કે પરલોકમાંથી કોઈ ભૌતિક સુખ મેળવવાની તેઓને સ્પૃહા હોતી નથી.

**૯. અપરિગ્રહી:-** તેઓ ૧૦ પ્રકારના બાહ્ય તથા ૧૪ પ્રકારના અભ્યંતર પરિગ્રહથી રહિત હોય છે.

**૧૦. વિશ્વપ્રેમી:-** જગતના સર્વ જીવ પ્રત્યે નિ:સ્વાર્થ વાત્સલ્યની વર્ષા તેઓ વરસાવતા રહે છે.

**૧૧. જ્ઞાન-ધ્યાન-તપમાં અનુરક્ત:-** તેઓ નિરંતર જ્ઞાન-ધ્યાનની ઉપાસના કરે છે અને બાર પ્રકારના તપ દ્વારા આત્માની શુદ્ધિ કરે છે.

- મુક્તિમાર્ગની ઝળહળતી મશાલ એટલે ગુરુ
- અધ્યાત્મના તેજપુંજનો પ્રકાશ પાથરે એ ગુરુ.
- પરમપદ પંથના પ્રેરણાદાતા તે ગુરુ.
- પરમપદના પથદર્શક તે ગુરુ.
- જે ભાવાચાર્ય અને પ્રકૃષ્ટ પ્રજ્ઞાવંત છે તે ગુરુ.
- પતિતને પાવન કરે તે ગુરુ.
- અધમાધમનો ઉદ્ધાર કરે તે ગુરુ.
- આત્મામાં સંસ્કારનું સિંચન કરીને શુદ્ધતાનું સંવર્ધન કરે તે ગુરુ.
- જીવનના રાહબર બનીને મંજિલ સુધી પહોંચાડે તે ગુરુ.
- સદ્‌ભાવના સ્પંદન ઉત્પન્ન કરે અને આત્માનું સંરક્ષણ કરે તે ગુરુ.
- વિભાવજ્વરથી પીડાતા જીવને રત્નત્રયનું ઔષધ પ્રદાન કરી ભાવઆરોગ્ય અર્પે તે ગુરુ.
- જીવને સન્માર્ગ સમજાવી સમ્યક્ નેત્ર આપે તે ગુરુ.
- સંસારસાગરમાં ડૂબતા જીવને બોધિનાવ દ્વારા ઉગારે તે ગુરુ.
- સાધનામાર્ગનું સર્વોત્તમ તત્ત્વ તે ગુરુ.
- કરુણાની સરવાણી અને પ્રેમનો સાગર તે ગુરુ.
- આત્માને સંસારના ચક્રવાતમાંથી ઉગારી અજન્મા બનાવે તે ગુરુ.
- જીવમાં ધર્મ ધબકાર ભરવાની ભાવના ધરાવે તે ગુરુ.
- અધ્યાત્મજગતના જવાહિર એટલે ગુરુ.
- પરિમિત છતાં પથ્ય વાણીને પ્રકાશે તે ગુરુ.
- આધ્યાત્મિક અનુભૂતિના અમીરસનું પાન કરાવે તે ગુરુ.
- શાસ્ત્રોના મર્મ સમજાવે તે ગુરુ.
- પરમના પ્રતિનિધિ એટલે ગુરુ.
- શિષ્યને આત્મરત્નનું દાન કરે તે ગુરુ.
- જેઓ મોહની ધરતીથી અસ્પૃશ્ય છે અને અધ્યાત્મના અસીમ આકાશમાં ઉડ્ડયનના આનંદની અનુભૂતિના અનુભવી છે તે ગુરુ.
- ગુરુના ચરણકમળની રજ મનરૂપી દર્પણનો મેલ દૂર કરે છે.
- પરમાર્થે જે ધાયા, સંતોની ધન્ય કાયા.

ગુરુ એવો પુલ છે કે જે આત્માને પરમાત્મા સાથે જોડે છે. ગુરુ એવા ભોમિયા છે કે જેઓ ભવઅટવીમાં ભટકતાને પાર ઉતારે છે. ગુરુ એવી દીવાદાંડી છે કે જે ભૂલી પડેલી જીવનનૈયાને સાચી દિશા બતાવે છે. ગુરુ એવા કુશળ વૈદ્ય છે કે જેઓ આપણો ભવરોગ મટાડી ભગવાન બનાવી દે છે.

શ્રી કનૈયાલાલ રાવલે કહ્યું છે કે મૌનની વાણી બોલીને કે ક્યારેક વળી બે એક શબ્દો ઉચ્ચારીને સ્વભાવથી દીન, જાતિથી હીન, વૃત્તિઓમાં લીન, આચરણથી મલિન જનને સુધારીને એના જીવનમાં ખીલવે જે વસંત, એને કહેવાય સંત.

જેમની પાસે બેસતાં દેહ ભુલાઈ જાય, જેમનાં નેત્રોમાં

મોક્ષના દર્શન થાય, જ્યાં વંદન કરવાનો આપમેળે જ ઉલ્લાસ જાગે અને જેમનાં ચરણ પ્રાપ્ત થતાં જાણે સર્વ તીર્થોની પ્રાપ્તિ થતી હોય તેવું લાગે ત્યારે અંતરથી બોલાઈ જાય કે આ જ મારા ગુરુ...

જ્યાં અંતર આનંદ અનુભવે, હૈયું ઠરવા લાગે, મન શાંત પડે, મૂંઝવણનું વગર માંગે સમાધાન થાય, કહ્યા વગર બધું જ સમજાઈ જાય, જેમના શબ્દો હૈયું સાંભળે, જેમની આજ્ઞા પાળતાં અંતરઅનુભૂતિ થાય. ત્યારે આત્મામાંથી એક જ શબ્દ નીકળે - આ મારા ગુરુ.

હે સદ્ગુરુ! આપની પરમ કરુણા, જીભ પરની પવિત્રતા, આપની આંખોમાં રહેલી પ્રસન્નતા, આપના શબ્દોમાં રહેલી સૌમ્યતા, આપના ભાવોમાં રહેલી નિખાલસતાને ધન્ય છે. કલ્યાણમય ઉપદેશથી નિજપદની પ્રાપ્તિ કરાવનાર હે ગુરુદેવ! પ્રેમથી આપનું પૂજન કરું, ભક્તિથી આરતી કરું, સેવાથી નૈવેદ્ય કરું, સમર્પણના સાથિયા કરું તો પણ હું આપના ઋણમાંથી ક્યારેય મુક્ત ન થઈ શકું.

### શ્રી સદ્ગુરુ મહિમા

(૧) સાત સમુંદર કી મસિ કરું, લેખની કરું વનરાઈ,
સબ ધરતી કાગજ કરું, ગુરુ ગુણ લિખા ન જાય.

(૨) સંત બડે પરમારથી, શીતલ વાકો અંગ,
તપત બુઝાવત ઔરકી, દે દે અપનો રંગ.

(૩) ઝળતો બળતો આત્મા, સંત સરોવર જાય,
સત્સંગરૂપી લહેરમાં, તરત શીતળ થાય.

(૪) નદિયા ગહરી નાવ પુરાની, બિન સત્‌ગુરુ કૌન ઉતારે પાર, કહે કબીર સત્‌ગુરુ કો ભજન કર, ભવસાગર સે ઉતરો પાર.

(૫) હરિસેવા સોલહ બરસ, ગુરુસેવા પલ ચાર,
તો ભી નહિ બરાબરી, વેદન કિયો વિચાર.

(૬) મોટામાં મોટો ગણાયો, ગુરુ તણો મહિમાય,
સદ્ગુરુને ઉરથી સેવતાં, ખરો ઈશ ઓળખાય.

(૭) ગુરુ ઐસા ચાહિયે, જૈસો પૂનમ ચંદ,
તેજ દિયે તપે નહિ, ઉપજાવે આનંદ.

(૮) સૂની સિતારને આપે રાગ આપ્યો છે, વેરાન રણને આપે બાગ આપ્યો છે.
ઉપકાર આપનો શેં ભૂલીએ ગુરુવર! આપે અમને સન્માર્ગ આપ્યો છે.

(૯) એક વચન સદ્ગુરુ કેરું, જો બેસે દિલમાંય,
નરક નિગોદમાં તે નવિ જાય, એમ કહે જિનરાય.

(૧૦) ગુરુની મૌન વાણીથી, ધોવાય શિષ્યનાં ઉર,
પ્રકાશે અંગે અંગોમાં, આત્મજ્ઞાન તણું નૂર.

❑❑❑

એ-૧૨, અર્બુદા ફ્લેટ્સ, જૂના ટોલનાકા સામે,
બેરોનેટ કોમ્પલેક્ષની બાજુમાં, હાઈવે સાબરમતી,
અમદાવાદ - ૩૮૦૦૦૫.
ફોનઃ (૦૭૯)૨૭૫૦૩૬૫૬,
મો.: ૯૪૨૭૦૬૪૪૭૯

**ગેબીસાહેબ**

*આ ઘટડામાં એવું દીઠું જે, સાચા ગુરુને સમરો એ જી...*
*નહિ વાંસલો નહિ વિંજણું, નહિ કરવત કુહાડો એ જી,*
*ઘટમાં બેસી ઘાટ ઘડે છે, એ ગેબી સુતાર ક્યાંનો...*
*આ ઘટડામાં...*
*નહિ વાણોને નહિ તાણો, નહિ ઢેઢ નહિ શાળો એ જી,*
*ઘટમાં બેઠો તાણો તાણે, એ ગેબી વણકર ક્યાંનો...*
*આ ઘટડામાં...*
*નહિ ગજને નહિ કાતર, નહિ સોય નહિ દોરો એ જી,*
*ઘરમાં બેઠો વેજાં વેતરે, એ ગેબી દરજી ક્યાંનો...*
*આ ઘટડામાં...*
*નહિ એરણને નહિ ધમણ, નહિ લુવાર નહિ લોઢું એ જી,*
*ઘરમાં બેસી ઘાટ ઘડે, એ ગેબી લુવારી ક્યાંનો...*
*આ ઘટડામાં...*
*નહિ જળ ને નહિ થળને, નહિ સરોવર પાળો એ જી,*
*આ ઘટડામાં નિર ચલાવે, એ ગેબી સાહેબ ક્યાંનો...*
*આ ઘટડામાં...*

**હરિદાસ**

*સતગુરુ સાહ્ય કરો એક વાર રે,*
*મારો છે મુરખનો અવતાર રે*
*પથ્થર કરતાં કઠણ હૈયુ છે મારુ રે,*
*તેમાં હરી નામ ન ભેદ તમારુ રે*
*મારા તો મનની વાતો છે વાંકી રે,*
*સતગુરુ એ પથ્થર નાંખ્યા છે ટાંકી રે*
*ટાંકીને મારગ મુગતા કીધા રે,*
*સતગુરુ એ મંત્ર અનોપમ દીધા રે*
*આતમ જ્ઞાન વિના ઘર સુંનુ રે,*
*સગપણ શોધી તે કાઢજો જુનું રે*
*જીવ તું તો જાગીને જોને અભાગી રે,*
*મુવા પછી મુક્તિ તે ક્યાં થકી માગી રે*
*એવી છે દાસ હરીની વાણી રે,*
*તેને તમેં રાખજ્યો રુદીયામાં જાણી રે*

# બૌદ્ધદર્શનમાં ગુરુની વિભાવના

ડૉ. નિરંજના વોરા

*લેખક પરિચય : ડૉ. નિરંજના વોરા ગુજરાત વિદ્યાપીઠના જૈન અને બૌદ્ધ દર્શન વિભાગના અધ્યક્ષા રહી ચુક્યા છે. જૈન તેમજ બૌદ્ધ દર્શનના સમીક્ષાત્મક તેમજ અનુદિત વીસેક જેટલા તેમના પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યા છે. જેમાંથી ઘણા પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના પુરસ્કારો પ્રાપ્ત થયા છે. સવાસો જેટલા સંશોધનપત્રો તેમણે લખ્યા છે, જે રાજ્ય, રાષ્ટ્ર તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં રજુ થયા છે. કોષ વિષયક કાર્યમાં પણ તેમની સેવાઓ મળી છે.*

પ્રત્યેક ધર્મે ધર્મગુરુની આવશ્યકતા અનિવાર્યપણે સ્વીકારી છે. વસ્તુતઃ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં - તેના સંબંધી જ્ઞાન પ્રાપ્તિ કરવા પથપ્રદર્શક શિક્ષક કે ગુરુની જરૂર રહે છે. નાનાં બાળકોને એકડો ઘૂંટાવવાથી માંડીને આધ્યાત્મિક જગતનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવાનું કાર્ય જ્ઞાની ગુરુજન દ્વારા જ થાય છે. ધર્મ શાશ્વત અને અનંત છે. જગતમાં ધર્મનું સ્વરૂપ દેશ અને કાળને અનુરૂપ ભિન્ન ભિન્ન રૂપે જોવા મળે છે. ધર્મની મુખ્ય ત્રણ કક્ષાઓ - પ્રથમ તત્ત્વદર્શન, દ્વિતીય કર્મકાંડ - આચાર - નીતિ અને તૃતીય સંગઠનના રૂપે એક નિશ્ચિત સ્વરૂપ ધારણ કરે છે. ધર્મને જ્યારે વ્યક્તિથી સમષ્ટિ સુધી પ્રસારિત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે તેના પ્રચાર - પ્રસાર માટે ધાર્મિક આચાર્યો અને પ્રચારકોની આવશ્યકતા ઊભી થાય છે અને ગુરુપરંપરાનો આરંભ થાય છે. અધિકારી ગુરુ જ શિષ્યને ધર્મવિષયક જ્ઞાન આપે અને પછી એ પરંપરા આગળ વધે છે. જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છુક દરેક વ્યક્તિ અધિકારી ગુરુની શોધમાં રહે છે.

બૌદ્ધ ધર્મમાં પણ, રાજકુમાર સિદ્ધાર્થ સંસારની ક્ષણભંગુરતાને સમજે છે ત્યારે મહાભિનિષ્ક્રમણ કરે છે - ગૃહસ્થ જીવનનો ત્યાગ કરે છે અને સત્યની પ્રાપ્તિ માટે ગુરુની શોધ કરે છે. તેમ કરતા આલારકાલામ અને ઉદ્દક રામપુત્ર નામના ગુરુ પાસે જ્ઞાનસાધનાનો આરંભ કરે છે. અન્ય ધર્મોની જેમ બૌદ્ધ ધર્મમાં પણ તપશ્ચર્યાના આરંભથી જ ગુરુનું માહાત્મ્ય સ્વીકારાયું છે. રાજકુમાર સિદ્ધાર્થે ગુરુકૃપાનો આગ્રહ રાખ્યો અને ગૌતમ બુદ્ધ બન્યા. બૌદ્ધ ધર્મમાં સર્વપ્રથમ ધર્મની સંઘ સ્વરૂપે પ્રતિષ્ઠાપના કરવામાં આવી. ગૌતમ બુધ્ધે કઠિન તપશ્ચર્યા દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું, તેનો બહુજન હિતાય બહુજન સુખાય પ્રચાર-પ્રસાર કરવા માટે ધાર્મિક સિદ્ધાંતોના આધારે નીતિ અને સદાચારના એવા નિયમ બનાવ્યા કે જેનાથી ધર્મનું સંઘીય સ્વરૂપ દીર્ઘકાળ સુધી સુરક્ષિત રહે. ગૌતમ બુદ્ધે તેને 'વિનય' તરીકે ઓળખાવ્યા. તે નિયમોનું સંકલન પાલિ ત્રિપિટકના 'વિનયપિટક' નામના ગ્રંથમાં પ્રથમ સંગીતિમાં કરવામાં આવ્યું. 'विनयतो चेपं कायवाचानं – अयं विनयो विनयो'ति अक्खातो।' વિનયપિટક કાયા અને વાણીના નિયંત્રણનું જ બીજું નામ છે. તેને બૌદ્ધ સંઘનું સંવિધાન પણ કહેવામાં આવે છે.

**ભિક્ષુ સંઘનું અનુશાસન અને વિનયપિટક :-**

ભગવાન બુદ્ધે, અન્ય ધર્મના સ્થાપકોની જેમ પોતાના પરિનિર્વાણ પછીના સમય માટે કોઈ ગુરુ પરંપરાનો આરંભ કર્યો ન હતો. તેમણે વિનયપિટકમાં વર્ણીત સદાચારના નિયમોને જ પોતાના વાસ્તવિક ઉત્તરાધિકારી ગણાવ્યા હતા. પ્રત્યેક ભિક્ષુને માટે તે નિયમોનું પાલન અપરિહાર્ય ગણાતું હતું. વિનયપિટક બૌદ્ધ ભિક્ષુઓના સંઘીય જીવનની અત્યંત મહત્ત્વપૂર્ણ આચારસંહિતા છે. પ્રથમ ધર્મસંગીતિના પ્રારંભમાં તેના સભાપતિ મહાકાશ્યતે ભિક્ષુઓને પૂછ્યું કે 'પહેલા આપણે શાનું સાંગાયન કરીશું - ધર્મ કે વિનયનું ?' ત્યારે ભિક્ષુઓએ જવાબ આપ્યો કે 'વિનય જ બૌદ્ધ શાસનનું આયુષ્ય છે, વિનય હશે તો બૌદ્ધ શાસન રહેશે, તેથી પહેલા વિનયનું જ સાંગાયન કરીએ, વિનય વ્યક્તિના આંતરમનની સ્ફૂરણા છે, તે સ્વવિવેકથી નિશ્ચિત થાય છે. તેનું મૂળ આત્મસંયમ છે. કાયા, વાણી અને મનના સંયમથી જ વિનય-વિનય છે. તે દર્શાવે છે કે ધર્મથી અત્યાધિક મહત્ત્વપૂર્ણ સદાચાર છે'.

આરંભના સમયમાં બૌદ્ધ શાસનમાં કોઈ એક વ્યક્તિ (કે જેને સર્વોચ્ચ ગુરુસ્થાને ગણવામાં આવે) તેના હાથમાં સંઘનું આધિપત્ય ન હતું. પણ સંઘનો જ સર્વોપરી અધિકાર હતો. તેમાં ચાર કે આઠ સ્થવિરોની સમિતિ અને સર્વ કાર્યનું આયોજન કરતી હતી. પણ સમય જતાં વરિષ્ઠ સ્થવિર જ સંઘનું સંચાલન કરતા - તે જ આચાર્ય તરીકે સર્વોપરી શાસન સંભાળતા, પણ બૌદ્ધ ધર્મનું કેન્દ્ર ભિક્ષુ સંઘ જ હતો અને ગુરુનું સ્થાન આચાર્યને મળ્યું. બૌદ્ધ ધર્મમાં આચાર્ય પરંપરા જ મહત્ત્વની છે.

ગૌતમ બુદ્ધે ભિક્ષુઓ માટે બનાવેલા નિયમોનું વર્ણન મુખ્યત્વે 'વિનયપિટક'માં કર્યું છે તેમાં પારાજિક, પરિવાસ, સોખિય, પાચિત્તિય, નિયત, અનિયત વગેરે નિયમો તથા વર્ષાવાસ, પાત્ર, ચીવર, આવાસ, પ્રવારણા વગેરે માટેના નિયમો આપ્યા છે, તે સાથે શિષ્યો સાથેના ધર્મસંવાદોમાં પ્રાતિમોક્ષનાં શિક્ષાપદોનો ઉલ્લેખ પણ આવે છે. આર્યશ્રાવક આ નિયમોને પાળનાર અને અણુમાત્ર દોષનો ત્યાગ કરનાર હોય છે. ચાર અધિકરણ, સાત અધિકરણ - શમથ અને છ સારાણીય ધર્મોનું પાલન કરીને સંઘમાં વિવાદ ન સર્જાય એ માટે આર્ય ભિક્ષુ જાગૃત રહે છે. ધાર્મિક કથા અને આર્ય તૃષ્ણાભાવ એકત્રિત થયેલા ભિક્ષુઓના મુખ્ય કર્તવ્યો છે. આપત્તિ પ્રાપ્ત થતાં જ તે શાસ્તા અને સબ્રહ્મચારીઓ સમક્ષ અપરાધનું નિવેદન કરે છે.

તથાગતે પ્રજ્ઞાપ્રાપ્તિ માટે સાધના કરનાર ભિક્ષુની આ મુખ્ય પાંચ યોગ્યતાઓ અનિવાર્ય લેખી છેઃ (૧) શ્રદ્ધાળુ, (૨) અલ્પરોગી, (૩) કુશળ ધર્મના અભ્યાસમાં નિરાલસ, (૪) કુશળ ધર્મોની પ્રાપ્તિ માટે સતત ઉદ્યમી અને જાગૃત તથા (૫) ઉદિતપ્રજ્ઞાવાન અર્થાત્ આર્યનિર્વેધિક સત્ય-દુઃખક્ષયગામિની - પ્રજ્ઞાથી યુક્ત હોવો જોઈએ. બ્રહ્મચર્યનું પાલન કરતા તે ક્રમશઃ સ્નાતક, વેદગૂ, શ્રોત્રિય, આર્ય અને અર્હતની કક્ષાએ પહોંચે છે.

**ગૌતમ બુદ્ધ દ્વારા નિર્દેશિત ગુરુની યોગ્યતાઃ-**

સત્યાસત્યના પરીક્ષક ભિક્ષુએ ગુરુ સાચા અર્થમાં સમ્યક્, સંબુદ્ધ છે કે નહિ તે જાણવું જોઈએ. ગૌતમ બુદ્ધની દૃષ્ટિએ ગુરુમાં નીચે પ્રમાણે યોગ્યતા હોવી જોઈએ :-

(૧) તે ચક્ષુ-શ્રોત્રિય વિજ્ઞેય મલિનધર્મથી રહિત હોય.

(૨) ચક્ષુ-શ્રોત્રિય વિજ્ઞેય વ્યતિમિશ્ર (પાપ-પુણ્યથી મિશ્રિત) ધર્મથી રહિત હોય.

(૩) તે ચક્ષુ-શ્રોત્ર વિજ્ઞેય ધર્મથી યુક્ત હોય.

(૪) દીર્ઘકાળથી તે કુશળ ધર્મથી યુક્ત હોય.

(૫) તે ખ્યાતિપ્રાપ્ત - યશપ્રાપ્ત ગુરુ સર્વ પ્રકારના આદિનવથી રહિત હોય.

(૬) તેમણે ભયને કારણે નહિ પણ જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રવજ્યા ગ્રહણ કરી હોય.

(૭) વીતરાગ થયા પછી કામભોગનું સેવન કરતા ન હોય.

શુદ્ધ ધર્મના માર્ગ પર જ તે આરૂઢ થયેલા હોય.

તે સાથે તેમણે ઉપાધ્યાય અને ભિક્ષુઓના કર્તવ્યો વિશે પણ વિસ્તારથી ધર્મબોધ આપ્યો છે.

**ઉપાધ્યાય અને શિષ્ય તથા આચાર્ય અને અંતેવાસી :-**

જ્યારે બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર દૂર સુધીના વિસ્તારોમાં થયો અને ભિક્ષુઓની સંખ્યા વધીને ૧૫૦૦ થઈ ગઈ ત્યારે બુદ્ધને સંઘમાં ઉપાધ્યાયપદની આવશ્યકતા જણાઈ. એક ઉપાધ્યાયના કે આચાર્યના અનુશાસનમાં અનેક શિષ્યો કે અંતેવાસીઓ રહેતા. તેમનો સંબંધ અન્ય ધર્મપંથોના ગુરુશિષ્ય સમાન જ રહેતો અને વિનયપિટક - જે બૌદ્ધધર્મનું સંવિધાન કહેવામાં આવે છે તેમાં તેમનાં આચાર વિષયક કર્તવ્યો કે નિયમોનું વર્ણન પણ મળે છે.

બૌદ્ધ ધર્મના આરંભકાળ શિક્ષાપદ હતાં, પરંતુ તે ધર્મમાં જ અંતર્નિહિત હતાં. બોધિપક્ષીય ધર્મોની ભાવના અને આર્ય અષ્ટાંગિક માર્ગને અનુકૂળ આચાર વિચાર સ્વતઃ ચિત્ત અને કાયાની શુદ્ધિ માટે પરિપૂર્ણ હતાં. સર્વ અકુશળ ધર્મોનો ત્યાગ અને કુશળ ધર્મના પાલન માટેના ઉપદેશમાં વિનયનો પરેક્ષ રીતે સમાવેશ થયેલો જ હતો. ત્યારબાદ બૌદ્ધ વિનયની ઉત્પત્તિ અને વિકાસ ઘટનાઓના માધ્યમથી થયાં છે. તેમાં ગુરુ-શિષ્ય એટલે કે ઉપાધ્યાય અને આચાર્ય કે શિષ્ય અને અંતેવાસીનાં કર્તવ્યો વિસ્તારથી અને સૂક્ષ્માતિસૂક્ષ્મ પરિસ્થિતિ અને સંજોગો વિશે દીર્ઘદૃષ્ટિથી વિચારીને આપવામાં આવ્યા છે. અહીં તેની સામાન્ય ઝલક જ રજૂ કરી છે.

**શિષ્યના ધર્મો :-**

.... શિષ્યે ઉપાધ્યાયને પિતાતુલ્ય ગણવા જોઈએ... સવારે વહેલા ઉઠીને, જોડા પહેર્યા વિના ઉઘાડા પગે, પોતાનું ઉત્તરાસંગ એક ખભા પર નાખી દાતણ... મોં ધોવાનું પાણી આપવું... જો ભાતનું ચોમાસણ હોય તો પાત્ર ધોઈ તેમાં ઓસામણ ભરી એમની આગળ ધરવું... ઉપાધ્યાય ભિક્ષા માટે ગામમાં જવા ઈચ્છતા હોય તો તેમને પહેરવાનું ચીવર... કમ્મરપટ્ટો... અને ભિક્ષાપાત્ર આપવું... ઉપાધ્યાય બોલતા હોય ત્યારે વચ્ચે બોલવું નહિ... ઉપાધ્યાયની જમવાની ઈચ્છા હોય ત્યારે પાણી આપી ભિક્ષાન્ન તેમની સમક્ષ મૂકવું... ઉપાધ્યાયનું મન ધર્માચરણમાં ન લાગતું હોય... તેમના મનમાં શંકા જાગી હોય... મિથ્યાદૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તો અન્ય વ્યક્તિ દ્વારા કે શિષ્ય પોતે તે દૂર કરવા પ્રયત્ન કરવો.

**ઉપાધ્યાયના ધર્મો :-**

ઉપાધ્યાયે શિષ્યને પુત્રતુલ્ય ગણવો... શિષ્યને ધર્મબોધ આપવો... ધાર્મિક પ્રશ્નોના ઉત્તર આપવા... આચાર અને

રીતરિવાજ સમજાવવા... શિષ્ય પાસે ચીવર, પાત્ર અને જે જરૂરી વસ્તુઓ ન હોય તે આપવી... માંદો પડે ત્યારે આવશ્યક સહાય કરવી... ધર્મવિષયક શંકા જાગે તો તેનું નિવારણ કરવું...

વિનયપિટકમાં ઉપાધ્યાય અને શિષ્યનાં કર્તવ્યોનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

ઉપાધ્યાયની અનુપસ્થિતિમાં શિષ્ય યોગ્ય આચાર્યનો અંતેવાસી બનીને પોતાનાં કર્તવ્યો કરતો.

ગુરુશિષ્ય પરંપરાનું આ સ્વરૂપ અન્ય ધર્મોની જેમ બૌદ્ધધર્મમાં પણ જળવાયું છે. અને ત્યારબાદ સંઘના મુખ્ય આચાર્યએ ગુરુપદને શોભાવ્યું હતું.

બૌદ્ધધર્મના અનેક મહાન આચાર્યો - જેમણે બૌદ્ધધર્મની વિવિધ વિચારધારાઓ અને સંપ્રદાયોનો પ્રચાર-પ્રસાર કર્યો છે તેમાં મુખ્યત્વે બૌદ્ધ સંગીતિઓનું સાંગાયન કરનાર, તેમાં અધ્યક્ષ તરીકે કાર્ય કરનાર આચાર્ય મહાકાશ્યપ, રેવત, મોગ્ગલીપુત્ર, તિસ્સ, મહરકિંખત, અશ્વઘોષ, પાર્શ્વ, વસુમિત્ર, શ્રદ્ધેય મહાથેર (બર્મા) ભદંત રેવંત વગેરેને ગણાવી શકાય. તે ઉપરાંત વિવિધ સાંપ્રદાયિક આચાર્ય કે ગુરુવર્ય અને પાલિસાહિત્યના સદ્કથાકારો જેમકે આચાર્ય નાગસેન, બુદ્ધદત્ત, બુદ્ધઘોષ, ધમ્મપાલ, મહાનામ, અનિરૂદ્ધ તથા બૌદ્ધ આચાર્ય કુમારલાત, મૈત્રેયનાથ, વસુબંધુ, આર્યદેવ, અસંગ, નાગાર્જુન, શાંતિનાથ, શાન્તરક્ષિત, ધર્મકીર્તિ વગેરે જ્ઞાનસંપન્ન ધર્મપ્રણેતા હોવાની સાથે પ્રખર યશપ્રાપ્ત ગુરુવર્ય પણ હતા. બૌદ્ધધર્મના ઈતિહાસમાં તેઓ પ્રસિદ્ધ અને પૂજનીય છે. તેમણે ધર્મના પ્રચાર - પ્રસાર અને વિકાસમાં મોટું પ્રદાન કર્યું છે. આ મહાન ધર્મગુરુઓએ બૌદ્ધધર્મના અનુયાયીઓને માર્ગદર્શન આપ્યું છે, પણ તે સાથે ગૌતમ બુદ્ધે અને વિશેષત: 'મિલિન્દપ્રશ્ન' ગ્રંથમાં આચાર્ય નાગસેને રાજા મિલિન્દે સૃષ્ટિનાં સર્વ ચરાચર તત્ત્વો પ્રતિ જાગૃતદૃષ્ટિ રાખીને સર્વમાંથી સાધનાના ઉપલક્ષ્યમાં સદ્‌ગુણો ગ્રહણ કરવાનો બોધ પણ આપ્યો છે.

**સાધનામાર્ગમાં ચરાચર સૃષ્ટિના સર્વ સભ્યો પ્રતિ ગુરુભાવ અને ગ્રહણશીલતા :-**

પ્રસિદ્ધ પાલિગ્રંથ 'મિલિન્દપ્રશ્ન'ના 'ઓપક્કમકથાપઞ્હ' (પંચ્હ)માં ભિક્ષુએ લોકચારિકા કરતી વખતે જાગૃત રહીને ચરાચર વિશ્વમાં દૃશ્યમાન મનુષ્યો - પ્રાણી - પક્ષીઓ અને સર્વ વસ્તુઓમાં રહેલી વિશિષ્ટતા - જે અર્હત્વપ્રાપ્તિ માટે, પારમિતા સિદ્ધ કરવા માટે ઉપયોગી જણાતી હોય તેને ગ્રહણ કરવા માટે, આત્મસાત કરવા માટે તત્પર રહેવાનો બોધ આપ્યો છે. ગુરુ દત્તાત્રેયના ૨૪ વિવિધ ગુરુઓ હતા - એટલે કે લોકવ્યવહારમાં સંસર્ગમાં આવેલી વ્યક્તિઓ અને પશુ-પક્ષીઓમાં જોયેલી વિશેષ લાક્ષણિકતાઓને ધર્મમાર્ગે આગળ વધવા માટે ઉપયોગી જણાતાં તેમણે પોતાના જીવનમાં સ્વીકારી હતી અને તેમના પ્રત્યે ઋણભાવ વ્યક્ત કર્યો હતો. તેવી રીતે 'મિલિન્દપ્રશ્ન' ગ્રંથમાં રાજા મિલિન્દના પ્રશ્નના ઉત્તરમાં બૌદ્ધ આચાર્ય નાગસેન પણ જણાવે છે કે જિજ્ઞાસુએ લોકચારિકા કરતી વખતે વિવિધ ગુણો પ્રાપ્ત કરવા માટે જાગૃત રહેવું જોઈએ અને કોઈ પણ પ્રકારનો સંકોચ રાખવો જોઈએ નહિ. જે પશુ-પક્ષીઓને સમાજ હીનતમ માને છે - જો કે ગર્દભ, વાંદરો, કાગડો, કૂકડો વગેરે પાસે પણ એવી વિશેષતા હોય છે કે જે પારમિતાને સિદ્ધ કરવા માટે અતિ ઉપયોગી સિદ્ધ થઈ શકે. તેમનામાં રહેલા સદ્‌ગુણોનું અનુશીલન કરવું તે ધર્મમાર્ગમાં સહાયક બની રહે છે.

'ઓપમ્મકથા પંચ્હ'માં વિવિધ પશુ-પક્ષીઓ જેમકે મરઘી, કાચબો, ગરોળી, ઉંદર, નોળિયો, હરણ, સૂવર, હાથી, બળદ વગેરે પાસેથી કંઈક પણ માર્ગદર્શક વ્યવહાર - વિશેષતા જોવા મળે છે. તે જ રીતે વાંસ, ધનુષ્ય, પૃથ્વી, નાવ, શાલવૃક્ષ, કમળ, પાણી, હવા, આકાશ, સૂર્ય, નદી, પાણી, તરાજૂ, દીપક, થાંભલો, છત્રી, લોખંડ આદિ ચરાચરમાં વ્યાપ્ત સાધન-સામગ્રી પણ જીવનના કોઈને કોઈ વિવિધ ક્ષેત્રને પ્રકાશિત કરવાની ક્ષમતા ધરાવે છે. આ સર્વમાં રહેલા વિશેષ સદ્‌ગુણો અને ક્ષમતાનું વિશદ વર્ણન આ ગ્રંથમાં આપેલું છે. તેમના સદ્‌ગુણોને ગ્રહણ કરવા અને અનુશીલન કરવા માટે પણ તેમને ગુરુપદે સ્થાપવા જોઈએ એવો સ્પષ્ટ ધર્મબોધ આચાર્ય નાગસેને રાજા મિલિન્દને આપ્યો છે. સન્માર્ગની - ધર્મમાર્ગની કેડીને અજવાળનાર સર્વ કોઈ આપણા ગુરુ છે એવી વ્યાપક શૈક્ષ્યભાવનાને અહીં જાગૃત કરી છે. ભગવાન બુદ્ધે પણ આ ભાવનાને સ્વીકારી છે. જ્ઞાની મહાપુરૂષની જેમ ક્ષુદ્રાતિક્ષુદ્ર જણાતાં જીવજંતુઓ પણ જીવનના કોઈક ક્ષેત્રને ગુરુની જેમ જ સહજમાં અજવાળી દે છે. પશુ-પક્ષીઓના ગુણ ગ્રહણ કરવાની સાધનામાર્ગની આ શ્રમણ પરંપરા - સંત પરંપરામાં પણ ચાલુ રહી છે. રાજસ્થાનના પ્રસિદ્ધ સંત દાદુદયાલે પણ કહ્યું છે :

*'દાદૂ, સબહી ગુરુ કીયે, પશુ પંખી બનરાઈ,*
*તીન લોક ગુણ પંચ સૌ સબહી માંહિ ખુદાઈ.'*

બૌદ્ધધર્મમાં પણ ગુરુપદ માટેનો વ્યાપકભાવ સૃષ્ટિના ચરાચર તત્ત્વોમાં અધ્યારોપિત થયો છે.

**ગૌતમબુદ્ધ : મહાન ધર્મોપદેશક અને શ્રદ્ધેય ગુરુ :-**

ગુરુ કે આચાર્યનું કથન બુદ્ધિગ્રાહ્ય બને તે પછી જ તે સ્વીકારવાનો સ્પષ્ટ આદેશ આપનાર ગૌતમ બુદ્ધ તત્કાલીન સમયમાં પરમ આદરણીય અને શ્રદ્ધેય ધર્મગુરુ હતા. એક આદર્શ ધર્મગુરુનું પ્રખર વ્યક્તિત્વ તેમનામાં પ્રગટ થાય છે. તેમનો ધર્મ સ્વાખ્યાત હતો અને સંઘ સુમાર્ગ પર આરૂઢ હતો. તેમના સમયના તેઓ શ્રેષ્ઠ આચાર્ય હતા. ધર્મચક્રપ્રવર્તન દ્વારા તેમનું પ્રયોજન જનસમાજને શીલસદાચાર પ્રતિ અભિમુખ કરીને, દુઃખમુક્ત બનાવીને નિર્વાણને માર્ગે અગ્રગામી બનાવવાનું હતું. ધર્મબોધ માટે ઉત્સુક શ્રમણ - બ્રાહ્મણોને ધર્મબોધ આપવા જીવનનાં અંતિમ સમય પર્યન્ત તે તત્પર રહ્યા હતા. મહાન ધર્મગુરુ તરીકે તેમની વિશેષ લાક્ષણિકતાઓનો પરિચય ત્રિપિટક-સાહિત્યમાંથી મળે છે, જે નીચે પ્રમાણે છે:

**વત્સલ ધર્મગુરુ :-**

તથાગત પોતાને શરણે આવનાર ભિક્ષુને 'આવ ભિક્ષુ' કહીને આવકારતા, પ્રવજિત કરતા અને ત્યાર બાદ કુશળ વૈદ્યની જેમ આવશ્યકતા અનુસાર ધર્મનો ઉપદેશ આપીને ક્રમશઃ તેને નિર્વાણના માર્ગે અગ્રગામી બનાવતા. શિષ્યને તેની કક્ષા અનુસાર ધર્મસિદ્ધાંતોનું જ્ઞાન આપતા હતા. શિષ્યને પ્રમાદરહિત બનવાનો ઉપદેશ આપતા હતા પણ સાધનાને ક્ષેત્રે આગળ વધેલા ભિક્ષુને સમાધિ, ધ્યાન વગેરેનો બોધ આપતા હતા. શિષ્યોને માટે ધર્મ સુબોધ અને સુગ્રાહ્ય બને તે માટે અનેક પ્રકારનાં દૃષ્ટાંતો અને આખ્યાયિકાઓનો પણ વિનિયોગ કરતા હતા. ચતુર અશ્વપાલક જેવી રીતે અશ્વને ક્રમશઃ કેળવે છે તેવી રીતે ગૌતમ બુદ્ધ શિષ્યોને ક્રમાનુસાર ધર્મના સિદ્ધાન્તો સમજાવતા હતા.

**શિષ્યોના હિતરક્ષક :-**

શિષ્યો તેમની સાધનામાં સતત પ્રગતિશીલ બની રહે અને તેમને માટે ભિક્ષાન્નાદિનો યોગ્ય પ્રબંધ થાય તે માટે પણ ગૌતમ બુદ્ધ સતત જાગૃત રહેતા હતા. કેવા ગ્રામ-નિગમ કે પ્રદેશમાં રહીને બ્રહ્મચર્ય પાલન કરવું શ્રેયસ્કર બની રહે તે માટે તે પૂરતી કાળજી લેતા અને યોગ્ય સૂચનો આપતા હતા.

આચાર્યની પણ યોગ્યતાનું પરીક્ષણ કરીને પછી જ તેમનું શિષ્યત્વ ગ્રહણ કરવાનો સ્પષ્ટ આદેશ તેમણે આપ્યો હતો. અહીં શિષ્યો માટેની તેમની પ્રબળ હિતાકાંક્ષા જોઈ શકાય છે. શિષ્યોને તે હંમેશા કહેતાઃ 'શ્રાવકોના હિતૈષી અનુકંપક શાસ્તાએ અનુકંપા કરીને જે કહેવું જોઈએ - કરવું જોઈએ, તે મેં તમારે માટે કર્યું છે, આ વૃક્ષમૂળ છે, એકાંત આવાસો છે, ધ્યાનરત બનો... પ્રમાદ ન કરો... પાછળથી અફસોસ કરનારા ન બનો. આ તમારે માટે મારું અનુશાસન છે'.

ભૌતિક સુખ-સમૃદ્ધિ પાંચ કામગુણોને ઉત્તેજિત કરનાર અને અંતમાં દુઃખ લાવનાર હોવાથી પોતાના શિષ્યોને 'મજ્ઝિમનિકાય'ના 'ધમ્મદાયાદ-સુત્તન્ત'માં તે કહે છેઃ 'धम्मदायदा मे भिक्खवे भवथ, मा आमिषदायदा' - 'મારા શિષ્યો ધર્મનો વારસો મેળવનારા બને- ધનસંપત્તિનો વારસો મેળવનાર નહિ'.

**શિષ્યોનું અભિવાદન :-**

ગૌતમ બુદ્ધ ભિક્ષુસંઘના શાસ્તા હતા, પણ જ્ઞાનસંપન્ન શિષ્યોના ભિક્ષુઓ સાથે થયેલા યોગ્ય ધર્મસંવાદોની તે પ્રશંસા કરતા અને તેમનું અભિવાદન કરતા. શિષ્યો પ્રત્યે તે જેટલા વત્સલ હતા તેટલા જ વિશાળ હૃદયવાળા હતા. સારિપુત્ર, મોગ્ગલાન, આનંદ વગેરે અધિકારી શિષ્યોને સભામાં ધર્મબોધ આપવાનું પણ કહેતા અને પ્રોત્સાહન હતા. ધર્મગુરુ તરીકે શિષ્યો પર વર્ચસ્વ સ્થાપવાનો તેમણે કદી પ્રયાસ કર્યો ન હતો.

ધમ્મદિન્ના ભિક્ષુણી સાથે ધર્મચર્ચા કરીને ઉપાસક વિશાખે તથાગત પાસે જઈને તે ધર્મચર્ચાની વાત કરી ત્યારે ગૌતમ બુદ્ધે કહ્યું હતું : 'ધમ્મદિન્ના ભિક્ષુણી પંડિતા છે... મહાપ્રજ્ઞા છે. વિશાખ, જો તેં મને આ પ્રશ્નો પૂછ્યા હોત તો હું પણ તને આ જ જવાબ આપત, જેવી રીતે ધમ્મદિન્ના ભિક્ષુણીએ જવાબ આપ્યો છે.' આનંદે કપિલવસ્તુના શાક્યોને શૈક્ષ્યમાર્ગનું વ્યાખ્યાન આપ્યું ત્યારે તેની પણ પ્રશંસા ગૌતમબુદ્ધે કરી હતી.

**મહાન મનોવૈજ્ઞાનિક અને અપરિમેય જ્ઞાનથી સંપન્ન :-**

ચાંડાળકુળ અને નિષાદકુળથી આરંભીને પંડિતો - રાજાઓ - બ્રાહ્મણો વગેરેનાં મનને પારખવાની તેમની શક્તિ અદ્ભુત હતી. અન્ય મતના તૈર્થિકોને આ શક્તિ દ્વારા જ પોતે સાક્ષાત્કૃત કરેલા ધર્મના સિદ્ધાંતોને સચોટ રીતે સમજાવતા હતા અને તેઓ ગૌતમ બુદ્ધનું શિષ્યત્વ સહજ રીતે સ્વીકારી લેતા હતા. અંગુલિમાલનું માનસપરિવર્તન આ દૃષ્ટિએ નોંધપાત્ર છે - એ ગૌતમ બુદ્ધની મહાન સિદ્ધિ છે. ગૌતમ બુદ્ધની પાસે બેઠેલા કષાયવસ્ત્રો ધારણ કરેલા પ્રવજિત અને શીલવાન અંગુલિમાલને જોઈને રાજા પ્રસેનજિતે જે શબ્દો કહ્યા તે ગૌતમ બુદ્ધના ધર્મગુરુના પદને અપાયેલી ઉત્તમ અંજલિરૂપ છે. રાજા પ્રસેનજિત કહે છેઃ 'આશ્ચર્ય ભન્તે! અદ્ભુત ભન્તે! તમે કેવી રીતે ભગવાન અદાન્તને દાન્ત કરીને,

અશાન્તને શાન્ત કરીને અપરિનિવૃત્તોનું પરિનિર્વાણ કરો છો? ભન્તે! અમે જેનું દંડથી, શસ્ત્રથી પણ દમન ન કરી શક્યા તેનું ભગવાને વગર દંડથી, વગર શસ્ત્રથી દમન કર્યું!'

જીવન અને જગત વિશેનું ગૌતમ બુદ્ધનું જ્ઞાન અગાધ હતું. ધર્મસિદ્ધાંતોની સમજ માટે તેમણે આપેલાં દૃષ્ટાંતો અને ઉપમાઓ દ્વારા ચરાચર વિશ્વની સૂક્ષ્માતિસૂક્ષ્મ ચીજવસ્તુઓ અને સ્થાવરજંગમ પદાર્થો પ્રાણીજગત તથા સૃષ્ટિના ક્રમ વિશેના તેમના ઊંડા, તલસ્પર્શી, તર્કસિદ્ધ જ્ઞાન અને મનોજગતની રહસ્યમય ગતિવિધિની જાણકારીએ તેમને મહાન ગુરુપદના અધિષ્ઠાતા બનાવ્યા હતા.

તેથી જ ગૌતમ બુદ્ધના ધર્મોપદેશથી પ્રભાવિત થઈને તેમના શરણમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ સમાન રીતે પોતાનો અહોભાવ વ્યક્ત કરતા કહે છેઃ "આશ્ચર્ય! તમો ગૌતમ! આશ્ચર્ય! જેવી રીતે ઊંધાને સીધું કરી દે, આવરિતને અનાવરિત કરે, ભૂલેલાને માર્ગ દર્શાવે, અંધકારમાં તેલનો દીપક પ્રગટાવે... જેથી આંખવાળા રૂપને નિહાળે, તેવી રીતે જ તમે ગૌતમે અનેક પર્યાયોથી ધર્મને પ્રકાશિત કર્યો છે. આ હું ભગવાન ગૌતમનું શરણ સ્વીકારું છું, ધર્મ અને ભિક્ષુસંઘનું પણ ગૌતમ તમે આજથી અંજલિબદ્ધ શરણાગત ઉપાસક તરીકે મારો સ્વીકાર કરો".

ગૌતમ બુદ્ધના ધર્મગુરુના પદને અપાયેલી આ એક મહાન અંજલિ છે!

**સંદર્ભ ગ્રંથ**

૧. વિનયપિટક (હિન્દી અનુવાદ) - રાહુલ સાંકૃત્યાયન
૨. પાલિસાહિત્યકા ઈતિહાસ - ભરતસિંહ ઉપાધ્યાય
૩. બૌદ્ધદર્શન અને સંસ્કૃતિની પરંપરા - ડૉ. નિરંજના વોરા
૪. મિલિન્દ પ્રશ્ન (હિન્દી અનુવાદ) - ડૉ. દ્વારિકાપ્રસાદ શાસ્ત્રી

❑❑❑

૫૯/બી. સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ -૩૮૦૦૦૯
ફોન નં. ૦૭૯-૨૬૪૦૩૫૪૩

---

**ઋષિરાજ**

સતગુરુ ભેટે તો સહેજમાં રે,
આવે ભવસાગરનો અંત હો લાલ
સતગુરુ લક્ષણ એ સાંભળો રે... ૧
શરણે આવે તેને સેહેજમાં રે,
સમજણ દેઈને કરી દે સંત... હો લાલ... ૨
પારસ હેમ કરી દે પલકમાં રે,
ટળી જાય એક લહર કે લોહ... હો લાલ... ૩
કોટીક ભવની ટાળે કુમતી રે,
મટે મમતા માયા મોહ... હો લાલ... ૪
પ્રભુ સમરણમાં જેને પ્રેમ છે રે,
ઈંદ્રીઝીત અક્રોધી અકામ હો લાલ... ૫
ધર્મ સનાતન ઉપર ધારણા રે,
જેને લાલચ લોભ હરામ હો લાલ... ૬
જીવ ઈશ્વર માયા જુજવાં રે,
ચોખી રીતે સમજે ચોજ હો લાલ... ૭
ભક્તિ કરી જાણે નવ ભાતની રે,
બાળે હું પદ કેરો બોજ હો લાલ... ૮
વરતી રહે સદા વૈરાગની રે,
પર ઉપકારી પરમ દયાળ હો લાલ... ૯
ખેમા ખડક ધીરજની ઢાલડી રે,
વાઢે અગનાન ફોજ વિશાળ હો લાલ... ૧૦
શીળ ગુણ સત્ય વાદી સંતો ખીયા રે,
અધરમ ટાળ્યા ઉપર તાન હો લાલ... ૧૧
નીરમળ નીર માની ન સ્વાદીયારે,
દીન જોઈ આપે અભેપદ દાન હો લાલ... ૧૨
જેને સોક હરખ સરખાં થયાં રે,
સરખાં આદરને અપમાન હો લાલ... ૧૩
રચના રુદે ધરો ઋષિરાજની રે,
તેને મળસે સદગુરુ જ્ઞાન હો લાલ... ૧૪

◆ ◆ ◆

**નરસિંહ**

*આતમ જ્ઞાન ન આપથી આવે, ગુરુ ગમ લઈ ઘટ ખોલો રે...*
*શરણા ગત થઈ સંત પુરૂષને, વિનય વચન જઈ બોલો રે,*
*કોણ અમો ગુરુ ક્યાં થકી આવ્યા, ક્યાં જઈશું લઈ ચોલો રે,*
*બોલે ચાલે કોણ સુણે છે, કોણ ઉઠાડે ઈ ચોલો રે...આતમ...*
*સત ગુરુ દેવ દયા કરી બોલે, ત્યમ નિજ અંતર ખોલો રે,*
*સાધનથી વાધન મેળવશો, બાધ નહિં ફિરડોલો રે...આતમ...*
*તરણા પાછળ પહાડ ન સુઝે, ભેદ ખરો અન મોલો રે,*
*નાથ કૃપા નરસિંહ બતાવે, થઈ નિજ મનથી ગોલો રે...આતમ...*

# ખ્રિસ્તી ધર્મમાં ગુરુ મહાત્મય

ડૉ. થોમસ પરમાર

*લેખક પરિચય : ભારતીય સંસ્કૃતિના પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ ''હિંદુ એન્ડ જૈન ટેમ્પલ્સ ઓફ ગુજરાત બિલ્ટ ડ્યુરીંગ ધ મુઘલ પિરીયડ'' વિષય પર મહાનિબંધ લખીને ડૉ. થોમસ પરમાર ૧૯૯૧માં ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી થયેલા છે. ડૉ. થોમસ ગુજરાત વિદ્યાપીઠમાં જૈન વિદ્યાના પી.એચ.ડી ના ગાઈડ રહી ચુક્યા છે. તેમની પાસેથી 'ભારતીય સંસ્કૃતિની ઝળક (પ્રાચિનકાળ) 'ભારતીય નાગરિક સ્થાપત્ય', 'વિશ્વનું શિલ્પ સ્થાપત્ય' 'હિંદુ લગ્ન - સંસ્કૃતિ અને કલાની દ્રષ્ટીએ' જેવા ગણનાપાત્ર પ્રકાશનો પ્રાપ્ત થયા છે. કેથલિક સામયિક 'દૂત'નાં તંત્રી તરીકે ૨૦૧૧ થી તેઓ સેવાઓ આપી રહ્યા છે.*

જગતના અન્ય ધર્મોની જેમ ખ્રિસ્તી ધર્મમાં પણ ધર્મગુરુનું સ્થાન આદરણીય ગણાય છે. ખિસ્તી ધર્મનો રોમન કેથોલિક સંપ્રદાય જૈન ધર્મની જેમ ચતુર્વિધ સંઘ છે. સંન્યસ્ત વર્ગમાં સાધુ અને સાધ્વી તેમજ શ્રદ્ધાળુ વર્ગમાં સ્ત્રી-પુરૂષ હોય છે. જૈન ધર્મની જેમ આ સંપ્રદાયના સાધુ-સાધ્વીઓએ પણ આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. શ્રદ્ધાળુઓ સાધુ-સાધ્વીઓ બંનેને આદરપૂર્વક સન્માને છે અને તેમના પ્રત્યે પૂજ્યભાવ દર્શાવે છે. ખ્રિસ્તી ધર્મ એક સંસ્થાની જેમ વ્યવસ્થિત રીતે સુગઠિત (Organised) છે. તેમાં પિરામીડની જેમ ધર્મગુરુઓનો ચઢતો-ઊતરતો ક્રમ (Hierarchy) હોય છે. તેથી તેમાં ઉપરી ધર્માધિકારી અન્ય ધર્મગુરુઓને વિશેષ માન-સન્માન અપાય છે. જેમકે પોપ, કાર્ડિનલ, બિશપ વગેરે. પોપ એ કેથલિક સંપ્રદાયના સર્વોચ્ચ ધર્મગુરુ છે. તેઓ ઈસુના પ્રતિનિધિ તરીકે ધર્મનું સંચાલન કરે છે. કાર્ડિનલ પોપ પછીના ક્રમે છે. દરેક દેશમાંથી પોપ કાર્ડિનલની નિમણૂંક કરે છે. પોપની ચૂંટણીમાં મત આપવનો અધિકાર માત્ર કાર્ડિનલોને જ હોય છે. આર્ચ બિશપ એટલે મહાધર્માધ્યક્ષ. તેઓ મહા ધર્મપ્રાંતના વડા છે. બિશપ એટલે ધર્માધ્યક્ષ. તેઓ ધર્મપ્રાંતના વડા છે. આ બધાં ધર્માધિકારીઓ છે. બિશપની નીચે અન્ય ધર્મગુરુઓ હોય છે. આ ધર્મગુરુઓને સામાન્ય રીતે ફાધર (Father) તરીકે ઓળખવામાં આવે છે. સાધ્વી વર્ગમાં આવા હોદ્દા હોતા નથી. તેઓ મોટેભાગે 'સીસ્ટર' તરીકે ઓળખાય છે. મોટી ઉંમરના સાધ્વીને 'મધર' તરીકે સંબોધવામાં આવે છે. જૈન સાધુઓના જુદાં જુદાં ગચ્છ હોય છે તેમ કેથલિક સાધુ-સાધ્વીઓનાં જુદાં જુદાં મંડળો હોય છે જેમકે સોસાયટી ઓફ જિસસ, ચેરીટી ઓફ ક્રાઈસ્ટ વગેરે દરેક મંડળ કોઈ સાધુ-સાધ્વી દ્વારા સ્થપાયેલ હોય છે. જેમકે સોસાયટી ઓફ જિસસ (ઈસુ સંઘ) ની સ્થાપના લોયોલોના સંત ઈગ્નાસે ૧૫૪૧ માં કરી હતી. મીશનરી ઓફ ચેરીટી સંઘની સ્થાપના મધર થેરેસાએ કરી હતી. દરેક સંઘ પોપના પ્રતિનિધિ આર્ચ બિશપ કે બિશપના માર્ગદર્શન નીચે કામ કરે છે. જે તે પ્રાંતના સાધુ-સાધ્વીઓના સંઘના વડા પ્રાંતપતિ (Provincial) તરીકે ઓળખાય છે. પ્રાંતપતિ દ્વારા સાધુ-સાધ્વીઓની દર ત્રણ કે છ વર્ષે બીજા વિસ્તારમાં બદલી થતી હોય છે. તેથી કોઈ પણ કેથલિક સાધુ-સાધ્વી આજીવન કોઈ એક જ સ્થળે રહી ન શકે. ધર્માધિકારીઓની બદલી થતી નથી સિવાય કે તેમને હોદ્દાની બઢતી આપવામાં આવે. સાધુ-સાધ્વીઓને ઈશ્વરવિદ્યાનું જ્ઞાન કોઈ એક જ ધર્મગુરુ દ્વારા અપાતું નથી. ઈશ્વરવિદ્યાનું જ્ઞાન આપતી સંસ્થામાં તેમણે ભણવું પડે છે. પોતાના ઉપરીને ગુરુ સમાન ગણવામાં આવે છે. આ ઉપરીઓની સેવા કરવી અને તેમની આજ્ઞા પાળવી એ એક પ્રકારની ગુરુભક્તિ ગણવામાં આવે છે. સાધુ-સાધ્વીએ દીક્ષા વખતે આજ્ઞાધિનતાનું વ્રત લેવાનું હોય છે. આજ્ઞાધીનતાના વ્રત દ્વારા સાધુ-સાધ્વીઓ ઈશ્વરને પોતાનું સમર્પણ કરી દેતાં હોય છે. તેમાં ઈચ્છાશક્તિનો ભોગ ધરવામાં આવે છે. ઈશ્વર મને અચૂક માર્ગે દોરી જશે એવી સલામતીની ભાવના એમાં સમાયેલી છે. જૈન ધર્મ પ્રમાણે પણ ગુરુની આજ્ઞાનું પાલન કરવું, ગુરુના અનુશાસનનો મનથી સ્વીકાર કરવો એને વિનય ગણવામાં આવ્યા છે. Imitation of Christ ના લેખક થોમસ કેમ્પીસ પણ જણાવે છે કે, ''આજ્ઞાપાલન કરવું, કોઈ ઉપરીના કહ્યા પ્રમાણે વર્તવું, ને પોતાને ફાવે તેમ ન કરવું, તે બહુ મોટી વાત છે. ઉપરી અધિકારીઓના કહ્યા પ્રમાણે વર્તવાથી જ શાંતિ મળશે.'' આમ સાધુ-સાધ્વી વર્ગમાં ઉપરીની આજ્ઞાનું પાલન કરવું તે ગુરુભક્તિ સમાન છે, ગુરુનું સન્માન છે. ખ્રિસ્તી સાધુ-સાધ્વીઓએ ગોચરી લેવા જવાનું હોતું નથી. કારણ કે તેમના નિવાસસ્થાને તેમના માટે રસોઈ કરવામાં આવે છે. એ સિવાયના કાર્યો એમણે જાતે જ કરવાના હોય છે.

આથી જૈનોમાં શિષ્ય દ્વારા ગુરુ માટે કરવામાં આવતી સેવા અહીં હોતી નથી. ખ્રિસ્તી સાધુ-સાધ્વીઓએ ભોજન સિવાય બીજી બધી જ પોતાની પ્રવૃતિ જાતે કરવાની હોય છે. દરેક સાધુ-સાધ્વીને પોતાના આધ્યાત્મિક સલાહકાર - માર્ગદર્શક (Mentor) કોઈ ધર્મગુરુ હોય છે. જે તેમના ગુરુ સમાન હોય છે.

ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત પોતે જ એક ઉત્તમ ગુરુનું ઉદાહરણ પુરું પાડે છે. તેમણે પોતે શિષ્યોને જે ઉપદેશ આપ્યો તે તેમણે તેમના જીવનમાં આચરી બતાવ્યો. શિષ્યોની ભૂલ કે દોષોને ક્ષમ્ય ગણ્યા. ઈસુની સામે જ્યારે તહોમતનામું મૂકવામાં આવ્યું અને રોમન સૂબા પિલાતની સમક્ષ તેમને લઈ જવાતા હતા ત્યારે તેમના પટ્ટ શિષ્ય પીટરે ઈસુને ઓળખવાનો ઈનકાર કર્યો હતો. શિષ્ય પીટરે ઈસુને ઓળખવાનો એક વાર નહીં, પણ ત્રણ વાર. તેનાં થોડાં કલાકો પહેલાં જ પીટરે ઈસુને કહ્યું હતું કે, ''ભલે બધાની આપની ઉપરની શ્રદ્ધા ડગી જાય, મારી કદી નહીં ડગે.'' આ જ પીટરને ઈસુએ પોતાના પછી ધર્મના વડાનું સ્થાન આપ્યું હતું (આથી પ્રથમ પોપ પીટર ગણાય છે) તે જ રીતે ચાંદીના ત્રીસ સિક્કામાં ઈસુની ધરપકડ કરાવનાર તેમના અન્ય શિષ્ય યહુદા પ્રત્યે પણ ઈસુએ વેર-ઝેર રાખ્યા ન હતા. ઈસુએ ઉત્તમ ગુરુ તરીકે શિષ્યોના દોષને જતાં કર્યાં. આ ઉપરાંત ઈસુએ શિષ્યો સમક્ષ પોતાની મોટાઈ ન બતાવી બલ્કે નમ્રતા દર્શાવી. **તેમણે પોતાના બારે શિષ્યોના પગ ધોઈને નમ્રતાનું ઉત્તમ ઉદાહરણ આપ્યું. શિષ્યોના પગ ધોયા પછી તેમણે શિષ્યોને કહ્યું કે, ''સમજ પડે છે, મેં તમને શું કર્યું ? તમે મને ગુરુદેવ અને પ્રભુ કહો છો, અને એ યોગ્ય છે, કારણ હું છું જ. એટલે પ્રભુ અને ગુરુદેવ હોવાં છતાં મેં તમારા પગ ધોયા, તો તમારે પણ એક બીજાના પગ ધોવા જોઈએ. મેં તમને દાખલો બેસાડ્યો છે; મેં જેમ તમને કર્યું તેમ તમારે પણ કરવું. હું તમને સાચેસાચ કહું છું કે, નોકર કંઈ શેઠ કરતાં અદકો નથી.'' ખરેખર તો શિષ્યોએ ગુરુના પગ ધોવા જોઈએ પણ અહીં તો ગુરુ શિષ્યોના પગ ધુએ છે. આ રીતે ગુરુ તરીકે ઈસુએ શિષ્યોને નમ્રતાનો પદાર્થપાઠ શીખવીને શિષ્યો પ્રત્યેના પોતાના પ્રેમને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો.** ઈસુના ઉપદેશના અગ્રદૂત ગણાતા યોહાન (સેંટ જ્હોન બેપ્ટિસ્ટ)ના હાથે ઈસુએ સ્નાનસંસ્કાર લઈને તેમની મોટાઈનો - ગુરુપણાનો સ્વીકાર કર્યો હતો.

ઈસુની અગાઉ ઈ.સ. પૂર્વે આઠમી સદીથી ઈ.સ. પૂર્વે ચોથી સદી સુધીમાં ૧૭ પયગંબરો અથવા નબીઓ થઈ ગયા. તેઓ ઈશ્વર વતી બોલી રહ્યા છે એવી ખાતરી સાથે ઉપદેશ આપીને લોકોને અધ્યાત્મ માર્ગે દોરતા હતા. તેમની વાણી બાઈબલના જૂના કરારમાં સંગ્રહિત છે. આ પયગંબરો આ પ્રમાણે હતા : યશાયા, ઈર્મિયા, હઝકિયેલ, હાનિયેલ, હોશિયા, યોએલ, આમોસ, ઓબદિયા, યૂના, મિખા, નહૂમ, હબાકૂક, સફનિયા, હગાઈ, ઝખરિયા અને મલાખી.

ખ્રિસ્તી ધર્મમાં અધ્યાત્મ સાધના (Retreat)નું મહત્ત્વ છે. તે એક દિવસથી માંડીને ચાર સપ્તાહ સુધીની હોય છે. આ વિષય ઉપર સંત ઈગ્નાસે 'આધ્યાત્મિક સાધના' નામનો ગ્રંથ લખ્યો છે. તેની રચના પ્રક્રિયા લગભગ વીસ વરસ સુધી ચાલુ રહી. દરેક સાધુ - સાધ્વીએ વરસમાં એક વાર તો રીટ્રીટ કરવાની હોય છે. શ્રદ્ધાળુ વર્ગ પાસેથી પણ એવી અપેક્ષા રાખવામાં આવે છે. રીટ્રીટના સંચાલક ધર્મગુરુ તે દરમ્યાન આધ્યાત્મિક ગુરુની ભૂમિકા ભજવે છે. ગુરુ વિના નહીં જ્ઞાન એ ઉક્તિની પ્રતીતિ સાધકને અનુભવાય છે. સંત ઈગ્નાસ પોતાની જીવનકથામાં જણાવે છે કે, 'એક સર્વસ્વીકૃત સિદ્ધાંત છે : ગુરુ વિના મુક્તિ નથી, ગુરુના માર્ગદર્શન વગર સઘળી સાધના ફોગટ.' હવે ઈગ્નાસને માટે ગુરુને ચરણે બેસવાનો વારો આવ્યો હતો. પણ તેમને કોઈ પાર્થિવ ગુરુ સાંપડ્યો નહિ. ઈશ્વર એમના એકમાત્ર ગુરુ રહ્યા. પોતે કહે છે તેમ : 'કોઈ શિક્ષક બાળકને ભણાવતી વખતે જે રીતે એની સાથે કામ લેતો હોય છે તે જ રીતે ઈશ્વર એની સાથે કામ લેતો. અલ્કાલામાં ઈગ્નાસ દિયેગો ઓગિયા નામના એક પુરોહિતના પરિચયમાં આવ્યા હતા તે ઈગ્નાસના પ્રાયશ્ચિત ગુરુ બન્યા હતા. ઈગ્નાસ તેમની સમક્ષ પોતાના પાપોની કબૂલાત કરતા. અધ્યાત્મ સાધના (રીટ્રીટ) દરમ્યાન સાધકની આધ્યાત્મિક પ્રગતિ માટે ગુરુએ શું શું કરવું જોઈએ તેનો વારંવાર ઉલ્લેખ 'અધ્યાત્મ સાધના' ગ્રંથમાં આવે છે. રીટ્રીટમાં સાધકને આત્મોન્નતિના માર્ગે લઈ જનાર ગુરુ જ છે.

સાધુ-સાધ્વીઓ અવાર-નવાર પોતાના વિસ્તારના શ્રદ્ધાળુઓની મુલાકાત લઈ તેમને આત્મિક માર્ગે સબળ કરવા સલાહ-સૂચન આપે છે - પ્રાર્થના કરાવે છે. દેવળમાં સાધુઓ દ્વારા અપાતો ધર્મોપદેશ પણ શ્રદ્ધાળુઓને અધ્યાત્મમાર્ગે જવામાં મદદરૂપ થાય છે. પ્રાયશ્ચિતની કબૂલાત માત્ર સાધુ જ સાંભળી શકે છે. સાધ્વીઓને તેમ કરવાની છૂટ નથી. પ્રાયશ્ચિત દરમ્યાન શ્રદ્ધાળુને સાધુ દ્વારા ઘણું આત્મિક બળ પ્રાપ્ત થાય છે. સાધુ-સાધ્વીઓ ધર્મસંઘ અને શ્રદ્ધાળુઓને જોડનાર એક મહત્ત્વના સેતુ તરીકેની પ્રશંસનીય ભૂમિકા ભજવે છે. ભરવાડ જેમ પોતાના ઘેટાંઓની પ્રેમથી કાળજી લે છે તેમ સાધુ-સાધ્વીઓ પણ પોતાના શ્રદ્ધાળુઓના આત્મિક વિકાસની કાળજી લે છે.

❑❑❑

૨૩, મહાવીર નગર,
એલ.જે. કોમર્સ કોલેજ પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ - ૧૫.
મો. નં. ૯૮૨૫૩૮૪૬૨૩

# ઈસ્લામમાં ગુરુનું સ્થાન

ડૉ. મહેબૂબ દેસાઈ

*લેખક પરિચય : મૂળે ઈતિહાસ વિષયના અભ્યાસી ડૉ. મહેબૂબ દેસાઈ ઈતિહાસ અનુસ્નાતક ભવન, ભાવનગર વિશ્વ વિદ્યાલયના અધ્યક્ષ રહી ચુક્યા છે. ઈતિહાસ વિષયક કેટલાક ઉત્તમ પુસ્તકો તેમણે આપ્યા છે. દૈનિક દિવ્યભાસ્કરમાં ચાલતી તેમની કટાર 'રાહે-રોશન' ખુબ પ્રસિદ્ધ થઈ છે. તેમની પાસેથી ઈસ્લામ ધર્મ વિષયક પણ ઉત્તમ પુસ્તકો પ્રાપ્ત થયા છે. તેઓ સમન્વયવાદી લેખક છે. ભારતીય સંસ્કૃતિ, સભ્યતાનું તેમણે ઊંડું અધ્યયન કર્યું છે.*

હિંદુ અને ઈસ્લામ બંને સંસ્કૃતિઓમાં ગુરુ કે ઉસ્તાદનું સ્થાન મોખરે છે. ઈસ્લામમાં બે પ્રકારના ગુરુઓનો ઉલ્લેખ જોવા મળે છે. એક ગુરુ એ જે તેના શિષ્યને આધ્યાત્મિક શિક્ષણ આપે છે. જ્યારે બીજો ગુરુ તેના શિષ્યને દુન્યવી અર્થાત દુનિયાદારીનું શિક્ષણ આપે છે.

ઈસ્લામની સૂફી પરંપરામાં ગુરુને મુર્શિદ કહેવામાં આવે છે. મુર્શિદ એટલે ગુરુ, માર્ગદર્શક. ઈસ્લામમાં સૂફી વિચારનું વિશેષ મહત્ત્વ છે. તેમાં સૂફીઓ માને છે કે પાપનું મૂળ અનૈતિક મહેચ્છાઓ છે. તેનું દમન કર્યા સિવાય અંતરમાં અલ્લાહનું સ્થાન હોઈ શકે નહીં. એ કાર્ય માટે એક મુર્શિદ કે ગુરુની આવશ્યકતા હોય છે. આવા મુર્શિદ તેના મુરીદને આધ્યાત્મિક જ્ઞાન આપે છે. મુર્શિદને તેના શિષ્યો ખુબ માન અને સન્માન આપતા હોય છે. મુર્શિદની દરેક આજ્ઞાનું પાલન તેનો મુરીદ કે શિષ્ય કરે છે. મુર્શિદ પોતાના શિષ્યને પોતાની અંતર દ્રષ્ટિથી અલ્લાહના માર્ગમાં લઈ જવાનો માર્ગ બતાવે છે. મુરીદ તેના ગુરુ અર્થાત મુર્શિદને પૂર્ણ પુરૂષ માને છે. એજ રીતે ઈસ્લામિક શિક્ષણ પ્રથામાં મદ્રેસામાં ઔપચારિક કે દુન્યવી શિક્ષણ આપવામાં આવે છે. તેમાં ભણાવનાર વ્યક્તિને ઉસ્તાદ કહેવામાં આવે છે. ઉસ્તાદ કે ગુરુનું સ્થાન પણ ઈસ્લામમાં ખુદા અને માતાપિતા પછીનું ગણવામાં આવ્યું છે. જેને વ્યક્ત કરતા અનેક દ્રષ્ટાંતો ઈસ્લામિક સાહિત્યમાં જોવા મળે છે. જે રાષ્ટ્ર અને સમાજ શિક્ષકની મહત્તા અને સન્માન નથી કરતો તેનો બૌદ્ધિક વિકાસ અલ્પ રહે છે. પ્રથમ દ્રષ્ટાંત એક શાશકનો એક શિક્ષક સાથેનો વ્યવહાર વ્યક્ત કરે છે. તો બીજો કિસ્સો શિક્ષકની મુલ્યનિષ્ઠા વ્યક્ત કરે છે. ચાલો એ બંને દ્રષ્ટાંતો માણીએ.

હારૂન રશીદ બગદાદના ખલીફા હતા. તેમનો પુત્ર અને તેના મામા બંને હજરત ઈમામ કસાઈ પાસે શિક્ષણ લેવા જતા. એક દિવસ ગુરુ બંને શહેજાદાઓને ભણાવીને ઊઠ્યા. બંને શહેજાદાઓ ગુરુના ચંપલ લેવા દોડ્યા અને બંને વચ્ચે ઝઘડો થયો, કોણ ગુરુને ચંપલ પહેરાવે ? અંતે ગુરુએ ન્યાય કર્યો. બંને એક એક ચંપલ પહેરાવે. ખલીફા હરૂન રશીદને આ ઘટનાની જાણ થતાં તેમણે ગુરુને દરબારમાં હાજર કરવા હુકમ કર્યો. હજરત ઈમામ કસાઈ દરબારમાં હાજર થયા. ખલીફા હારૂને ભર દરબારમાં આપને પૂછ્યું,

'આપે મારા રાજકુમારો પાસે ચંપલ ઉપડાવી, તેમને પહેરાવવાનું કહ્યું હતું ?'

હજરત ઈમામ કસાઈએ હા પાડી. આવો એકરાર સાંભળી દરબારીઓ ભયભીત થઈ ગયા. હમણાં ખલીફા હારૂન હજરત ઈમામ કસાઈનું માથું ઉતારી લેશે. પણ થોડીવાર એક નજરે હજરત ઈમામ કસાઈને જોઈ ખલીફા હારૂન બોલ્યા,

'આપે મારા રાજકુમારોને આપના ચંપલ ઉચકવા ન દીધા હોત તો ખરેખર આપ સજા પામત, પણ આપે તો તેમને ગુરુની ઈજ્જત કરવાનું શીખવી સુસંસ્કારો આપ્યા છે.'

દરબારીઓ ખલીફાનું આ વલણ જોઈ ખુશ થયા. જ્યારે હજરત ઈમામ ખલીફાને કુરનીશ બજાવી ચાલતા થયા ત્યારે ખલીફાનો અવાજ તેમના કાને પડ્યો.

'થોભો, મેં આપને જવાની આજ્ઞા હજુ નથી આપી.'

પોતાના આસન પરથી ઊભા થઈ ખલીફા હારૂન રશીદ ગુરુ પાસે આવ્યા અને તેમને દસ હજાર દિનાર આપતા બોલ્યા,

'આપે મારા રાજકુમારોને જે કંઈ આપ્યું છે તેની તુલનામાં આ તો ઘણું ઓછું છે, છતાં સ્વીકારીને આભારી કરો.'

દરબારીઓ ખલીફા હારૂન રશીદનો આ વ્યવહાર અવાચક બની જોઈ રહ્યા.

ગુરુની નીતિમત્તા અને મૂલ્યોના જતનનો આવો જ એક કિસ્સો માણવા જેવો છે.

અલીગઢના અપાર ધનાઢ્ય મૌલવી ઈસ્માઈલને હદીસનું જ્ઞાન મેળવવાની ઈચ્છા થઈ. તેમણે અત્યંત વિદ્વાન હજરત

મૌલાના કાસીમ નાનોતવીનો સંપર્ક સાધ્યો. ગુરુ હજરત કાસીમે શિષ્ય ઈસ્માઈલ સામે એક નજર કરી પછી પોતાની શરત સંભળાવતા કહ્યું,

'તમને હદીસનો અભ્યાસ તો કરાવું પણ તનખ્વાહ(વેતન) મારી ઈચ્છા મુજબ લઈશ.'

શિષ્ય ઈસ્માઈલે તરત જ કહ્યું, 'આપ કહો તે તનખ્વાહ (વેતન) મને મંજૂર છે!' અને ગુરુ શિષ્યનો નાતો બંધાયો. એક માસને અંતે વેતન આપવાનો સમય આવ્યો ત્યારે ગુરુ કાસીમે કહ્યું,

'મને માત્ર પંદર રૂપિયા તનખ્વાહ આપો.'

આ સાંભળી ધનાઢ્ય શિષ્ય ઈસ્માઈલ તો અવાક બની જોઈ રહ્યો. માત્ર પંદર રૂપિયા! પણ આવા જ્ઞાની ગુરુ પાસે દલીલને અવકાશ ન હતો. એટલે મૌન રહી પંદર રૂપિયા આપી દીધા. એકાદ માસ થયો ત્યાં તો એક દિવસ ગુરુ કાસીમે પોતાના ધનાઢ્ય શિષ્યને કહ્યું,

'મારે તનખ્વાહ બાબતે તારી સાથે વાત કરવી છે.'

શિષ્ય ઈસ્માઈલ તો ખુશ થયો. તેને લાગ્યું વેતનમાં વધારો કરવાનો પ્રસ્તાવ ગુરુ મૂકશે, પણ ગુરુ કાસીમ બોલ્યા,

'આ માસથી મને પંદરને બદલે માત્ર દસ રૂપિયા જ વેતનના આપજો.'

હવે ધનાઢ્ય શિષ્યથી ન રહેવાયું.

'આપ જેવા જ્ઞાની પાસેથી હદીસનું ગૂઢ જ્ઞાન મેળવવું એ તો તકદીરની વાત છે છતાં આપ આટલું ઓછું વેતન શા માટે માગો છો?'

હજરત કાસીમ બોલ્યા, 'પંદર રૂપિયા મારી જરૂરિયાત પૂર્ણ કરવા હતા. મારા કુટુંબનું ખર્ચ દસ રૂપિયા અને પાંચ રૂપિયા મારા વાલીદ (પિતા)ને આપતો. પણ ગઈ કાલે તેમનું અવસાન થયું એટલે હવે પાંચ રૂપિયાની મારે જરૂર નથી. જે પૈસાની જરૂર ન હોય તેનો બોજો મારે શા માટે વહન કરવો જોઈએ?'

આટલું કહી ગુરુ કાસીમે વિદાય લીધી.

❑❑❑

મો. ૦૯૮૨૫૧૧૪૮૪૮

---

*(ક્રમશઃ પાના નં. ૧૨૬ થી)*

આ સંસ્થા પાસે CERTIFICATE OF ACCREDITATION CREDIBILITY

ALLIANCE.

CERTIFICATE REGISTRATION NUMBER CA/36/ 2016

MOB NO. 09898110897

TEL NO. 07923276263

કાર્યવાહક સમિતિમાં હોદ્દાદારો અને સંઘની પેટા સમિતિના સભ્યો યથાયોગ્ય નિર્ણય લેવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની એક સભા તા. ૮/૭/૨૦૧૭ને શનિવારના રોજ સાંજે ૩.૩૦ વાગે શ્રી ચંદ્રકાન્તભાઇ ડી. શાહના પ્રમુખ પદે મળી હતી અને મિટિંગમાં એજન્ડા 'પર્યુષણ વ્યાખાનમાળા દરમિયાન આર્થિક સહાય કરવા સંસ્થા નક્કી કરવા બાબતનો હતો' તે પ્રમાણે શ્રી નિતિનભાઈ સોનાવાલાએ સંસ્થાનો અહેવાલ આપ્યો હતો. અને શ્રી હસમુખભાઇ શાહને વિનંતી કરી હતી કે તેઓ પણ સંસ્થા જોવામાં સાથે હતા. શ્રી હસમુખભાઇ શાહે પોતાની રજૂઆત કરી હતી અને 'જીવનતીર્થ'ની મહત્તા તથા શિક્ષણ ક્ષેત્રે ધાર્યુજ કાર્ય કરે છે. પરદેશથી ૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવ્યા હતા. સ્લમ એરીયાની બધી વિગતો જણાવી હતી. શ્રી રાજુભાઇ જે સંસ્થાના ટ્રસ્ટી છે તેમને અપીલનો કાગળ મોકલાવ્યો હતો. તે વાંચી બતાવ્યો હતો. આમ તા. ૮-૭-૨૦૧૭ની મિટિંગના દિવસે સર્વાનુમતે સંસ્થાની વરણી કરવામાં આવી હતી. આમ ૨૦૧૭ના પર્યુષણ વ્યાખાનમાળામાં 'જીવનતીર્થ'ને આર્થિક સહાય કરવી તેમ નક્કી થયું હતું.

❑❑❑

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# લોક કેળવણીના અધ્વર્યુ : ઋષિ વિનોબા

રમેશ સંઘવી

*લેખક પરિચય : ગાંધી વિચારને વરેલા શ્રી રમેશભાઈ સંઘવી ગ્રામ સ્વરાજ સંઘ, સુશીલ ટ્રસ્ટ, સ્વજન, શીશુકુંજ જેવી કેટલીય સામાજિક સંસ્થાઓ સાથે અનુબંધિત છે. 'શાશ્વત ગાંધી' જેવા ઉત્તમ સામયિકનું સંપાદન કાર્ય તેઓ સંભાળી રહ્યા છે. 'શાંત તોમર છંદ', 'અમીઝરણાં' જેવા બહુખ્યાત થયેલા પુસ્તકોનું સંપાદન કાર્ય તેમણે કરેલ છે. બહુ જાણીતા કેળવણીકાર પણ છે. તેમના ગદ્યમાં સરળતાની સાથોસાથ એક પ્રવાહિતા-રસાળતા છે. પ્રસ્તુત લેખમાં તેમણે વિનોબાનું લોકગુરુ તરીકે ઉત્તમ રીતે નિરૂપણ કર્યું છે.*

આપણા કોઈ કવિએ કહ્યું છેઃ 'પૂણ્યાત્માઓના ઊંડાણ તો આભ જેવા અગાધ છે'. ગાંધીજીએ જ વિનોબા ભાવે માટે કહેલુંઃ 'તારાથી વધારે મહાન આત્મા મારી જાણમાં બીજો કોઈ નથી'. વિનોબા એટલે વિદ્યાવારિધિ - મેધાવી પુરુષ. તેમણે અંતરથી સંન્યાસ સેવ્યો અને બહારથી કર્મયોગી બની રહ્યા. ભારતના સેંકડો - હજારો વરસોનો ભવ્ય વારસો એમનામાં ધબકતો રહ્યો અને એમના થકી સંક્રાંત થયો. ઉમાશંકર જોષીએ કહેલુંઃ 'વિનોબા એટલે આજન્મ તપસ્વી અને વિતરાગ સંન્યાસી'. એ અકિંચનપુરૂષ પાસે અનર્ગળ આંતરશ્રી અને સમૃદ્ધિ હતા. અદ્વિતીય પ્રતિભાસંપન્ન આ પુરુષ જાણે આપણી આચાર્ય પરંપરાના જ પ્રતિનિધિ હતા - શંકરાચાર્ય, રામાનુજાચાર્ય આદિની પરંપરાના જ આ પુરુષ. વિનોબાજીએ પોતાના વિશે એક વાર વાત કરતા કહેલુંઃ 'મને પ્રતિક્ષણ ભાસ થાય છે કે હું આ દુનિયાનો માણસ નથી... ભલે હું પ્રત્યક્ષ વિચરણ પૃથ્વી પર કરતો હોઉં, મારું મગજ બીજા જ કોઈ સ્તર પર વિચરતું હોય છે'. જ્ઞાન, ભક્તિ અને કર્મનો એવો તો સુભગ સમન્વય વિનોબાજીમાં દ્રષ્ટવ્ય થાય છે કે દાદા ધર્માધિકારીએ લખ્યું છે તેમઃ 'એમના હાથમાં બુદ્ધિ અને હૃદયની રેખા એક છે... વિનોબાની વિભૂતિમાં જ્ઞાન, કર્મ અને ભક્તિની સીમારેખાઓ જાણે ભૂસાઈ જ ગઈ છે'.

ગાંધીયુગીન આચાર્યોની એક વિશિષ્ટ શ્રૃંખલા અને અદ્ભુત પરંપરા રહી છે. આપણે ત્યાં આચાર્યના ત્રણ લક્ષણો વર્ણવ્યા છે. આચાર્ય કે શિક્ષક કેવો હોય? તે બ્રહ્મનિષ્ઠ હોય, તે બૌદ્ધિક (બહુશ્રુત) હોય અને તે અનુકંપાશીલ, કરુણાળુ હોય. ગાંધીયુગીન આચાર્યોમાં એક-બે તત્ત્વો ઉમેરાયા - એ પરિશ્રમી હોય અને તે લોકનિષ્ઠ હોય. તે આત્મસ્થને સાથે લોકસ્થ પણ હોય. ગાંધીજી પછી તે આજે પરંપરા ભલે મંદપ્રાણ થઈ હોય પણ ચાલે છે ખરી.

ગાંધીપ્રેરિત શિક્ષણ પરંપરામાં જીવન શિક્ષણ મહત્ત્વનું હતું. જીવન એ બહુઆયામી છે એટલે કેવળ શાળાની ચાર દિવાલોનું શિક્ષણ નહીં, પણ અનુભવ અને અનુબંધ આધારિત વ્યાપક શિક્ષણ. આ શિક્ષણમાં શિક્ષણ લેનારને જીવનોપયોગી - સમાજોપયોગી વિદ્યા અને શીલ મળે તેનો ખ્યાલ રખાતો. શાળાકીય શિક્ષણ સાથે લોકકેળવણી અને પ્રજા ઘડતર, રાષ્ટ્ર નિર્માણ અને સેવાનો અનુબંધ રચાતો. આવા આચાર્યોની દેશભરમાં મૂલ્યવાન પરંપરા રહી હતી. આચાર્ય કૃપાલની, આચાર્ય ગિદવાણી, આચાર્ય કાકાસાહેબ, નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે, રવિશંકર મહારાજ અને એવા કેટલાયે ગુજરાતને શિક્ષણ આપ્યું - વ્યાપક રીતે પ્રજાકેળવણીનું કાર્ય કર્યું. ગાંધીજીએ શિક્ષણનું નવું દર્શન આપ્યું - નઈ તાલીમ અને નઈ તાલીમની શાળા-મહાશાળાઓ, છાત્રાલયો - આશ્રમ શાળાઓએ સમાજમાં શિક્ષણનું ક્રાંતિકારી કાર્ય કર્યું. ભારત ગામડાનો દેશ છે, તો ગામડું - ગ્રામજીવન કેન્દ્રમાં હતું. ખાદી - ગ્રામોદ્યોગાદિ રચનાત્મક કાર્યક્રમો, સમૂહ જીવન, સમાજ કાર્યો, પરિશ્રમ અને કોઈ પણ ભેદ વિના સમાનભાવે શિક્ષણ પ્રવર્તતું.

વિનોબાજી આ આચાર્ય પરંપરાના ઉત્કૃષ્ટ પ્રતિનિધિ હતા.

### આછેરી જીવનઝલક

મૂળનામ વિનાયક, પિતા નરહર ભાવે અને માતા રખુમાઈ - રુકિમણીબાઈ. જન્મ અગ્નિહોત્રી ચિત્પાવન બ્રાહ્મણ પરિવારમાં - ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૫ના રોજ. તેમનું ગામ ગાગોદે, મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના પેણ તાલુકાનું નાનું એવું ગામ. પરિવારના વૈદિક સંસ્કારો ધાર્મિકતા અને સેવાના વાતાવરણની વિનોબાજી પર પ્રગાઢ અસર. માતા તેમના પ્રથમ ગુરુ. માતાના પાંચ ગુણો વિનોબાજીએ વર્ણવ્યા છેઃ માતા પરમ ભક્ત હતી, તે આચાર ધર્મની શિક્ષક હતી, ભગવત્ સ્વરૂપની દીક્ષાગુરુ હતી, ગીતાઈનો પ્રેરણાસ્ત્રોત અને વૈરાગ્યદાતા હતી. આ ગુણો બાળપણથી જ વિનોબામાં ઓતપ્રોત થયા. એટલે જ તેમને વીસમી સદીના શંકરાચાર્ય તરીકે નવાજયા!

બાળક વિનોબાને ગણિત અને સંસ્કૃત પ્રિય વિષયો. જ્ઞાનેશ્વરી તો આઠ વર્ષની ઉંમરે પૂર્ણ કરેલું. પછી સ્વામી રામદાસનું દાસબોધ, એકનાથજીનું ભાગવત, ટીળક મહારાજનું ગીતા રહસ્ય અને અન્ય ગ્રંથોનો એકાદ વર્ષમાં જ સ્વાધ્યાય સંપન્ન કર્યો, અને દસ વર્ષની વયે તો આજીવન બ્રહ્મચર્યનો સંકલ્પ લીધો. ભીતરમાં નરવી - ઉત્કટ આધ્યાત્મિક વૃત્તિ અને અંતરમુખી પ્રકૃતિ. શૈશવથી જ જ્ઞાનપ્રાપ્તિની અદમ્ય ઝંખના. વિનોબાજીમાં યોગીની સંકલ્પ શક્તિ - સંયમ શક્તિ અને સાધના શક્તિ હતા. તો ઋષિની મંત્ર શક્તિ, ક્રાંતદ્રષ્ટિ અને કરુણાદ્રષ્ટિ હતા. આનાં બી તો નાનપણથી જ વર્તાય છે એટલે વિનોબાજી જેટલા બહાર હતા, તેનાથી અનેકગણા અંદર હતા. તેઓ કહેતાઃ 'હું જે ચિંતન કરું છું તેનો એક જ અંશ પ્રગટ થાય છે, બાકી તો નવ્વાણું ટકા તો અપ્રગટ જ રહે છે!' તેમની પાસે તીવ્ર મેધા, અદ્‌ભુત યાદશક્તિ અને જબરી ગ્રહણશક્તિ હતા. પોતાને જુદી જ દુનિયાનો માણસ ગણાવી એક વખત પોતાના વિશે વાત કરતા કહેલુંઃ 'મારો દાવો છે કે મારી પાસે પ્રેમ છે... પ્રેમ અને વિચારમાં જે શક્તિ છે તે બીજા કશાયમાં નથી. તે નથી સંસ્થામાં, સરકારમાં, શાસ્ત્રોમાં કે શસ્ત્રોમાં!' અને કહેતાઃ 'હું પળે પળે બદલાતી વ્યક્તિ છું'.

વિનોબાજીએ એકવીસમે વર્ષે - પચ્ચીસ માર્ચ, ૧૯૧૬ ના રોજ શંકરાચાર્યના અથાતો બ્રહ્મજિજ્ઞાસા ના ભાવથી જ ગૃહત્યાગ કર્યો પછી ગાંધીજી સાથે જોડાયા. આશ્રમ જીવન જીવ્યા. આશ્રમ જીવન તેમની સાધના ભૂમિ, પ્રયોગ ભૂમિ બની રહ્યું. ત્યાં તેમણે શિક્ષણ, ઋષિ ખેતી, કાંચનમુક્તિ, શ્રમનિષ્ઠ મજુર જેવું જીવન - ભંગીકામ, કાંતણ, વણાટાદિ કામના અનેકવિધ પ્રયોગો કર્યા. વિનોબાજીના પ્રથમ વીસ - એકવીસ વર્ષ જ્ઞાનસંગ્રહ - વ્રતસંગ્રહમાં ગયા. જગતના ધર્મોનો - શાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. પછીના ૩૨ વર્ષ પ્રેમસંગ્રહ - સાધના, ઉપાસના અને આશ્રમ જીવનમાં - વિવિધ પ્રયોગોમાં ગયા. પછીના ૧૩ વર્ષ લોક સંગ્રહાર્થે પદયાત્રા અને લોકકેળવણીમાં ગયા, અને છેલ્લા બે દાયકા સૂક્ષ્મપ્રવેશમાં, અકર્મમાં કર્મના રહ્યા. કુલ ૮૭ વર્ષનું તેમનું આયુષ્ય - ૧૫ નવેમ્બર ૧૯૮૨ના રોજ દેહથી મુક્ત થયા.

વિનોબાજીનું ચિંતન, તેમના સહજ સ્ફૂર્તિ વ્યાખ્યાનો, ગોષ્ઠીઓ, પત્રો, લેખો આદિ 'વિનોબા સાહિત્ય'ના વીસ બૃહદ્ ગ્રંથોમાં સંગ્રહિત છે. મૌલિકતા અને સહજતા, દર્શન અને વ્યવહાર, ગાંધી અને ગામડું, ભારતીય સંસ્કૃતિ અને જાગતિક સંદર્ભ - આ સઘળુ તેમના ઊંડાણભર્યા ચિંતનમાં સહજ પ્રગટ થયું છે અને સંક્રાંત થાય છે.

**ગાંધી ચરણે અને ગાંધી કાર્યે**

એકવીસમે વર્ષે ગૃહત્યાગ કરીને તેઓ ઝંખતા હતા તો બ્રહ્મપ્રાપ્તિ અથવા સ્વરાજપ્રાપ્તિ. પણ તે બંનેનો સંગમ તેમણે ગાંધીજીમાં અનુભવ્યો. તેમણે જ લખ્યું છેઃ 'હું નાનો હતો ત્યારથી મારું ધ્યાન બંગાળ અને હિમાલય ઉપર ચોંટ્યું હતું. બંગાળમાં 'વંદે માતરમ્'ની ભાવના મને ખેંચતી હતી. અને બીજી બાજુ હિમાલયના શાંતિ અને તેનો જ્ઞાનયોગ મને ખેંચતો હતો... ન તો હું હિમાલય ગયો કે ન તો હું બંગાળ ગયો. ગાંધીજી પાસે મને હિમાલયની શાંતિ પણ મળી અને બંગાળની ક્રાંતિ પણ જડી. જે વિચારધારા હું પામ્યો તેમાં ક્રાંતિ અને શાંતિનો અપૂર્વ સંગમ થયો હતો'.

ગાંધીજીના પ્રથમ દર્શન કોચરબ આશ્રમમાં ૭ જુન, ૧૯૧૬ના થયાં. અને પછી તેઓ ગાંધીજીના અનુયાયી, સાથી અને વારસદાર જ બની રહ્યા. વિનોબાજીને ગાંધીજી માટે અપાર શ્રદ્ધા અને આદર. તેઓ જીવનપર્યંત ગાંધી વિચારનું ગહરાઈથી ચિંતન-મનન કરતા રહી, ભારતની ભોંયમાં તેને ઉતારવાનો અને દૃઢમૂળ કરવાનો પુરૂષાર્થ કર્યો. એમણે કહ્યું છેઃ 'ગાંધીજીના ગયા પછી હું એ ખોજમાં હતો કે અહિંસાની સામુહિક પ્રતિષ્ઠા શી રીતે કરવી? મેં ભૂમિ સમસ્યાનું આલંબન લીધું પરંતુ તે દ્વારા સામ્યયોગનો, કરુણાનો વિચાર સમજાવવો એ મારી મૂળભૂત દ્રષ્ટિ હતી'.

વિનોબાજી પાંચ - સાડા પાંચ દાયકા મૂંગા રહી રચનાત્મક કાર્ય અને આત્મસાધના કરતા હતા. પણ ગાંધીજીની હત્યા પછી બહાર આવ્યા અને ગાંધીજીનું અધુરૂં કામ જાણે ઉપાડી લીધું. વિનોબાજીના જીવનની હર ઘડી ગાંધી પ્રણિત મૂલ્યોની માવજત માટે અને સમાજમાં તેને પ્રતિષ્ઠિત કરવા માટે જ સમર્પિત રહી હતી. જાણે અહિંસા - સંસ્કૃતિનું પોત વણવવાનું જે કાર્ય ગાંધીજી અધુરૂં છોડી ગયા, ત્યાંથી વિનોબાજીએ તે આગળ વણવાનું ઊપાડી લીધું.

ગાંધીજીને પણ વિનોબાજી માટે અપાર લાગણી - પુત્રવત્ સ્નેહ હતો. ગાંધીજીની પરીક્ષામાં તેઓ પ્રથમ ક્રમે, અને એટલે જ ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પ્રથમ સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ તેમને પસંદ કરેલા અને ત્યારે જ સહુને તેમનો પરિચય થયો. એ વખતે દિનબંધુ એન્ડ્રુઝને ગાંધીજીએ લખેલુંઃ 'આશ્રમનાં દુર્લભ રત્નોમાંના તેઓ એક છે. તેઓ પોતાના પુણ્યથી આશ્રમને સિંચવા આવ્યા છે. પામવા નહીં, આપવા આવ્યા છે.'

અને ગાંધીજીના દેહાંત પછી તેઓ પોતાની સાધનામાંથી બહાર આવ્યા અને વિવિધ કાર્યો - આંદોલનો શરૂ કર્યા. તેમણે જાહેર કર્યું: 'મારું કામ ગાંધીવિચારની દિશામાંનું જ છે'.

**જન્મજાત શિક્ષક**

વિનોબાજી જન્મજાત શિક્ષક - લોક શિક્ષક જ હતા. તેઓ આજીવન વિદ્યાર્થી રહ્યા અને ઉત્તમ શિક્ષક સાબિત થયા. મહાત્મા ગાંધીજીને કોર્ટમાં પૂછવામાં આવેલું કે 'તમારો ધંધો શો છે?' ત્યારે તેમણે જવાબ આપેલો: 'મારો ધંધો કાંતવાનો અને વણવાનો (Spinner and Weaver) છે'. આ વાત યાદ કરીને એક વખત વિનોબાજીએ કહેલું: 'મને કોઈ મારા ધંધા વિષે પૂછે તો હું કહું કે મારો ધંધો શિક્ષકનો છે'.

વિનોબાજીએ ભૂદાન, ગ્રામદાન, સંપત્તિદાન, જીવનદાન, શાંતિસેના, સર્વોદય પાત્ર, આચાર્યકૂળ, છ આશ્રમોની સ્થાપના વગેરે કેટલાયે કાર્યો કર્યા પણ તેમના હૃદયનો ધર્મ તો શિક્ષકનો જ હતો. એક વાર તેમણે કહેલું: 'મારો જન્મ જ વિદ્યાર્થીઓ માટે થયો છે'. તેમણે ભૂદાનાદિ જે કાર્યો કર્યા, અભિયાનો ચલાવ્યા તેમાં વ્યાપક લોકશિક્ષણ અને આત્મશિક્ષણ જ ચાલ્યું.

૧૯૩૫માં એક પત્રમાં એમણે લખેલું: 'મારા જીવનમાં બીજું જે કાંઈ હું કરીશ, તેની કિંમત જગતે જે આંકવી હોય તે આંકે, પરંતુ પારી દ્રષ્ટિએ હૃદય ધોવાની ક્રિયા - શિક્ષણનું આ તીર્થસ્થાન જ મારું મુખ્ય જીવન છે. મારા વિદ્યાર્થીઓ અને મારા પારસ્પરિક સંબંધનું વર્ણન કરવું હોય તો ચંદ્ર - ચકોર કે મેઘ - ચાતક ઈત્યાદિ કાલ્પનિક દ્રષ્ટાંતો જ ખોળવાં પડે'.

નિત્ય નવું શીખવું અને બીજાને શીખવવું એ વિનોબાના વ્યક્તિત્વનું પ્રમુખ પાસું રહ્યું હતું. તેમણે અત્યંત પરિશ્રમપૂર્વક અધ્યયન કરેલું અને પછી પદયાત્રાઓ - ગોષ્ઠીઓ, સંમેલનો - શિબિરોમાં લોક કેળવણીના ભાવથી વિતરણ કર્યું. આસેતુહિમાલય તેમની જે પદયાત્રા ચાલી તે દ્વારા લોક કેળવણીનું જે અજોડ કાર્ય થયું, તેનો વિશ્વમાં જોટો મળે તેમ નથી. ૧૩ વર્ષ વણથાક્યા સૂર્યની જેમ જ નિયમિતતાથી તેઓ ફર્યા અને દરરોજ બે-ત્રણ સભાઓ-મિટિંગોને સંબોધી. ભૂદાનાદિ આંદોલન દ્વારા હજારો નિષ્ઠાવાન - સમર્પિત કાર્યકરોની ફોજ તૈયાર થઈ. તેમણે કહેલું: 'મારું સમગ્ર જીવન જ શિક્ષણ કાર્યમાં વિત્યું છે - ક્યારેક આત્મશિક્ષણ ચાલ્યું, ક્યારેક વિદ્યાર્થીઓનું શિક્ષણ ચાલ્યું તો ક્યારેક લોકશિક્ષણ - કાર્યકર્તાઓનું શિક્ષણ ચાલ્યું'. પોતાની પદયાત્રાના હેતુ અંગે એક વાર કહેલું: 'મારી પદયાત્રા ૧૩ વર્ષ ચાલી અને એમાં મેં જો કોઈ કામ કર્યું હોય તો તે શિક્ષક અને વિદ્યાર્થીનું જ કર્યું છે'. કારણ કે 'જે શિક્ષક હોય તે વિદ્યાર્થી પણ હોય જ'. અને 'જ્યારે ફરતો નહોતો, ત્યારે પણ અધ્યયન - અધ્યાપન સિવાય કાંઈ જ કર્યું નથી'. એક શિક્ષક તરીકે તેમણે વિદ્યાર્થીઓના આંતર-બાહ્ય જીવનને ઘડવાનું કામ કર્યું છે તો એક ઉત્તમ લોકશિક્ષકના નામે તેમણે વ્યાપકરૂપે જનતાની ચેતનાને ઢંઢોળવા-જગાડવાનું કાર્ય કર્યું છે.

જેમનું શૈશવ - કિશોરાવસ્થા દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સંગે વીતેલાં અને તે અનુભવો - પ્રસંગોનું ઉત્તમ પુસ્તક 'જીવનનું પરોઢ' જેમણે આપ્યું તે પ્રભુદાસ ગાંધી વિનોબાના વિદ્યાર્થી તરીકે રહેલા. તેમણે પોતાનો અનુભવ દર્શાવ્યો છે: 'વિનોબાજી જ્યારે ભણાવવા બેસતા અને ભતૃહરિ, વાલ્મીકિ, કાલિદાસ, શંકરાચાર્ય, વ્યાસાદિની વાણી સંભળાવતા ત્યારે એમના દિવ્ય પ્રકાશે હું આશ્ચર્યમુગ્ધ અને પાણીપાણી થઈ જતો. અમે અનુભવતા કે જે રીતે ભણાવતા - ભણાવતા બાપુજી (ગાંધીજી) અમૃત પીવડાવી શકતા, એ જ રીતે વિનોબા પણ મધુર અમૃત અમારા હૃદયમાં સીંચી રહેતા'.

વિનોબાજી વિદ્યાર્થીને પોતાના આરાધ્યદેવ જ લાગતા. તેમની શિક્ષણ વિશેની મિતાક્ષરી વ્યાખ્યા પણ સ-ચોટ છે: 'શિક્ષક વિદ્યાર્થીપરાયણ, વિદ્યાર્થી શિક્ષકપરાયણ, બંને જ્ઞાનપરાયણ, જ્ઞાનસેવાપરાયણ!' ગાગરમાં સાગર જેમ થોડામાં જાણે આખું શિક્ષણશાસ્ત્ર ખોલી આપ્યું છે.

જે. કૃષ્ણમૂર્તિએ કહેલું અહીં નોંધવાનું મન થાય: 'સાચો શિક્ષક અંદરથી સમૃદ્ધ હોય છે અને તેથી એ પોતાને માટે કંઈ જ માગતો નથી. તે મહત્ત્વાકાંક્ષી નથી હોતો કે કોઈ પ્રકારે સત્તા પણ નથી શોધતો... તે સમાજના દબાણથી તેમજ સરકારની સત્તાથી મુક્ત છે'. વિનોબાજીએ કહેલું: 'કોઈ મારા પર આક્રમણ કરી પોતાનો વિચાર સમજાવી મને પોતાનો ગુલામ બનાવી શકે છે, પરંતુ વિચાર સમજાવ્યા વિના કોઈ પ્રયત્ન કરશો તો લાખ પ્રયત્ન છતાં કોઈની સત્તા મારા પર આવશે નહીં.'

**આચાર્ય, સંત અને ઋષિ**

વિનોબાજી આચાર્ય, સંત અને ઋષિ હતા. આપણા ઋષિ-મુનિઓ, સંત-સાધુઓ, આચાર્યો ખરેખર ઉત્તમ શિક્ષકો - કેળવણીકારો જ હતા. સમાજને, વ્યક્તિઓને, રાજ્યને કે શાસકોને તેમનાં માર્ગદર્શન-પ્રેરણા અને બોધ સતત સાંપડતાં. ઋષિઓ મંત્રના - જ્ઞાનના દૃષ્ટા - શોધક હતા તો સંતો જ્ઞાન-સમજના પ્રસારક હતા. આચાર્યો જીવનવિદ્યાના ઉપાસકો અને તત્ત્વને ખોલી આપનાર હતા. વિનોબાજીમાં આ ત્રિમૂર્તિ સહજ દૃષ્ટવ્ય થાય છે. વિનોબાજીએ

કહ્યું: 'મહારાષ્ટ્ર અને દેશની સંતપરંપરાના જ્ઞાનદેવ, નામદેવ, તુકારામાદિ અને નાનક, કબીર, તુલસી, નરસિંહ, શંકર, રામાનુજ, વ્યાસ, વાલ્મીકિ, શુકદેવ - આ બધા મારા નાનપણના મિત્રો! પરંતુ તેમાં ખાસ જ્ઞાનદેવ અને શંકર અને પછી ગાંધી!'

વિનોબાજીમાં આચાર્યની પ્રખર બુદ્ધિમત્તા, સંતની કરુણા અને ઋષિની પ્રતિભા હતાં. તેમની અગાધ વિદ્વતા, હૃદયનું કારુણ્ય અને આગવું આર્ષદર્શનથી તેમની પ્રતિભા કસાયેલી હતી.

વિનોબાજી તો પ્રત્યેક શિક્ષક માટે આચાર્ય શબ્દ પ્રયોજતા. આચાર્ય એટલે આચરણનિષ્ઠ પુરૂષ. आचरति इति आचार्य :- જેમના વિચાર અને આચારમાં ઓછામાં ઓછું અંતર હોય તે આચાર્ય. વિનોબાજી તો ભાષા-શબ્દના ભારે મરમી હતા. એમણે કહેલું: 'આચાર્યમાં ચર ધાતુ છે. તેના વિવિધ અર્થો થાય છે, પણ ચર નો સંબંધ આચરણ સાથે છે'. એટલે 'સમાજમાં આચરણ દ્વારા જે ઘડો બેસાડે છે તે આચાર્ય... વિચારોની જે પ્રેરણા આપે છે તે આચાર્ય'. વિનોબાજીએ જ કહેલું: 'આ દેશ જે બન્યો છે, તે તેના આચાર્યોએ બનાવ્યો છે'. વિનોબાજી આવા આપણી પ્રાચીન આચાર્ય પરંપરાના પૂર્ણ વિકસિત પુષ્પસમ હતા, તો કબીરાદિ સંતોના ગોત્રના પણ હતા અને વ્રતનિષ્ઠ - અધ્યાત્મનિષ્ઠ, તપોનિષ્ઠ - સ્વાધ્યાયનિષ્ઠ ઋષિ પણ હતા. નાનાભાઈ ભટ્ટે કહેલું: 'વિનોબાજી તો આદ્ય ઋષિ છે'.

**પ્રજાસૂયયજ્ઞ અને લોકશિક્ષણ**

ગાંધીજીએ વિનોબાને લખેલું: 'તમે મોટી સેવાનું નિમિત્ત બનશો'. ગાંધીજીની આ ભવિષ્યવાણી સાચી પડવાની ઘડી જાણે આવી રહી હતી.

ત્રણ દાયકા પલાંઠી વાળીને અધ્યયન - અધ્યાપન અને શ્રમનિષ્ઠ-સેવાનું કાર્ય તેમજ નાનાવિધ પ્રયોગોમાં રત વિનોબાજી ૧૯૫૧માં શિવરામ પલ્લી મુકામે યોજિત સર્વોદય સંમેલનમાં જવા માટે સેવાગ્રામથી પગપાળા નીકળ્યા અને અચાનક - અપ્રત્યાશિતરૂપે એક નવી દિશા ખૂલી ગઈ. એમને પણ કદાચ તેની કલ્પના નહોતી. એ વખતે તેમણે એક પત્રમાં લખેલું: 'કાલે હું નીકળીશ. હું પગપાળા જઈશ. કારણ કે ગામે ગામના લોકોને મળવાને, તેમનાં સુખ-દુ:ખને સમજવાની અને એમની અંદર વસેલા ભગવાનનાં દર્શન કરવાની મને ઈચ્છા છે'. સંમેલન બાદ તેલંગાણાના કમ્યુનિસ્ટો દ્વારા આતંકગ્રસ્ત વિસ્તારમાં ફરીને નિરીક્ષણ કરવાનું મન હતું અને ત્યાંના જમીનના પ્રશ્નના ઉકેલ માટે કંઈક કરવું હતું, અને જે પ્રકાશની તેમની શોધ હતી, તે તેમની આ યાત્રા દરમિયાન પ્રાપ્ત થયો. પોચમપલ્લી ગામે હરિજનભાઈઓએ કહ્યું: 'અમે ખૂબ ગરીબ છીએ, બેકાર છીએ. અમને થોડી જમીન અપાવો'. અને ત્યાં જ રામચંદ્ર રેડ્ડી નામે એક ભાઈએ એકસો એકર જમીન દાનમાં આપી અને વિનોબાજીને થયું: 'આ શું થયું?' અંદરથી જ અવાજ આવ્યો: 'તને અહિંસા પર વિશ્વાસ છે કે નથી? માટે શ્રદ્ધા રાખ અને માગતો જા, જેણે બાળકના પેટમાં ભૂખ રાખી છે, તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે. એ અધૂરી યોજના નથી કરતો'.

અને ૧૯૫૧ની પદયાત્રા શરૂ થઈ. વિનોબાજીની ઉંમર ૫૫ વરસની! 'પચપન કે બાદ બચપન' એમ સાવ સરળભાવે - બાળભાવે વિનોબાજી ૧૩ વરસ અખંડપણે ચાલ્યા! ૭૦,૦૦૦ કિ.મી.ની ભારતવ્યાપી આસેતુ હિમાલય પગપાળા યાત્રા કરી. ૪૨ લાખ એકર જમીન ભૂમિદાનમાં મળી અને ભૂદાન તેમજ સર્વોદયી સમાજ રચના - અહિંસક સમાજરચનાના - પ્રયોગ માટે ગ્રામદાન, સંપતિદાન, જીવનદાન, શાંતિસેના, સર્વોદયપાત્ર આચાર્યકુળ એમ એક વ્યાપક કર્મયજ્ઞ ચાલ્યો. હજારો વ્યાખ્યાનો થયાં, જે દ્વારા પ્રજા સમસ્તને માર્ગદર્શન અપાયું. લોકશિક્ષણ થયું. એક ભવ્ય-દિવ્ય પ્રજાસૂય યજ્ઞ.

ગાંધીજી અહિંસાને સર્વત્ર લાગુ કરવાનો પ્રયોગ કરવા ઈચ્છતા હતા, આમ જનતાને પોતાના સવાલો અહિંસાને માર્ગે ઉકેલવાનું શીખવવા માગતા હતા, પણ તેમને તે માટે સમય ન મળ્યો. ગાંધીજીની આ આકાંક્ષા વિનોબા દ્વારા ફળીભૂત થઈ. તેમણે અહિંસાનો સમાજવ્યાપી સમર્થ પ્રયોગ વ્યાપક રીતે કર્યો. તેમણે સાબિત કર્યું કે પ્રેમ, સદ્‌ભાવ અને વિશ્વાસથી કેટલાય સવાલો ઉકેલી શકાય છે.

વિનોબાજીએ લોક કેળવણીનું આ જે વ્યાપક કાર્ય કર્યું તેની પ્રેરણા અંતરમાંથી જ આવી હતી. મહાપુરૂષો પોતાના આત્મ પ્રત્યયથી, અંતરના અવાજથી આગળ વધે છે. તેઓ કોઈ જ્યોતિષિઓ, ભવિષ્યવેત્તાઓ કે નેતાઓને પૂછવા નથી જતા. વિનોબાનું આ ભૂમિ માગવાનું કાર્ય પ્રારંભે તો પાગલપનમાં જ લેખાયું, ત્યારે તેમણે કહ્યું : 'વિદ્વાનો, વ્યવહારકર્તાઓ ભલે મને પાગલ ગણો, મને તો એક જીવનકાર્ય મળી ગયું છે.... અહિંસક સમાજરચનાનું.'

વિનોબાજીએ કોઈએ પૂછેલું. 'તમે પગપાળા જ કેમ ફરો છો?' તો વિનોબાજીએ મર્માળુ ઉત્તર આપેલો. 'જો હું હવાઈ જહાજમાં ફરત, તો મારું કામ હવામાં જ રહી જાત! પણ જમીન પર પગ ખોડીને ફરી રહ્યો છું, તેથી મારું કામ

જમીનમાં ઊંડા મૂળ પકડી રહ્યું છે.'

વિનોબાજી પદયાત્રા દ્વારા લોકોના હૃદય સુધી પહોંચી શક્યા. તેમણે કહેલું; 'દેશનું દિમાગ ઘણું ખરું શહેરો છે, પણ તેનું દિલ ગામડાંઓમાં છે. મારે દિલ સુધી પહોંચવું છે. પદયાત્રાથી મને એમ લાગ્યું કે આ રીતે લોકોના દિલમાં પ્રવેશવાનો અને લોકોને જગાવડવાને, એક અનોખો ઉપાય મને જડી ગયો છે.' લૂઈ પાશ્ચરને યાદ કરીને કહે : 'મેં લૂઈ પાશ્ચરની એક તસવીર જોઈ હતી. તેની નીચે એક વાક્ય લખ્યું હતું : 'હું તારો ધર્મ શું છે એ નથી જાણવા માગતો, તારા વિચારો શું છે તે પણ જાણવા નથી ઇચ્છતો. માત્ર એટલું જાણવા ઈચ્છું છું કે તારું દુઃખ શું છે ? મારો આ જ પ્રયાસ છે.'

વિનોબાજીએ પ્રારંભેલું આ ધર્મચક્રપ્રવર્તન હતું. તેઓએ કહ્યું છેઃ '... આપણું મુખ્ય કામ લોકશક્તિ નિર્માણ કરવાનું છે. એ જેમાંથી નિર્માણ થાય તેવા કામમાં આપણે લાગેલા રહીએ તો જ આપણા દેશની યોગ્ય સેવા કરી શકીશું'. અને 'આ સ્વતંત્ર લોકશક્તિ એટલે હિંસા-શક્તિની વિરોધી અને દંડશક્તિથી ભિન્ન એવી ત્રીજી શક્તિ'.

આ ભૂદાનમૂલક, ગ્રામોધ્યોગ પ્રધાન, અહિંસક ક્રાંતિનો બૂંગિયો સમગ્ર દેશમાં વાગ્યો. પણ તેમની - વિનોબાજીની - ભૂમિકા જાગતિક - વૈશ્વિક હતી. કહેતાઃ 'ભૂદાન યાત્રા એટલે મનુષ્ય માત્રની સારપને જગાડવાનો પ્રયાસ'. યાત્રા ભલે ભારતમાં ચાલી, થોડી પાકિસ્તાનમાંયે આ ચાલી પણ તેમની વાતો જગત માટે હતી, જય જગત તેમનો મંત્ર હતો. તેઓ કહેતાઃ 'મારા કાર્યોના મૂળમાં કરુણા છે, પ્રેમ છે, વિચાર છે. અને તેની જરૂર તો જગત સમગ્રને છે'. કહેતાઃ 'મારા કાર્યો દિલોને જોડવાના એક માત્ર હેતુથી પ્રેરિત છે'.

આ યાત્રા તેના પ્રવચનો, લોકશક્તિનું નિર્માણ, પ્રજા કેળવણી અને જાગૃતિ આ બધું છતાં ક્યાંય કોઈ વિરોધ નહિ. જાણે અવિરોધની સાધના! વિનોબાજી કહેતાઃ 'હું ખૂબ જ તટસ્થ બની રહ્યો છું અને મને સમન્વયનું સતત ભાન છે. મારો કોઈનીયે સાથે વાદ-વિવાદ નથી, કોઈનોયે અમસ્તોએ વિરોધ કરું તે મારા લોહીમાં નથી. હું સુપ્રીમ સીમેન્ટીગ ફેક્ટર છું!' આમ એક સમન્વય દ્રષ્ટિથી કામ થયું અને તેથી પ્રજા કેળવણીનું પાયાનું કામ થયું. લોકમાનસનું પરિવર્તનનું મહત્ત્વનું કામ થયું.

તેમણે પોતાની આ યાત્રા અને વિવિધ કાર્યક્રમો દ્વારા ગાંધીવિચાર સાથેનું પોતાનું સંધાન આગળ ચલાવ્યું. સ્વરાજ આવ્યું પણ ગાંધીજીને સંતોષ થાય તેવું નહોતું જ અને પોતાને સંતોષ થાય તેવું સ્વરાજ નિર્માણ કરવા તેઓ જીવી પણ ન શક્યા. વિનોબાજીએ કહેલુંઃ '... ગાંધીજી હોત તો હું ક્યારેય બહાર ન આવત. દુનિયા કોઈ મને મજૂરીના કામમાં તલ્લીન જોત. આમ જન્મે હું બ્રાહ્મણ છું એટલે બ્રહ્મનિષ્ઠ અને અપરિગ્રહી છું પરંતુ કર્મે હું મજૂર છું'. તેમણે પોતાની ભરજુવાનીના ૩૨ વર્ષ, જીવનના 'બેસ્ટ ઈયર્સ' મજૂરીમાં ગાળ્યા હતા.

તેમને ગાંધીવિચારમાં પૂર્ણ શ્રદ્ધા હતી. તેમણે કહેલુંઃ 'ગાંધીવિચાર તો એવો સબળ છે કે તે આવી રહેલાં વર્ષોમાં ક્ષીણ નહીં થાય બલ્કે વધુ પ્રગટ થવાનો છે'. ગાંધીવિચાર મરવાનો નથી. 'પ્રશ્ન ગાંધી આચારનો છે, જે નબળો પડતો જાય છે'. તેમણે ગાંધીવિચાર સાથે આચારનું અવલંબન લઈને અનેક પ્રયોગો કર્યા. તેમના મતે अंतःशुद्धि बर्हिशुद्धिः श्रमः शांतिः समर्पणम् - અંતરની શુદ્ધિ, બહારની - આસપાસની શુદ્ધિ, શ્રમનિષ્ઠા, શાંતિ પરાયણતા, અને સર્વ સમર્પણભાવ આ ગાંધીવિચાર અને આચાર. તેની સામાજિક પ્રતિષ્ઠા કરવાની છે.

વિનોબાજીએ 'અરૈ બેતિ અરૈ બેતિ' દ્વારા સમાજ જીવનને સર્વોદયની વાત સમજાવી. આ આત્મનિષ્ઠા રખડું ફકીરે રાષ્ટ્ર જીવનને જીવનની પાયાની નિષ્ઠાઓ અને જીવન પદ્ધતિને જીવી બતાવી. તેમને મહાત્મા ગાંધીની જેમ જ પ્રતીતિ હતી કે 'મને જે આ માનવદેહ મળ્યો છે, તે સેવા કરવા મળ્યો છે'.

### આચાર્ય કુળ

આચાર્ય કુળનો વિચાર અને પછી તેનું સંગઠન એ વિનોબાજીનું બહું મોટું પ્રદાન છે. જે જ્ઞાનને ઉપાસના કરે છે, જે ચિત્તશુદ્ધિ માટે જાગૃતિપૂર્વક પ્રયત્નશીલ છે, જેમનું હૃદય વિદ્યાર્થી, નવી પેઢી, સમાજ માટે પ્રેમથી છલોછલ છે, જે સમાજને માર્ગદર્શન આપી શકે, જરૂર લાગે તો તેનું નિયંત્રણ કરે તેને અનુશાસનમાં રાખી શકે આવા લોકોનું સંગઠન તે આચાર્ય કુળ. કુળ શબ્દ જ પરિવારનો પર્યાય છે. વિનોબાજીએ પંચ શક્તિ સહયોગની વાત કરી હતી. જેમાં જનશક્તિ, સજ્જનશક્તિ, વિહત્‌જનશક્તિ, મહાજનશક્તિ અને શાસનશક્તિ સહુ જોડાયેલા હોય અને સમાજને માર્ગદર્શન કરતા હોય.

આચાર્ય કુળનો વિચાર તેમણે બિહાર યાત્રા દરમ્યાન આપ્યો. બિહારના તે વખતના રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેન વિનોબાજીને મળ્યા. કેટલાક પ્રશ્નોની ચર્ચા કરવા અને તેમનું માર્ગદર્શન મેળવવા આવેલા. અન્ય પ્રશ્નોની સાથે શિક્ષણનો



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

પ્રશ્ન પણ ચર્ચાયો. રાષ્ટ્રપતિએ વિનોબાજીને શિક્ષણના પ્રશ્નો ઉપર ધ્યાન આપવા અને શિક્ષકોને માર્ગદર્શન આપવા વિનંતી કરેલી. બિહારના તે વખતના શિક્ષણમંત્રી કરપૂરી ઠાકુર તે મુલાકાત વખતે હાજર હતા. એટલે તેમણે એ વાતનો દોર પકડી તારીખ ૭-૮ ડિસેમ્બર, ૧૯૬૭ના રોજ પૂસા રોડ (બિહાર)માં વિનોબાજીના સાંનિધ્યમાં એક પરિષદ બોલાવી. જેમાં બિહારની બધી યુનિવર્સિટીઓના કુલપતિઓ, કોલેજોના આચાર્યો, શિક્ષકો, શિક્ષણશાસ્ત્રીઓ હાજર હતા. કેન્દ્રના શિક્ષણમંત્રી ત્રિગુણસેન, જયપ્રકાશ નારાયણ, ધીરેન્દ્ર મજમુદાર વગેરે અગ્રણીઓ હાજર હતા. આ પરિષદ સમક્ષ બોલતા વિનોબાજીએ શિક્ષણના પોતાના વિચારો રજૂ કર્યા અને તેમાં શિક્ષકોની એક સ્વતંત્ર શક્તિ પાંગરે તે ઉપર ખાસ ભાર મૂક્યો. તેમણે તે વખતે કહેલું: 'શિક્ષકો પ્રજાના માર્ગદર્શક બનવા જોઈએ અને શિક્ષણ વિભાવ ન્યાય વિભાગની જેમ સરકાર શાસનથી સ્વતંત્ર હોવો જોઈએ. શિક્ષકોએ પક્ષીય રાજકારણ તેમ જ સત્તાની રાજનીતિથી અળગા રહેવું જોઈએ. અને જનતા સાથે સંપર્ક કેળવવો જોઈએ'.

પૂસા રોડ પછી જાન્યુઆરી ૧૯૬૮માં વિનોબાજીએ મુજ્ઝફ્ફરપુરમાં પ્રાધ્યાપકો - શિક્ષકો આદિનું એક સંમેલન યોજ્યું અને પુનઃ આ વાત મૂકી. એ પછી ફેબ્રુઆરીમાં વિનોબાજી મુંગેર કોલેજમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે દસેક દિવસ રોકાયા અને શિક્ષકો - પ્રાધ્યાપકોના સંગઠનનો વિચાર મૂક્યો એ પછી ૬-૭ માર્ચે ભાગલપુરમાં વિદ્વાનો, પ્રાધ્યાપકો, શિક્ષકોના સંગઠનને આખરી રૂપ આપ્યું અને તેના કાર્યક્રમ અંગે વિગતે વિચારણા થઈ અને આવા સંગઠનને વિનોબાજીએ 'આચાર્ય કુળ' એવું નામ સૂચવ્યું અને તારીખ ૮ મીએ તેની સ્થાપનાની જાહેરાત થઈ.

આચાર્ય કુળ એટલે સમાજની એક ત્રીજી શક્તિ અને તેમાં જોડાનાર નિર્ભય, નિર્વેર અને નિષ્પક્ષ હોય. આચાર્ય કુળ વ્યક્તિ અને રાષ્ટ્રની આત્મચેતનાને જગાડે, આત્માનુ-શાસનને પ્રેરે અને માર્ગદર્શન કરે. જ્ઞાન-વિજ્ઞાનનું સમન્વય કરવાવાળું ભારતીય દર્શન જે છે તેને સમાજમાં વ્યવહૃત કરવાનું મહાન કાર્ય આચાર્ય કુળ પાસે અપેક્ષિત હતું. આ સંગઠન સમાજ માટે નૈતિક અને આધ્યાત્મિક શક્તિનું કેન્દ્ર બને અને પોતાની આધ્યાત્મિક - નૈતિક શક્તિથી દેશની સામાજિક, આર્થિક, રાજનૈતિક આદિ સમસ્યાઓના ઉકેલ માટે માર્ગદર્શન આપે.

'આચાર્ય કુળ'ની મૂળ વિભાવનામાં શિક્ષકો - આચાર્યની એક સ્વતંત્ર શક્તિ ઊભી કરવાની વાત હતી, જેમાં પ્રાથમિક શિક્ષકોથી માંડીને યુનિવર્સિટી શિક્ષકો જોડાયેલા હોય. તેમાં એક નિર્ણાયક સમિતિ હોય, જેમાં સામાન્યતઃ સર્વ સંમતિથી નિર્ણય થાય. આચાર્ય કુળની વાત કરતાં તેમણે વિદ્વદ્નોની એ સભામાં કહેલું: 'આપણે કોઈ દેશવિશેષ કે ધર્મવિશેષના આગ્રહી નથી. કોઈ સંપ્રદાય કે જાતિવિશેષમાં બહુ નથી. વિશ્વના ઉપલબ્ધ સઘળા સદ્વિચારોના ઉદ્યાનમાં આપણે વિહરનારા છીએ અને એ આપણો સ્વાધ્યાય છે. સદ્વૃત્તિઓને આત્મસાત્ કરવી એ આપણો ધર્મ અને વિવિધ વિશેષતાઓમાં સામંજસ્ય સ્થાપિત કરી વિશ્વવૃત્તિનો વિકાસ કરવો તે આપણી સાધના છે'.

આ સંદર્ભમાં વિનોબાજી ઈચ્છતા હતા કે દેશમાં આચાર્યોનું અનુશાસન ચાલે. કટોકટી વખતે તેમણે સ્પષ્ટતા કરેલી કે: 'આચાર્યોનું હોય છે અનુશાસન અને શાસકોનું હોય છે શાસન'. તેઓ માનતા શાસકોના આધિપત્યમાં જો દુનિયા ચાલશે તો કદી શાંતિ-સમાધાન નહીં મળે. કારણ કે શાસન દંડશક્તિ અને હિંસાશક્તિ ઉપર આધારિત છે, જ્યારે અનુશાસન પ્રેમશક્તિ, જ્ઞાનશક્તિ અને વિશ્વાસશક્તિ પર આધારિત છે. સર્વોદયનું ધ્યેય છે શાસનમુક્ત સમાજ વ્યવસ્થા.

આમ સમાજનું નેતૃત્વ લેનાર, સમાજને જગાડનાર અને સમસ્યાઓનું સમાધાન આપનાર એક સંગઠન જરૂરી છે, અને તેમાં નિર્ભય, નિર્વેર, નિષ્પક્ષ અને જ્ઞાનશક્તિ - પ્રેમશક્તિની ઉપાસના કરનાર સૌનું એ સંગઠન હોય એ આચાર્યકુળ.

### શિક્ષણ ચિંતન

વિનોબાજીએ શિક્ષણનું આમૂલાગ્ર ચિંતન કર્યું છે. અનેક વ્યાખ્યાનો અને ગોષ્ઠીઓમાં તેમણે શિક્ષણના વિચારો અને આપણા દેશમાં શિક્ષણનું સ્વરૂપ કેવું હોય તે સમજાવ્યું - પ્રબોધ્યું છે. તેમના 'શિક્ષણ - વિચાર' પુસ્તકમાં સુપેરે તે મળે છે.

આજના શિક્ષણથી તેઓ ખૂબ જ નારાજ હતા. કહેતા: 'આજનું આ શિક્ષણ હરગીઝ ન ખપે'. કારણ કે 'તે બેકારો પેદા કરનાર કારખાના છે'. જરા આકરા શબ્દોમાં તેમણે કહેલું: 'જો એમ જાહેર કરવામાં આવે કે રદ્દીમાં રદ્દી શિક્ષણનો નમૂનો રજૂ કરાશે તેને મહાવીર ચક્ર આપવામાં આવશે, તો મને લાગે છે કે આજના શિક્ષણને મહાવીર ચક્ર મળે!' વિરોધાભાસ તો જુઓ! 'આજે સરકાર શિક્ષણ ખાતુ પણ ચલાવે છે અને સાથે પોલીસ ખાતુ પણ ચલાવે છે, સરકારને પાણી પણ રાખવું પડે છે અને આગ પણ રાખવી પડે છે!' એટલે એમણે કહેલું: 'જો મારા હાથમાં રાજ હોય તો બધા

વિદ્યાર્થીઓને ત્રણ મહિના છુટ્ટી આપી દઉં અને કહું: હસો, રમો, જરા મજબૂત બનો, ખેતી - ઉદ્યોગમાં કામ કરો, સ્વરાજનો આનંદ ભોગવો. અને એટલા વખતમાં શિક્ષણશાસ્ત્રીઓ નવા શિક્ષણનો ઢાંચો તૈયાર કરી આપે'. કારણ કે 'અહીંનું ભારતનું શિક્ષણનું શિક્ષણશાસ્ત્ર આપણા સ્વભાવ-સંસ્કાર પરંપરાને અનુકૂળ હોય તો જ તે આપણને ઘટતી મદદ કરી શકે'. 'નવા રાજ્યમાં જેમ નવો ઝંડો આવ્યો, તેમ નવા રાજ્યમાં નવી તાલીમ જ જોઈએ... ગાંધીજીએ દૂરદ્રષ્ટિથી નવી તાલીમ સુઝાડી'.

વિનોબાજી સ્વાયત્ત અને સ્વતંત્ર શિક્ષણમાં માનતા હતા. 'શિક્ષણનું તંત્ર શાસનમુક્ત હોવું જોઈએ'. તેમ તેમની માંગણી હતી. તેઓ ડીગ્રી અને નોકરી વચ્ચે સંબંધ પણ ના હોવો જોઈએ તેના હિમાયતી હતા. શિક્ષણ તેમને મન 'યજ્ઞ કાર્ય' હતું. કારણ કે 'શિક્ષણ દ્વારા સાક્ષરતા જ નહીં, જીવનની સાર્થકતા સાધવાની છે'. શિક્ષણ તો સ્નેહથી, પ્રેમથી જ આપી શકાય, અને શિક્ષકનું ચારિત્ર્ય, તેનું જીવન, તેનું આચરણ અને શિક્ષણ આપનાર માધ્યમ છે. શિક્ષણ અનુભવ અને અનુબંધથી જ આપી શકાય છે. અને તે દ્વારા વિદ્યાર્થીને આત્મતૃપ્તિ મળે તેમ જ આત્મવિશ્વાસ વધે તે તેની કસોટી છે. ઉપરાંત તેઓ કહેતા: 'જ્ઞાનની કસોટી કાર્યમાં છે, જેમ સોનાની કસોટી અગ્નિમાં છે'.

તેમણે શિક્ષણનું પ્રત્યક્ષ કાર્ય કરેલ. શિક્ષણના વિવિધ પ્રયોગો પણ કરેલા અને શિક્ષણ વિશે ચિંતન પણ કરેલું. નવી તાલીમ માટે તેઓને શ્રદ્ધા હતી કારણ કે તેમણે કહેલું: 'નવી તાલીમ એ એક તંત્ર નહીં, એક વિચાર છે. એ કોઈ શિક્ષણની પદ્ધતિ કે કોઈ એક ટેકનીક માત્ર નથી, એ તો એક વ્યાપક શિક્ષણ - વિચાર છે. માણસને તે શક્તિ અને કુશળતા હાંસલ કરાવવા માંગે છે, અને તે શક્તિને કુશળતાનો કલ્યાણકારી ઉપયોગ કરવાનું શીખવવા માગે છે'.

વિનોબાજી જીવનને ગુણસંવરધનની સાધના કહેતા. શિક્ષણ દ્વારા પણ આપણે ગુણસંચય અને ગુણોનો વિકાસ કરવાનો છે. અને તે માટે 'શિક્ષણ એટલે યોગ, ઉદ્યોગ અને સહયોગ' તેવી પરિભાષા આપી. યોગ એટલે ચિત્ત ઉપર અંકુશ કેમ રાખવો તેમ શીખવું, ઉદ્યોગ એટલે તે ગુણને વ્યવહારમાં મૂકવો - ઉદ્યોગ એટલે ઉત્ + યોગ = ઊંચો યોગ તેમ કહેતા! અને સહયોગની અંદર સમગ્ર સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર આવી જાય. સહયોગ એટલે ગુણગ્રહણદ્રષ્ટિ - બધાયે સાથે રહેવાનું છે તો ભેદ બધા ખતમ થવા જોઈએ. આમ યોગ દ્વારા ગુણવિકાસ, સ્થિતપ્રજ્ઞતા. ઉદ્યોગ દ્વારા ગુણોની પરખ - કસોટી, જ્ઞાન અને કર્મને જોડવા અને સહયોગ એટલે ગુણગ્રહણ, ગુણચુંબકવૃત્તિ.

શિક્ષણ એટલે કેવળ જીવનધોરણનો વિકાસ કરે તેમ નહીં પણ આત્મવિકાસનું શિક્ષણ. માનવ બનાવે તેવું શિક્ષણ. એવું શિક્ષણ એટલે શીલ, સદાચાર, વિદ્યાર્થી પર પ્રેમ, જ્ઞાન, ઉત્પાદક શ્રમ અને નાગરિક ધર્મનું શિક્ષણ. શિક્ષણ એ 'સ્વસ્થ માનવ સંબંધોની વિરોધી એવી સામાજિક - આર્થિક આદિ સમસ્યાઓનો હલ કરવા માટેની અહિંસક પ્રક્રિયા' છે. કારણ કે જ્ઞાનની કસોટી કાર્યમાં, વ્યવહારમાં, જીવનમાં છે.

વિનોબાજીને શિક્ષકો માટે અંદરથી શ્રદ્ધા હતી. શિક્ષકોની એક સભામાં તેમણે કહેલું: 'તમે લોકો શિક્ષકો છો તો એ ધ્યાનમાં રાખજો કે તમારું કામ શિક્ષણ દ્વારા આખા સમાજની રચના બદલવાનું છે... શિક્ષક શાંતિમય ક્રાંતિનો અગ્રદૂત છે'. શિક્ષકો માટે તો વિદ્યાર્થી - શિષ્ય એ જ ભગવાન. શિક્ષકોનું કામ છે: 'નિરંતર જ્ઞાનવૃદ્ધિ, સતત અધ્યયનશીલતા'. અને 'અધ્યયન માટે ચિત્ત ખુલ્યું હોવું જોઈએ'. તેઓ 'શિક્ષક અનુભવી હોય, તે વાનપ્રસ્થી હોય' તેવું કહેતા. વાનપ્રસ્થી એટલે અનુભવી, જંજાળથી મુક્ત અને ખુલ્લા દિમાગવાળો. આદર્શ શિક્ષકની તેમની કલ્પના હતી: 'જેમાં માનું વાત્સલ્ય અને સાધુનું શીલ અને ગુરુનું જ્ઞાન - એવો ત્રિવેણી સંગમ છે'. અર્થાત્ 'માની જેમ કરુણાવાન, સાધુની જેમ શીલવાન અને ગુરુની જેમ પ્રજ્ઞાવાન છે'. શિક્ષકમાં જ્ઞાન અને પ્રેમ ઉભરતા હોવા જોઈએ, જેમ સંધ્યાકાળે દોડતી આવતી ગાયના આંચળ દૂધથી ઉભરાતા હોય છે - પોતાના વાછરડાં માટે. ભારતનું ભાવિ શિક્ષકો અને શિક્ષણ પદ્ધતિ - તંત્ર પર નિર્ભર છે, એટલે તેમને સાચા શિક્ષણની તાલાવેલી હતી. તેઓએ કહેલું: 'શિક્ષક અને વિદ્યાર્થીઓનો આ સમાજ એટલા માટે છે કે નવી દુનિયા બનાવવા માટે સહિયારો પુરૂષાર્થ કરી શકાય'. ભૂતકાળમાંય ભારતનું ઘડતર આચાર્યો - શિક્ષકો દ્વારા જ થયું છે.

વિનોબાજીનો વિશ્વાસ હતો કે 'વિદ્યા તો જાતે મેળવાય, શિક્ષક તો મદદ કરે'. તેમણે કહેલું: 'હું તો ગુરુત્વનો સ્વીકાર નથી કરી શકતો... એકબીજાની સહાયતા કરીએ, સહુ સાથે મળીને સુપંથ ઉપર ચાલીએ - આ મારી વૃત્તિ છે'. શિક્ષક કે ગુરુ આખરે 'એક પાટિયું છે - સાઈન બોર્ડ છે, જે માર્ગદર્શન કરે, દિશા દર્શાવે. તે આપણે છેક સુધી મૂકવા ન આવે'.


પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖

### ઉપસંહાર

વિનોબાજીનું જીવન અને ચિંતન અગાધ મહાસાગર જેવું છે. તેમણે તો કહેલુંઃ 'જે હું વિચારું છું, અનુભવું છું તેનો એક ટકો જ પ્રગટ કરું છું!' તો આ વ્યક્તિના ઊંડાણ અને વિસ્તારની કલ્પના જ કરવી રહી. અને છતાં જે આપ્યું છે તે માટે જીવન સમગ્રપણ જાણે ઓછું પડે. તેમના વ્યાપક ચિંતનમાંથી થોડી વાતો જ અત્યંત સંક્ષેપમાં અહીં મૂકી શકાઈ છે.

તેમના ચિંતનમાં ગ્રામસ્વરાજની વાત મુખ્ય હતી, અને તે માટે જ તેઓ મથ્યા. દેશમાં રાજકીય સ્વરાજ આવ્યું હતું પણ ગાંધીવાંછિત ગ્રામ સ્વરાજ - હિંદના ગામડાંઓની આર્થિક, સામાજિક, નૈતિક આદિ સ્વતંત્રતા સિદ્ધ કરવાની બાકી હતી. તેઓ કહેતાઃ 'હજી તો ગુલામ ગામોનો આઝાદ દેશ છે!' 'દિલ્હીમાં સૂર્યોદય થઈ ગયો અને તમારા ગામે તેનો તાર આવ્યો તો શું તમે નાચી ઉઠશો? તમે કહેશો કે ભાઈ! સૂર્યોદય થયેલો અમે ત્યારે જ માનીએ જ્યારે અમારા ગામના દરેક ઘર સામે સૂર્યોદયના દર્શન થાય અને તેના કિરણો દરેક ઘરમાં રોશની ફેલાવે'. ભૂદાન - ગ્રામદાન દ્વારા ગ્રામસ્વરાજનો જ તેમનો હેતુ હતો. ગ્રામ સંસ્કૃતિ અને ગ્રામોત્થાનના નવસંસ્કરણનું કામ કરવું હતું. ગામડાં શોષણમુક્ત બને અને પોતાનો વહીવટ પોતે ચલાવે તો સાચું ગ્રામ સ્વરાજ આવે, જે દેશને મજબૂત કરવા માટે પણ મહત્ત્વનું હતું. ગામેગામ હો સ્વરાજ.

વિનોબાજીએ 'સબકી લિપી એક' નો પ્રયાસ કર્યો. 'મારા બધા કામો દિલોને જોડવાના હેતુથી થયા છે' તેમ તેઓ કહેતા. દેશ ભ્રમણથી તેમના ચિત્તમાં એક તીવ્રતા જાગી કે જો દેશની બધી ભાષાઓ એક લીપીમાં લખાય તો સાંસ્કૃતિક એકતા મજબૂત બને. તેમણે તો દેશની બધી ભાષાઓ અને લીપીઓનો અભ્યાસ કરેલો અને વિશ્વની પણ કેટલીક ભાષાઓ જાણતા. તેમની ઈચ્છા હતીઃ 'દેશની બધી ભાષાઓ પોતપોતાની લીપીમાં તો લખાતી રહે, સાથે નાગરી લીપીમાંએ લખાય'. કેવળ નાગરી નહીં, પણ નાગરી પણ. તેમને હતું તે ભારતની એકતા માટે લાભદાયી થશે, લોકોના દિલ જોડાશે.

વિનોબાજીનું એવું જ એક પ્રદાન તે 'શાંતિસેના'ની સ્થાપના. ગાંધીજીની અંતિમ ઈચ્છાઓ પૈકી એક હતી કે દેશમાં શાંતિસેના ઊભી થાય, પણ તેમની પાસે તે માટે સમય ન રહ્યો. ૧૯૫૭માં વિનોબાજીએ તે સ્થાપી. અશાંતિ સમયે તો શાંતિ સ્થાપવાનું કાર્ય કરે જ પણ શાંતિના સમયે પણ નિષ્કામ સેવામાં પ્રવૃત્ત રહે. 'સર્વોદય પાત્ર'નો વિચાર પણ તેમનો એક મૌલિક વિચાર છે. 'મુઠ્ઠીભર અનાજ, જગતભર શાંતિ!' એ જ રીતે તેમણે છ આશ્રમોની સ્થાપના કરી. તેમાં 'બ્રહ્મવિદ્યામંદિર' એ બહેનો બ્રહ્મ વિદ્યાની ઉપાસના કરી શકે તે માટે. અને છતાં કહેતાઃ 'મારી પાસે અનેક શ્રેષ્ઠ વિચાર છે, પરંતુ સૌથી શ્રેષ્ઠ વિચાર છે કે મારા વિચારનું કોઈના પર આક્રમણ ન થાઓ!'

વિનોબાજીએ એક નવું જીવનદર્શન - જીવનદ્રષ્ટિ આપી. વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયની તેમણે વાત કરી. તેઓએ કહેલુંઃ 'વિજ્ઞાન + અધ્યાત્મ = સર્વોદય. વિજ્ઞાન - અધ્યાત્મ એટલે સર્વનાશ! આજે વિજ્ઞાન સત્તા અને સંપત્તિ તેમજ સ્વાર્થ અને ભોગના હાથમાં વેચાઈ ગયું છે.

વિનોબાજીને 'રાજનીતિ' નહીં પણ 'લોકનીતિ' પર વિશ્વાસ હતો. કેન્દ્રમાં માનવ રહેવો જોઈએ, સ્વતંત્ર અને ઉલ્લસિત માનવ.

કોઈએ એકવાર પૂછ્યુંઃ 'અમારા માટે શું આદેશ છે?' વિનોબા કહેઃ 'આદેશ હોય છે ભગવાનનો, નિર્દેશ અધિકારીઓનો, ઉપદેશ સત્પુરૂષોનો, અમે ભક્તજન તો કેવળ સંદેશ પહોંચાડીએ!' તેઓ કહેતાઃ 'ઈશ્વર જેમ નચાવે છે, તેમ નાચું છું. આ કામ મારૂં નથી, તેનું છે'.

આવા માણસના કામનો અંદાજ ન થઈ શકે. ભાવિ ઈતિહાસ તે અંગે કેટલુંક કહી શકે. છેલ્લે લોંગફેલોની એક કવિતાની થોડી પંક્તિઓ જ મૂકવાનું ગમે.

Lives of great men all remind us;
We can make our lives sublime,
And departing leave behind us,
Footprints on the sands of time.

❑❑❑

અક્ષરભારતી, ૫, રાજ ગુલાબ શોપિંગ સેન્ટર,
વાણીયાવાડ, ભુજ - કચ્છ. પીન - ૩૭૦૦૦૧.
મો. ૦૯૮૨૫૧૯૧૦૨૯

**'પ્રબુધ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી
કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**

# જેને શીખતાં આવડ્યું તેને.....

ડૉ. ગુલાબ દેઢિયા

*લેખક પરિચય : સ્વામી આનંદના ગદ્ય પર સંશોધન કરી પીએચ.ડી.ની ઉપાધિને વરેલા ડૉ. ગુલાબ દેઢિયા અચ્છા નિબંધકાર – કવિ છે. 'ઓસરીમાં તડકો' તેમનો અવોર્ડ વિજેતા નિબંધ સંગ્રહ છે. 'રાંધ'નામક કચ્છી કાવ્ય સંગ્રહને કચ્છી સાહિત્ય અકાદમીનો પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. વ્યવસાયે શિક્ષક એવા ગુલાબભાઈ વિદેશની શૈક્ષણિક સંસ્થાઓના અભ્યાસક્રમ ઘડવામાં ભૂમિકા ભજવે છે. સારા વક્તા અને સંચાલક પણ છે. તાજેતરમાં જ તેમની શિક્ષણ ક્ષેત્રની સેવાઓ બદલ તેમને ''કચ્છ શક્તિ એવોર્ડ'' એનાયત કરાયો છે. 'પગદંડી'માં તેઓ નિયમિત લખતા રહે છે.*

બારી ખોલી આપે, ના; બારી ન પણ ખોલી આપે. બારી હોવાની, બારી છે એવી શ્રધ્ધા જગાડે, બારી ખોલવાના તરીકા દેખાડે, બારી તરફ આંગળી ચીંધે તે ગુરુ. ગુરુની વ્યાખ્યા ન થાય, ગુરુને વ્યાખ્યામાં ન બાંધી શકાય. એ સમજ આપે તે ગુરુ. ગુરુ તો આંગળી પકડે, પછી છોડે, પછી દૂર ઊભા રહે, પડવા ના દે, પડીએ-આખડીએ તો ઊભા કરે, ચપટી સ્મિત કરે. એને આજનો પાઠ કહે તે ગુરુ.

ગુરુ જિજ્ઞાસા વાવે, પ્રશ્નો કરતાં શીખવે, તર્જની સંકેતથી વિશાળતા દાખવે, ખરે ટાણે મદદે આવે. સારું છે કે આપણને ખબરેય નથી કે કોણે કોણે, ક્યારે-ક્યારે કેટકેટલું શીખવ્યું છે!

રામનારાયણ પાઠક 'શેષ'નું એક યાદગાર કાવ્ય છે 'પરથમ પરણામ'. પાઠક સાહેબે પોતાના ઉપર ઉપકાર કરનાર માતા, પિતા, ગુરુ, મિત્ર, શત્રુ, જીવનસાથી, ગાંધીજી અને જગતને પ્રણામ કર્યા છે. આ કાવ્યને જરાક જુદી રીતે જોઈએ તો આ બધા જ આપણા ગુરુ છે. એ બધા આપણને કંઈક શીખવે છે. જ્ઞાન આપે છે. આપણું જીવનઘડતર કરે છે. આ કાવ્ય વાંચવા જેવું છે, ન વાંચ્યું હોય તો એ વાંચવાનો આનંદ બાકી છે એમ સમજજો.

જેને શીખતાં આવડ્યું તેને શું ન આવડ્યું? શીખવાની જરૂર છે. 'જીવનભર શીખવાની આકાંક્ષા રાખવી જોઈએ' એમ મહાવીરવાણીમાં કહ્યું છે. એટલે કે ખરો મહિમા શીખવાનો છે. તમે ઘોડાને તળાવ સુધી લઈ જઈ શકો, પાણી તો ઘોડાએ જ પીવાનું છે. આવી જબરી વાત કહેનારને સલામ.

બધું જ જો ગુરુ કરી આપે તો થઈ રહ્યું! ગુરુ તો ચીંધે, ખપ પડે ત્યાં વીંધે, સાંધે પણ ન બાંધે. ગુરુનો અંશ શિષ્યમાં આવે, એ પાછો બીજાને દેતો જાય, એમ અખંડધારા ચાલ્યા કરે. શીખવું એટલે પોતાને મળવું, પોતામાં ભળવું, ચોપાસના વાતાવરણમાંથી ઝીણી નજરે, કીડી રેતીમાંથી સાકર પોતાની કરી લે તેમ, કીડી જેવા નાના બનીને પામવું.

હવે શાળામાં પહેલા ધોરણમાં દાખલ થવાની વય છ વર્ષ કરી છે પણ શીખવાની કોઈ ઉંમર હોતી નથી, જે શીખે તે યુવાન છે, શીખે છે તે તરવરિયો છે, તરવૈયો છે. એવી પ્રાર્થના કરવાનું મન થાય કે આ જગતમાંથી વિદાય લેતી વખતે પણ કંઈક શીખીને, કંઈક ગાંઠે બાંધીને, ઘણી ગાંઠો છોડીને જઈએ.

'સમસંવેદના' ખરો માર્મિક શબ્દ છે. એના જેવો અનુભવ કરવો, એ વાતને, એ વસ્તુને બરોબર મૂળમાંથી પામવી. આ સચરાચર સૃષ્ટિને સમસંવેદનાથી પામીએ તો રહસ્યો સાવ સાદાસીધા લાગે, બાળક જેવા. અગોચર બધું ગોચર લાગે. બધા તત્ત્વો મુઠ્ઠી ખોલવા તત્પર છે. આપણે એમને સ્પર્શીએ એટલી જ વાર છે!

થોડીક ગુરુવંદના કરીએ. સુઘરીથી લઈને વણકર, વરસતા વરસાદમાં શેરીમાંથી વહેતા પાણીમાંથી ઊઠતા પરપોટા, ઝાંઝવાના લહેરાતાં જળ, વિભિન્ન પ્રકારની વિરહની અને એટલી જ મિલનની ક્ષણો, સૂર્યોદય અને સૂર્યાસ્ત વખતની આપણી મનોદશા, ઉનાળાની અરવ શાંતિમાં સંભળાતો હોલારવ, અમાસ અને પૂનમની રાત, પાનખરમાં સામેના વૃક્ષ પરથી ખરતાં પાન, આ બધાં કંઈક ને કંઈક શીખવે છે, જો શીખતાં આવડે તો?

ઉત્સવની તૈયારીઓ, ઉત્સવનું વાતાવરણ પછી ઉત્સવ પૂરો થતાં વિખરાયેલો મંડપ બધાને કંઈક કહેવું છે. આપણા ગુરુઓની પહેલી હરોળમાં આપણી પ્રાથમિક શાળાના આપણા પ્રિય શિક્ષક જરૂર યાદ આવે.

આપણા નાજુક નાનકડા હાથમાં પહેલીવાર ચોપડી આવી, તે રોમાંચની ક્ષણ હતી. હવે આ પુસ્તકો તો આપણા મહાગુરુ થઈ ગયા છે. આ ગ્રંથોના સર્જકો દૂર દૂર બેઠા બેઠા આપણને જ્ઞાન આપે છે. આ પરોક્ષ ગુરુઓને વંદન હોજો. એક વારમાં કોઈ પુસ્તક થોડું વંચાઈ રહે છે! એ તો ફરી ફરી વાંચીએ તેમ નવું નવું કંઇક આપે છે. એકાદ પુસ્તક સાથે સારાસારી થઈ જાય તો જગ જીત્યા.

શિષ્યની અંદર ગુરુ બિરાજમાન હોય, હાજરાહજુર હોય એનાથી રૂડું શું? એ ગુરુ છે 'વિવેક'. વિનય આવે તો વિદ્યા આવે, વિદ્યા આવે તો વિવેક આવે. વિવેક આવે તો પછી ઘણી બધી નિરાંત આવે. આનંદ આવે. નિજાનંદમાં રહેવાનું શિક્ષણ આ વિવેકચંદ્ર ગુરુ આપે છે. મહાવીરવાણીમાં કહ્યું છે ને, 'સાર્થક છે તે લઈ લો અને નિરર્થક છે તે છોડી દો'. આ સાર્થક અને નિરર્થકની પરખ કોણ કરાવે? તે છે વિવેકચંદ્ર પારેખ. વિવેક ખરો પારખુ છે. ગુરુણામ ગુરુ છે.

આપણા સંજોગો શું આપણા ગુરુ નથી? છે ને વળી! અનુભવ શીખવે તે કોઈ ન શીખવે. ફી જરા મોંઘી છે પણ જાતઅનુભવની ફી સરવાળે સસ્તી પડે. આપણું એકાંત, આપણી ચેતના, બજારની ભીડ, આનંદની ક્ષણો, પરાજયની ક્ષણો, કંઈક ગુમાવ્યાનો રંજ, કંઈક પામ્યાનો સંતોષ, આ બધા ગુરુકક્ષામાં જ છે.

'ગુરુ થા તારો તું જ' એનો એવો અર્થ પણ કરીએ ને કે, 'શિષ્ય થા તારો તું જ'. આપણી ભૂલો, આપણી પરિસ્થિતિ, સંજોગ, વૃત્તિ, વ્યવહાર, સ્વજનો બધા નાના-મોટા પાઠ તો શીખવે જ છે. આપણી ઈચ્છા હોય કે અનિચ્છા.

આપણને શિષ્ય બનવામાં બાધક હોય તે કષાયો છે. અહંકાર એ તો મકનો હાથી છે. એને કેળવી શક્યા તો કેળવણી આપણી દીપી ઉઠે. પ્રમાદ છોડીએ તો જ્ઞાનનો પ્રમોદ પામીએ. ગુરુપદના દાવેદારોમાં એક ગુરુ સદાય આપણી સાથે જ રહે છે તે છે સમય મહારાજા.

દશે દિશાએથી શુભ વિચાર આપણી અંદર આવવા તૈયાર ઊભા છે. આપણી પાસે વિસ્મય જોઈએ, ખંત જોઈએ, ખેવના જોઈએ, હળવાશ જોઈએ, જ્ઞાન સાથે બોજ ન આવે પણ મોજ આવે. અંગૂઠી ઊતારતાં, અળવી આંગળી જોતાં આવડી જાય તો...

જે જે ગુરુ આપણને મળે એનો આપણી સાથે ઋણાનુબંધ પણ હોવો જોઈએ. ગુરુનો મેળાપ થાય, એમની સાથે આપણી કેમેસ્ટ્રી જામે, શ્રધ્ધા મૂળિયાં ઊંડા ઉતારે. ગુરુ આપણામાં કૌવત ભાળે, કૌતુક ઝાંખે, આપણી પાત્રતા પ્રમાણે વિલસતા જઈએ. ગુરુની જીવનશૈલી જ આપણને અર્ધા પાઠ તો વગર વાંચ્યે શીખવી દે.

દરેક પ્રવાસ શું ગુરુ નથી? પ્રવાસે જતાં પહેલાની મનોદશા, પ્રવાસની તૈયારી, પ્રવાસમાં અને ઘરે પાછા ફર્યા પછીની મનોદશા. આ બધું આપણને અંદર લઈ જાય. થોડુંક સાદું સીધું ચિંતન, રોજબરોજના અનુભવો આનંદની દીક્ષા દઈ જાય છે.

માતાના ઉદરથી સંસ્કાર શરૂ થાય તે અવિરત ચાલે. ઘરઆંગણાનું એક વૃક્ષ પણ ગુરુપદ શોભાવી શકે છે.

ઘણું જ્ઞાન મેળવ્યા પછી, જ્ઞાનથી માથું ભર્યા પછી, બધું જાણું છું એ જાણ્યા પછી એક નાનકડું જ કામ રહી જાય, તે કરી લેવું તે છે આચરણનો એકડો.

એક નાનકડા બીજને વટવૃક્ષમાં પળોટાતું જોઈએ છીએ. માટી, ખાતર, પાણી, પ્રકાશ બધાં મદદ કરે છે. પણ અંકુરિત તો બીજને જ થવું પડે છે. આપણા વર્તનમાં ગુણાનુરાગ, થોડીક કરુણા, માણસ બનવાની થોડીક તરસ જાગે તો બેડો પાર થઈ જાય.

ચારે બાજુ કેટકેટલા રંગ જોઈએ છીએ. એ રંગોને નિહાળતાં, એમાં પરોવાઈ જવું, ઓગળી જવું, રંગ થઈ જવું, એકરંગ થઈ જવું શું પાઠ નથી!

*'લાલ, પીળો ને વાદળી એ મૂળ રંગ કહેવાય,*
*બાકીના બધા મેળવણીથી થાય'.*

આ વાત તો બચપણમાં ભણ્યા હતા, આજે કહેવું હોય તો :

*'કરુણા, શ્રધ્ધા ને વિવેક એ મૂળ મૂડી કહેવાય.*
*બાકીની બધી મેળવણીથી થાય'.*
*રંગને પૂછીએ તો રંગ તો એમ પણ કહી શકે :*
*'વિરહ, અપેક્ષા ને અજ્ઞાન એ મૂળ વ્યથા કહેવાય,*
*બાકીની બધી મેળવણીથી થાય'.*

દાંત કચકચાવીને ગાંઠ પર ગાંઠ બાંધવાની આદત, પછી એ ગાંઠો છોડવાની મથામણ, છેવટે કાપવાની તૈયારી, એક છેલ્લો પ્રયત્ન અને ગાંઠનું છૂટી જવું એ ક્ષણ શું અભ્યાસક્રમની નથી!

માતા ઘરનાં કામ કરે છે, આડોશપાડોશમાં મેળાવડો કરે છે, વાતો કરે છે, હસે છે એ બધા વચ્ચે પારણે પોઢેલા બાલુડાનો સાદ એને સંભળાઈ જ જાય છે. આપણે પણ હરતાં ફરતાં, જાગતાં ઊંઘતા, વાતો કરતાં સહજ રીતે શ્વાસ લઈએ છીએ તેમ પેલી માતાની જેમ અંદરનો અવાજ સાંભળવાનું ન ભૂલીએ તો ભણ્યાનું પ્રમાણ.

મગજની શક્તિઓ અમાપ છે. આપણો વિચાર જ આપણને અજવાળું દેખાડશે. બસ, પલાંઠી વાળીને બેઠા એટલી જ વાર છે!

❑❑❑

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર,
ચાર બંગલા, અંધેરી પ. મુંબઈ - ૪૦૦ ૦૫૩.
મો. ૯૮૨૦૬૧૧૮૫૨

# શું ગુરુદેવ મળે તે નિયતિની કૃપા ?

ડૉ. ભદ્રાયુ વછરાજાની

*લેખક પરિચય : ડૉ. ભદ્રાયુ વછરાજાની જાણીતા લેખક અને વક્તા છે. મૂળે તેઓ શિક્ષણના જીવ છે. 'હૈયું-મસ્તક-હાથ', 'નાની પાટીમાં શિલાલેખ' તથા 'મુઠ્ઠી ઊંચેરા માનવીઓ' તેમના બેસ્ટ સેલર પુસ્તકો છે. તેઓ દિવ્યભાસ્કર ગુજરાતીમાં નિયમિત લખે છે. ગુણવંત શાહ તેમને તેજસ્વી અને ઓજસ્વી શિક્ષણકાર તરીકે ઓળખાવે છે. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક પણ છે.*

સદ્‌ગુરુ, ગુરુદેવ, મુખ્ય ગુરુ કે ગુરુજી.

આ બધા જ ભાવભર્યાં શબ્દો છે. આ શબ્દોનાં ઉચ્ચારણમાં જ લાગણી છે, ભક્તિ છે અને શરણાગતિ છે! 'ગુરુ મળવા' અને 'ગુરુ કરવા' એ બે અલગ વાતો છે, કારણ 'મળવા' એ નિયતિદત્ત છે. અને 'કરવા' તે વ્યક્તિગત છે. સાચી વાત તો એ છે કે ગુરુ કર્યા કરાય નહીં, ગુરુ તો અનાયાસે-દિવ્યકૃપાએ-અહોભાગ્યે આવી મળે! આજકાલ ગુરુ કરવાની હોડ લાગી છે. પોતાના પગ પર પણ ન ઊભા થયેલા બાળકના કાન ફૂંકવા કેટલાય ગુરુઘંટાલો પંડાલ બાંધી પ્રતિક્ષામાં છે. તમે ગુરુને ધારી લો તે ન ચાલે, ગુરુ તમને મનમાં વસતા કરે તેનું માહાત્મ્ય છે. અમારા એક ઉત્સાહી કલાકાર પોતાનાં બે-ત્રણ ગુરુ વારંવાર જાહેરમાં ગણાવ્યા કરે છે પણ પેલા ગુરુઓએ ક્યારેય ખોટે મસે કીધું નથી કે આ જણ મારો શિષ્ય છે. 'ગુરુ કરવામાં' ઉતાવળ હોય, 'ગુરુ મળવા' માં નિરાંતની નીંવ અને ધીરજના ધામા જોઈએ. મન મળે ત્યાં મેળો, પણ હ્રદય મળે ત્યાંથી ગુરુ ભેળો!

કોલેજમાં ભણવાનું પૂરૂં થયું અને શાંતિનિકેતન ગુરુદેવ કવિવરના દર્શન માટે જવાની ઈચ્છા દીકરાએ પિતાજી આગળ વ્યક્ત કરી. પરંતુ પિતાજી કહે, 'પહેલાં તું કરાંચી જા, મોટા ભાઈએ એક સ્વતંત્ર ધંધો શરૂ કર્યો છે, તેને મદદ કરવા જા'.દીકરો પિતાજીની આજ્ઞા મુજબ તૈયારી કરવા લાગ્યો પણ વિધિએ કાંઈક જુદું જ વિચાર્યું હશે. દીકરો સખત બિમાર પડ્યો. બિમારી એટલી વધી ગઈ કે તેનાં બચવાની આશા સૌએ છોડી દીધી. પિતાજીએ નિરાશ વદને દીકરાને પૂછ્યું : 'તારી કાંઈ અંતિમ ઈચ્છા છે, જે અમે પૂરી પાડી શકીએ?' દીકરાએ પથારીમાંથી કહ્યું : 'પિતાજી જો હું જીવતો રહું તો આપ કૃપા કરીને મને શાંતિનિકેતન મોકલવાનો પ્રબંધ જરૂર કરજો. આ મારી અદમ્ય ઈચ્છા છે.' પ્રભુ કૃપા થઈને દીકરો બચી ગયો. તદ્દન સ્વસ્થ થયા પછી દીકરાએ ગુરુદેવને એક તાર મોકલી પૂછાવ્યું : 'હું શાંતિનિકેતન આપનાં દર્શન માટે આવી શકું છું?' ગુરુદેવનો જવાબ આવ્યો : 'તમે ખુશીથી આવો... એ સમય આવી ગયો ને શાંતિનિકેતન તરફ પ્રયાણ કર્યું. પાંચ દિવસની લાંબી મુસાફરી છતાં તેને જરાપણ થાક ન લાગ્યો. ઉલટું એના હૈયામાં અતિશય ઉમંગ અને આનંદ છલકતો હતો. એ યુવાનને અહેસાસ થતો હતો કે શાંતિનિકેતનની આ યાત્રા એનાં જીવનને એક વિશેષ વલણ આપશે. જો કે શાંતિનિકેતનનાં દ્વારે પહોંચ્યો ત્યારે ગુરુદેવ ત્યાં ન હતા. માંદગીની સારવાર માટે બે-ચાર દિવસ પહેલાં જ કલકત્તા ગયેલા. પણ આ તો શાંતિનિકેદન, દીનબંધુ ઍન્ડ્રુઝે વ્હાલથી સ્વાગત કરી યુવાનને શિક્ષકોની સાથે નિવાસ આપ્યો. દસ દિવસ પણી ગુરુદેવ પાછા ફર્યા કે જે યુવાનના ત્યાં નિવાસનો છેલ્લો દિવસ હતો! દીનબંધુએ તેને ગુરુદેવનાં દર્શન કરવાની ગોઠવણ કરી આપી. પણ સાથે કહ્યું: 'ગુરુદેવ હજુ બહુ અશક્ત છે, તેથી તેઓ તમને પાંચ મિનિટથી વધારે વખત નહીં આપી શકે..'

ગુરુદેવને મેળવવા એક મકાનના પહેલા માળ પરની ઓરડીમાં યુવાન પ્રવેશ્યો ત્યારે તેઓ પદ્માસનમાં બેસીને બારીની બહાર જોઈ રહ્યા હતા. પ્રણામ કરીને યુવાન ઊભો રહ્યો અને એમ જ ચાર મિનિટ વીતી ગઈ. ન તો બેસવા કહ્યું કે ન તો કાંઈ વાત કરી! મનમાં પાર વિનાનું દુ:ખ હતું. પણ સમય પૂરો થવા લાગતાં ગુરુદેવ પાસેથી વિદાય લેવા માટે યુવાને પ્રણામ કર્યા અને જાણે ચમત્કાર થયો! કવિવરે પોતાનો જમણો હાથ યુવાનના માથા પર મૂકી તેની આંખોમાં જોઈને કહ્યું: 'હું તમને જન્મજન્માંતરથી ઓળખું છું. મારા આશ્રમમાં તમારા માટે એક આસન ખાલી છે. તમે હવે તેના પર બેસી જાઓ.' આ શબ્દો સાંભળીને અહોભાવથી યુવાને ગુરુદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યા. આ પ્રણામ કરતી વખતે યુવાનને લાગ્યું કે, 'મારા હૈયાનાં દ્વાર ચારે દિશાઓમાં ઊઘડી ગયાં છે અને વિશાળ જગતે તેમાં પ્રવેશ કર્યો છે. જગત અને મારી વચ્ચે કોઈ જાતની દીવાલ હવે નથી રહી, એટલું જ નહીં પણ જગત અને મારી વચ્ચે તથા જગતના સર્જનહાર અને મારી વચ્ચે પ્રીતિનો પુલ બંધાઈ ગયો છે. હવે હું સરહદી કે પંજાબી કે ભારતવાસી નથી. હું બધાનો છું અને બધાં મારા છે.' બસ, તે સમયથી યુવાન સંકીર્ણતારહિત માનવી બની ગયો અને કવિવર તેનાં ગુરુદેવ બની ગયાં. એ યુવાન તે ઘડીથી શાંતિનિકેતનમાં શિક્ષક તરીકે કાર્યરત થઈ ગયો.

અધ્યાત્મ અને સૂફી માર્ગના સાધક, પૂજ્ય મોટા અને મહાત્મા ગાંધીનાં નિકટતમ સેવક અને સંત કોટિનું જીવન જીવનાર પંડિત ગુરુદયાલ મલ્લિકજીને આ રીતે કવિવર ટાગોર ગુરુ તરીકે મળ્યા.

મલ્લિકજી કહે છે કે : ગુરુદેવ પાસે આપણે સૂરજના ઉપાસક થઈને દૂરથી પ્રણામ કરતા રહેવું. ❑❑❑

bhadrayu2@gmail.com

# ૨૦૨૫માં શિક્ષક અને શિક્ષણ વ્યવસ્થા

## હરેશ ધોળકિયા

*લેખક પરિચય : હરેશભાઈ ધોળકિયા જાણીતા શિક્ષણવિદ્ અને કેળવણીકાર છે. તેમના પુસ્તકોની સંખ્યા દોઢસોથી પણ ઉપર જાય છે. તેમણે ડૉ. અબ્દુલ કલામની આત્મકથા 'wings of fire'નો 'અગનપંખ' નામે અનુવાદ કર્યો છે. શિક્ષકના જીવનને કેન્દ્રમાં રાખીને લખાયેલ તેમના પુસ્તક 'અંગદનો પગ'ની ખુબ ટૂંકા ગાળામાં પંદરથી વધુ આવૃત્તિ થઇ છે, જે તેમની લેખનશક્તિની પ્રભાવકતા સૂચવે છે. 'ઘડીક સંગ' નામે તેમનું કટાર લેખન કચ્છમિત્ર દૈનિકમાં વર્ષોથી ચાલે છે. તેમના પુસ્તકોને વિવિધ પારિતોષિકોથી પુરસ્કૃત કરાયા છે.*

સામાન્ય રીતે આપણો દેશ, આપણી સંસ્કૃતિ, ભૂતકાળ પ્રિય છે. દુનિયામાં જે કંઈ પણ નવીન બને કે નવી શોધ થાય, તરત આપણે દાવા કરવા શરુ કરી દઈએ કે આવી શોધ તો પાંચ હજાર વર્ષ પહેલાં ભારતમાં થઈ ગઈ છે! દરેકનાં મૂળિયાં વેદોમાં, પુરાણોમાં કે મહાકાવ્યોની કથાઓમાંથી શોધી કાઢીએ છીએ. ટૂંકમાં, આપણા પાસે 'પ્રાચીન બુદ્ધિ' છે, જેણે, બાકીનું આખું વિશ્વ અંધકારમાં હતું ત્યારે, અદ્ભુત સંસ્કૃતિ ખીલવી હતી. તકલીફ એટલી જ થઈ કે એ સંસ્કૃતિનો દસમી સદી પછી વિકાસ થતો અટકી ગયો અને બાકીનાં વિશ્વમાં અંધકાર યુગ પૂરો થયો, ત્યારે આપણે તેને અપનાવી લીધો અને છસો - સાતસો વર્ષ આરામથી સૂઈ ગયા. અનેક વિદેશીઓએ આપણને ગુલામ બનાવ્યા છતાં આપણે ઉચ્ચ સંસ્કૃતિના ઘેનમાં એવા તૃપ્ત રહ્યા કે જાગવાનું નામ જ ન લીધું. છેક ૧૮૫૦ પછી વિલિયમ બેન્ટિક અને મેકોલેએ શિક્ષણનાં ઈન્જેક્શન આપવાં શરુ કર્યા, ત્યારથી ફરી જાગવાનું શરુ કર્યું. પછીનાં સો વર્ષ ખૂબ જાગ્યા અને સંસ્કૃતિને ફરી જીવંત કરી, પણ આજે ફરી આ સંસ્કૃતિ ઘેનમાં જવા છટપટી રહ્યા છીએ. શિવાજી, પ્રતાપ, સોમનાથ કે અયોધ્યારૂપી ભૂતકાળ હજી પીછો નથી છોડતો! ગાંડાઘેલા રિવાજોને ઝનૂનથી પુનર્જીવિત કરવા મથી રહ્યા છીએ.

આવા માહોલમાં ૨૦૨૦નું ચિંતન કરાય કે કરવાની વાત થાય, ત્યારે નવાઈ સાથે આનંદની લાગણી થાય. પહેલી વાર દેશનાં ભાવિનું ચિંતન શરુ થયું છે. અને તે પણ શિક્ષણના માધ્યમથી. આ વાત હાશકારો કરાવે છે કે 'હવે દેશનું ભાવિ ઉજળું છે'. હવે દેશ અવશ્ય આગળ વધશે. બાળકોની આંખોમાં નવાં સ્વપ્નાં મૂકાઈ રહ્યાં છે.

ચિંતનનો સમય રહ્યો છે ૨૦૨૫નો. એક દસકા પછીનો. ચિંતન ત્રણ મુદ્દા પર કરવાનું વિચારાયું છેઃ

- ૨૦૨૫માં ભારત અને વિશ્વ કેવાં હશે.
- ૨૦૨૫માં શિક્ષણ વ્યવસ્થા કેવી હશે.
- ૨૦૨૫માં શિક્ષક કેવા હશે. અથવા તો કેવા હોવા જોઈએ.

આમ જોઈએ તો આ ગાળો ઘણો છે. પણ જે ગતિથી દુનિયા દોડી રહી છે, તે જોતાં ખૂબ ઝડપથી પસાર થઈ જશે આ સમયગાળો. દસ વર્ષ પછીની દુનિયા વિશે વિચાર કરીએ, ત્યારે તેમાં પાયા તરીકે વર્તમાન સ્થિતિને જ લેવી પડે. 'અત્યારની પ્રગતિ'ને આધારે જ 'ભાવિ પ્રગતિ'ની કલ્પના આગળ વધારી શકાય.

કેવી છે વર્તમાન પ્રગતિ?

પ્રગતિની પ્રગતિ જ વિચિત્ર અને કલ્પનાતીત રહી છે. માણસનું પ્રથમ વાહન હતું 'ઘોડો'. ત્યાર પછી બન્યું 'રથ'. લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં શોધાયો. પછીનું મહત્ત્વનું વાહન બની 'મોટર કાર'. અઢારમી સદીના અંતમાં. એટલે કે રથથી કાર સુધી આવતાં માણસ જાતને લગભગ પાંચ હજાર વર્ષ લાગ્યાં. ભયાનક લાંબો સમય.

પણ પછી?

પછી આવ્યું 'વિમાન'. માત્ર બે જ દસકા પછી. આજે રોકેટ કે અવકાશયાન. વિમાનની જ નવી નવી આવૃત્તિઓ. એટલે પ્રગતિના પ્રથમ બે દાયકા પૂરા થતાં સહસ્ત્રાબ્દિઓ નીકળી ગઈ. પણ પછીનાં પચાસ વર્ષ ટૂંકા ગાળામાં ખૂબ ઝડપી પ્રગતિ થતી ગઈ. આગળ, સો વર્ષ પહેલાં, જે એંસી દિવસમાં પૃથ્વીની મુસાફરી કરવાની કલ્પના હતી, તે આજે એંસી કલાકમાં થઈ શકે છે. હવે તો પ્રગતિ શબ્દ પણ ધીમો લાગે તેટલી પ્રગતિ થઈ ગઈ છે.

એટલે હવેનાં દસ વર્ષ દરમ્યાન પ્રગતિ કેવી હશે તેની કલ્પના કરવી પણ અઘરી પડે છે. દર મિનિટે થતાં નવાં સંશોધનો જે ક્રાંતિકારી પરિવર્તનો લઈ આવી રહ્યાં છે, તે જોતાં દસ વર્ષ પછીની કલ્પના કરતાં માથું ચકરાઈ જાય છે. બધી જ કલ્પનાઓ નાની લાગે છે. અને છતાં કરવી તો પડશે જ.

૨૦૨૫નું જગત અને ભારત કેવાં હશે?

- આજે છે તેના કરતાં ખૂબ વધારે સગવડો હશે.
- આજે મોબાઈલ - ઈન્ટરનેટથી જગત નાનું બન્યું છે. નીરાંતે વાતો કરી શકાય છે. ત્યારે કદાચ જાણે બાજુમાં બેઠા હોઈએ તેવી રીતે વાતો થશે. જોતાં

જોતાં. આજે પણ આમ તો શરુઆત થઈ ગઈ છે.

- ટેકનોલોજીનો કલ્પનાતીત વિકાસ થયો હશે.
- વ્યક્તિ દીઠ બધી જ સગવડો હશે. અને સસ્તી!
- બીજા ગ્રહોમાં આવન-જાવન થતાં હશે. કદાચ વસવાટ પણ.
- એક દિવસમાં મહતમ દેશો ફરી સાંજે પાછા ફરી શકાય તેવાં વાહનો હશે. કોન્કોર્ડ કરતાં પણ ગતિશીલ, કદાચ 'ટાઈમ-મશીન' જેવાં વાહનો આવી ગયાં હશે.
- આરોગ્યની અદ્‌ભુત શોધોથી સો વર્ષ જીવવું સરળ બનશે. કદાચ ફરજિયાત.
- અત્યારે છે તેના કરતાં વિશ્વ વધારે બજારગ્રસ્ત હશે.
- તીવ્રતમ હરિફાઈ થતી હશે.
- જે કમ્પ્યુટર ચીપ્સ અત્યારે કમ્પ્યુટરમાં છે, તે કદાચ શરીરમાં જ મૂકાઈ જશે. અને પછી તેની મદદથી ઈન્ટરનેટ બધી માહિતી સીધું જ આપણા મગજમાં મૂકી દેશે.

  ... કલ્પના કરવી અઘરી પડે છે. અનંત, અદ્‌ભુત, કલ્પનાતીત, સ્તબ્ધ કરી દે તેવી દુનિયાં હશે ૨૦૨૫ માં.

❑

પણ આ બધા વચ્ચે મનુષ્ય ક્યાં હશે? કેવો હશે? તેની પ્રગતિનું શું?

અને તો, આજે તેની સ્થિતિ શું છે?

- પહેલી વાત તો એક દિન પ્રતિદિન સુખ અને સગવડો તો વધતાં જ જાય છે. ભૌતિક સુખ બાબતે હવે અભાવ કે અગવડો નથી. 'સ્લમડોગ' પણ 'મિલિયોનેર' બનતો જાય છે.
- દિન-પ્રતિદિન વૈશ્વિકરણ વધતું જાય છે. દુનિયાં નાની થતી જાય છે. સ્પર્ધા વધતી જાય છે.
- માણસને આ બધાને વશ થવું પડે છે. ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટ સતત સમગ્ર વિશ્વ તેના પર ઢોળે છે. તેને આ બધાને અનુકૂળ કરવા પ્રયત્ન કરે છે.
- પણ આ 'વશ' થવામાંથી 'વશ' કરવાની તાલીમ પર નજર કરવામાં આવે, તો ચિત્ર ધૂંધળું છે. કુદરત પર ટેકનોલોજી દ્વારા વિજય મેળવતો મનુષ્ય પોતે ટેકનોલોજીનો જ ગુલામ બનતો જાય છે. તેને વશ કરવા બદલે તેને વશ થતો જાય છે. તેનું વળગણ વધતું જાય છે. આ ટેકનોલોજી સગવડો તો અઢળક આપે છે, પણ સુખ છીનવતી જાય છે. માણસ તેની ગેરહાજરીમાં 'લાચાર' બનતો જતો દેખાય છે.
- વૈશ્વિકરણ માણસને 'આંકડો' બનાવે છે. તેનું આગવું અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે. ભૂંસાતું જ જાય છે. તે ટોળાંનો એક ભાગ બનતો જાય છે. આનો ડર તેને સતાવે છે. પરિણામે વિશાળતામાં ભૂંસાઈ જવાનો ડર તેને સંકુચિતતા તરફ દોરે છે. ફરી તે જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ વગેરેના આશ્રયે જાય છે. પરિણામે ઝનૂન વધે છે. સ્થાનિકતાનો આગ્રહ કે સાંપ્રદાયિક ઝનૂન અને ત્રાસવાદ તેની નિશાનીઓ છે. માણસની હાલત વિશાળ મેદાનમાં એક નાનાં પાંજરામાં બેસી રહેવા જેવી છે.
- આ બધું જ તેના વર્તન અને વલણ પર અસર કરે છે. ચિંતા, તાણ, ભય, એકલતા વગેરેથી તે હેરાન થાય છે. તે તેનાં શારીરિક, માનસિક, કૌટુંબિક, સામાજિક... બધાં જ ક્ષેત્રો પર અસર કરે છે. આના પરિણામે કૌટુંબિક વિચ્છિન્નતા, જાતીય સ્વચ્છંદતા, વ્યસનોનો અતિરેક, સ્વતંત્રતાનો અતિરેક - આ બધાથી તેનું વ્યક્તિત્વ નબળું પડે છે.

ટૂંકમાં, જેમ જેમ બાહ્ય પ્રગતિ થતી જાય છે, તેમ તેમ માણસ નાનો થતો જાય છે. પેસિફિક મહાસાગારમાં તરતી નાની હોડી કે આકાશમાં ઊડતી ચકલી જેવો વામન બની જાય છે તે! તે ઓળખની કટોકટી (Identity Crisis) થી પીડાય છે.

❑

આ તો બધું વર્તમાનમાં દેખાય છે. ૨૦૨૫માં શું?

ત્યારે પ્રદૂષણ કે ગ્લોબલ વોર્મિંગની અસરો તીવ્રતા થવી શરુ થઈ હશે. ચંદ્ર પર જવું સરળ હશે, પણ પાણી મેળવવું કઠીનતમ હશે. સ્વચ્છંદતા કઈ હદે હશે, તે વિચારતાં તો થથરી જવાય છે. બાળકોનાં માતા પિતા કોણ - આ પ્રશ્નનો જવાબ મેળવવો અઘરો પડશે. મહાભારત જેવી સ્થિતિ હશે. તેમાં પણ એચ.જી. વેલ્સે વર્ષો પહેલાં તેની નવલકથા 'બ્રેવ ન્યૂ વર્લ્ડ'માં જે કલ્પના કરી છે, તેમ જો 'જીનેટિકલી કન્ટ્રોલ્ડ' બાળક આવશે, તો તો વળી વધારાની ઉપાધિઓ થવાની.

અને જો ત્યારથી પેઢી વર્તમાન વલણોમાં જ જીવતી હશે, જે શક્ય છે, તો તો સમસ્યાઓ ગુણાકારમાં થવાની. ટેકનોલોજી તેને આકાશગંગામાં લઈ જઈ શકશે, પણ આ સમસ્યાઓ તેને ગટરમાં રાખશે. ભયાનક વિરોધાભાસ વચ્ચે માનવજાત જીવશે.

શિક્ષણ વ્યવસ્થાનો વિચાર આ સંદર્ભમાં કરવાનો છે. શિક્ષણનું



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

કામ બાળકને જે તે સમયના સંદર્ભમાં કેળવવાનું છે. એટલે આ સમસ્યાઓના સંદર્ભમાં તેને સજ્જ કરવાનું રહેશે.

- જ્યાં સુધી માળખાકીય બાબતોને સંબંધ છે, તો તેમાં સ્વર્ગીય વ્યવસ્થા હશે.
- ઉત્તમ મકાનો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, મલ્ટી મીડિયા, પદ્ધતિઓ વગેરે હશે.
- કદાચ તો ઓન-લાઈન શિક્ષણ જ હશે... મકાનનું નામ જ www હશે.
- પણ શાળા - કોલેજ તેવી કલ્પના ચાલુ રાખીએ, તો તેના સંદર્ભમાં બધી જ વ્યવસ્થા અદ્‌ભુત હશે. પળમાં વર્ગમાં બેઠે જ બધી સગવડો હાજર થઈ જશે. પ્રશ્નોના ઉકેલ મળી જશે.
- વધારે શ્રેષ્ઠ કમ્પ્યુટર્સ આવી ગયાં હશે જે બાળકોને શ્રેષ્ઠ સગવડો આપશે અને તૈયાર કરશે.
- બાળક પાસે તો કમ્પ્યુટર્સ હશે જ, પણ તેના મગજ સાથે વાયર્ડ થઈ શકે તેવાં આવી ગયાં હશે.
- સમગ્ર વિશ્વની શૈક્ષણિક સંસ્થાઓ સાથે પલકારામાં સંબંધ બંધાતો રહેશે.
- ત્યારે ભણવા વિદેશમાં જવું નહીં પડે. વિદેશ તેના વર્ગના બાંકડા પર જ બેઠું હશે. પ્રગટવા ક્લીકની રાહ જોતું હશે.
- 'અવતાર'નું 'પેન્ડોરા' દરેક શૈક્ષણિક સંસ્થામાં હશે.
- શિક્ષકો પણ અલ્ટ્રા - મોડર્ન તાલીમબદ્ધ હશે. કદાચે મૂંઝાશે, તો તેના હાથમાં રહેલ નવું મશીન પળના લાખમા ભાગમાં તેની સમસ્યા હલ કરી દેશે. કદાચ ઓછું આવડતું હશે, તો પણ ટેકનોલોજી તેને તૈયાર આપશે જેની મદદથી તે પોતાની મર્યાદા છુપાવી શકશે.
- કદાચ બાળક તોફાન કરશે, તો તેને શાંત કરવાનાં 'અદૃશ્ય કિરણો' તેના પાસે હશે કે ભણવામાં નબળું હશે, તો તેને સબળ કરવાની દવાઓ વગેરે હશે. ટેકનોલોજી શિક્ષકની ગુલામ થઈ તેને મદદ કરશે.
- ટૂંકમાં, વ્યવસ્થા તો ઉત્તમોત્તમ હશે. હા, પ્રધાનો અને નોકરશાહીને અવગણવાનાં રહેશે.

❑

તો આવામાં શિક્ષકે શું ભૂમિકા ભજવવાની રહેશે ?

- ત્યારનો મુદ્દો, પ્રશ્ન કે સમસ્યા - જે કહો તે - હશે અતિ વિકાસ, ટેકનોલોજીનું હાવીપણું અને તેની સમાજ પર... અને બાળકો પર અસર.
- શિક્ષકની જવાબદારી આ બધાને સ્વસ્થ રાખવાની હશે.
- બાળક અતિ વિકસિત હશે. સમાંતરે, ભયાનક તાણગ્રસ્ત હશે.
- સંભવ છે, ટેકનોલોજીએ તેમને જાતે વિચારવાનું કે સ્વાવલંબી બનવાનું ભૂલાવી દીધું હશે.
- આરોગ્યની અદ્‌ભુત સગવડો વચ્ચે પણ સ્વચ્છંદતાના પ્રભાવે અસ્વસ્થ હશે.
- માહિતીથી પીડાતાં હશે. સમજના અભાવે તે હેરાન કરશે.
- ભયાનક એકલતા ભોગવતાં હશે.

❑

આવા માહોલમાં શિક્ષકે ફરી એક વાર બાળકના 'સાચા સલાહકાર' બનવાની ફરજ બજાવવી પડશે. માહિતી બાબતની ચિંતા તો ટેકનોલોજીએ સંતોષી દીધી હશે.

- પણ સ્વસ્થ પ્રેમ, હૂંફની બાળકને તાતી જરૂર પડશે.
- તેમને સ્વસ્થ ચિંતન કરતાં અને સમજ કેળવતાં શીખવવું પડશે.
- તેમને તાણગ્રસ્ત, ઝનૂનગ્રસ્ત, હિંસાગ્રસ્ત થતાં અટકાવવાની ટેકનીકો શીખવવી પડશે.
- સંભવ છે, અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય વગેરેને તેમના મનમાં પુનઃ સ્થાપિત કરવાં પડશે.
- પ્રાર્થના, ધ્યાન વગેરેની તાલીમ આપવી પડશે.
- વલણ-વર્તનની જાગૃતિ શીખવવી પડશે.
- તેમને 'અતિરેક'માંથી 'જરૂરી'નો વિવેક ખાસ શીખવવો પડશે.
- ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા પહેલાં તેમનું 'મેન્ટલ વોર્મિંગ' ઘટાડવું પડશે.

❑

ટૂંકમાં સ્વસ્થ ઉછેર, સ્વસ્થ ચિંતન, સ્વસ્થ વર્તન બાબતે શિક્ષણે અને શિક્ષકે વધારે કામ કરવું પડશે. આજે જેને Life Skill Training કહે છે, તે બધી તીવ્ર રીતે શીખવવી પડશે.

સંભવ છે, ૨૦૨૫માં ભગવાન મહાવીરનાં 'સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્ર'ને આધારે શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવી પડશે.

પૃથ્વી ગોળ છે તે ફરી એક વાર સાબિત થશે !

❑❑❑

ન્યુ મીંટ રોડ, પેરીસ બેકરી પાસે,
ભુજ કચ્છ. પીન ૩૭૦૦૦૧
ફોન - ૦૨૮૩૨-૨૨૭૯૪૬

# ભારતીય ગુરુકુળ પરંપરા અને વર્તમાન શિક્ષણ

સુર્યશંકર ગોર

*લેખક પરિચય : રાપર સ્થિત ત્રિકમ સાહેબ પ્રાથમિક શાળાના આચાર્ય છે. બહુ સારા ભાગવત કથાકાર છે. કચ્છમિત્ર દૈનિકમાં તેમના લેખો પ્રગટ થતા રહે છે. એક સંનિષ્ઠ શિક્ષક છે.*

આપણો દેશ છે એટલા માટે નહીં પણ ભારત પાસે જે ઉત્તમ અધ્યાત્મ છે તે ઘણા ભાગે સંસારના કોઈ દેશ પાસે નથી. ભારતીય સંસ્કૃતિની અડીખમ ઇમારત ત્યાગ-તપ-સમર્પણ-વિશ્વબંધુત્વ જેવા સમષ્ટિના કલ્યાણના પાયા પર ટકેલ છે.

ભારતીય ગુરુ પરંપરાની વાત કરવામાં આવે ત્યારે લાગે કે એ ગુરુ પરંપરા કેટલી મહાન હશે કે જેમાં જીવનને ધ્યાનમાં લઈ શિષ્યનું જ નહીં પણ ચરાચર જગતનું મંગલ થાય. સૌનું પરમ કલ્યાણ થાય તે રીતે શિષ્યનું ઘડતર થતું અને ગુરુના સાનિધ્યમાં શિષ્ય કેળવાતો ને પછી જીવનના સુખ-દુઃખની એના પર કોઈ જ અસર ન થતી.

ગુરુએ આત્મસાત કરેલા ગુણો શિષ્યમાં અનાયાસે ઉતરતા. શિષ્ય માટે એના ગુરુ જ સર્વસ્વ બની રહેતા. ગુરુની બહુ મોટી જવાબદારી હતી. પુરાણો અને ઇતિહાસમાં અનેકાનેક દાખલાઓ છે કે ઉત્તમ ગુરુના સંગ અને સહવાસની બહુ જ મોટી અસર થતી.

લાલચ કે લોભ ગુરુના ચિત્તને રતિભાર અસર ન કરી શકે, ગમે તેવા રાજાનો કુંવર પણ ગુરુ પાસે જઈ તેમના ચરણોમાં બેસી જ્ઞાન પામતો. અરે! મોટો રાજા કેમ ન હોય તે પણ ખૂબ આદરભાવ અને શ્રદ્ધા ગુરુ પ્રત્યે ધરાવતો. ગુરુના શબ્દને ધ્રુવના અક્ષરો સમજી એનું પાલન થતું. ગુરુના હોઠ ફફડે એ પહેલા જ શિષ્ય ગુરુની આંખ વાંચી લેતો અને તે પ્રમાણે આજ્ઞાનું પાલન કરતો.

ભારતીય પરંપરાના ગુરુ માત્ર ક..ખ..ગ... ભણાવી કે પોપટ બનાવીને શિષ્યને શિક્ષણ નહોતા આપતા પણ ચોસઠ જાતની વિદ્યામાં ગુરુ એને પારંગત કરતા. ઉત્તમ માનવ બનાવવાનું કેન્દ્રબિંદુ હતું એ પ્રાચીન ગુરુકુળ!!

શિષ્યમાં જીવનની પાયાની સમજ સાથે પરમ વિવેક જગાડવાનું કામ થતું. કળા-સંગીત સાથે અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા પણ શીખવાતી, પોતાનો શિષ્ય માયકાંગલો ન રહે તેવી તેની કસોટીઓ ગુરુ લેતા અને શિષ્ય ખૂબ વિનમ્ર ભાવે એ કસોટીઓ પાર કરી ગુરુનો પ્રેમ સંપાદન કરતો.

વિદ્યાનું દાન થતું, વિદ્યા વેચાતી નહીં. જ્ઞાનના વિક્રયને પાપ ગણવામાં આવતું. ગુરુની પણ જરૂરિયાતો નહિવત હતી. ઝાડના ફળમાં અને ગંગાના જળમાં એમને સઘળું મળી જતું. ભાજી અને ભાખરીથી તૃપ્તિનો ઓડકાર આવતો.

સ્વાવલંબન એ વિદ્યાની પહેલી શરત રહેતી, વિદ્યા પ્રાપ્ત કરનાર કોઈ પર અવલંબિત ન રહેતો.

પ્રાચીન ભારતીય ગુરુ પરંપરાના લાભો અનેક એમ કોઈ-કોઈ લોભી અને લાલચુ ગુરુ મળે તો માત્ર શિષ્યનું નહીં પણ સંસારનું અકલ્યાણ થતું. એક મોટા સમુદાયને ઉત્તમ વિદ્યાર્થી એટલા માટે વંચિત રાખવામાં આવતો કે એને અકારણ હલકી જાતિનો ગણી લેવામાં આવતો. આના લીધે એક મોટો વર્ગ ઉત્તમ જ્ઞાનથી વંચિત રહેવાના કારણે એ વર્ગે ઘણું-ઘણું ગુમાવવાનું આવ્યું.

આજે તો વિદ્યાના બદલે ચારે બાજુ જાણે અવિદ્યા અટ્ટહાસ્ય કરી રહી છે. શિક્ષણને એક વર્ગે ધંધો બનાવી દીધો છે. આજે જ્ઞાન જાણે પૈસા કમાવી લેવાનું સાધન બની ગયું છે. ગુરુ એ ગુરુ મટી વેપારી બની ગયો છે. બાળક કે છાત્રમાં એને શિષ્ય નહીં પોતાનો ગ્રાહક દેખાઈ રહ્યો છે. મહાનગરમાં પ્રવેશ કરો એટલે મોટા-મોટા બેનરો આજની શિક્ષણ સંસ્થાઓના લાગેલા જોવા મળે. અનેક લોભામણી લાલચો અને ઉત્તમ તકોની પ્રાપ્તિની વાતો કરવામાં આવે પરંતુ શિક્ષણ સંસ્થાઓમાંથી ભણીને નીકળેલા યુવાનો સામે બેરોજગારીનું ખપ્પર હાજર જ હોય!!!

ઊંચી ટકાવારીથી ઇમેજ બંધાય પછી ભલેને એનામાં કોઈ વ્યવહાર કુશળતાનો ગુણ ન હોય.

શ્રમને આજે હલકો ગણી લેવામાં આવ્યો છે. ભારતીય ગુરુ પરંપરા સાવ લુપ્ત નથી ગઈ, આજે પણ ખૂણે ખાંચરે એવા ગુણિયલ ગુરુઓ છે જ કે જે જ્ઞાન અને વિદ્યાર્થીને પરાયણ છે. અને એ રીતે પોતાનો સહજ વ્યવહાર બનાવી નિર્ભેળ આનંદ પામે છે.

આજના વર્તમાન સમયની એ માંગ છે કે ઉત્તમ માનવ સભ્યતાના નિર્માણની નીવ ઉત્તમ ગુરુ બને જે નિરંતર પોતાની જાતને કસતો રહે અને સમાજ-રાષ્ટ્ર અને વિશ્વના કલ્યાણ માટે મથતો રહે. આવો, આપણે સૌ આ દિશામાં આપણી ક્ષમતા મુજબ કાંઇક કરી છૂટીએ!! ❑❑❑

સાકેતધામ, અયોધ્યાપુરી, રાપર-કચ્છ.
મો.૦૯૯૦૯૮૮૨૭૩૧



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

## ગાંધી વાચનયાત્રા

# ગાંધી એટલે રાજકીય સિદ્ધાંતો અને નૈતિક આદર્શોની અભૂતપૂર્વ ગૂંથણી

સોનલ પરીખ

આપણે 'ગાંધી એન્ડ બોમ્બે' પુસ્તકની વાત કરતા હતા. પહેલા પ્રકરણમાં ગાંધીજી બોમ્બે બંદર પર ઊતર્યા ત્યારથી માંડીને ૧૯૧૯નું ઐતિહાસિક વર્ષ આવ્યું ત્યાં સુધીમાં શું શું થયું, ખાસ કરીને બોમ્બેના સંદર્ભે તેનો ચિતાર છે. તેની રસપ્રદ વિગતોને ઊડતી નજરે જોઇએ.

૧૯૧૫ના જાન્યુઆરી મહિનામાં ગાંધીજી મુંબઇ બંદરે ઊતર્યા. ૧૮૮૮ની સાલમાં આ જ બંદર પરથી તેઓ ઇંગ્લૅન્ડ જવા રવાના થયા હતા. પણ ક્યાં ત્યારનો ઓગણીસ વર્ષનો બિનઅનુભવી તરુણ મોહન અને ક્યાં આજના જીવનના ચાર દાયકા પાર કરી ચૂકેલા પરિપક્વ ગાંધીજી! સત્યાવીસ સત્યાવીસ વર્ષનાં પાણી કાળના કાંઠા તોડી પ્રવાહ પરથી વહી ગયાં હતાં. ૧૮૯૧માં બેરિસ્ટર થઇ, ભારતમાં વકીલાતના નિષ્ફળ પ્રયત્નો બાદ દાદા અબ્દુલ્લાની કંપનીના કેસનું કામ મેળવી ગાંધી દક્ષિણ આફ્રિકા ગયા તે ઇતિહાસની એક મહત્ત્વની ઘટના હતી. ત્યાં તો પૂરું રંગભેદી વાતાવરણ. કેસ પૂરો થયા પછી પણ ગાંધી ત્યાં રોકાઇ ગયા અને ત્યાં વસતા ભારતીયોને બ્રિટિશ સરકારની અન્યાયી નીતિઓથી ઉગારવાની અહિંસા જેવી નવી પદ્ધતિ અખત્યાર કરી, 'સત્યાગ્રહ' શબ્દને ચલણી બનાવી તેમણે અન્યાય સામે લડત આરંભી. ગિરમિટિયા મજૂરોને થતો ત્રાસ દૂર કર્યો, ટૉલ્સ્ટૉય અને ફિનિક્સ આશ્રમોમાં સમૂહજીવનના પ્રયોગો કર્યા, સામાજિક વર્તુળ વિસ્તાર્યું, વકીલાત જમાવી અને પછી જાહેર કામો માટે છોડી. લગભગ બે દાયકાની આ યાત્રાએ તેમને 'મોહનદાસ'માંથી 'મહાત્મા' બનાવ્યા હતા. પ્રાણજીવન જગજીવનદાસ મહેતાએ તો ૮ નવેમ્બર ૧૯૦૯ના ગપાલકૃષ્ણ ગોખલેને લખેલા પત્રમાં ગાંધીને 'ગ્રેટ મહાત્મા' કહ્યા હતા અને જેતપુરના અગ્રણીઓએ ૨૧ જાન્યુઆરી ૧૯૧૫ના દિવસે ગાંધીજીને આપેલા માનપત્રમાં પણ 'શ્રીમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી' એવો ઉલ્લેખ મળ્યો છે.

તો આ મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકાના સ્ત્રીપુરુષોમાં અધિકારો પ્રત્યેની જાગૃતિ આણી, ગરિમાપૂર્ણ જીવનનો અને પોતાની નિયતિના સ્વામી બનવાનો નવો માર્ગ ચીંધી ભારત આવવાનો નિર્ણય કર્યો ત્યારે ભારતમાં લોકો તેમને જાણતા હતા? હા. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ, રાજકીય નેતાઓ, સમાજસુધારકો અને ભારતના લોકો તેમનાં દક્ષિણ આફ્રિકાનાં કાર્યોથી વાકેફ હતા. ગિરમિટિયાઓ પર થતા અત્યાચારો સામે ગાંધીએ અપનાવેલી વિરોધની આ નવી, અજાણી પણ અસરકારક રીત વિશે સૌનાં મનમાં કૂતુહલ પણ ઓછું ન હતું.

દક્ષિણ આફ્રિકા જતી વખતે નખશિખ વિદેશી પોષાકમાં સજ્જ ગાંધી ભારત આવ્યા ત્યારે ધોતિયું, કોટ ને પાઘડીના કાઠિયાવાડી પહેરવેશમાં હતા. ચર્ચાઓ પછી ગાંધીને નરોત્તમ મોરારજીના પેડર રોડ પરના શાંતિભવનમાં એમનો ઉતારો રાખવાનું નક્કી થયું. પછીથી તેમને રેવાશંકર જગજીવનના સાંતાક્રૂઝના મકાનમાં લઇ જવામાં આવ્યા.

બોમ્બેમાં પગ મૂકતાની સાથે જ ગાંધી પર સ્વાગત સમારંભો, જાહેર સભાઓ અને રાજદ્વારી મિટિંગોનો મારો થયો. ૧૯૧૫થી ૧૯૧૮નાં વર્ષો ગાંધી માટે પરિસ્થિતિનો તાગ કાઢવાના, સંભવિત શક્યતાઓને પારખવાનાં અને માતૃભૂમિની સેવાનો શ્રેષ્ઠ માર્ગ શોધવાનાં હતાં. તેમના આગમનના દિવસે 'બૉમ્બે ક્રોનિકલ'ને આપેલી મુલાકાતમાં ગાંધીએ કહ્યું કે 'ગાંધી લાંબો સમય ભારત બહાર હતા એટલે ભારતીયોને લાગતીવળગતી બાબતોમાં કોઇ નિષ્કર્ષ પર ન આવી શકે' એવા ગોપાલકૃષ્ણ ગોખલેના વિધાન સાથે પોતે સંમત છે, અને એટલે થોડો સમય દેશને 'એક નિરીક્ષક તરીકે અને એક વિદ્યાર્થી તરીકે' સમજવા માટે લેવો જોઇએ એવા એમના સૂચનનો અમલ કરવા ઇચ્છે છે.

ત્યારે બોમ્બે ભારતના અર્થતંત્રનું કેન્દ્ર સ્થાપિત થઇ ચૂક્યું હતું અને અનેક સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. મહત્ત્વનાં રાજકીય સંમેલનો અહીં ભરાતાં. દેશભરના મહત્ત્વાકાંક્ષી અને સાહસિક લોકોને અહીં આવી વસ્યા હતા. એક વખતનું સાત ટાપુઓનું ઝૂમખું હવે એક શક્તિશાળી અને આગવી સંસ્કૃતિ ધરાવતું સમૃદ્ધ મહાનગર હતું. અહીં અખબારો હતાં, પ્રેસ હતાં, શિક્ષણસંસ્થાઓ હતી. ગાંધીના



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

આગમન વખતે બોમ્બેના જાહેર જીવન પર દાદાભાઇ નવરોજી, સર ફિરોજશા મહેતા, બાલ ગંગાધર તિલક અને ગોપાલકૃષ્ણ ગોખલેનો મોટો પ્રભાવ હતો. આર્થિક રીતે વિકસિત, બૌદ્ધિક ઊર્જાથી ધબકતું અને સામાજિક-સાંસ્કૃતિક વૈવિધ્યથી ભરપૂર બોમ્બે ગાંધીને પોતાની પ્રવૃત્તિઓ અને વિચારનાં નવાં ક્ષેત્રો માટેની અનેક શક્યતાઓ બતાવતું લાગ્યું.

ગાંધી બોમ્બે આવ્યા કે તરત રાજકીય સભાઓ શરૂ થઇ. તેઓ નરોત્તમ મોરારજીને ત્યાં ગોખલેને મળ્યા. શ્રીનિવાસ શાસ્ત્રીને પણ મળ્યા, બજારગેટ સ્ટ્રીટમાએ સગાસંબંધીઓને મળ્યા. ત્યાં સ્વામી આનંદની પણ મુલાકાત થઇ, જે પાછળથી ગાંધીના નિકટના સાથી બન્યા. ગાંધીજી લોકોને જાણવા, તેમના જીવનને સમજવા, તેમનામાં ભળી જવા અને તેમનામાંના એક બની રહેવા ખૂબ ઉત્સુક હતા, પણ સન્માનપત્રો, ભેટસોગાદોથી કંટાળતા ને ઠાઠમાઠ, ઝળહળાટથી અકળાતા. મગનલાલ ગાંધી પરના એક પત્રમાં ગાંધીએ લખ્યું છે, 'જાહેર સન્માનોથી હું ગૂંગળાઉં છું. એક પળની પણ શાંતિ નથી. મુલાકાતીઓનો અંતહીન પ્રવાહ ચાલતો રહે છે. તેઓ કે હું કોઇ કંઇ પામતા નથી.'

સભાઓમાં તેઓ કહેતા કે ગિરમિટિયા ભારતીયો પ્રત્યે તેમને પોતાપણું લાગ્યું હતું અને તેમણે જે કર્યું તે કર્તવ્યથી વિશેષ કંઇ ન હતું. તેમણે એ સ્પષ્ટતા પણ કરી કે દેશસેવા એ જ તેમનો હેતુ છે અને એટલે કોઇ કિંમતી ભેટ પોતે સ્વીકારી શકશે નહીં.

રાજકીય વિચારો જુદા હોવા છતાં ગાંધી અને તિલકને એકબીજા માટે આદર હતો. એક સભામાં બાલ ગંગાધર તિલકે લોકોને સંબોધતાં કહ્યું, 'ગાંધી અને તેમનાં પત્નીએ ભારતથી સુદૂર એક અજાણ્યા પ્રદેશમાં પોતાના દેશવાસીઓની ગરિમા જાળવવા માટે લડત આપી છે. આ ગાંધી દંપતીનું સાચું સન્માન તો ત્યારે જ થશે જ્યારે તેમના જેવા બહાદુર અને ત્યાગભાવનાવાળા વધુ ને વધુ સ્ત્રીપુરુષો દેશની સેવા માટે આગળ આવશે.' ગૂર્જર સભાએ ગાંધી અને મંગળદાસ હાઉસમાં રાખેલી એક ગાર્ડન પાર્ટીના પ્રમુખ હતા મહમ્મદ અલી જિન્નાહ - ઝીણા. ઝીણાએ ગાંધીએ સેવેલા માતૃભૂમિની સેવાના ધ્યેય અને તેના માટે કરેલા અથાક પરિશ્રમની પ્રશંસા કરી અને પતિની વિરાટ લડતમાં અદ્‌ભુત સાથ આપવાના કસ્તૂરબાના સંકલ્પને પણ બિરદાવ્યો. પ્રતિભાવમાં ગાંધીએ નિખાલસતાથી કહ્યું, 'દક્ષિણ આફ્રિકાની લડતનું સંતોષકારક પરિણામ આવ્યું છે, પણ અહીંની હિંદુ-મુસ્લિમ સમસ્યા હું પૂરી સમજી શક્યો નથી. સર સૈયદ અહમદે એક વાર કહ્યું હતું કે હિંદુ અને મુસ્લિમ ભારતમાતાની બે આંખ જેવા છે. જો બંને આંખ અલગ અલગ દિશામાં જોવા ધારે તો કંઇ જ જોઇ નહીં શકે ને જો બેમાંથી એકને નુકસાન થાય તો બીજીની દૃષ્ટિ પર મર્યાદા આવી જશે. આ હકીકત ભવિષ્યમાં બંને કોમ ધ્યાનમાં રાખે.'

આત્મકથામાં ગાંધીએ બોમ્બેમાં થયેલા સ્વાગતના અનુભવો વર્ણવતાં લખ્યું છે : 'મિ. ઝીણાએ પોતાનું ટૂંકું ને મીઠું ભાષણ અંગ્રેજીમાં કર્યું. બીજા ભાષણો પણ ઘણે ભાગે અંગ્રજીમાં જ થયાં. જ્યારે મારો બોલવાનો વારો આવ્યો ત્યારે મેં ઉત્તર ગુજરાતીમાં વાળ્યો, ને ગુજરાતીનો તથા હિંદુસ્તાનીનો મારો પક્ષપાત મેં થોડાક જ શબ્દોમાં જાહેર કરી, ગુજરાતીઓની સભામાં અંગ્રેજીના ઉપયોગ સામે મારો નમ્ર વિરોધ નોંધાવ્યો.' સભામાં હાજર રહેલા દરેકે કોઇ અનર્થ ન કરતા પોતાનો વિરોધ સાંખી લીધો તે જોઇ ગાંધી ખુશ થયા. તેમણે લખ્યું છે, 'મારા નવા લાગતા બીજા વિચારો પ્રજા આગળ મૂકવામાં મને અડચણ નહીં આવે એવો સાર મેં આ સભામાંથી ખેંચ્યો.'

હવે ગાંધીએ રાજકીય પ્રવાહોને પારખવા શરૂ કર્યા. તેમણે વંચિતોના વિકાસ અને સ્ત્રીઓની લડતમાં ભાગીદારી એ બે વાત પર જોર આપ્યું. તેમને માટે કોઇ ક્ષેત્ર બિનમહત્ત્વનું ન હતું. રાજકીય અને સામાજિક બંને વર્તુળોમાં તેઓ સંપર્કો ને સંબંધો વધારતા હતા. બોમ્બેમાં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના ૩૦મા અધિવેશનમાં અને ૩૦ ડિસેમ્બર ૧૯૧૫ના દિવસે મુસ્લિમ લીગ અને સોશ્યલ કૉન્ફરન્સની એક સભામાં ગાંધીજીએ હાજરી આપી. જો કે રાજકીય વાતાવરણે એમને નિરાશ પણ કર્યા. હરમાન કૅલનબૅકને લખેલા એક પત્રમાં તેમણે લખ્યું, 'હું અધિવેશન માટે ખાસ મુંબઇ આવ્યો, પણ ગંભીરતાપૂર્વક ભાગ્યે જ કંઇ થાય છે. કામ થોડું ને કકળાટ ઝાઝો એવો ઘાટ છે. મારે શું કરવું જોઇએ તે હું સમજી શકતો નથી.'

દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઑપિનિયન' નામનું અખબાર કાબેલિયતથી ચલાવનાર ગાંધી અખબારી સ્વાતંત્ર્યના આગ્રહી હતા. તે સમયે અખબારો પર ઘણાં નિયંત્રણો હતાં. વંચિતો અને કચડાયેલાઓ પ્રત્યે ગાંધીને હંમેશાં નિસબત રહી. અછૂતોની સભામાં તેઓ હાજરી આપતા, તેમના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરતા અને તે માટે બેધડક સવર્ણોની નારાજગી વહોરી લેતા. ૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ અને ૧૯૧૮માં ખેડા સત્યાગ્રહ કરી તેમણે દેશનું ધ્યાન ખેંચ્યું હતું. 'ખેડા અને ચંપારણના સત્યાગ્રહો દ્વારા મેં એ જોયું છે કે જો નેતા લોકોની વચ્ચે જાય, તેમના જેવો થઇ

તેમની જેમ જીવે, તેમની સાથે ખાયપીએ ને રહે તો બે જ વર્ષમાં વિરાટ પરિવર્તન ચોક્કસ આવે.' પહેલું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું. ગાંધીએ પોતાની સેવાઓ બ્રિટિશ સરકારને આપવાનો સંકલ્પ કર્યો, સૈનિકોની ભરતીમાં સરકારને મદદ કરી બદલામાં બ્રિટિશ સરકારે તેમને 'કૈસર-એ-હિંદ' ખિતાબ આપ્યો.

હોમરૂલ લીગ અને જહાલ પક્ષના નેતાઓની માગણીના આંશિક સંતોષ માટે મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારો આવ્યો. પણ સરકારે તિલક જેવા જહાલપંથી નેતાઓની પ્રવૃત્તિઓને કચડી નાખવાના વલણમાં ફેરફાર કર્યો નહીં. ૧૬ જૂન ૧૯૧૮ના દિવસે ગાંધીના પ્રમુખપદે ગિરગામની શાંતારામ ચાલમાં ૧૨,૦૦૦ માણસોની એક વિરાટ સભા યોજાઇ. આ દિવસને 'હોમ રૂલ ડે' કહે છે.

ગાંધીનું ખાદી માટેનું આકર્ષણ આ વર્ષોમાં વધ્યું હતું અને તેના પ્રયોગો પણ અન્ય કામોની સમાંતરે ચાલતા હતા. સ્ત્રીઓની કાર્યક્ષમતા અને અહિંસાવૃત્તિમાં તેમને શ્રદ્ધા હતી. ભારતની સ્ત્રીઓએ તેમની આ શ્રદ્ધા મજબૂત બનાવી. ગોખલેની સ્મૃતિમાં ૧૯૧૬માં બોમ્બેમાં સ્થપાયેલા ભગિની સમાજના વાર્ષિક સંમેલનના પ્રમુખપદેથી ગાંધીએ કહ્યું કે સ્ત્રી પુરુષની સાથી છે. તેનામાં પુરુષ જેટલું જ આત્મબળ છે. સ્ત્રીને પુરુષની દરેક નાનામાં નાની પ્રવૃત્તિમાં ભાગીદાર બનવાનો અને પુરુષ જેટલી જ સ્વતંત્રતા મેળવવાનો હક છે. એકમેકના સહકારથી બંને કામ કરે તો ઉત્તમ પરિણામ આવે કારણ કે એકનું અસ્તિત્વ બીજા વિના સંભવી શકતું નથી.

ભારતમાં આવ્યા પછી ગાંધી ગોખલેએ શરૂ કરેલા ભારત સેવક સમાજમાં જોડાવાનું વિચારતા હતા. ગોખલેને ગાંધી પોતાના રાજકીય ગુરુ માનતા. ગોખલે ૧૯૧૫માં ગાંધીના ભારત આગમન પછી તરત મૃત્યુ પામ્યા. અન્ય સભ્યો સાથેના વિચારભેદને પરિણામે ત્યાર પછી ગાંધીએ ભારત સેવક સમાજમાં સભ્ય બનવાનો વિચાર પડતો મૂક્યો.

બ્રિટિશ સરકારના શબ્દોમાં રહેલી પોકળતાની પ્રતીતિ ગાંધીને થવા લાગી હતી. પરિસ્થિતિને સમજવાની તેમની કુનેહ, વિરોધની આગવી પદ્ધતિ, નમ્રતા, માતૃભાષાનો આગ્રહ, સામાન્યજનો તેમજ શાસકો સાથે સંપર્ક કરવાની કળા, પોતાની ભૂમિકાની સ્પષ્ટતા - આ બધાના આશ્ચર્ય, પ્રશંસા, આલોચના એવા મિશ્ર પ્રત્યાઘાતો આવતા હતા. પ્રત્યાઘાતોની પોતાના પર કોઇ અસર પડવા દીધા વિના તેમણે પોતાનાં મૂળ દેશની માટીમાં ઊંડા નાખ્યાં અને રાજકીય ગતિવિધિઓની અને નૈતિક સિદ્ધાંતોની કોઇએ કદી ન જોઇ ન હતી તેવી ગૂંથણી રચાવા લાગી. આ ગૂંથણી કેવું પરિણામ લાવવાની હતી તે જોઇશું હવે પછીના લેખમાં.

❑❑❑

## અનાજ રાહત ફંડ તેમજ કેળવણી ફંડની અપીલ

રૂડાં ને રઢિયાળા પર્યુષણ પર્વ આપણે આંગણે પધાર્યા છે. આ પર્વનો માહોલ જ એવો હોય છે કે સૌ પોતપોતાની ક્ષમતા પ્રમાણે તપ-દાન-ધ્યાન વગેરે ધર્મપ્રવૃત્તિ કેવી રીતે કરવી તેના વિચારમાં હોય છે. સ્વાધ્યાય વ્યાખ્યાન વગેરેમાં તો ચોમાસી પાળીથી સૌ જોડાઈ જાય છે. જેમ ઋતુઓના પરિવર્તન સાથે પ્રકૃતિ પોતાની રીતે નવા રૂપ ધારણ કરે છે તેમ જીવવાની આ બદલાતી ઋતુમા- ભૌતિકતાની ઋતુથી આધ્યાત્મિક ઋતુમાં સૌ પોતપોતાની પ્રકૃતિ અનુસાર જીવનને કેમ ઉર્ધ્વગામી બનાવવું, તે માટે ધર્મ પ્રવૃતિઓ કરવામાં રમમાણ રહે છે.

આ સમયે બધાંના હૃદય - મૃદુ - કોમળ અને કરુણાથી ભર્યા ભર્યા બને છે. સૌનું એક ભાવવિશ્વ બની જાય છે. એ કરૂણાના ભાવ સાકાર રૂપ ધારણ કરે તે માટે અમે તમ સૌ આગળ વિનંતીપૂર્વકની અપીલ કરીએ છીએ. તમોને ખ્યાલ જ હશે કે 'જૈન યુવક સંઘ' દ્વારા પ્રેમળ જ્યોતિ અંતર્ગત અનાજ રાહત યોજના તેમજ કેળવણી ફંડ યોજના વર્ષોથી અવિરતપણે ચાલે છે. દિવસે દિવસે મોંઘવારી વધતી રહેવાથી અમારે તમારી આગળ ટહેલ નાખવી પડે છે. આજથી બે વર્ષ પહેલા અપીલ કરી હતી. પ્રતિસાદ પણ સારો હતો. પરંતુ બાર સાંધે ત્યાં તેર તૂટે એવો માહોલ સાધારણ ઘરોમાં બારે મહિના હોય છે. તો સાંધો બહુ મોટો ન થાય તે માટે આપણે તેમના અન્નની અને કેળવણીની થોડી પણ જરૂરિયાત પૂરી કરી શકીએ તો તેમને તેમના જીવનમાં થોડી શાંતિની અનુભૂતિ થાય. આ શાંતિ આપવામાં તમે ભાગીદાર બનો, એવી અમારી આપ સૌ પાસે અપેક્ષા છે.

**રમા મહેતા - ઉષા શાહ-પુષ્પા પરીખ - વસુબેન ભણશાળી**

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૬

# મુનિશ્રી પુણ્યવિજયજી : મહાન પંડિત, મહાન સંશોધક

આચાર્યશ્રી વાત્સદીપસૂરીશ્વરજી

નદિકિનારે વસેલા કપડવંજમાં સવારના સૂર્યોદયનો પ્રકાશ ફેલાયો અને થોડીક સ્ત્રીઓ માથે કપડાંનું પોટલું અને હાથમાં ઘડો લઈને નીકળી પડી. રોજ સવાર પડે એટલે કપડાં ધોવાં અને સ્નાન કરવા આ સ્ત્રીઓ એક સાથે જાય. વળતાં પાછી વળે ત્યારે રસ્તામાં જિનમંદિર આવે, દર્શન કરે, ભગવાનની પાસે મનમાં ઊગે તે પ્રાર્થના કરે.

કપડવંજમાં એક ખડકી. એ ખડકીનું નામ ચિંતામણિ ખડકી. એ ખડકીમાં થોડાક જૈન પરિવારો વસતા હતા.

ડાહ્યાલાલ અને માણેકબેન નામનાં પતિ-પત્ની એ ખડકીમાં વસે. એમને એક નાનકડો દીકરો, નામ મણિલાલ. મણિલાલની ઉંમર એ વખતે ત્રણ વર્ષની.

ડાહ્યાલાલ ધંધાર્થે મુંબઈ ગયેલા.

રોજ સવારે ઘરનું થોડું ઘણું કામ પતાવીને માણેકબેન પોતાના નાનકડા દીકરાને ઘોડિયામાં સૂવડાવી દે અને પછી નદીએ પોતાની સખીઓ સાથે કપડાં ધોવાં ચાલ્યાં જાય.

એ દિવસે પણ એમ જ બનેલું.

માણેકબેન નદીએ ઘરનું થોડું ઘણું કામ પતાવીને માણેકબેન પોતાના નાનકડા દીકરાને ઘોડિયામાં સૂવડાવી દે અને પછી નદીએ પોતાની સખીઓ સાથે કપડાં ધોવાં ચાલ્યાં જાય.

એ દિવસે પણ એમ જ બનેલું.

માણેકબેન નદીએ કપડાં ધોવાં ગયેલાં. મણિલાલ ઘોડિયામાં સૂતો હતો અને અચાનક ચિંતામણિ ખડકીમાં ભયંકર આગ ફાટી નીકળી.

આખી ખડકીમાં રહેલા લોકો ભાગી છૂટ્યા. એ સમયે કોઈને યાદ પણ ન આવ્યું કે નાનકડો મણિલાલ ઘોડિયામાં સૂતો છે.

ચિંતામણિ ખડકીમાં આગ લાગી તે વખતે એક ભાઈ એ ખડકી પાસેથી નીકળ્યા. એ જાતે વ્હોરા હતા. ખડકીમાંથી ચારે કોર આગના ધુમાડા ફેલાતા હતા. અવાજનો પાર નહોતો. ઘોડિયામાં સૂતેલો મણિલાલ તીણા અવાજે રડતો હતો.

ચારે બાજુ વ્યાપેલા કોલાહલની વચમાં એ વ્હોરા ભાઈએ કોઈ ઘરમાંથી બાળકનો રડવાનો અવાજ સાંભળ્યો.

કુદરતનો કોઈ સંકેત હશે. એ ભાઈ ધ્રૂજી ગયા. એક પળ એમણે ચોતરફ નજર કરી. સૌ બૂમો પાડતા હતા. રડતા હતા. ફરિયાદ કરતા હતા. કિંતુ કોઈને પેલા બાળકનો અવાજ સાંભળાતો નહોતો!

એ ભાઈ અવાજની દિશામાં દોડ્યા.

જાનના જોખમે એ બાળકને બચાવીને બહાર લઈ આવ્યા. પોતે આટલું મોટું પરાક્રમ કર્યું હોવા છતાં કોઈ એમના તરફ નજર પણ કરતું નહોતું, એટલે એ ભાઈ નાનકડા બાળકને ઊંચકીને પોતાના ઘરે લઈ આવ્યા.

માણેકબેન નદીએથી ઘરે આવ્યાં.

ચિંતામણિ ખડકી સળગી ગઈ હતી. માણેકબેનનું ઘર સળગી ગયું હતું.

માણેકબેન આઘાતથી બેહોશ થઈ ગયાં. ઘર તો ગયું. પણ રે! પોતાનો દીકરો પણ ગયો!

માણેકબેન હોંશમાં આવ્યાં પછી અનરાધર રડતાં રહ્યાં. કોઈકે એમને છાનાં રાખ્યાં. માણેકબેનને પોતાના દીકરા મણિલાલની ફિકર હતી, એનું શું થયું એની ખબર પડતી ન હતી. દરેકના ઘરમાં નુકસાન થયું હતું. કોઈને થોડું કે કોઈને વધારે.

બીજા દિવસે સવારમાં મણિલાલને હાથમાં તેડીને એ વ્હોરા ભાઈ ચિંતામણીની ખડકીમાં આવ્યા. કોઈને પૂછ્યું, 'આ કોનો દીકરો છે?'

આખી ખડકી ભેગી થઈ ગઈ.

ચારે કોર હર્ષના સૂસવાટા વાયા.

કોઈ દોડતું જઈને માણેકબેનને કહી આવ્યું કે તમારો દીકરો મણિલાલ હેમખેમ છે!

માણેકબેન દોડતાં દોડતાં આવ્યાં. મણિલાલને તેડી લીધો. ક્યાંય સુધી રડતાં રહ્યાં અને પોતાના બાળકને વહાલ કરતાં રહ્યાં.

માણેકબેને પોતાના દીકરાને બચાવવા માટે વ્હોરા ભાઈને જાણે ભગવાને જ મોકલેલા એમ સમજીને વ્હોરા ભાઈના પગમાં પડી ગયા. એમણે કહ્યું. 'ભાઈ, તમે કોણ છો, હું ઓળખતી નથી. હું ગરીબ સ્ત્રી છું. તમને કાંઈ આપી શકું એમ પણ નથી, પણ હું તમારો ખૂબ ઉપકાર માનું છું.' ચિંતામણિ ખડકીના લોકોએ વ્હોરા ભાઈનો ખૂબ ખૂબ આભાર માન્યો.

ડાહ્યાભાઈ મુંબઈથી કપડવંજ આવ્યા. એ પત્ની અને પુત્રને

મુંબઈ લઈ ગયા. આઠેક વર્ષ પછી ડાહ્યાભાઈનું અવસાન થયું.

માણેકબેન એ આઘાતને કર્મની લીલા માનીને પચાવી ગયાં.

એ કપડવંજ પાછાં આવ્યાં.

મણિલાલને તેમણે ઉત્તમ સંસ્કારો આપ્યા. શાળા અને પાઠશાળામાં ભણાવ્યો. કપડવંજમાં તે સમયે મુનિશ્રી કાંતિવિજયજી મહારાજ આવ્યા. માણેકબેને હૃદયની ભાવનાથી મણિલાલને કાંતિવિજયજીના ચરણમાં મૂક્યો. કહ્યું, 'મહારાજ, એને ભણાવો અને જો તેનું મન થાય તો દીક્ષા પણ આપો. મારી સંમતિ છે. મારો દીકરો દીક્ષા લેશે તો હું પણ લઈશ.'

કાંતિવિજયજી મહારાજે મણિલાલને ઘડ્યો. એમને લાગ્યું કે આ બાળકને દીક્ષા આપવી જોઈએ. એમણે વિક્રમ સંવત ૧૯૬૫માં મહાવદી પાંચમના રોજ છાણીમાં તેર વર્ષના મણિલાલને દીક્ષા આપી. નામ પડ્યું 'પુણ્યવિજયજી'. તે પછી માણેકબેને પણ દીક્ષા લીધી. નામ પડ્યું. 'સાધ્વીશ્રી રત્નત્રયાશ્રીજી'.

વિ.સં. ૧૯૫૨માં જ્ઞાન પાંચમના દિવસે જન્મેલા પુણ્યવિજયજીની જ્ઞાનપિપાસા તીવ્ર હતી. શ્રી કાંતિવિજયજીની નિશ્રામાં જે પંડિતો મળ્યા તેની પાસે રાત કે દિવસ જોયા વિના પુણ્યવિજયજી મહારાજે અખંડ અભ્યાસ કર્યો. હસ્તપ્રત ઉકેલતા અને સંશોધન કરતા શીખ્યા. પુણ્યવિજયજી મહારાજને લાગ્યું કે જૈન જ્ઞાન ભંડારો પોતાની પ્રતીક્ષા કરે છે.

શ્રી પુણ્યવિજયજી મહારાજ પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસજી પાસે રહીને સંશોધનની આગવી પદ્ધતિ શીખ્યા. દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો અને પછી કોઈ પણ યશની ખેવના વિના જેસલમેર, પાટણ, અમદાવાદ, ભાવનગર વગેરે ક્ષેત્રોમાં જે જ્ઞાનભંડારો હતા તેને વ્યવસ્થિત કરવા અને તે પ્રતોનું સંશોધન કરવા મચી પડ્યા.

દેશવિદેશના વિદ્વાનો અને વિદ્યાર્થીઓ તેમના શરણમાં જ્ઞાન પ્રાપ્ત કરવા દોડી આવ્યા.

જૈન ઈતિહાસમાં કપડવંજ નામનું ગામ બે મહાન જૈન સંતોના કારણે અમર થઈ ગયું છે. એક તે પૂજ્ય સાગરજી મહારાજ, બીજા તે મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ.

શ્રી પુણ્યવિજયજી મહારાજ વિદ્વાન સાધુપુરુષ હતા. ઉત્તમ સંશોધક હતા. નિર્મળ ચારિત્ર્યનું પાલન અને જૈન શાસનની પ્રભાવના દ્વારા અમર થઈ ગયેલા આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ એટલે જૈન શાસનનું રત્ન.

❑❑❑

## જ્ઞાન સંવાદ

**સવાલ પૂછનાર : ડી. એમ. ગોંડલીયા, અમરેલી**

**સવાલ ૧ :** પૂર્વભવના પુણ્યોદયના ઉદયથી રીદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ સાથે પાંચ ઈન્દ્રિયના ભૌતિક સુખના લાભાર્થી ભૌતિક સુખ ભોગવે તો અશુભ કર્મનો બંધ પડે?

**સવાલ ૨ :** દેવ આત્મા પ્રચંડ ભૌતિક સુખ ભોગવે છે. અતિ-અતિ દીર્ઘકાલીન ભૌતિક સુખનો ભોક્તા આયુષ્યકર્મ પુરૂ થયે પુનઃ માનવભવ પામે છે. માનવભવ એ બહુ પુણ્યકેશ પુંજથી મળે છે. શ્રીમદ્જીનો આ ઉપદેશ છે.

ક્રમ નં. ૧ નો માનવ આત્મા પણ દેવઆત્માનાં જેમ પુણ્યોદય ના કારણે ભૌતિક સુખનો ભોગવટો કરતા અશુભ કર્મનો બંધ ન પડે તેમ હું સમજું છું. મારાં આ માન્યતા અંગે ધર્મના સિદ્ધાંત આધારિત સમાધાન આપવા વિનંતી.

**જવાબ ૧ :** પાંચે ઈંદ્રિયના ભૌતિક સુખને સુખ માનવું એ જ મોટામાં મોટું અજ્ઞાન અને મિથ્યાત્વ છે, જે અશુભ કર્મબંધનું કારણ છે. કારણ ઈંદ્રિયોના વિષયભોગથી જે ભૌતિક સુખ મળે છે એ ક્ષણિક સુખ છે. એ સુખ નથી પણ સુખાભાસ છે. અંતે દુઃખનું જ કારણ છે. દાખલા તરીકે તમને કેરી બહુ ભાવે છે અને કેરીના સેવનથી તમને ઘણો આનંદ આવે છે. પણ તમે કેરી ખાવા બેસો, તો તમે કેટલી કેરી એક સાથે ખાઈ શકો? પહેલી એક-બે કેરી ખાતા જે સુખ મળે છે એ જ આનંદ તમને નવમી કે દસમી કેરી ખાતા થઈ શકશે કે ઉલટું આટલી બધી કેરી એક સાથે ખાવાથી અપચો થવાનો સંભવ રહેશે? ખરૂં સુખ તો આત્મામાં છે. આત્મા જ અનંત સુખનો ધામ છે. જે સુખ શાશ્વત છે, કદીય ઓછું ન થનાર છે. જેના માટે મહાવીર સ્વામી આદિ તીર્થંકર પરમાત્માએ ઘણા લાંબા સમયની સાધના કરીને એ સુખ પ્રાપ્ત કર્યુ તમે જે પુણ્યોદયથી રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થવાની વાત કરી તો બે પ્રકારના પુણ્યનો ઉદય હોય છે -

(૧) પુણ્યાનુબંધી પુણ્ય - જે પુણ્યના ઉદય વખતે બીજું પુણ્ય બંધાય. જેમ કે તમને પુણ્યોદયથી રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે અને એ તમે બીજા સારા કાર્ય માટે, બીજાની મદદ કરવા માટે વાપરો તો પાછો પુણ્યનો બંધ પડે.

(૨) પાપાનુબંધી પુણ્ય - પુણ્યોદયથી રિદ્ધિ સિદ્ધિ મળી છે, પણ તે પંચેંદ્રિયના ભૌતિક સુખ ભોગવવા માટે વાપરો તો એ સમયે અશુભ કર્મના બંધ પડે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ (મન,

વચન અને કાયા) આ પાંચે કર્મબંધના કારણો છે જે પંચેંદ્રિયના ભૌતિક સુખ ભોગવતા સેવાય છે.

**(૨) અનાજ સંદર્ભમાં તમારા બીજા સવાલનો જવાબ -**

દેવગતિમાં મનુષ્યની સરખામણીમાં ભૌતિક સુખ ઘણું ઘણું વધારે હોય, અને આયુષ્ય પણ ઘણા લાંબા હોય પરંતુ લગભગ દેવોનું આયુષ્ય પુરૂં થતા એ એકેંદ્રિયની ગતિ પામે છે જેવા કે પૃથ્વીકાય, વનસ્પતિકાય જોકે આ એકાંતે નથી. જેમણે મનુષ્યભવમાં સંયમ ગ્રહણ કરી નિરતિચાર પાલન કર્યું હોય, તપ, ધ્યાનની સાધના કરી હોય એવા સમ્યક્દ્રષ્ટિ વિરતિધર મહાત્માઓ ઉચ્ચ કક્ષાનો દેવલોક પ્રાપ્ત કરે છે. આવા આત્માઓ દેવલોકમાં પણ ભૌતિક સુખમાં રમણતા કરતા નથી, ત્યાં પણ જિનેશ્વરની ભક્તિ, તત્ત્વચર્ચા (પાંચ અનુત્તર દેવલોકમાં) વગેરે કરતા હોય છે, એવા પુણ્યશાળી આત્માઓ પુનઃ માનવભવ પ્રાપ્ત કરે છે. અને એ દુર્લભ એવા માનવભવમાં ચારિત્ર લઈ, સાધના કરીને સફળ બનાવે છે, આપણું જે અંતિમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિનું છે એ તરફ ત્વરાથી આગળ વધે છે.

શ્રીમદજીના જે વચન છે, બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવો મળ્યો.' એ અત્યંત સત્ય વચન છે. આવો અમુલ્ય માનવભવ એ ભૌતિક સુખ ભોગવવા માટે વાપરશો તો પાછો આવો માનવભવ, જૈન ધર્મ ક્યારે મળશે ? જે અત્યંત દુર્લભ છે. પવિત્ર શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયન, 'ચતુરંગીય'માં શ્રી મહાવીરસ્વામી મનુષ્ય જીવન, પ્રાપ્ત થયેલો જૈન ધર્મ એની દુર્લભતા સમજાવે છે. સુજ્ઞ માનવ તો એ છે જે આ માનવભવને પોતાના આત્માના ઉત્થાન માટે, કર્મક્ષય માટે અને અંતે શાશ્વત સુખ અર્થાત્ મોક્ષસુખ મેળવવા માટે પ્રયત્ન કરે.

**જવાબ આપનાર : વિદ્વાનશ્રી ડૉ. રશ્મિબેન ભેદા**

◆◆◆

## જૈન ધર્મ પ્રશ્નોત્તર

**(૧) 'જ્ઞાન' કોને કહેવાય ?**

(૧) જેના વડે જણાય તે જ્ઞાન

(૨) જેના દ્વારા આત્મકલ્યાણનો માર્ગ જાણી શકાય તે જ્ઞાન

(૩) જેના દ્વારા મોક્ષમાર્ગના ઉપાયોનો બોધ થાય તે જ્ઞાન

(૪) સર્વજ્ઞકથિત શાસ્ત્રના આધારે વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણવું તે જ્ઞાન

**જ્ઞાનના પાંચ ભેદ** : મતિ-શ્રુત-અવધિ-મનઃ પર્યવ અને કેવળજ્ઞાન

**(૨) 'જ્ઞાનાચાર' કોને કહેવાય ?**

ઉપરોક્ત જ્ઞાનગુણને પ્રગટ કરવા અને પ્રગટેલા તે જ્ઞાનગુણમાં વૃદ્ધિ કરવા માટે જે બાહ્ય અને અંતરંગ આચરણ અર્થાત્ પ્રવૃત્તિ કરાય તેને જ્ઞાનાચાર કહેવાય છે.

**(૩) 'દર્શન' કોને કહેવાય ?**

'દર્શન' શબ્દના ત્રણ અર્થ : (૧) જો, (૨) શ્રદ્ધા, (૩) ફીલસુફી.

તત્ત્વભૂત પદાર્થની યથાર્થ રુચિ અથવા શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે

**(૪) 'દર્શનાચાર' કોને કહેવાય ?**

ઉપરોક્ત સમ્યગ્દર્શન ગુણને પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત થયેલા આ ગુણને વધુ નિર્મળ કરવા માટેની જે પ્રવૃત્તિઓ તે દર્શનાચાર છે.

**(૫) 'ચારિત્ર' કોને કહેવાય ?**

સાવદ્ય પ્રવૃત્તિઓનો દેશથી કે સર્વથી અર્થાત્ આંશિક કે સંપૂર્ણપણે ત્યાગ કરી, નિરવદ્ય પ્રવૃત્તિપૂર્વક આત્મભાવમાં સ્થિર થવાના જે પ્રયત્ન તે 'ચારિત્ર' કહેવાય છે.

**(૬) 'ચારિત્રાચાર' કોન કહેવાય**

ઉપરોક્ત ચારિત્રગુણના પાલન અને વર્ધન માટેની જે આચરણાઓ અર્થાત્ પ્રવૃત્તિઓ તે 'ચારિત્રાચાર' કહેવાય છે.

**(૭) 'તપ' કોને કહેવાય ?**

જેનાથી કર્મ તપે તેને 'તપ' કહેવાય છે.

તપથી કર્મની નિર્જરા અને સંવર થાય છે.

**(૮) 'તપાચાર' કોને કહેવાય ?**

ઉપરોક્ત તપગુણના પાલન અને તેની વૃદ્ધિ માટે બાર પ્રકારના તપમાં કરાતું જે આચરણ અર્થાત્ પ્રવૃત્તિ તે 'તપાચાર' છે.

**(૯) 'વીર્ય' કોને કહેવાય ?**

જીવનું સામર્થ્ય, આત્માનું બળ કે આત્મશક્તિ, તે 'વીર્ય' કહેવાય છે.

**(૧૦) 'વીર્યાચાર' કોને કહેવાય ?**

ઉપરોક્ત વીર્યનું શક્તિ ઉપરાંત પણ નહિ અને શક્તિથી ન્યૂન પણ નહિ અર્થાત્ યથાશક્તિ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોમાં જે પ્રવર્તન છે તે વીર્યાચાર છે.

**સંકલન : મનહર પારેખ (Atlanta - USA)**

# ભાવ-પ્રતિભાવ

એપ્રિલ-૨૦૧૭નો પ્રબુધ્ધ જીવનનો અંક જોયો, વાંચ્યા પછી કેટલાક લેખો અંગે મારો અભિપ્રાય જણાવું છું. આ પત્રનાં મુદ્દાઓ ભાવ પ્રતિભાવ માં છપાશે એવી આશા રાખું છું.

પૃ ૨૬ ઉપરનો લેખ જોયો. પૃ.૨૭ ઉપર બીજી કોલમમાં લખ્યું છે. તે બરોબર નથી. આ લખાણ ઈતિહાસના અધુરા જ્ઞાનની નિશાની છે. તેમાં જે લખ્યું છે કે, ''ભારતીય સંસ્કૃતિ વેદમૂલક સંસ્કૃતિ છે.'' તથા ''વૈદિક ચિંતનદ્વારાથી સમયે સમયે જે નવા અંકુર ફુટ્યા તે બૌધ્ધ, જૈન, શૈવશક્તિ, વૈષ્ણવ વગેરે સંપ્રદાયોમાં વિકસીત થતા રહ્યા'' આ વિગત અધૂરી અને અસત્ય છે. સઘળા પ્રમાણેથી સિધ્ધ થઈ ચૂક્યું છે કે શ્રી જૈન ધર્મ સૌથી પ્રાચીન ધર્મ છે. બધા ધર્મનું મૂળ જૈન દર્શન છે.

પૃ.૫૪ ઉપર જે જ્ઞાન સંવાદ વિભાગ છે. તેમાં જે લખાયું છે કે, ''સાડા બાર વર્ષમાં બહુજ અલ્પ નિંદ્રા કરેલી છે.'' આ વાત પણ બરોબર નથી. પ્રભુ મહાવીરે એક ક્ષણ પણ નિદ્રા લીધી નથી. સાધના દરમ્યાન ઝોંકા આવી ગયા તે સઘળાનો. સરવાળો બરાબર બે ઘડી થાય છે. નિંદ્રા આવી ગઈ છે. નિંદ્રા લીધી નથી.

બીજુ જે લખ્યું કે ''હું ભિક્ષુ છું એટલો જ જવાબ આપે'' આ પણ બરોબર નથી તેઓશ્રી મોટે ભાગે મૌન જ રહેતા અને કોઈ પણ પ્રકારનો પ્રતિકાર કર્યા વગર સઘળુ સહન કરતા.

**-શરદ ગૌતમલાલ શાહ**, લેમિંગ્ટન રોડ, મુંબઈ - ૦૪.

●●●

પ્રબુધ્ધ જીવનમાં હું સૌ પ્રથમ સર્જન-સ્વાગત વિભાગ વાંચુ છું. આ વિભાગ વાંચીને મે જૈન ધર્મના ઘણા પુસ્તકો વસાવ્યા છે. ડો. કલા શાહને મારા અભિનંદન અને પ્રણામ.

ત્યારબાદ હું નવો શરૂ થયેલો વિભાગ જ્ઞાન સંવાદ વાંચુ છું.

અંગ્રેજીમાં પણ નિયમિત લેખ આપતા રહો કે જેથી નવી પેઢી જે ઓછું ગુજરાતી જાણે છે તે પણ જ્ઞાન સમૃધ્ધ બને.

જય જિનેન્દ્ર

**અનિલ શાહ**, અમદાવાદ

●●●

જૂન અંકમાં, ડૉ. નરેશભાઈ વેદનો લેખ 'ભૂમા' વિષે વાંચી, વિચારીને પ્રસન્નતા થઈ. ભૂમા એટલે ભૂમિ, ધરતી આપણાં સૌની માતા. આખરે તો આપણે સૌ ભૂમિ પુત્રો જ ને, ધરતી-માતા અને આકાશ પિતા.

આ ધરતી પર અસ્તિત્વ ધરાવતાં તમામ તત્ત્વો પ્રત્યે, આત્મીયતા કેળવવાથી સાચા સુખની પ્રાપ્તિ થઈ શકે છે, એ વાત તેમણે સુંદર રીતે સમજાવી છે. મારા તેમને હાર્દિક અભિનંદન. મનની પ્રફુલ્લતા, ચિત્તની પ્રસન્નતા, અને આત્માની શાંતિમાં બધું જ સમાઈ જાય છે. સુખ એટલે Bliss અને આનંદ એટલે Delight.

કોઈપણ સ્ત્રી, જન્મ્યા પછી જ્યાં સુધી માતા (Mother) થતી નથી. ત્યાં સુધી તે તેનાં જીવનનો સર્વોચ્ચ આનંદ પ્રાપ્ત કરી શકતી નથી! સ્ત્રી જન્મ અને જીવનની સાર્થકતા માતા થવામાં જ છે. એ વાત અમારા આચાર્યા સુશ્રી સવિતા દીદી - કે જે મણિપુરી નૃત્યકાર હતાં, તેમને પોતાનાં જીવનાંતે 'બાળકૃષ્ણ-લીલા', નામે નૃત્ય નાટિકા ભણાવ્યા પછી થઈ હતી. તેઓ આજીવન અપરિણિત રહ્યાં હતાં. વૃદ્ધાવસ્થામાં, તમામ ભૌતિક સુખ હોવા છતાં, ચોધાર આંસુએ રડતાં, તેમનું હૈયું ભરાઈ આવતું. ત્યારે હું સત્ય હકીકત પ્રત્યે તેમનું ધ્યાન દોરતો. જે તેમનાં હૃદયને મળતું પણ મન ન નહીં!

**હરજીવન થાનકી, પોરબંદર**

●●●

'પ્રબુધ્ધ જીવન' અંક નિયમિત મળે છે સાથે મુખપૃષ્ઠ પરનું શારદાજીનું ચિત્ર વિવિધ મુદ્રાઓવાળું દર્શનીય જ હોય છે. ડૉ. સેજલ જી શાહ - તંત્રી નું લેખ ચિંતનલક્ષી પીરસાતુ સાહિત્ય, ગમે જ. જૂન ૨૦૧૭ ના અંકમાં છેલ્લે પાને માનનીય મોહનભાઈ પટેલ, ૮૮ વર્ષીય, વંદન ને અભિનંદન. સંપર્ક માટે સરનામું શક્ય હશેજ, તો અનુકૂળતાએ અંકમાં આપવા વિનંતી છે. ફોન નંબર ચાલશે.

વાહ મૃત્યુનો અવસર... અવર્ણનીય જ છે. દાતાઓને અભિનંદન. વિશેષ અંક વગેરેની માહિતી તેમજ કવિતા, કાળજી પૂર્વકનું છપાઈકામ, અનુદાન, જૈન ધર્મ ફિલોસોફીનો અભ્યાસ, અધિકૃત અભ્યાસક્રમો ''જ્ઞાન સંવાદ''થી પણ જિજ્ઞાસુને સાથે, 'સર્જન સ્વાગત'થી પણ માહિતી વાચક, રુચિ ધારકને મળે જ છે. જરૂર હોય તો ફોટાઓથી જ્ઞાત થવાય છે.

એક વિશિષ્ટ પ્રકાશન ચોક્કસ વાચકને માટે રસાયણ જ કહેવાય. અમારા મિત્ર, પરિવારથી પ્રબુધ્ધ જીવનના સંવાહક ગણ સહુને શતશત વંદના, જય જિનેન્દ્ર જ હોય.

**દામોદર કે. નાગર**, ઉમરેઠ - ૩૮૮૨૨૦
મો.નં.૯૭૨૩૪૪૯૦૯૨

●●●

**સુખ સાગર**

*બોલો જે જે જે મહારાજ સત ગુરુજીની આરતી*
*ધ્યાન કરો એક ધૂન્યમાં મોટો તે સતગુરુદેવ*
*આરતી આરતી કરો રે એવું સમજીને સતગુરુ ભેવ... ૧*
*સતગુરુજી દયા કરે ત્યારે સુન્ય સીખ જાય રે*
*ગમ જો આવે ગુરુ તણી રે ત્યારે નામની સાંપદ થાય... ૨*
*નીસાં થયુ કેમ જાણીયે રે બે અક્ષર એક જ થાય*
*જુવો વિચારી જાંખીને રે જ્યાં રેરો છે ત્યાં મ મો જાય... ૩*
*સતગુરુ એ સાચું કહ્યુ આદ્ય અક્ષર એક નામ રે*
*સુખ સાગર તેમાં મળ્યાં રે સતગુરુએ બતાવ્યુ જ્યાં ધામ... ૪*

# સર્જન-સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **રાજપથ**

**આચારાંગ સૂત્રની અદ્‌ભુત અર્થધારામાં ભીંજવતો અનુપ્રેક્ષા ગ્રન્થ**

પ્રેરકબળ : પરમ પૂજ્ય સિદ્ધાન્ત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજા

સંશોધક : પરમપૂજ્ય પ્રભાવક પ્રવચનકાર, શ્રીમદ્‌વિજય ઉદયવલ્લભ સૂરીશ્વરજી મહારાજા

પરમપૂજ્ય શાસ્ત્રમર્મજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય હૃદયવલ્લભ સૂરીશ્વરજી મહારાજા

લેખક : (૧) મુનિશ્રી કૃપાબોધિ વિજય

(૨) મુનિશ્રી રત્નભાનુવિજય

(૩) મુનિશ્રી યશરત્નવિજય

(૪) મુનિશ્રીસૌજ્યરત્ન વિજય

(૫) મુનિશ્રી ભૂમીયશ વિજય

(૬) મુનિશ્રી જિનપ્રેમ વિજય

(૭) મુનિશ્રી તીર્થવિજય બોધિવિજય

(૮) મુનિશ્રી લબ્ધિનિધાન વિજય

પ્રકાશક : દિવ્યદર્શન પ્રકાશન ટ્રસ્ટ

સંપાદક : મુનિશ્રી રત્નભાનુવિજય

મૂલ્ય : રૂા. ૫૦૦/-

આચારાંગ સૂત્ર : રસ્તા તો ઘણા હોય પણ



'પથ' તો તેને જ કહેવાય જે મંઝીલે પહોંચાડી શકે. 'આચારાંગસૂત્ર' આ એક 'પથ' છે. જે ધર્મ ચક્રવર્તીરાજા પરમાત્મા મહાવીર સ્વામીએ દેખાડેલને ખેડેલ છે માટે જ આ માત્ર પથ નથી 'રાજપથ' છે.

આચારાંગસૂત્રના થોડા વિભાગેના સારાંશરૂપે આ ચિંતન લખાયું છે.

આચાર વિષયક આ ગ્રંથ જૈનાગમોમાં પ્રથમ ગ્રંથ છે અને મુખ્ય ગ્રંથ છે. આચારાંગ ગ્રંથમાં આચાર વિષયક વર્ણન જેમ આવે છે, તેમ વર્જન કરવા રૂપ અનાચારોનું વર્ણન પણ આવે છે. સ્વજનત્યાગ, સ્વજનમમત્વ ત્યાગ, દેહમમત્વ ત્યાગ, વિષય કષાયોનો ત્યાગ, કષાયો અને એના કારણોનો ત્યાગ, સંયમ અને તપ એનું સ્વરૂપ, એની આરાધનાની પ્રક્રિયા અંતકાળની નિર્યામણા સુધી આરાધનાનું માર્ગદર્શન અને પ્રભુના આચારના આલેખને સાધુઓની ઉત્સર્ગ જીવનચર્યા - આ સાધુજીવનના આચારો અને એના કારણોનું વર્ણન - એ આચારાંગ છે.

એમાંથી થોડું થોડું વીણીને પોતાના આત્માને ભાવિત કરવા અને બીજા સંયમીઓને પણ સંયમની આત્મપરિણતિને ભાવિત કરવા આ પુસ્તક અનેક નૂતન લેખકોએ આચાર અનેક શ્રુત ભક્તિથી પ્રેરાઈને આલેખ કરેલ છે.

આ ગ્રંથનું વાંચન વાચકોને મોક્ષમાર્ગમાં સ્થિર અને દૃઢ બનવા રૂપ અત્યંત લાભકારી ફળ છે. એ ફળ વાચકને શીઘ્ર પ્રાપ્ત થાએ એવી શુભાશિષ.

◆◆◆

પુસ્તકનું નામ : **શ્રી જૈન મહાવીરગીતા એક દર્શન**

લેખક : આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોલ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

મૂલ્ય : રૂા. ૩૫૦/- પાના : ૨૨: ૩૯૪

આવૃત્તિ : પ્રથમ (એપ્રિલ ૨૦૧૫)




વર્તમાનમાં આચાર્ય એવા શ્રી વાત્સલ્યદીપસૂરિજી જૈનધર્મની સ્વાધ્યાય દ્વારા સર્જનની ભવ્ય પરંપરામાં પોતાના પ્રદાનથી મહત્વનું સ્થાન ધરાવે છે.

સમર્થ જૈનાચાર્ય શ્રીમદ્‌શ્રીબુદ્ધિ-સાગરસૂરીશ્વરજી દ્વારા 'શ્રી જૈન મહાવીર ગીતા'માં ભગવાન મહાવીર સ્વામી, ગૌતમસ્વામી તથા મહારાજા શ્રેણિક આદિને જે બોધ આપે છે. તેનું વર્ણન છે. ત્રણ હજાર જેટલા શ્લોકમાં પ્રગટેલી ગુરુવાણીની એક નિષ્ઠ આરાધનાને આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી પોતાનું લક્ષ બનાવે છે. શ્રી ભગવત્‌ગીતાની રૂપરચનાનું અને તત્વજ્ઞાનનું વિરલ અનુસંધાન શ્રી જૈન મહાવીર ગીતા'નું પ્રથમ લક્ષણ છે. બુદ્ધિસાગર-સૂરીશ્વરજીએ 'શ્રી જૈન મહાવીરગીતા' દ્વારા જૈન ધર્મના તાત્વિક ભૂમિકા અને અને સાધક માટેના આવશ્યક આધ્યાત્મિક સોપાનની સુંદર છણાવટ કરી છે.

આચાર્ય વાત્સલ્યદીપસૂરિજી 'શ્રી જૈન મહાવીર ગીતા'ના ૨૯૫૨ શ્લોકના સઘન અધ્યયન અને સમ્યક્ અર્થઘટન દ્વારા ભાવકને સંપૂર્ણ રીતે કૃતિ પ્રત્યક્ષ કરે છે. આચાર્યશ્રી જણાવે છે કે "શ્રી જૈન મહાવીર ગીતા" સમજવા માટે અન્ય ગ્રંથોનો અભ્યાસ, ચિંતન અનિવાર્ય છે. કેમ કે સમન્વયાત્મક દૃષ્ટિકોણથી જ આ ગ્રંથ આત્મસાત થઈ શકે.

ડૉ રશ્મિકુમાર ઝવેરી લખે છે, "શ્રી

મહાવીર જૈનગીતા એ જૈન દર્શનનું એક અદ્વિતીય પુસ્તક છે, જેનું પારાયણ કરીએ તો બત્રીસે કોઠે દીવા થઈ જાય. સાહિત્યની દૃષ્ટિએ પણ આ ગ્રંથ એક નવો ચીલો પાડે છે.''

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી અનાસક્તિ કર્મયોગનું પાઠકને સુચારુ દર્શન કરાવી પવિત્રતા અને દિવ્યતાનો અનુભવ કરાવે છે.

◆◆◆

પુસ્તકનું નામ : **વંદન, અભિનંદન**
લેખક : રોહિત શાહ
પ્રકાશક : શ્રી શ્રુતજ્ઞાન પ્રકાશન
સેલર વિમલનાથ ફ્લેટ્સ,
૨ - શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા,
અમદાવાદ - ૯
મૂલ્ય : રૂા. ૨૫૦/- પાના - ૧૬૮
આવૃત્તિ - પ્રથમ , ૧લી મે ૨૦૧૭
પ્રાપ્તિસ્થાન : (૧) શ્રી કલિકુંડ તીર્થ પેઢી
ધોળકા - ૩૮૨૨૨૫ (ગુજરાત)
ફોન : ૦૨૭૧૪ - ૨૨૫૭૩૮/૯




ગ્રંથના લેખક શ્રી રોહિત શાહ લખે છે ''ઈન્ફેક્ટ આ સંપૂર્ણ જીવનચરિત્ર નથી, એમના જીવનની પ્રાથમિક ઝલક અને કેટલાંક જીવન પ્રસંગો જ એમાં છે, ગચ્છાધિપતિશ્રીના કેટલાંક ગુણો અને એમના કેટલાક જીવનપ્રસંગો દ્વારા એમના સમગ્ર વ્યક્તિત્વનો અણસાર પામી શકાશે. પૂજ્યશ્રી વિશે લેખક જણાવે છે ''કલિકુંડ તીર્થ દ્વારા આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રથમ શિષ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિજી મહારાજને ગુરુજીના 'આજીવન ચરણોપાસક' સિવાયના કોઈપણ વિશેષણ કે બિરુદની અપેક્ષા નથી. કલિકુંડ તીર્થમાં જ્યારે સંઘ અને ગુરુભક્ત તરફથી એમને 'ગચ્છાધિપતિ'પદ સ્વીકારવાનો જાહેરમાં આગ્રહ થયો ત્યારે એમનું હૈયું ક્ષોભથી અને આંસુથી છલકાઈ ઉઠ્યા હતા.''

આચાર્ય વિજય રાજશેખરસૂરિજી મહારાજને લોકેષણાએ કદી લોભાવ્યા નથી, એ એમની સૌથી મોટી વિશેષતા છે. અનેક તીર્થોની સ્થાપના, અનેક દીક્ષા પ્રદાન, અનેક અનુષ્ઠાનો, અનેક સમારોહમાં નિશ્રા પ્રદાન કરવા છતાંય પોતાનો પ્રભાવ પુરવાર કરવાનું એમને કદીય રુચ્યું નથી. કર્તવ્યનિષ્ઠ રહીને શાસનનાં કાર્યો પાર પાડવાનો સહજ ઉપક્રમ હંમેશા રહ્યો છે.
ગચ્છાધિપતિ પદવીના મહોત્સવ નિમિત્તે એમના વિશેનું આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે.

◆◆◆

પુસ્તકનું નામ : **સાહસમૂર્તિ**
લેખક : સાધ્વી શીલભદ્રાશ્રી
પ્રકાશક : કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ. આ. વિ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પૂ. દાદીગુરુદેવ શશીપ્રભાશ્રી મ.સા., ધોળકા
પ્રાપ્તિસ્થાન : શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ - ચંપકભાઈ શેઠ સેલર, વિમલનાથ ફ્લેટ, ૨ - શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
મો. ૯૪૨૬૦૧૦૩૨૩
મૂલ્ય : ગુણ સ્પર્શના પાના ૧૬૦ + ૮
આવૃત્તિ - પ્રથમ

ગચ્છાધિપતિ પૂજ્યશ્રીના જીવનના નંદનવનમાં નિસ્પૃહતા, નિખાલસતા, નિરાડંબરતા, સરળતા, જ્ઞાનપ્રેમ, નિર્દોષતા, દાનરુચિ આદિ અનેક ગુણો ચમકના સિતારાની જેમ ચમકી રહ્યા છે.

જસુમાંથી બનેલ આચાર્ય ભગવંત શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાને જીવન પ્રસંગો આ પુસ્તકમાં આલેખાયેલા છે. પ્રસ્તુત પુસ્તકની ઘટનાના બધાજ શબ્દો વાગોળવા અને ચગળવા જેવા છે.




બે બે વખત ગુરુદેવના સહવાસને માણવા માટે નાની ઉંમરમાં જ ઘરેથી પૂછ્યા વિના જ ચાલી નીકળેલ જસુની સાહસવૃત્તિ બાલ્યાવસ્થાથી જ વિકસેલી હતી.

આ સાહસિકતાના દર્શન ખૂબજ રોચક રીતે વર્ણાવેલ ભારજા પ્રકરણમાં દૃશ્યમાન થાય છે. આ પ્રકરણમાં ગુરુવિરહની વ્યથા, ગુરુદેવની મહાનતા, શિષ્યોનો ગુરુપ્રેમ, સહિષ્ણુતા, ગુરુદેવનો શિષ્યપ્રેમ, ભક્તિદ્વારા ભયના સામ્રાજ્યનો પરાજય, ગુર્વાજ્ઞા પ્રેમ આદિ અનેક શાસ્ત્રીય પદાર્થોનો રોચક ઉલ્લેખ આધ્યાત્મિકતાની જાગૃતિ કરે છે.

લેખિકા સાધ્વીજીએ અત્તરની બોટલમાંથી એક જ બિન્દુ કાઢીને ગુરુગણ સુવાસને ભક્તજનોના હૃદય સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ આદર્યો છે.

◆◆◆

પુસ્તકનું નામ : **અગમની વાટે - ભાગ ૧**
લેખક : સુરેશ ગાલા
પ્રકાશન : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એબીસી ટ્રાન્સપોર્ટની બાજુમાં,
મુંબઈ - ૪૦૦૦૦૪.
ફોન નં. ૦૨૨-૨૩૮૦૨૯૬
મૂલ્ય : રૂા. ૨૦૦/- પાના : ૧૫૮
આવૃત્તિ : પ્રથમ ૨૦૧૭




ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનું જીવન-ચરિત્ર, એમના સાહિત્યમાંથી ચૂંટેલી ગુજરાતી રચનાઓ અને એમના સાહિત્યમાંથી ચૂંટેલા સંસ્કૃત શ્લોકોનો ગુજરાતીમાં ભાવાનુવાદ આ પુસ્તકમાં સુરેશ ગાલાએ કરેલ છે.

જૈનધર્મના આ મહાન આચાર્યો દેહ અને મનથી પર એવા આત્મતત્ત્વની વાટના પથિક હતા. એટલે આ પુસ્કનું નામ ''આગમની વાટે'' રાખ્યું છે.

અવધૂત આનંદઘનજીના સંપર્કમાં આવ્યા પછી ઉપાધ્યાય યશોવિજયજીએ આત્મસાધનાના પંથે પ્રયાણ કર્યું. એમને દેહથી પર એવા આત્મતત્વનો, ચૈતન્યતત્વનો અનુભવ થયો.

આત્મતત્વની અનુભૂતિ થયા પછી એમણે જ્ઞાનસાર, અધ્યાત્મસાર અને અધ્યાત્મ ઉપનિષદ એમ ત્રણ ગ્રંથની રચના કરી હતી. આ ત્રણ ગ્રંથોમાંથી ૧૪૧૫ શ્લોકમાંથી ૧૦૦ શ્લોકો સુરેશભાઈ ગાલાઓ પસંદ કર્યા છે. આ ગ્રંથોમાં ઉપાધ્યાય યશોવિજયજીના અનેકાંત દૃષ્ટિકોણ અને આત્મજ્ઞાનની ઝલક દેખાય છે.

પરંપરાગત જૈન ધર્મની બાહ્યક્રિયાઓને જ અંતિમ સત્ય માનતા જૈન ધર્મના સાધુઓને, સાધ્વીજીઓને, શ્રાવકોને અને શ્રાવિકાઓને આ બાહ્યક્રિયાઓની પાછળ છુપાયેલો આંતર પ્રવાહ ધ્યાનસાધના જ છે, જે ખરા અર્થમાં આત્મસાધના છે. એની પ્રતીતિ થાય અને દૃષ્ટિ અનેકાંત બને એ ઉપાધ્યાય યશોવિજયજીનો ઉદ્દેશ્ય એમની જ રચનાઓ દ્વારા આ પુસ્તક દ્વારા અભિવ્યક્ત કરવાનો પ્રયાસ સુરેશ ગાલાએ કર્યો છે.

સૌ કોઈ આ પુસ્તક વાંચીને ઉપાધ્યાય યશોવિજયજીના સર્જનમાં ઊંડો રસ લઈ આત્મસાધનાના પંથે પ્રયાણ કરે.

◆◆◆

પુસ્તકનું નામ : **ભાવમંજૂષા**
**(જૈનધર્મની કથાઓ)**
લેખક : કુમારપાળ દેસાઈ
પ્રકાશન : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
૩૩, મહંમદી મિનાર, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, ૧૪ મી ખેતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૪.
ફોન નં. ૦૨૨-૨૩૮૨૦૨૯૬
મૂલ્ય : રૂા. ૧૫૦/- પાના - ૧૫૨
આવૃત્તિ - પ્રથમ - ૨૦૧૭



ભગવાન મહાવીરની શાશ્વત વાણીનો પરિચય કરાવવાના હેતુથી અહીં જુદા જુદા આગમશાસ્ત્રોમાંથી મળતી હૃદયસ્પર્શી વાણી આલેખી છે.

જૈન દર્શનમાં ભાવનો સવિશેષ મહિમા છે. ભાવ કેવળજ્ઞાન અપાવે છે અને ભાવ જ ભવભ્રમણનો અંત આણી શકે છે. ભાવની સુવાસ પ્રગટે એટલે એ ધર્મક્રિયામાં નવો પ્રાણ ફૂંકાય છે. મુમુક્ષુના હૃદયમાં ભાવ જાગે એટલે ભીતરનું પરિવર્તન થાય છે. એ ભાવને આધારે એ સાધનાની પગદંડીએ ચાલીને એક પછી એક સોપાન સિદ્ધ કરતો હોય છે. જીવનની કસોટીમાં આ ભાવ જ વ્યક્તિને આપત્તિ અને સંઘર્ષો સામે અડીખમ રાખે છે. એ ભાવને આધારે જ એ જીવનની અગ્નિ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. એવા પ્રસંગોને લેખકે હૃદયસ્પર્શી રીતે આ પુસ્તકમાં આલેખ્યા છે.

ભાવ કોઈ સીમિત સાંપ્રદાયિકતામાં વસતો નથી, એનો નિવાસ તો માનવ જીવનની ગુણ ગરિમામાં છે. તેથી વ્યક્તિની અંતરયાત્રામાં આ કથાઓ ઉપયોગી બનશે.

◆◆◆

પુસ્તકનું નામ - **કથા મંજૂષા**
**(જૈનધર્મની કથાઓ)**
લેખક : કુમારપાળ દેસાઈ
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહંમદી મિનાર, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં ૧૪ મી ખેતવાડી, મુંબઈ - ૪૦૦૦૦૪.
ફોન નં. ૦૨૨-૨૩૮૨૦૨૯૬
મૂલ્ય : રૂા. ૧૫૦ પાના ૧૨ + ૧૫૨
આવૃત્તિ પહેલી ૨૦૧૭



જૈન સાહિત્યમાં વિપુલ પ્રમાણમાં કથા સાહિત્ય પ્રાપ્ત થાય છે. આગમ ગ્રંથોથી માંડીને અત્યાર સુધીના જૈન ગ્રંથોમાં જૈન કથાઓનો મહિમા જોવા મળે છે. આ કથાઓ દ્વારા જૈન દર્શનના મર્મને ઉજાગર કરવામાં આવ્યો છે.

'કથા મંજૂષા' માં આલેખાયેલા પ્રસંગો જૈનસિદ્ધાંતની પશ્ચાદ્ભૂમાં જીવનસાર્થક્યની વાત કરતા હોવાં છતાં એ જૈન-જૈનેત્તર સહુ કોઈને સ્પર્શી જાય તેવા છે. જૈન ધર્મ એ જ્ઞાતિ, વાદ, વાડા, કે સંપ્રદાયથી પર છે. અને એનું એ સ્વરૂપ આ પુસ્તકની કથાઓમાં જોવા મળે છે.

આ કથાઓનું આલેખન મોટે ભાગે પરંપરાગત અને રૂઢિગત રીતે થતું હોય છે. તેને બદલે અહીં આજની શૈલીમાં આ કથાઓ આલેખી છે. આ કથાઓમાં ભાવના, પ્રેરણા અને ધર્મબોધથી ભર્યા-ભર્યા. મહાસાગર છલકાઈ રહ્યો છે. માર્મિક, આધ્યાત્મિક અને આત્મસ્પર્શી એવી જૈન કથાઓના મહાસાગરના ઊંડા તળિયે ડૂબકી મારીને લાવેલ આ કથામોતીઓ, એનો પ્રકાશ ધર્મના હૃદયને, વિચારના તેજને, ભાવનાઓની ભવ્યતાને અને આધ્યાત્મિક ઉર્ધ્વતાને એનો પ્રકાશ ઓળખાવશે.

❑❑❑

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૩
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

**સર્જન સ્વાગત વિભાગ માટે પુસ્તકો મોકલાવવાનું સરનામું :**
Shri Mumbai Jain Yuvak Sangh
33, Mohamadi Minar,
14th Khetwadi,
Mumbai - 400004.

# પર્યુષણ સમયે દેશના અનેક શહેરોમાં આચાર્ય મહારાજોની નિશ્રામાં વિમોચન પામશે જૈન વિશ્વકોશ (ભાગ.૨)

આજે જગતમાં જુદા જુદા ધર્મો વિશે સત્ય, પ્રમાણભૂત અને માનવકલ્યાણલક્ષી ભાવનાઓ સમજવાની ઉત્કંઠા જોવા મળે છે. કોઈ પણ ધર્મની સર્વગ્રાહી વિગતો તો માત્ર એના એન્સાઇક્લોપીડિયામાં મળી રહે. આજે હિંદુ ધર્મ, ઇસ્લામ ધર્મ અને બૌદ્ધધર્મ પાસે અને એકથી વધુ વિશ્વકોશો (એન્સાઇક્લોપીડિયા) છે. હિંદુ ધર્મના તો ઘણાં મહત્ત્વનાં એન્સાઇક્લોપીડિયા મળે છે અને તેમાં પણ તાજેતરમાં અનેક વર્ષોની મહેનત પછી ઋષિકેશના સ્વામી ચિદાનંદજીએ હિંદુધર્મનો એન્સાઇક્લોપીડિયા બહાર પાડ્યો છે.

આજ સુધી જૈન ધર્મના વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) માટે પ્રયત્નો થતાં રહ્યાં. ક્યારેક એવું પણ બન્યું કે એન્સાઇક્લોપીડિયા રચવાની પદ્ધતિના ખ્યાલ વિના માત્ર જુદા જુદા વિષયના કેટલાક લેખોનો સંગ્રહ કરીને પણ એને 'એન્સાઇક્લોપીડિયા' નામ આપવામાં આવ્યું. એમણે જો એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા અથવા બીજા એન્સાઇક્લોપીડિયા જોયા હોત, તો આવી ગલતફહેમી ન થાત! મરાઠીમાં એવું પણ બન્યું કે માત્ર જૈન ધર્મની પરિભાષાના શબ્દોનો અર્થ આપીને એને 'જૈન વિશ્વકોશ' એવું નામ આપવામાં આવ્યું, પરંતુ છેલ્લાં ચારેક વર્ષથી યુગદિવાકર રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિજીની પાવન પ્રેરણા અને માર્ગદર્શનને પરિણામે ગુજરાતી ભાષામાં જૈન વિશ્વકોશ સર્જવાના ભગીરથ પ્રયત્નોનો પ્રારંભ કરવામાં આવ્યો. આમાં વિશ્વકોશને એના સાચા અર્થમાં અને યોગ્ય રીતે તૈયાર કરવામાં આવ્યો.

જૈન વિશ્વકોશ એટલે જૈન ધર્મની તમામ બાબતોને આવરી લેતો કોશ. એમાં માત્ર શબ્દકોશ ન હોય, એમાં માત્ર ચરિત્રો ન હોય, પરંતુ એમાં જૈન ધર્મ વિશેના એકેએક વિષયોનો સમાવેશ હોય. આ વિશ્વકોશમાં જૈન ધર્મનું સમગ્ર આકાશ આવરી લેવાયું છે. જેમાં જૈન ભૂગોળ, જૈન ખગોળ, જૈન વ્યાકરણશાસ્ત્ર, જૈન ધર્મ અને વિજ્ઞાન, જૈન ધર્મનાં તીર્થો, પર્વો, શિલ્પ, સ્થાપત્ય, તીર્થંકરો, આચાર્યો, પંડિતો, શ્રેષ્ઠીઓ, સ્વાતંત્ર્યસેનાનીઓ, મંત્રીઓ, દાનેશ્વરીઓ, શતાવધાનીઓ, જૈન ઉપકરણો, સંસ્થાઓ, સામયિકો, પરિભાષા, કથાઓ, સંપ્રદાયો, સંસ્કૃતિ વગેરેની માહિતી પણ હોય. જૈન કલા, જૈન ધ્વજ, અને જૈન આગમોની પણ આમાં પ્રમાણભૂત માહિતી રજૂ કરવામાં આવેલી હોય. એક અર્થમાં કહીએ તો જૈનધર્મને લગતા એકસો જેટલા વિષયોની સર્વાંગીણ માહિતી આપવામાં આવે છે.

કોઈ એક સંપ્રદાયને બદલે તમામ સંપ્રદાયોની માહિતી આપવામાં આવી અને એન્સાઇક્લોપીડિયાની રચનાની આગવી દૃષ્ટિ મુજબ સંકુચિતતા, વિવાદો, ધર્માંધતા કે ટીકાટિપ્પણથી અળગા રહીને તટસ્થપણે એની આ ગ્રંથોમાં રજૂઆત કરવામાં આવી. આમ એક પ્રાચીન અને વિરાટ ધર્મની અનેક શાખાઓની સર્વાંગી, સંક્ષિપ્ત માહિતી અધિકૃત સ્વરૂપમાં પીરસાય એવો આની પાછળ આગ્રહ રાખવામાં આવ્યો.

એક સવાલ એ જાગે કે વિશ્વકોશ શા માટે? તો એનો ઉત્તર એ છે કે જૈન ધર્મ પાસે વિશાળ પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ છે, ગહન ભૂગોળ, ખગોળ છે, અનેક અદ્‌ભુત ચરિત્રો છે. યાદગાર તીર્થો છે અને જુદા જુદા શાસ્ત્રગ્રંથો છે. એની ભાવનાઓ અનોખી દિપ્તી ધરાવે છે. આ સઘળી માહિતીની વિદ્વાનો દ્વારા એકત્રીકરણ થાય તેવું જ્ઞાનસાધક સાધન ઉપલબ્ધ કરાવવાનો આમાં આશય રાખવામાં આવ્યો છે.

કોઈપણ પ્રજાની પ્રગતિ, સંસ્કૃતિ અને સમૃદ્ધિનું માપ એની જ્ઞાનસજ્જતા અને જ્ઞાનસાધનોની વિપુલતાથી નીકળે છે. જ્ઞાનની જુદી જુદી શાખાઓ-પ્રશાખાઓને લખતા વિષયની માહિતી અધિકૃત સ્વરૂપમાં મળે તે કાર્ય આવા એન્સાઇક્લોપીડિયા દ્વારા શક્ય બને છે, આથી જૈન વિશ્વકોશ એ સર્વાંગી માહિતીનો ભંડાર બની ગયો. કોઈપણ ધર્મ, સભ્યતા કે સંસ્કૃતિના વિકાસ માટે આવો વિશ્વકોશ આવશ્યક હોવાથી એની રચનાની જવાબદારી જૈન દર્શનના વિદ્વાન સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને જૈન વિદ્યાના સમર્થ આલેખક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ સંભાળી.

ગયા વર્ષે ઈ. સ. ૨૦૧૬ના પર્યુષણ પર્વાધિરાજના પ્રસંગે જૈન વિશ્વકોશનો પ્રથમ ગ્રંથ એની ભવ્યતા અને વ્યાપકતા સાથે પ્રસિદ્ધ થયો. જુદા જુદા સંપ્રદાયોના ૨૫



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

જેટલા આચાર્યો અને સાધુમહાત્માઓની નિશ્રામાં એની લોકાર્પણ વિધિ થઈ. એક અર્થમાં જોઈએ તો આ વિશ્વકોશે આપોઆપ જૈન એકતાનું સર્જન કર્યું! એના વિમોચન પ્રસંગે જ એની એટલી બધી માગ થઈ કે માત્ર ત્રણ મહિનામાં જ એની પ્રથમ આવૃત્તિની તમામ પ્રત જિજ્ઞાસુઓએ ખરીદી લીધી અને હવે આ પર્યુષણમાં યુગદિવાકર રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિજીના આશીર્વાદથી આરંભાયેલી આ પ્રવૃત્તિનું દ્વિતીય પુષ્પ એટલે કે જૈન વિશ્વકોશનો બીજો ભાગ એ જ રીતે અનેક શહેરોમાં વિમોચન પામશે. મુંબઈમાં છ સ્થળે, અમદાવાદમાં ચાર ઉપાશ્રયોમાં, હૈદ્રાબાદ, ચેન્નઈ, બૅંગાલુરુ, કૉલકાતા, જૂનાગઢ, પૂણે વગેરે શહેરોમાં આચાર્ય મહારાજોની પાવન નિશ્રામાં આનું વિમોચન થશે.

જૈન વિશ્વકોશનો આ બીજો ભાગ ૪૨૨ પૃષ્ઠ ધરાવતો સુંદર આર્ટ પેપરમાં છપાયેલો અને વળી ૨૧૬ જેટલાં આકર્ષક ચિત્રોથી વિભૂષિત હોવાથી એક નવીન ભાત પાડશે. આમાં બાંસઠ જેટલાં આચાર્યો, પંડિતો અને વિદ્વાનોએ ગ્રંથલેખન કર્યું છે અને સાધ્વી શ્રી આરતિબાઈએ આ સઘળી વિગતોનું પરામર્શન કર્યું છે.

જરા નજર નાખીએ જૈન વિશ્વકોશના બીજા ભાગ પર. આમાં ૩૬૩ જેટલાં લખાણો (અધિકરણો) મળે છે. જેમાં જૈન તીર્થ, જૈન આચારશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, કોશસાહિત્ય, જૈન સામયિકો, જૈન સ્થાપત્ય, જૈન ગુફાઓ વિશેના લેખો છે. અહીં ધર્મનો અભ્યાસ કરવામાં અત્યંત મૂલ્યવાન એવી જૈન પરિભાષાની અને ભાવનાઓની ધાર્મિક સમજૂતી આપવામાં આવી છે. મહાન આચાર્યો, શ્રેષ્ઠીઓ, પત્રકારો, દાનવીરો, સ્વાતંત્ર્ય માટે ઝઝૂમનારા સ્વાતંત્ર્યવીરો, સંગીતકારો અને કવિઓનાં આમાં ચરિત્રો મળે છે. જૈન ગ્રંથો, કથાનકો અને જૈન ઉપકરણો ઉપરાંત જૈન ગણિત, જૈન વિજ્ઞાન, જૈન ભૂગોળ-ખગોળ વિશે અને પર્વો તથા સ્તોત્રો વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે. વિદેશની ભૂમિ પર પોતાની આગવી તેજસ્વીતા દાખવનાર જૈન ઉદ્યોગપતિઓ કે વિદ્વાનોનો પરિચય આપવામાં આવ્યો છે. ગ્લેસીનેપ જેવા જૈન ધર્મના વિદેશી સંશોધક અને ગેબ્રિયલ હેલ્મર જેવી જૈન ધર્મની એક આશ્ચર્યજનક ઉપાસિકાનું જીવન અહીં આલેખાયું છે.

પૂ. શ્રી કુંદકુંદાચાર્ય. પૂ. કાનજી સ્વામી, આ. કીર્તિસાગરસૂરિજી, કન્હૈયાલાલજી મહારાજ, ઘાસીલાલજ મહારાજ જેવા અનેક મહાત્માઓના જીવનનો આલેખ આમાં મળે છે, તો બીજી બાજુ કર્મસાહિત્ય, કાવ્યસાહિત્ય, કાયદાશાસ્ત્ર અને કોશસાહિત્ય વિશે સામગ્રી ઉપલબ્ધ થાય છે, જાપાનમાં આવેલા કોબે તીર્થ વિશે અને કર્ણાટક, ગોવા અને કાશ્મીરમાં જૈન ધર્મની ચડતીપડતી વિશેના લેખો આમાં સમાવેશ પામ્યા છે, તો સાથોસાથ કેનેડામાં ચાલતી જૈન ધર્મની અનેકવિધ પ્રવૃત્તિઓની વિગતો મળે છે. તો કસ્તૂરભાઈ લાલભાઈ, ખુશાલચંદ નગરશેઠ, ગીતાબેન રાંભિયા, ગુંદેચા બંધુઓ વિશે વિગતે આલેખન કરવામાં આવ્યું છે. કલ્યાણમંદિર સ્તોત્ર કે કલ્પસૂત્ર જેવા ગ્રંથો વિશે પણ આમાં સામગ્રી પ્રાપ્ત થાય છે. આ રીતે જૈન ધર્મ અને દર્શનની પુષ્કળ માહિતીનું અહીં એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

આ કાર્યની સફળતા માટે દેશ-વિદેશના એકસો વિદ્વાનોએ સહયોગ આપ્યો છે. ભારતના તો વિદ્વાનો ખરા જ, પરંતુ જૈન ધર્મ જગતના અનેક દેશોમાં ફેલાયો છે તે દૃષ્ટિએ જૈન ધર્મના સેંટરો અને અગ્રણી જૈનોનો સહયોગ સાધવામાં આવ્યો અને વિદેશમાં આવેલા જૈન સેન્ટરો, જૈન સંસ્થાઓ, જીવદયાની પ્રવૃત્તિઓ તથા જૈન દેરાસરો, વિવિધ ક્ષેત્રોના જૈન અગ્રણીઓ વગેરેની માહિતી મળે છે. આ સંદર્ભમાં ચંદ્રકાન્ત મહેતા (ન્યૂજર્સી અમેરિકા), મણિભાઈ મહેતા (લૉસ એન્જલસ, અમેરિકા), પ્રકાશ મોદી (કૅનેડા), રાજેશ તાસવાલા (એન્ટવર્પ, બેલ્જિયમ), નગીનભાઈ દોશી (સિંગાપુર) તેમજ ઇંગ્લૅન્ડના વિનોદ કપાસી, નેમુ ચંદરયા તથા જયસુખ મહેતા તે આ વિશ્વકોશના લખાણોમાં ઘણી મદદ કરી.

આ રીતે જૈન વિશ્વકોશ એટલે હજારો માહિતીના પગથિયાં દ્વારા પ્રજ્ઞાનાં શિખરો સર કરવાનો મહાપ્રયાસ. આ પ્રયાસ આજે વધુને વધુ વિસ્તરતો રહ્યો છે. જૈન વિશ્વકોશના એક જ છત્ર હેઠળ જૈન શાસન અને જૈનસમાજના તમામ વિષયો આમાં આવરી લેવામાં આવ્યા છે.

જૈન વિશ્વકોશના બીજા ભાગમાં 'ક' થી 'ઘ' સુધીના મૂળાક્ષરો પર આવતા વિષયોનો સમાવેશ થયો છે. આ અત્યંત લાંબી ચાલનારી શ્રુતયાત્રા છે. જૈન વિશ્વકોશના બીજાં આઠેક ભાગો પ્રકાશિત થશે.

પર્વાધિરાજ પર્યુષણ પ્રસંગે શ્રુતઆરાધનાની આનાથી મોટી બીજી કઈ ઘટના હોઈ શકે?

❑❑❑

# પર્યુષણ પ્રસંગે આર્થિક સહાય આપવા માટે સંસ્થાની પસંદગી બાબતનો અહેવાલ

**પ્રવિણભાઈ દરજી**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રણાલિકા મુજબ પર્યુષણ વખતે આર્થિક સહાય કરવા ઇચ્છુક સંસ્થાની પુરેપુરી ચકાસણી કર્યા પછી જ તેની વરણી કરવામાં આવે છે.

સંસ્થાની પસંદગી કરવાની જવાબદારી સંઘની પેટા સમિતિ ઉપર મુકવામાં આવી છે. તેઓ સંસ્થાની મુલાકાતે જઇ, જરૂરી માહિતી મેળવી, પ્રાપ્ત માહિતીની ચકાસણી કરી પેટા સમિતિમાં તેની ચર્ચા કરવામાં આવે છે, તેમાં જે નક્કી થાય તેની કાર્યવાહક સમિતિમાં રજુઆત કરી એક સંસ્થાની સર્વાનુમતે નિયુક્તી કરવામાં આવે છે. મુંબઈથી પાંચ સભ્યો સર્વ શ્રી નિતીનભાઇ સોનાવાલા (ઉપ પ્રમુખ), હસમુખભાઈ શાહ, પ્રકાશભાઈ ઝવેરી, શાંતિલાલ ગોસર અને પ્રવિણભાઈ દરજી ગુજરાતમાં આવેલ ગાંધીનગરની પાસે જુના કોબા મુકામે જીવનતીર્થ સંસ્થાની મુલાકાતે ગયા હતા.

આ જીવનતીર્થ સંસ્થા ૨૦૧૪ માં પણ તેમની અપીલ આવેલી હતી.

## સંસ્થાનું કાર્ય

**બાળ સંસ્કાર કેન્દ્રો**

આ સંસ્થા બાળકો માટે ખુબજ સારુ કાર્ય કરે છે. મોટાભાગના બાળકો શાળાએ જતા થયા છે. પરંતુ વંચિત સમુદાયના બાળકોને ગુણવત્તાવાળું શિક્ષણ મળતું નથી તેથી તેઓ શાળા બહાર ધકેલાઈ જાય છે. અમારા બાળ સંસ્કાર કેન્દ્રોમાં તેમને લઘુત્તમ ક્ષમતાના માપદંડો હાંસલ કરવામાં મદદ કરવા ઉપરાંત તેઓએ મૂલ્ય શિક્ષણ, જીવન કૌશલ્યોની તાલીમ તથા પ્રવૃત્તિલક્ષી શિક્ષણ દ્વારા શીખવાનો આનંદપણ આપે છે. રામાપીરનો ટેકરો અને તેની આસપાસના સ્લમના તકવંચિત સમુદાયના કુલ ૫૦૦ બાળકોને ૧૫ બાળસંસ્કાર કેન્દ્ર દ્વારા ગુણવત્તાવાળું શિક્ષણ અને જીવનઘડતરની તાલીમ આપવાનો પ્રયત્ન થઇ રહ્યો છે.

**કન્યા કેળવણી અભિયાન**

રામાપીરના ટેકરાની આસપાસના વિસ્તારની માનવસાધના સંસ્થા દ્વારા સંચાલિત ૭૯ જેટલી આંગણવાડીઓના સખીમંડળોની ૧૮૦૦થી પણ વધુ કિશોરીઓ માટે અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તૈયાર કરી આંગણવાડી કાર્યકરોને તાલીમ આપવામાં આવે છે.

**દદવાડા વિસ્તારમાં પોષકવાડી**

જીવનતીર્થ સાથે સક્રિય રીતે જોડાયેલ 'સૃષ્ટિ ઑર્ગેનિક્સ' દ્વારા દદવાડાના ૧૨ થી ૧૫ ગામોમાં નાનકડી જગ્યામાં ખેતી કરી પરિવાર માટે અનેક પ્રકારના શાકભાજી-ફળફળાદિ મળી રહે તે પ્રકારની પોષકવાડી અંગે માર્ગદર્શન, સહાય પુરી પાડવામાં આવે છે.

**કચરો વીનનારી બહેનોના સ્વસહાય જૂથો**

રામાપીરના ટેકરા ખાતે અંદાજે ૭૦૦૦ બહેનો પોતાના દિવસની શરૂઆત વહેલી સવારે ત્રણ વાગ્યે ઉઠીને કચરો વીણવાથી કરે છે. ૧૦ થી ૧૫ કિલોમીટર ચાલી કાગળ, કાચ, પ્લાસ્ટિક, પૂંઠા વગેરે વીણી, વેચી ૭૦ થી ૮૦ રુપિયા કમાઈ કુટુંબને મદદરૂપ થાય છે. આવી ૫૦૦ જેટલી બહેનો દર મહિને રુપિયા ૨૦૦ બચાવે છે અને જરુરિયાતવાળી બહેનોને આરોગ્ય, શિક્ષણ કે રોજગારી માટે લોન આપે છે. આ ઉપરાંત સમયાંતરે બહેનોને ઘઉં, ચોખા, તેલ, ગેસ કનેક્શન વગેરે ઘરવતરાશની વસ્તુઓનું રાહત દરે હપ્તાથી વિતરણ કરવામાં આવે છે તથા જૂથ બેઠકો અને માસિક સભાઓમાં જીવનોપયોગી શિક્ષણ આપવામાં આવે છે.

જીવનતીર્થ સંસ્થાના ટ્રસ્ટી રાજુભાઇ પુરોહિત અને તેમના ધર્મ પત્ની દિપ્તીબેન પુરોહિત સંસ્થાની દરેક એક્ટીવિટી જે કંઇ થાય છે તે બધાની માહિતી આપી અને સારી રીતે આ સંસ્થા પોતાનું કાર્ય કરી રહી છે.

સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ શિક્ષણ, પર્યાવરણ, અને ગ્રામવિકાસ છે.

ચેરીટી કમીટીનો નંબર અને તારીખ -AF/494/ગાંધીનગર,
સંસ્થાનો ઇન્કમટેક્સનો PAN નંબર - AAATJ1146J,
સંસ્થાનો ઇન્કમટેક્સ ૮૦-G નંબર અને Validity - CIT/GNR80G(5)/GNR-76/2008-09. permanent.
સંસ્થાનું આવકનું સાધન - દાન, પાર્ટનરશીપ પ્રોજેક્ટ તથા વિદેશી દાન છે.

*(અનુસંધાન પાના નં. ૯૮ ઉપર)*

# *"Guru"* – A Mystical Elan Vital Who Dispels Darkness!

Prachi Dhanvant Shah

Relationship with a Guru.. a mentor.. is a fervent spiritual connection between two souls, which is carry forwarded not in just one birth but every cycle of birth. Guru is a Sanskrit word which signifies almost an equivalent gist in every religious sect. Be it Jainism, Buddhism, Hinduism, Sikhism, or Sufism, a Guru beholds a distinctive and momentous eminence in one's life, who divulges knowledge and enlighten our life. In Indian tradition, a Guru connotes a very substantial site in an Individual's spiritual life. The term Guru designates the astute quality of a parsonage. A disciple affirms himself and genuflects to the knowledge and spiritual trinity to the persona he addresses as Guru. Though Guru does not signify to the substantial physical silhouette, the term Guru is designated to the knowledge entrusted in that physical structure. An ideal disciple does not genuflect his salutations to the Guru as a physical structure but to the Guru Tatva – Knowledge he bestows within his soul. As per the acuity of the certain religion, it is trusted, that Guru takes a superior place than God because as per their façade, it is Guru who leads you to the path of Moksha and deity. "As you walk with a Guru, you walk in the light of existence and away from the darkness of ignorance".

Guru – the one who attains the peak of knowledge and being able to divulge the accomplishment to his disciple. Guru the one who removes darkness from three strata in one's life – physical, psychic, and spiritual. Guru the one who is responsible not only for imparting knowledge to his disciple but to contour an absolute charisma of the one who seeks his wisdom. Till recent phase my life, I use to misconstrue addressing Guru to the one who has spiritual information, who has an input data of religion, who has accomplished immense study and revision on spirituality and religion and who can seepage the same to others. But a scholarly entity got me out across this murky delusion. He made me apprehend the fact that there is a great difference between a person who has Knowledge, Gyan and who can be addressed as a Guru than a person who has the information. Be that information be in quantum and that person may have attained utmost erudition of that information. A person who has information, cannot be addressed as a person who has attained Knowledge (Gyan). And a person who has attained Knowledge (Gyan), can ONLY be addressed as a Guru. To attain knowledge, one needs to reach the peak of tranquility and serenity.

Just recently, an auspicious day GURUPURNIMA ensued. A day when we bestow our gratitude towards our Guru. As per English calendar, this year-2017, this day was celebrated on 9th July and as per Indian calendar, it is a full moon day of Ashaadh.

In today's diaspora, Mother's Day, Father's Day, Valentine's Day and many more days are celebrated flamboyantly, but how about Guru's



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

day? Do we take a moment in our busy lives to give respect and impart gratitude to our Guru on the day of Guru Purnima? Our relationship with mother, father, soulmate is a relation that is gifted to us in just this life. But the relationship with our Guru is a soul to soul relationship which is carry forwarded with a soul in all its births. It is a very sacred relationship that reconstructs your soul and points it through the path of freedom, serenity, and wisdom. It is a leap of faith that a disciple beholds within his soul towards his Guru that is destined and he eventually masters the erudition his Guru exemplifies. I believe the prominence of a Guru is far beyond words and cannot be humanly described. It is a spiritual aura that one encounters and cannot be explained.

Looking back at the history, the oldest tradition of Guru as stated in Vedic scriptures comes from Hinduism with its ancestries in early Upanishadic times. In India, by the 1st Millennium BCE, there exist Gurukul (school) which comprised of Guru's (teachers) who enabled teachings of Vedas and Upanishads – the text of Hindu Philosophy and post Vedic Shastras embracing spiritual knowledge and various arts. In olden days, the term Guru was addressed to different types of teachers. Substantially there were different categories of Gurus. To name few such as Acharya, Sramana, Vatsana, Tapasa, and much more. Although there were many types of teachers spiritual or worldly, the general term to address a teacher was "Guru". In the Vedic period, a Guru was given paramount significance by his disciple, as a Guru was the one who would be responsible for guiding a disciple through his life and nurturing right moral values of life. To subdue Brahma Vidya- the utmost knowledge, a Guru was the only source and hence for a disciple, his Guru would be in his close veneration.

Besides discerning Guru as a teacher, Guru also identifies to an entity who leads you to the path of spiritual upliftment and moksha. As a result, Guru worship as God, belief of Guru as an incarnation of God, Guru as an envoi of God became a strong credence and praxis in different cults of religion. In different sects of Hinduism, the veneration of worshiping Guru as human God became a convincing ritual and tradition since according to Hindu philosophy Moksha can be attained only through a Guru. As per Tantric and Yoga structure of Hinduism, Guru signifies a supreme and divine position. The Guptasadhana Tantra, for instance, avows that Guru is a combination of all gods – Brahma, Vishnu & Maheshwara. As per Hindu Dattatreya Sampradaya, a Guru is an incarnation of God and he disembarks on earth for the upliftment of devotees.

Although, Guru tradition follows in every Indian religion. In Sikhism, Guru tradition evolved ever since the religion was founded in 1469 by Guru Nanak. As per Sikhism, the word Guru signifies to Guru Nanak and his nine-spiritual enlightener whom Sikh sect worship as Guru. Guru is the pedigree of celestial guidance to humankind stipulated through ten Enlightened Masters. Although, Sikh philosophy does not illustrate that Guru is an incarnation or Avatar of God. But they trust that it is through Guru, that God transmitted the message to the devotee and inculcates humankind.

Furthermore, it is fascinating to learn that besides Hindu religion, a similar pertinence is given to Guru in Sufi sect of Islam religion. An intellect is identified as to follow or pioneer Sufism only if he follows and understands the peak stages of Sufi Education. And in order to gain this process of learning, a disciple (Murid) imperatively needs a superlative guidance of Guru (Pir) and without this, one cannot become a true Sufi. In Sufism, a relationship between a Pir (Guru) & his Murid (disciple) is to such an extreme that a disciple must absolutely capitulate himself to his Guru without which he would not attain deliverance. Under any cogency of circumstance, a disciple is not consented to leave his Guru neither he can counter argue with his Guru even if he does not entrust his master and has a doubt. Come what so ever, a disciple is required to affix to his Guru and seek the path to salvation. It is a great sin in Sufism if he does not follow his Guru. In Sufism, a relationship between a Master and his disciple is so persuasive and affirmative, that if he is to leave his Pir (master), he would not be accepted by any other Pir, hence it is very imperative to be cautiously selective for a disciple to select his Pir (Master). Eventually, Sufi Pir's mastered the supernatural miracles, and ultimately Guru came to be equated with Supreme God.

Coming to the pious religion Jainism, which has its own denotations towards the term Guru. As per Jain religion, Guru is a word designated to a spiritual teacher, who has utmost spiritual knowledge and wisdom. A Guru is a guide, a leader to his disciple who seeks Jain mystical and erudite truth. As per Jainism, Guru can be addressed to an Acharya who has attained decisive knowledge to seek deliverance. Although Jain philosophy explains that a spiritual progress in one's life is attained only by an individual comportment and stance. Undeniably, the guidance and expertise of a spiritual mentor help a disciple to guide his soul through the right path of acumen, but the intensity of veneration given to a Guru is not so intense as seen in other religions. As per Jainism, Guru is not an incarnation (Avtaar) of God neither a messenger of a God. Guru is also not the one who founded Jain religion. Jain religion explains that a Guru is not a physical structure, a Guru is not a physical mentor or a leader, but a Guru is the one who beholds Gurutva – decisive knowledge about the religion-Jainism. Guru is the serenity captivated in a divine soul. When a Jain performs Guru Vandana as a ritual in the auspicious manifestation of a Guru, he is not expressing his bestowed gratitude to an identity as "Guru" , but he is articulating his respects to the devout - pious knowledge & wisdom with a covet in his insights to seek the same hue of erudition in his life. This knowledge dispensed by a Guru is like a drop of water to quench your thirst in the dry land of desert. Its magnitude needs to be entrusted to pursue more and more. A Guru is an Aspiration, A Guru is an Inspiration.

**"Rely on the teachings to evaluate a guru: Do not have blind faith, but also no blind criticism."**

**-Dalai Lama**

❑❑❑

49, wood ave, Edison,
N.J. 08820 U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

## JAIN ART AND ARCHITECTURE

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

### LESSON - EIGHTEEN (CONT.)

Dr. Kamini Gogri

**In Tamilnadu**

Jainism entered in Tamilnadu most probably from Kalinga in about 4th c. B.C. Visakhacarya proceeds to Cola and Pandya countries with the entire Munisangha. It can be supported by the caverns containing beds carved out in the rock found in hills and mountains around the Pudukottai, Madura and Tinnevelly and rock-cut sculptures and inscriptions in the hills of the north Arcot district which indicate the existence of Jainism in Tamil Nadu in 3rd c. B.C. Kanci was one of the important seat of learning in South India. It was the capital of Pallvas who were mostly Jains in early centuries. The inscriptions of Jinakanchi refers to some prominent Jaincaryas of the city like Kundakunda, Samantabhadra, Jinacandra, Pujyapada, Akalanka, Anantavirya, Bhavanand, mallisena etc. The North and South Arcot region is very rich from Jain archaeological standpoint. Pancapandava, Trirumalai, Vallimalai, Vidal, Villipuram, Chinglaput may be specially mentioned. Sittanavasal, Narttamalai, Tenimalai, Bommamalai, Malamala, Samanar Kudagu, etc. have been the Jain centers since last two thousand years. Most of these places have paintings, and sculptures of Sittanavasala tradition, which may be compared with Ajanta and Sigirya. Some of the rock-cut temples like Samanar Kudagu have been converted into Visnu temples.

**In Madurai**

Madurai was the capital of Pandyas who took their favorable attitude towards Jainism. Its neighboring hills Annaimalai, Nagamalai, Alagarmalai, Muttupatti, Eruvadi, etc. are very rich from Jain sculptural and painting standpoint. It is a land of origin of Samgama literature. Tirukurala, Tolkappiyam, Naladiyara, Cintamani, Silakppadikaram, Nilakesi, Manimekhalai, Kurala etc. are the Jain epics of early period. Pujyapada, Vajranandi, Aryanandi, Patrakesari etc. were the prominent Jaincaryas of the period. Afterwards Jainism was patronized by the Kadamba kings. In Tinnevelly region the Kalugumallai, Tiruchcharanattumalai, Nagarajaswami temple belonged to Jains but they are under the control of Vedicas. Thus the survey of Jainism in South India gives and apparent picture of its position that it was there popular during the period of Tirthankara Mahavira or even earlier to him. The popularity augmented gradually and Digambara sect became the prominent one. During about 11th c. A.D., Vaisnavism, Alawara and Lingayatas came into existence and stood against Jainism that caused a serious blow to its propagation. The devotees of Sambandara, Tirunavukkarasata, Appara, Mukkanti, Tirumalasai, Tirumangai Vira-Saivas committed heavy atrocities on Jain society, temples, sculptures and Vasadis. Their massacres took place and the Jain centers were converted into Saiva or Vaisnava temples. Some places like Pillaiyarapatti and Kunnakkundi, Arittayatti, Nartamallai, and Kulugamalai, Tiruccirapalli, Virasikhamani, Kudumiyamalai, Dalavaura, Siyamangalam and Mamamdura can be cited in this respect. All this can be evaluated as follows.



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

Jain images, Ayagapttas, Stambhas, Toranas, Vedicas etc. were excavatd from Kankalitila in Mathura belonging to Kusana period. The Stupa made of bricks is called Devanirmita Stupa. The symbols are not traceable on these images, the Sarvatobhadra Pratimas. The names of Kaniska, Ruviska and Vasudeva are inscribed on these images. The unique Jain image of Sarasvati may also be mentioned in this context. The Chausa bronzes, in some Jain images in Lucknow and Patana museums, the Jain remains at Vaibhara hill Rajagiri and the bronzes of the Akota hoard are also belonging to this period. Some auspicious symbols like Phana, Srivats, a Purnaganata, Svastika, Vardhma-naka, Matsya, Nandyavarta etc. are also inscribed on one of the Parsva images. The image of Jivantasvami may also be referred to the period. Then the crystallized forms of the iconography were transferred to rocks on hills like Vaibhara hill, Udaigiri hills in Sanchi and Udaigiri, Kalagumalai in South. Afterwards, the iconography became fixed.

In other words it can be said that the Jain iconography was developed during the Gupta period in 4th century A.D. Decoration on Padpitha, Dharmacakera, Paramesthis, Gandharva Yugala, Navagrahs, Triratnas, Bhamandala, and Astapratiharys were included as the symbols of Jain images. However, all the symbols could not be decided in the early Gupta period. The images of the period can be viewed in Mathura museum, Vesanagar, Budhicanderi, Deogarha, Rajagiri, Kumarahara, Vaisali and other places. Some more images of the Gupta period are found in Udaigiri, Vesanagara, Nacana (Patana) etc. with somewhat more decorated forms. Some of the bronzes of the Akota hoara, particularly the image of Jivantasvami in Kayotsarga pose bearing a crown, Bhujabandha, Kundala, Kangana, and the image of Ambika decorated with ornaments and Yaksa-Yaksis are the representative images of the period. Sasanadevatas, Drum-player, a pair of elephants etc. were also included in the symbols.

In late Gupta period these symbols were more developed and in about 8th-9th c. A.D. all the symbols, Yaksa-Yaksis, Sasnadevidevatas, were fixed. Afterwards, Ksetrapalas, Dikpalas, Navgrahas, and Vidyadharas were also placed around the Jana images. Tantrism entered into Jain iconography in about tenth century A.D. and as a result, the Yaksa-Yaksis etc. got their due place on the pedestal or around the Jain images with more decorative sculptural surroundings. Sandy stone is widely used in about twelfth century along with black and white marble. The bronze images are also popularly available of the period. In the fourteenth century the development of Jain iconography stagnated and the decline started. This can be understood through perspective of iconographical peculiarities of Tirthankaras and their associates.

Temple art is of three types, Nagara, Vesara and Dravid. In Niagara style, the Garvagraha is quadrangular and its summit (Sikhara) is circular with Kalasa. It is used in Punjab, Himalaya, Rajasthan, Madhyapradesa, Udisa and Bengal. The Sikhara becomes flat in Vesar style, which is found in Madhyabharat, and the temple gets the form of pillar in Dravidian style. The earliest Jain temple is found at Lohanipur (Patna) of Maurya period. Then the temple art is available from the seventh century onwards. Painting has also been one of the best methods for expressing the ideas.

❑❑❑

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai - 400019.
Mo : 9619379589/ 98191 79589
Email : kaminigogri@gmail.com



પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક ❖ પ્રબુદ્ધ જીવન : ભારતીય ગુરુ પરંપરા વિશેષાંક

**THE SEEKER'S DIARY**

# Importance of Guru in Life

Reshma Jain

गुरु ब्रह्मा गुरु विष्णू
गुरुः देवो महेश्वरा
गुरु शाक्षात परब्रह्म
तस्मै श्री गुरुवे नमः

*|| Guru Brahma Guru Vishnu*
*Guru Devo Maheshwar ||*
*|| Guru Sakshaat Parbrahma*
*Tas Mayi Shree Guruve Namah ||*

Loosely Interpreted this first shloka of the Guru Stotram means Guru is Brahma (the creator) Guru is Vishnu (the sustainer) Guru is Maheshwar (the destroyer) Guru is Sakshaat Parbrahma (the supreme eternal truth) and thus I bow down to Him. Yes; Guru is the creator of the first desire to liberate. In fact Guru is the creator of the sadhak. A strong intense wish to be better, to pregoress, to get out of the incessant ups and downs of the wordly life.

Guru is the sustainer -- without constant margdarshan and discourse one would give up or get into depression at the innumerable hindrances and failures which one faces not as much from external as much as ones own weakness.

Guru is the destroyer -- of mithya (illusion) and aham (identity with I) which are the two biggest blocks in our spiritual well being as well as the cause of incessant cycle of life and death but most importantly pain and sadness.

Guru is the supreme eternal truth personified -- the living example that the path may be difficult but the goal is not impossible. Guru is anand (joy) personified. Guru is the best example of what is the final result on the spiritual path.

So, what exactly is that makes the Guru so important?

Gu' means - deep darkness and Ru' means ray of light. Thus Guru is the ray of light that dissipates darkness of ignorance. So if it wasn't for Him, we would not be able to comprehend our own true nature and would continue to live through this life blindly and purposeless always looking for happiness externally and always blaming the external for failures and limitations.

Sant Kabirji's famous couplet --

गुरु गोविन्द दोहु खड़े, काके लांगू पाँय..
बलिहारी गुरु आपने, गोविन्द दियो बताये

*|| Guru Govind Dohu Khade, Kaake Laagu Paaye..*
*Balihaari Guru Aapne, Govind Diyo Bataaye ||*

We are presently doing swadhyay on Vivekchudamani Granth of Shri Adi Shankracharyaji. The last few deep discourses of Pujya Gurudevshri Rakeshbhai on this fabulous scripture are about how each one of us is a world in itself. We carry our world within us. We see that we wish to see, we hear what we wish to hear and we do acts based on our interpretation of it. In a nut shell - each world is a projection of their own mind. We like and love people whose projection is aligned with ours and the ones whose projection interferes with ours are the ones we don't like or hate and may even call them enemies and then the bigger problem is the expectations that everyone we come across should align their projections with us.

Its HUGE...!!! This realization that each single being we come across is a world in himself. We see everyone around us tumbling and bumbling so how can we ever trust them on their way of life? We can't.

This is where the Guru comes in. He is a living example of someone who is constantly in a blissful state, untouched by anything, living as an observer and not as a participant in the world. He inspires with his state and makes us aspire to be in that state. Not only that he invites you and commits to us a long long time before we commit to him. His sole purpose is to wake us up and show that our happiness, our fears, our anxieties - everything is just our own mind's projection and we are the cause of our own miseries. He ardously keeps up on our case coaxing us, inspiring us, pleading to us and at times even using stern words and actions.

Why does he do so? This is where the mahaatmyata of the Guru lies - his actions are out of only and only compassion and with no other motive. He doesn't stand to gain anything; on the contrary he puts in his efforts and time. He gives up his higher inner equanimous state and stoops lower to inspire us. And here in also lies the fundamental significance of a Guru - that he does for us as much out of compassion as much he does for his overwhelming gratitude towards his Guru. This combination of his own Gratitude and his endless compassion is the most subtle aspect of a Guru. Its really strange - The spiritual path is an individual path - one has to walk it by themselves and yet without the Guru no one does and even the Guru merely appears to be walking with you while in fact he has already completed his jorney - he is not reaching anywhere - only we are.

The scriptures of all the religions are filled with Guru Bhakti.

ध्यानमूलं गुरुर्मूर्तिः
पूजामूलं गुरुर्पदम्।
मन्त्रमूलं गुरुर्वाक्यं
मोक्षमूलं गुरुर्कृपा।।

*|| Dhyaana-Muulam Gurur-Muurtih*
*Puujaa-Muulam Gurur-Padam*
*Mantra-Muulam Gurur-Vaakyam*
*Mokssa-Muulam Gurur-Kripaa ||*

Guru gives you two cartwheels that drive your purpose - Shakti (purpose and strength) and Bhakti (love and inspiration). The upkaar of Guru as well his state are beyond the expressions of words and can only be expressed by our love - our Bhakti. Here lies another secret - unlike the love that we have for member of our family or friends which are broadly the love for an individual; the love for the Guru is in actual the love for his state. This is unlike the wordly love since when we are in love with a gnyaani's state, we are in fact in love with gnyaan and this eventually is the cause of our emulating and inculcating this in our life. Thus its no wonder that just Guru's Bhakti is considered the cause of liberation.

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशालाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः।।

*|| Ajnyaana timiraandhasya Jnyaananajana Shalaakaya*
*Chakshurunmeelitam Yena Tasmai Shree Guruve Namah ||*

Let us bow down to Guru who opened our spiritual eyes which were closed from our darkness of ignorance by his eyes of wisdom.

❑❑❑

**Reshma Jain**
The Narrators
Email : reshma.jain7@gmail.com

# ગુરુ મહિમાનાં પદ

## ભોજા ભગત

નવલખ તારા ઉગયા અપારા, પ્રગટ્યા ભાણ કોટિ હજારા. રામ.

સમગુરુ વિના કદી તીમીર ન ત્રાસે, મીટે ન મનકા વિકારા રામ.

રમ્યા છો રસમાં પણ ખેલ છે વસમા, આગળ વસમા આરા રે... રામ.

સ્મરણ કરશે તે પાર ઉતરશે, બુડી મુવા નર નોધારા રામ... નવલખ...

દુનીઆ દિવાની લીયા સુખ માની, કર્યા નહિ શુદ્ધ વિચારા રામ,

લાગી માયા જીવે જન્મ ગુમાયા, ભેદ ન પાયા ને ભવ હાર્યા... નવલખ...

ચરણે જાશે તેને મહા સુખ હોશે, મીટી જાશે જમકા મારા રે, રામ,

ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે, ઉતરી જાશે ભવ પારા રે... નવલખ...

## કબીર

સખી સતગુરુનાં સાચાં વેણ સમજીને રહી એ રે
સખી પ્રાણ જાય તો જાય ના નહી કયે રે
સખી મુરખ સુ સો સ્નેહ પીડા ના બુઝે રે
સખી લોક હસાઈ હોઈ કાજ ના સીઝે રે
સખી અંતર ગતની વાત કોને કહીયે રે
સખી સુણ બેન સુ જાન એહી દુઃખ સહીયે રે
સખી વસ્તુ બહુત અપાર તે મુજ પાસે રે
એવા મુરખ લોક અજાણ એમજ જાસે રે
સખી સીર ગુણ મીસરી ખાંડ સબ કોઈ ફાકે રે
સખી નીર ગુણ કડવો લીંબ કોઈ એક ચાખે રે
સખી ટપકે લાગે જીવ કાંઈ નવ ચાલે રે
સખી બંચક બોલ્યા જીવતે ઘર ઘાલે રે
સખી પરમ સ્નેહી હંસ મુજને બુઝે રે
જેને મળીયા સાહેબ કબીર છીન છીન સુઝે રે

## તોરલ

એ જી તમે વિસવાસી નર ને કાં રે વેડો,
માણારાજ રે...
નર રે નુગરાની હાર્યે નેડલો ન કરીએ રે જી...
એવા નર રે...
હંસલો ને બગલો બેઉ એક જ રંગના હા જી,
એ જી તો બેઠા સરોવર પાળો માણારાજ રે...
નર રે નુગરાની...
હંસલાને જોઈએ રૂડાં મોતીડાંનો ચારો હો જી,
એ જી આલ્યા બગલા ડોળે છે કાદવ ગારો માણારાજ રે...
નર રે નુગરાની...
આજ મારા ધણી કેરો પાટ મંડાણો હો જી,
એ જી એવી ઝળહળતી જ્યોતું દરશાણી માણારાજ રે...
નર રે નુગરાની...
ગુરુના પ્રતાપે સતી તોરલ બોલ્યાં હો જી,
એ જી મારા સંતો અમરાપર માલે માણારાજ રે...
નર રે નુગરાની... (તોરલ)

## ગંગારામ

આજે આનંદ આનંદ મારા અંગમાં રે
લાવે લાવે રંગીલી માલણ હાર
મારે ઘેરે તો પધાર્યા ગુરુ દેવ...
આજે આનંદ આનંદ મારા અંગમાં રે
તન વાડી મોગરો સતગુરુ સબની સોય
દયા દીનતાનો દોરડો
હુ તો સતગુરુ શબદે પરોય...
આજે આનંદ આનંદ મારા અંગમાં રે
પુજા કરું ગુરુની પ્રેમથી, પ્રેમે લાગુ પાય
તત્વે તીલક સંભાળતાં
મારાં સઘળાં તે પ્રાચ્છીત જાય...
આજે આનંદ આનંદ મારા અંગમાં રે
આસન આલું ગુરુને આનંદથી હૈયે હરખ ન માય
હૈયામાંથી વીસારું નહી તમે સતગુરુ કરો અમારી સહાય...
આજે આનંદ આનંદ મારા અંગમાં રે
ગણપત સાહેબના ઉપદેશથી વસ્તુ પાયો અમુળ
દાસ ગંગારામની વીનતી તમે સાહેબ કરોને કબુલ
આજે આનંદ આનંદ મારા અંગમાં રે

# અતીતની બારીએથી આજ

**અહીં મુખ્યત્વે બે ચિત્ર લેવાયા છે. પ્રબુદ્ધ જીવન ફેબ્રુઆરી ૧૯૪૪ જેમાં આચારનો અત્યાચારના ઉદ્દેશ્યને સ્પષ્ટ કર્યા છે. બીજામાં ૧ માર્ચ ૧૯૪૪ જેમાં નિવૃત્તિસાધક પ્રશસ્ત પ્રવૃત્તિ ને લેવામાં આવેલ છે.**



શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર    Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

મુંબઈ : ૧ ફેબ્રુઆરી ૧૯૪૪ મંગળવાર.

## આચારનો અત્યાચાર



શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર    Regd. No. B. 4266

# પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

મુંબઈ : ૧ માર્ચ ૧૯૪૪ બુધવાર.

## નિવૃત્તિસાધક પ્રશસ્ત પ્રવૃત્તિ

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2017. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# ગુરુનો સાધકને પત્ર

**પરિચય :** મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ.સા. એ જૈન જગતમાં બહુ જાણીતું નામ છે. તેમના 'આત્મજ્ઞાન અને સાધનાપથ', 'આપણે આત્મનિરીક્ષણ કરીશું?' 'અચિંત ચિંતામણી નવકાર' આદિ પુસ્તકોમાં તેમનું અધ્યાત્મચિંતન વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પ્રગટયું છે. સાવ નજીકના ભૂતકાળમાં થઇ ગયેલા આ સાધુ ભગવંતે કેટલાય મુમુક્ષુઓના અધ્યાત્મપથને પોતાના અંતરના અજવાળાથી પ્રકાશિત કર્યો છે. તેમના પુસ્તકો અધ્યાત્મમાર્ગના પથિકે અચૂકથી વાંચવા જોઈએ. અહીં તેમના કાળધર્મ બાદ પ્રગટ થયેલા શાંતિનિકેતનના 'અમર અધ્યાત્મમૂર્તિ' વિશેષાંકમાંથી એક નાનકડો પત્ર મુક્યો છે.

**વલસાડ, તા. ૩-૮-૮૧**

**શ્રેયાર્થી બેન....**

તારું આત્મનિવેદન મળ્યું. આખા જીવનને પત્રમાં કેમ આવરી લઈ શકાય? અને મારી વાત 'Convincingly' હું આટલા ટૂકાં ફલક ઉપર મૂકી શકીશ કે કેમ એ પણ પ્રશ્ન રહે છે. છતાં ટૂકાં ઈશારા કરી દઉં - એનાં આધારે બાકીની પૂર્તિ તું સ્વયં કરી લઈશ તો તારો જીવનપથ તને સ્પષ્ટ દેખાશે એવી આશા સાથે.

ભગવત્ પ્રેમમાં મગ્ન સાધકને પ્રભુ પોતે જ સાચવતા હોય છે એટલે જાતના યોગેક્ષેમની ચિંતા પોતાના માથે સાધકે રાખવાની જરૂર નહિ. ભગવાન ઉપર શ્રદ્ધા અને જગત સાથે આત્મીયતા, પ્રેમ જે અંતરમાં હોય ત્યાં પ્રસન્નતા નિવાસ કરે જ.

''સંસાર પ્રભુની માયા છે. ચાર દિવસ પ્રભુની નગરીમાં રેહવા-ફરવા આવ્યા છીએ, તો બેચેની, કટુતા, કલહ-ક્લેશમાં શું કામ સમય બગાડવો? પ્રારબ્ધથી જ્યાં જેની સાથે, જેટલો સમય રહેવું પડે, શાંતિ-આનંદથી રહીએ.''

આપણને પ્રાપ્ત કૌટુંબિક, સામાજિક, શારીરિક પરિસ્થિતિ માટે આપણે જાતે જ જવાબદાર છીએ. કશું આકસ્મિક નથી. આપણે પોષેલી વૃત્તિ-પ્રવૃત્તિ વડે આપણે જ તેનું ઉપાર્જન કરેલું છે એટલે અન્યને એ માટે દોષિત ન ગણીએ. વર્તનમાં કોઈ પ્રત્યે કટુતા ન લાવીએ. જે પરિસ્થિતિ આપણને મળે છે તે આપણા ઘડતર માટે ઉપયોગી હોય છે. કેટલીક વાર પ્રતિકૂળતા જ આપણી સુપ્ત શક્તિઓને બહાર લાવવાનું નિમિત્ત બને છે. એટલે જીવનને - તે જેવું છે તેવું - પ્રભુના પ્રસાદ રૂપે સ્વીકારવું અને પ્રભુના ખોળે માથું મૂકી 'નચિંત' મને, તે સૂઝાડે તેમાં આપણી સર્વ શક્તિ અને આવડત રેડી દઈ, એના કરણ તરીકે 'as an instrument only' - કાર્યશીલ રહેવું.

જીવન એટલે જ સંઘર્ષ. સંઘર્ષ વિનાનું જીવન સંભવે નહિ. એ અનુભવમાં જ આપણે ઘડાઈએ છીએ. ગણિતના વિદ્યાર્થીને શિક્ષક જ બધા દાખલા ગણી આપે તો એ શીખી ન શકે.

રીત બતાવ્યા પછી દાખલા તો જાતે જ ગણવા રહ્યા. પત્તાંની રમતમાં જેમ હાથમાં જે પત્તાં આવ્યાં એનાથી જ રમવાની મજા હોય છે અને આપણી આવડતની કસોટી થાય છે.

માટે જીવને આપણને જે આપ્યું છે એનો સારામાં સારો ઉપયોગ કઈ રીતે કરી શકીએ એ જ વિચારવું. પ્રાપ્ત પ્રત્યે બબડાટ, અસંતોષ, રોષ કરીને જીવનને ખારું ન કરીએ. એ તકેદારી રાખવી. દૂધનો અર્ધો ગ્લાસ ભરેલો આપણી સામે આવે ત્યારે 'અર્ધો જ ગ્લાસ મળ્યો' એમ કહીને બળાપો પણ કરી શકાય. અને 'અર્ધો ગ્લાસ ભરીને દૂધ મળ્યું' (લોકોને પાણી માટે પણ વલખાં મારવાં પડે છે) એવા ઉદ્ગાર - કૃતજ્ઞતાના રણકા સાથે - પણ કાઢી શકાય. આ બે ભિન્ન દૃષ્ટિકોણ છે જીવનને જોવાનાં. શું પસંદ કરવું એમાં આપણી વિવેક બુદ્ધિની કસોટી છે. મારું સૂચન છે કે તું દ્વિપાંખિયો વ્યૂહ અપનાવ : આધ્યાત્મિક અનો મનો વૈજ્ઞાનિક (સાઈકોલોજિકલ) અને એ માટે 'શચી પૌલોમી'ને અભરાઈએ ચડાવી દઈ, તેના સ્થાને હવે તું 'Higher Power for Human Problems', by Fredrick Bailes એ પુસ્તકનો આધાર લે અને 'Relax and Live' by Joseph A. Kennedy (Arrow Books) ની પેપરબુક આવૃત્તિ ક્યાંકથી મળી રહે તો તે પણ વાંચી જજે - ખાસ કરીને તેનું છેલ્લું પ્રકરણ વાગોળી જઈશ. દરમ્યાનમાં, 'નવનીત' માસિકનો જાન્યુ.'૮૧ નો અંક મેળવીને તેમાં 'The Game of Life & How to Play It' નો સંક્ષિપ્ત અનુવાદ 'ખેલ' શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલ છે તે જરૂર વાંચી જજે.

આધ્યાત્મિક સાહિત્યમાં ફાધર વાલેસનું પુસ્તક 'મુરલી' જોઈ જજે - તું એના પર ઝૂમી ઊઠીશ. 'બાલા જોગણ'ની સાથે એ પૂરક બની રહેશે. મને લાગે છે કે તારા માટે આટલું પૂરતું છે. મારાં પુસ્તકોમાંથી 'આત્મજ્ઞાન અને સાધનાપથ'નું છેલ્લું પ્રકરણ 'ઈશકૃપા' અને 'અચિંતચિંતામણિ નવકાર'ના અંતિમ ભાગ તને કંઈક ઉપયોગી નીવડે. 'વિજ્ઞાન અને અધ્યાત્મ'માંથી 'સુખ-સમૃદ્ધિનો મૂળ સ્રોત'એ મથાળા નીચેનું છેલ્લું પ્રકરણ પણ જરૂર નજર તળે કાઢી જજે. બાકીનું પ્રાયઃ તારે ઉપયોગનું નહિ લાગે!

'આત્મજ્ઞાન અનો સાધનાપથ'નું 'સીમાચિહ્નો'વાળું પ્રકરણ પણ જોઈ જજે - તને પ્રાપ્ત થયેલ શ્રી કૃષ્ણના આભાસ 'vision' ના સંદર્ભમાં.....

**લિ. અમરેન્દ્રવિજયજી તરફથી ધર્મલાભ.**

Postal Authority Please Note : If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.**